६८. [प्र०] हे भगवन्! जो ते चार द्रव्यो प्रयोगपरिणत होय तो शुं मनःप्रयोगपरिणत होय? (वचनप्रयोगपरिणत होय के कायप्रयोगपरिणत होय?) [उ०] हे गौतम! सर्व पूर्वनी पेठे जाणवुं; ए क्रमवडे पांच, छ, सात यावत् दश, संख्याता, असंख्याता, अने अनंत द्रव्योना द्विकसंयोग त्रिकसंयोग, यावत् दशसंयोग, बारसंयोग उपयोगपूर्वक कहेवां अने ज्यां जेटला संयोगो थाय त्यां ते सर्व कहेवा. ए बधा संयोगो *नवम शतकना प्रवेशनकमां जे प्रकारे कहीशुं तेम उपयोगपूर्वक विचारीने कहेवा, यावत् असंख्येय अने अनंत द्रव्योनो परिणाम ए प्रमाणे जाणवो, परन्तु एक पद अधिक करीने कहेवुं; यावत् अथवा अनंत द्रव्यो परिमंडलसंस्थानपणे परिणत होय, यावत् अनंत द्रव्यो आयतसंस्थानपणे परिणत होय. मनःप्रयोगादिपरिणत चार द्रव्यो. पांच, छ, यावत् अनन्त द्रव्योनो परिणाम.

६९. [प्र०] हे भगवन्! प्रयोगपरिणत, मिश्रपरिणत अने विस्रसापरिणत ए पुद्गलोमां कया पुद्गलो कोनाथी यावद् विशेषाधिक होय छे? [उ०] हे गौतम! सर्वथी थोडा पुद्लो प्रयोगपरिणत छे, तेथी मिश्रपरिणत अनंतगुण छे, अने तेथी विस्रसापरिणत अनंतगुण छे. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. [एम कही भगवान् गौतम यावत् विहरे छे] अल्पबहुत्व.

## अष्टमशतके प्रथम उद्देशक समाप्त.

---

१ मीसाए-घ। २-एवं (एकगसंजोगेणं) दु-घ।

*भग. श. ९. उ० ३२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बीओ उद्देसो.

१. [प्र०] कतिविहा णं भंते! आसीविसा पण्णत्ता? [उ०] गोयमा! दुविहा आसीविसा पण्णत्ता, तं जहा- जातिआसीविसा य कम्मआसीविसा य।

२. [प्र०] जाइआसीविसा णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! चउव्विहा पण्णत्ता, तं जहा- विच्छुयजातिआसीविसे, मंडुक्कजाइआसीविसे, उरगजातिआसीविसे, मणुस्सजातिआसीविसे।

३. [प्र०] विच्छुयजातिआसीविसस्स णं भंते! केवतिए विसए पण्णत्ते? [उ०] गोयमा! पभू णं विच्छुयजातिआसीविसे अद्धभरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिगयं विसट्टमाणं पकरेत्तए, विसए से विसट्टयाए, नो चेव णं संपत्तीए करेंसु वा, करेंति वा, करिस्संति वा।

४. [प्र०] मंडुक्कजातिआसीविस-पुच्छा। [उ०] गोयमा! पभू णं मंडुक्कजातिआसीविसे भरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिगयं, सेसं तं चेव जाव करिस्संति वा। एवं उरगजातिआसीविसस्स वि, नवरं जंबुद्दीवप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिगयं, सेसं तं चेव जाव करिस्संति वा। मणुस्सजातिआसीविसस्स वि एवं चेव, नवरं समयखेत्तप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिगयं, सेसं तं चेव जाव करिस्संति वा।

## द्वितीय उद्देशक.

आशीविष.

१. [प्र०] हे भगवन्! *आशीविषो केटला प्रकारना कह्या छे? [उ०] हे गौतम! आशीविषो बे प्रकारना कह्या छे; ते आ प्रमाणे- जातिआशीविष अने कर्माशीविष.

जाति-आशीविष.

२. [प्र०] हे भगवन्! जातिआशीविषो केटला प्रकारना कह्या छे? [उ०] हे गौतम! ते चार प्रकारना कह्या छे; ते आप्रमाणे— १ वृश्चिकजातिआशीविष, २ मंडूकजातिआशीविष, ३ उरगजातिआशीविष अने ४ मनुष्यजातिआशीविष.

वृश्चिक-आशीविषना विषनो विषय.

३. [प्र०] हे भगवन्! वृश्चिकजातिआशीविषना विषनो केटलो विषय कह्यो छे?-अर्थात् वृश्चिकजातिआशीविषोना विषनुं सामर्थ्य केटलुं छे? [उ०] हे गौतम! वृश्चिकजातिआशीविष अर्धभरतक्षेत्र प्रमाण शरीरने विषवडे विदलित-नाश-करवा विषथी व्याप्त करवा समर्थ छे. एटलुं तेना विषनुं सामर्थ्य छे; पण संप्राप्ति-संबन्ध वडे तेओए तेम कर्युं नथी, तेओ करता नथी, अने करशे पण नहि.

मंडूक-आशीविषना विषनो विषय. उरगना विषनो विषय. मनुष्यजातिआशीविषना विषनो विषय.

४. [प्र०] मंडूकजातिआशीविषना विषनो केटलो विषय छे? [उ०] हे गौतम! मंडूकजातिआशीविष पोताना विषथी भरतक्षेत्र-प्रमाण शरीरने व्याप्त करवा समर्थ छे. बाकी सर्व पूर्वनी पेठे जाणवुं; यावत् संप्राप्तिवडे तेम करशे नहि. ए प्रमाणे उरगजातिआशीविष संबन्धे पण जाणवुं, परन्तु विशेष ए छे के ते उरगजातिआशीविष जंबूद्वीपप्रमाण शरीरने पोताना विषथी व्याप्त करवा समर्थ छे; बाकी सर्व पूर्ववत् जाणवुं; यावत् संप्राप्तिथी तेम करशे नहि. ए प्रमाणे मनुष्यजातिआशीविष संबन्धे पण जाणवुं, परन्तु एटलो विशेष छे के ते मनुष्यक्षेत्रप्रमाण शरीरने पोताना विषथी व्याप्त करवा समर्थ छे. बाकी सर्व पूर्ववत् जाणवुं; यावत् संप्राप्तिथी तेम करशे नहि.

---

१ विसट्टमाणिं क।

१. * आशी एटले दाढा, तेमां जेओने विष होय ते प्राणीओ आशीविष कहेवाय छे. तेना बे प्रकार छे-जातिआशीविष अने कर्माशीविष. साप वींछी वगेरे जाति एटले जन्मथी आशीविष छे. कर्म एटले शापादिकथी बीजाने उपघात करनारा ते कर्माशीविष कहेवाय छे. पर्याप्त पंचेन्द्रिय तिर्यंच अने मनुष्यने तपश्चर्यादिकथी अथवा बीजा कोई कारणथी आशीविषलब्धि उत्पन्न थाय छे, अने तेथी तेओ शापादिकथी बीजानो नाशकरवानी शक्तिवाळा होय छे. तेओ आशीविषलब्धिना स्वभावथी सहस्रार देवलोक सुधीना देवोमां उत्पन्न थाय छे, अने देवो अपर्याप्त अवस्थामां पूर्वे तेणे आशीविषभावनो अनुभव करेलो होवाथी कर्माशीविषलब्धिवाळा होय छे. —टीका

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. [प्र०] जइ कम्मआसीविसे किं नेरइयकम्मआसीविसे, तिरिक्खजोणियकम्मआसीविसे, मणुस्सकम्मआसीविसे, देवकम्मासीविसे? [उ०] गोयमा! नो नेरइयकम्मासीविसे, तिरिक्खजोणियकम्मासीविसे वि, मणुस्सकम्मासीविसे वि, देवकम्मासीविसे वि।

६. [प्र०] जइ तिरिक्खजोणियकम्मासीविसे किं एगिंदियतिरिक्खजोणियकम्मासीविसे, जाव पंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे? [उ०] गोयमा! नो एगिंदियतिरिक्खजोणियकम्मासीविसे, जाव नो चउरिंदियतिरिक्खजोणियकम्मासीविसे, पंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे।

७. [प्र०] जइ पंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे किं संमुच्छिमपंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे, गब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे? [उ०] एवं जहा वेउव्वियसरीरस्स भेदो, जाव पज्जत्तसंखेज्जवासाउयगब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे, नो अपज्जत्तासंखेज्जवासाउय– जाव कम्मासीविसे।

८. [प्र०] जदि मणुस्सकम्मासीविसे किं संमुच्छिममणुस्सकम्मासीविसे, गब्भवक्कंतियमणुस्सकम्मासीविसे? [उ०] गोयमा! णो संमुच्छिममणुस्सकम्मासीविसे, गब्भवक्कंतियमणुस्सकम्मासीविसे; एवं जहा वेउव्वियसरीरं, जाव पज्जत्तसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणुस्सकम्मासीविसे, नो अपजत्ता– जाव कम्मासीविसे।

९. [प्र०] जदि देवकम्मासीविसे किं भवणवासिदेवकम्मासीविसे, जाव वेमाणियदेवकम्मासीविसे? [उ०] गोयमा! भवणवासिदेवकम्मासीविसे, वाणमंतर–जोतिसिय–वेमाणियदेवकम्मासीविसे वि।

१०. [प्र०] जदि भवणवासिदेवकम्मासीविसे किं असुरकुमारभवणवासिदेवकम्मासीविसे, जाव थणियकुमार– जाव कम्मासीविसे? [उ०] गोयमा! असुरकुमारभवणवासिदेवकम्मासीविसे वि, जाव थणियकुमार– जाव कम्मासीविसे वि।

५. [प्र०] हे भगवन्! जो कर्माशीविष छे तो शुं नैरयिक कर्माशीविष छे, तिर्यंचयोनिक कर्माशीविष छे, मनुष्य कर्माशीविष छे के देव कर्माशीविष छे? [उ०] हे गौतम! नैरयिक कर्माशीविष नथी, पण तिर्यंचयोनिक कर्माशीविष छे, मनुष्य कर्माशीविष छे अने देवकर्माशीविष छे. कर्माशीविष.

६. [प्र०] हे भगवन्! जो तिर्यंचयोनिक कर्माशीविष छे तो शुं एकेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे के यावत् पंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे? [उ०] हे गौतम! एकेन्द्रिय तिर्यंचयोनिकथी आरंभी यावत् चतुरिन्द्रिय तिर्यंचयोनिकपर्यन्त कर्माशीविष नथी, पण पंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे.

७. [प्र०] हे भगवन्! जो पंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे तो शुं संमूर्छिम पंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे के गर्भजपंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष छे? [उ०] हे गौतम! जेम *वैक्रियशरीरसंबंधे जीव भेद कह्यो छे तेम यावत् पर्याप्त संख्यातवर्षना आयुष्यवाळा गर्भज कर्मभूमिमां उत्पन्न थयेला पंचेन्द्रिय तिर्यंचयोनिक कर्माशीविष होय छे, पण अपर्याप्त असंख्यातवर्षना आयुष्यवाळा यावत् कर्माशीविष नथी. गर्भजपंचेन्द्रियतिर्यंच कर्माशीविष.

८. [प्र०] हे भगवन्! जो मनुष्य कर्माशीविष छे, तो शुं संमूर्छिम मनुष्य कर्माशीविष छे के गर्भज मनुष्य कर्माशीविष छे? [उ०] हे गौतम! संमूर्छिम मनुष्य कर्माशीविष नथी, पण गर्भज मनुष्य कर्माशीविष छे. जेम †वैक्रियशरीरसंबन्धे जीवभेद कह्यो छे ते प्रमाणे यावत् पर्याप्त संख्यातवर्षना आयुष्यवाळा कर्मभूमिमां उत्पन्न थयेला गर्भज मनुष्य कर्माशीविष छे पण अपर्याप्त असंख्यात वर्षना आयुष्यवाळा कर्माशीविष नथी. गर्भज मनुष्य कर्माशीविष.

९. [प्र०] हे भगवन्! जो देव कर्माशीविष छे तो शुं भवनवासी देव कर्माशीविष छे के यावत् वैमानिकदेव कर्माशीविष छे? [उ०] हे गौतम! भवनवासी देव कर्माशीविष छे, वानव्यंतर देव, ज्योतिष्क देव, अने वैमानिकदेव पण कर्माशीविष छे.

१०. [प्र०] हे भगवन्! जो भवनवासी देव कर्माशीविष छे तो शुं असुरकुमार भवनवासी देव कर्माशीविष छे के यावत् स्तनितकुमार भवनवासी देव कर्माशीविष छे? [उ०] हे गौतम! असुरकुमार भवनवासी देव पण कर्माशीविष छे, यावत् स्तनितकुमार भवनवासी देव पण यावत् कर्माशीविष छे. भवनवासी कर्माशीविष.

---

१ –णिय जाव क– क। २ –भूमागब्भ– क। ३ –मंतरदेवजो– क।

७. * प्रज्ञा० २१ शरीरपद. प. ४१५–१. पं. २. ८. † प्रज्ञा० २१ शरीरपद. प. ४१५–१. पं.१२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. [प्र०] जदि असुरकुमार– जाव कम्मासीविसे किं पज्जत्तअसुरकुमारभवणवासिदेवकम्मासीविसे, अपज्जत्ताअसुरकुमार– जाव कम्मासीविसे ? [उ०] गोयमा ! नो पज्जत्ताअसुरकुमार– जाव कम्मासीविसे, अपज्जत्ताअसुरकुमार– जाव कम्मासीविसे; एवं जाव थणियकुमाराणं ।

१२. [प्र०] जदि वाणमंतरदेवकम्मासीविसे किं पिसायवाणमंतरदेवकम्मासीविसे ? [उ०] एवं सव्वेसिं अपज्जत्तगाणं, जोइसियाणं सव्वेसिं अपज्जत्तगाणं ।

१३. [प्र०] जदि वेमाणियदेवकम्मासीविसे किं कप्पोवगवेमाणियदेवकम्मासीविसे, कप्पातीयवेमाणियदेवकम्मासीविसे ? [उ०] गोयमा ! कप्पोपगवेमाणियदेवकम्मासीविसे, नो कप्पातीयवेमाणियदेवकम्मासीविसे ।

१४. [प्र०] जइ कप्पोवगवेमाणियदेवकम्मासीविसे किं सोहम्मकप्पोवग– जाव कम्मासीविसे, जाव अच्चुयकप्पोवग– जाव कम्मासीविसे ? [उ०] गोयमा ! सोहम्मकप्पोवगवेमाणियदेवकम्मासीविसे वि, जाव सहस्सारकप्पोवगवेमाणियदेवकम्मासीविसे वि, नो आणयकप्पोवग–, जाव नो अच्चुयकप्पोवगवेमाणियदेवकम्मासीविसे ।

१५. [प्र०] जइ सोहम्मकप्पोवग– जाव कम्मासीविसे किं पज्जत्तासोहम्मकप्पोवगवेमाणिय–, अपज्जत्तासोहम्मकप्पोवगवेमाणियदेवकम्मासीविसे ? [उ०] गोयमा ! नो पज्जत्तासोहम्मकप्पोवगवेमाणियदेवकम्मासीविसे, अपज्जत्तासोहम्मकप्पोवगवेमाणियदेवकम्मासीविसे, एवं जाव नो पज्जत्तासहस्सारकप्पोवगवेमाणिय– जाव कम्मासीविसे, अपज्जत्तासहस्सारकप्पोवग– जाव कम्मासीविसे ।

१६. दस ठाणाइं छउमत्थे सव्वभावेणं न जाणति न पासति, तं जहा– १ धम्मत्थिकायं, २ अधम्मत्थिकायं, ३ आगासत्थिकायं, ४ जीवं असरीरपडिबद्धं, ५ परमाणुपोग्गलं, ६ सद्दं, ७ गंधं, ८ वातं, ९ अयं जिणे भविस्सइ वा णवा भविस्सइ,

...र्याप्तदेवो क... ...र्मशीविष. ११. [प्र०] हे भगवन् ! जो असुरकुमार यावत् कर्माशीविष छे तो शुं पर्याप्त असुरकुमार भवनवासी देव कर्माशीविष छे के अपर्याप्त असुरकुमार भवनवासी देव कर्माशीविष छे ? [उ०] हे गौतम ! पर्याप्त असुरकुमार भवनवासी देव कर्माशीविष नथी, पण अपर्याप्त असुरकुमार भवनवासी देव कर्माशीविष छे, ए प्रमाणे यावत् स्तनितकुमारो सुधी जाणवुं.

...व्यन्तर. १२. [प्र०] जो वानव्यंतर देवो कर्माशीविष छे तो शुं पिशाच वानव्यंतर देवो कर्माशीविष छे ? इत्यादि. [उ०] हे गौतम ! तेओ बधा अपर्याप्तावस्थामां कर्माशीविष छे, तेम सघळा ज्योतिष्को पण अपर्याप्तावस्थामां कर्माशीविष छे.

...निक. १३. [प्र०] हे भगवन् ! जो वैमानिक देव कर्माशीविष छे तो शुं कल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे के कल्पातीत वैमानिक देव कर्माशीविष छे ? [उ०] हे गौतम ! कल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे, पण कल्पातीत वैमानिक देव कर्माशीविष नथी.

...ोपपन्नक. ...सहस्रार- ...र्माशीविष. १४. [प्र०] जो कल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे, तो शुं सौधर्मकल्पोपपन्नक यावत् कर्माशीविष छे के यावत् अच्युतकल्पोपपन्नक देव कर्माशीविष छे ? [उ०] हे गौतम ! सौधर्मकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे, यावत् सहस्रारकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे; पण आनतकल्पोपपन्नक, यावद् अच्युतकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष नथी.

सौधर्मादि ...र्माशीविष. १५. [प्र०] हे भगवन् ! जो सौधर्मकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे, तो शुं पर्याप्त सौधर्मकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे के अपर्याप्त सौधर्मकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष छे ? [उ०] हे गौतम ! पर्याप्त सौधर्मकल्पोपपन्नक वैमानिक देव कर्माशीविष नथी, पण अपर्याप्त सौधर्मकल्पोपपन्नक वैमानिक देव यावत् कर्माशीविष छे; ए प्रमाणे यावत् पर्याप्त सहस्रारकल्पोपपन्नक देव यावत् कर्माशीविष नथी, पण अपर्याप्त सहस्रारकल्पोपपन्नक देव यावत् कर्माशीविष छे.

दशस्थान- न जाणे. १६. *छद्मस्थ (ज्ञानी) सर्वभावथी–प्रत्यक्ष ज्ञानथी आ दश वस्तुओने जाणतो नथी, तेम जोतो नथी, ते आ प्रमाणे–धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, शरीररहित (मुक्त) जीव, परमाणुपुद्गल, शब्द, गंध, वायु, आ जीव जिन थशे के नहि ?, अने आ जीव

१ –कुमार जाव क- घ । २ कुमारभवणवासीक– घ । ३ एवं थणिय–घ । ४ जाव क– ख–ग । ५ –यदेव जाव क- क । ६ सोधम्म–क ।

१६. * छद्मस्थ एटले संपूर्णज्ञान (केवलज्ञान) रहित, परन्तु आ स्थळे तेनो अर्थ 'अवध्यादिविशिष्टज्ञान रहित' एवो जाणवो, केमके विशिष्ट अवधिज्ञानी अमूर्त होवाथी धर्मास्तिकायादिने जाणतो नथी, पण मूर्त होवाथी परमाण्वादिकने जाणे छे. कारण के विशिष्ट अवधिज्ञाननो विषय सर्व मूर्त द्रव्यो छे अहीं कोइ शंका करे के छद्मस्थ परमाण्वादिने कथंचित् जाणे, पण सर्व पर्यायथी न जाणे, ते माटे सूत्रमां 'सर्वभावथी न जाणे' एम कह्युं छे. तेनो उत्तर आ प्रमाणे छे– एम अर्थ करवाथी दश संख्यानो नियम नहि रहे, केमके घटादि घणा पदार्थो अनन्त पर्यायरूपे छद्मस्थने जाणवा अशक्य छे, माटे सर्वभावनो अर्थ साक्षात्–प्रत्यक्ष एवो करवो. एटले अवध्यादि विशिष्टज्ञानरहित छद्मस्थ धर्मास्तिकायादि दशवस्तुने प्रत्यक्षरूपे न जाणे अने न देखे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१० अयं सव्वदुक्खाणं अंतं करेस्सति वा नवा करेस्सइ । एयाणि चेव उप्पन्ननाण–दंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ, तं जहा–धम्मत्थिकायं, जाव करेस्सति वा नवा करेस्सति ।

१७. [प्र०] कतिविहे णं भंते ! णाणे पण्णत्ते ? [उ०] गोयमा ! पंचविहे णाणे पण्णत्ते, तं जहा– आभिणिबोहियणाणे, सुयणाणे, ओहिणाणे, मणपज्जवनाणे, केवलणाणे ।

१८. [प्र०] से किं तं आभिणिबोहियणाणे ? [उ०] आभिणिबोहियणाणे चउव्विहे पन्नत्ते, तं जहा–उग्गहो, ईहा, अवाओ, धारणा; एवं जहा 'रायप्पसेणइज्जे' णाणाणं भेदो तहेव इह भाणियव्वो, जाव सेत्तं केवलनाणे ।

१९. [प्र०] अन्नाणे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] गोयमा ! तिविहे पन्नत्ते, तं जहा– मइअन्नाणे, सुयअन्नाणे, विभंगणाणे ।

२०. [प्र०] से किं तं मइअन्नाणे ? [उ०] मइअन्नाणे चउव्विहे पण्णत्ते, तं जहा– उग्गहे, जाव धारणा ।

२१. [प्र०] से किं तं उग्गहे ? [उ०] उग्गहे दुविहे पन्नत्ते, तं जहा–अत्थोग्गहे य वंजणोग्गहे य, एवं जहेव आभिणिबोहियनाणं तहेव, नवरं एगट्ठियवज्जं जाव नोइंदियधारणा । सेत्तं धारणा, सेत्तं मइअन्नाणे ।

२२. [प्र०] से किं तं सुयअन्नाणे ? [उ०] जं इमं अन्नाणिएहिं मिच्छादिट्ठिएहिं जहा नंदीए, जाव चत्तारि वेदा संगोवंगा, सेत्तं सुयअन्नाणे ।

सर्व दुःखोनो अन्त करशे के नहि ?–ए दश स्थानोने उत्पन्न ज्ञान–दर्शनने धारण करनार अर्हन्, जिन, केवली सर्वभावथी–साक्षात् ज्ञानथी जाणे छे अने जुए छे. जेमके धर्मास्तिकाय, यावत् आ जीव सर्वदुःखोनो अंत करशे के नहि.

## ज्ञान.

१७. [प्र०] हे भगवन् ! ज्ञान केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! ज्ञान पांच प्रकारे कह्युं छे. ते आ प्रमाणे–*आभिनिबोधिकज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान अने केवलज्ञान. ज्ञानना प्रकार.

१८. [प्र०] हे भगवन् ! आभिनिबोधिक ज्ञान केटला प्रकारे छे ? [उ०] हे गौतम ! आभिनिबोधिक ज्ञान चार प्रकारे छे, ते आ प्रमाणे– †अवग्रह, ईहा, अपाय अने धारणा. जेम ‡'राजप्रश्नीय' सूत्रमां ज्ञानोना प्रकार कह्या छे तेम अहीं पण कहेवा; यावत् 'ए प्रमाणे केवलज्ञान कह्युं' त्यां सुधी कहेवुं. आभिनिबोधिक ज्ञानना प्रकार.

१९. [प्र०] हे भगवन् ! ¶अज्ञान केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! अज्ञान त्रण प्रकारे कह्युं छे, ते आ प्रमाणे––मतिअज्ञान, श्रुतअज्ञान अने विभंगज्ञान.

२०. [प्र०] हे भगवन् ! मतिअज्ञान केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! मतिअज्ञान चार प्रकारनुं छे. ते आप्रमाणे––अवग्रह, यावद् धारणा. मति-अज्ञान.

२१. [प्र०] अवग्रह केटला प्रकारे छे ? [उ०] अवग्रह बे प्रकारनो कह्यो छे. ते आ प्रमाणे––अर्थावग्रह अने §व्यंजनावग्रह–ए प्रमाणे जेम $नंदीसूत्रमां आभिनिबोधिकज्ञान संबंधे कह्युं छे तेम अहीं जाणवुं. परन्तु त्यां आभिनिबोधिकज्ञान प्रसंगे अवग्रहादिना ‖एकार्थिक–समानार्थक शब्दो कहेला छे ते शिवाय यावत् नोइन्द्रियधारणा सुधी कहेवुं, ए प्रमाणे धारणा कही. ए प्रमाणे मतिअज्ञान कह्युं. अवग्रह.

२२. [प्र०] श्रुतअज्ञान केवा प्रकारनुं छे ? [उ०] 'जे अज्ञानी एवा मिथ्यादृष्टिओए प्ररुप्युं छे'–इत्यादि **नंदीसूत्रमां कह्या प्रमाणे यावत् सांगोपांग चार वेद ते श्रुतअज्ञान, ए प्रमाणे श्रुतअज्ञान कह्युं. श्रुत-अज्ञान.

---

१७. * अभि–अर्थाभिमुख एटले यथार्थ, नि–निश्चित, बोध ते आभिनिबोधिक, अर्थात् इन्द्रिय अने अनिन्द्रियनिमित्तक यथार्थ अने निश्चित बोध ते आभिनिबोधिकज्ञान. श्रुत एटले श्रवण करवुं ते द्वारा जे ज्ञान थाय ते श्रुतज्ञान, इन्द्रिय अने मनथी श्रुतग्रन्थानुसारे जे बोध थाय ते श्रुतज्ञान. अवधि–सर्व मूर्तद्रव्योनी मर्यादा–थी जे प्रत्यक्ष ज्ञान थाय ते अवधिज्ञान. मनोद्रव्यना पर्याय–आकारविशेष–नुं जे ज्ञान ते मनःपर्यवज्ञान. सर्व द्रव्य पर्यायनुं संपूर्ण ज्ञान ते केवलज्ञान.

१८. † रूपादि अर्थनो विशेषरहित सामान्य बोध ते अवग्रह, विद्यमान अर्थना विशेष धर्मनी विचारणा करवी ते ईहा, अर्थनो निश्चय करवो ते अपाय, निश्चित अर्थने स्मृति इत्यादि रूपे धारण करवो ते धारणा. ‡ राजप्रश्नीय प. १३०–१. पं. ४.

१९. ¶ विपरीत अथवा मिथ्या ज्ञानने अज्ञान कहे छे.

२१. § व्यंजनावग्रह–जे वडे अर्थ प्रकट कराय ते व्यञ्जन, एटले उपकरणेन्द्रिय अने शब्दादिरूपे परिणाम पामेल द्रव्यनो समूह. उपकरणेन्द्रिय वडे प्राप्त थयेल शब्दादि विषयोनुं अव्यक्त ज्ञान ते व्यंजनावग्रह, त्यारपछी 'आ कांइक छे' एवो सामान्य अवबोध ते अर्थावग्रह. $ नन्दीसूत्र. प. १६८–२. पं. ४.

‖ अवग्रहणता, अवधारणता, श्रवणता, अवलंबनता अने मेधा–आ पांच अवग्रहना एकार्थक शब्दो कह्या छे अने ईहादिना पण एकार्थक शब्दो कह्या छे ते अहीं मतिअज्ञानने विषे न कहेवा.

२२. ** नंदीसूत्र. प. १९४–१. पं. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२३. [प्र०] से किं तं विभंगनाणे ? [उ०] विभंगनाणे अणेगविहे पण्णत्ते, तं जहा–गामसंठिए, नगरसंठिए, जाव सन्निवेससंठिए, दीवसंठिए, समुद्दसंठिए, वाससंठिए, वासहरसंठिए, पव्वयसंठिए, रुक्खसंठिए, थूभसंठिए, हयसंठिए, गयसंठिए, नरसंठिए, किन्नरसंठिए, किंपुरिससंठिए, [1]महोरगसंठिए, गंधव्वसंठिए, उसभसंठिए, पसु–पसय–विहग–वानरणाणासंठाणसंठिए पण्णत्ते ।

२४. [प्र०] जीवाणं भंते ! किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! जीवा नाणी वि अन्नाणी वि; जे नाणी ते अत्थेगतिया [2]दुन्नाणी, अत्थेगतिया तिन्नाणी, अत्थेगतिया चउनाणी, अत्थेगतिया एगनाणी । जे दुन्नाणी ते आभिणिबोहियनाणी य सुयनाणी य । जे तिन्नाणी ते आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी; अहवा आभिणिबोहियनाणी, सुयणाणी, मणपज्जवनाणी । जे चउनाणी ते आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी, मणपज्जवनाणी । जे एगनाणी ते नियमा केवलनाणी । जे अन्नाणी ते अत्थेगतिया दुअन्नाणी, अत्थेगतिया तिअन्नाणी । जे दुअन्नाणी ते मइअन्नाणी सुयअन्नाणी य । जे तिअन्नाणी ते मइअन्नाणी, सुयअन्नाणी, विभंगनाणी ।

२५. [प्र०] नेरइया णं भंते ! किं णाणी, अन्नाणी ? [उ०] गोयमा ! नाणी वि, अन्नाणी वि । जे नाणी ते नियमा तिन्नाणी, तं जहा–आभिणिबोहियणाणी, सुयनाणी, ओहिनाणी । जे अन्नाणी ते अत्थेगतिया दुअन्नाणी, अत्थेगतिया तिअन्नाणी; एवं तिन्नि अन्नाणाणि भयणाए ।

२६. [प्र०] असुरकुमारा णं भंते ! किं नाणी, अन्नाणी ? [उ०] जहेव नेरइया तहेव, तिन्नि नाणाणि नियमा, तिन्नि य अन्नाणाणि भयणाए, एवं जाव थणियकुमारा ।

२७. [प्र०] पुढविकाइया णं भंते ! किं नाणी, अन्नाणी ? [उ०] गोयमा ! नो नाणी, अन्नाणी । जे अन्नाणी ते नियमा दुअन्नाणी–मइअन्नाणी य सुयअन्नाणी य । एवं जाव वणस्सइकाइया ।

विभंगज्ञान.

२३. [प्र०] हे भगवन् ! विभंगज्ञान केवा प्रकारनुं कह्युं छे ? [उ०] [*]विभंगज्ञान अनेक प्रकारनुं कह्युं छे, ते आ प्रमाणे–ग्रामने आकारे, वर्ष ( भारतादिक्षेत्र )ने आकारे, वर्षधरपर्वतने आकारे, पर्वतने आकारे, वृक्षना आकारे, स्तूपना आकारे, घोडाना आकारे, हाथीना आकारे, मनुष्यना आकारे, किंनरना आकारे, किंपुरुषना आकारे, महोरगना आकारे, गंधर्वना आकारे, वृषभना आकारे, पशु, [†]पसय, पक्षी अने वानरना आकारे–ए प्रमाणे अनेक आकारे विभंगज्ञान कहेलुं छे.

ज्ञानी अने अज्ञानी.

२४. [प्र०] हे भगवन् ! शुं जीवो ज्ञानी छे के अज्ञानी छे ? [उ०] हे गौतम ! जीवो ज्ञानी पण छे अने अज्ञानी पण छे. जे जीवो ज्ञानी छे तेमां केटलाएक बे ज्ञानवाळा, केटलाएक त्रण ज्ञानवाळा, केटलाक चार ज्ञानवाळा अने केटलाक एक ज्ञानवाळा छे. जे बे ज्ञानवाळा छे ते मतिज्ञान अने श्रुतज्ञानवाळा छे. जे त्रण ज्ञानवाळा छे ते मतिज्ञान, श्रुतज्ञान, अने अवधिज्ञानवाळा छे, अथवा मतिज्ञान, श्रुतज्ञान अने मनःपर्यवज्ञानवाळा छे. जे चारज्ञानवाळा छे ते मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान अने मनःपर्यवज्ञानवाळा छे. जे एक ज्ञानवाळा छे ते अवश्य एक केवलज्ञानवाळा छे. जे जीवो अज्ञानी छे तेमां केटलाक बे अज्ञानवाळा अने केटलाक त्रण अज्ञानवाळा छे. जे बे अज्ञानवाळा छे ते मतिअज्ञान, अने श्रुतअज्ञानवाळा छे, अने जेओ त्रण अज्ञानवाळा छे तेओ मतिअज्ञान, श्रुतअज्ञान, अने विभंगज्ञानवाळा छे.

नैरयिको.

२५. [प्र०] हे भगवन् ! नारको शुं ज्ञानी छे के अज्ञानी ? [उ०] हे गौतम ! नारको ज्ञानी पण छे अने अज्ञानी पण छे. तेमां जे ज्ञानी छे ते अवश्य [‡]त्रण ज्ञानवाळा होय छे, ते आ प्रमाणे–मतिज्ञान, श्रुतज्ञान अने अवधिज्ञानवाळा. जे अज्ञानी छे तेमां केटलाक [¶]बे अज्ञानवाळा छे अने केटलाएक त्रण अज्ञानवाळा छे. ए प्रमाणे त्रण अज्ञानो भजनाए ( विकल्पे ) होय छे.

असुरकुमारो.

२६. [प्र०] हे भगवन् ! असुरकुमारो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ०] जेम नैरयिको कह्या तेम असुरकुमारो जाणवा. अर्थात् जेओ ज्ञानी छे तेओ अवश्य त्रण ज्ञानवाळा होय छे, अने जेओ अज्ञानी छे तेओ भजनाए त्रण अज्ञानवाळा होय छे. ए प्रमाणे यावत् स्तनितकुमारो सुधी जाणवुं.

पृथिवीकायिक.

२७. [प्र०] हे भगवन् ! पृथिवीकायिको शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ०] हे गौतम ! तेओ ज्ञानी नथी पण अज्ञानी छे, अने ते अवश्य बे अज्ञानवाळा छे, मतिअज्ञानी अने श्रुतअज्ञानी. ए प्रमाणे यावत् वनस्पतिकायिक सुधी जाणवुं.

---

१ महोरगगंधव्व संठिए ग । २ दुयनाणी क–ङ ।

२३. * मिथ्यादर्शन मोहनीय कर्मना उदयथी विपरीत एवुं अवधिज्ञान ते विभंगज्ञान; तेनो ग्राम मात्र विषय होवाथी ते ग्रामाकारे कहेवाय छे. ए प्रमाणे बीजा भेदो पण जाणी लेवा. † पसय बे खरीवाळुं जंगली चोपगुं प्राणी विशेष.—टीकाकार.

२५. ‡ सम्यग्दृष्टि नारकोने भवप्रत्यय अवधिज्ञान होय छे, तेथी तेओ अवश्य त्रणज्ञानवाळा होय छे. ¶ जे अज्ञानी छे तेमां केटलाक बे अज्ञानवाळा छे, केमके कोइ असंज्ञी पंचेन्द्रिय तिर्यंच नरकमां उत्पन्न थाय त्यारे तेओने अपर्याप्तावस्थामां विभंग न होवाथी बे अज्ञान होय छे, अने जो मिथ्यादृष्टि संज्ञी पंचेन्द्रिय नरकमां उत्पन्न थाय तो तेओने अपर्याप्तावस्थामां पण विभंगज्ञान होय छे तेथी त्रण अज्ञान कह्या छे–टीकाकार.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२८. [प्र०] बेइंदियाणं पुच्छा। [उ०] गोयमा! णाणी वि अन्नाणी वि। जे नाणी ते नियमा दुन्नाणी, तं जहा–आभिणिबोहियनाणी य सुयनाणी य। जे अन्नाणी ते नियमा दुअन्नाणी, तं जहा–मइअन्नाणी य सुयअन्नाणी य। एवं तेइंदिय–चउरिंदिया वि।

२९. [प्र०] पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। [उ०] गोयमा! नाणी वि अन्नाणी वि। जे नाणी ते अत्थेगइया दुन्नाणी, अत्थेगतिया तिन्नाणी। एवं तिण्णि णाणाणि तिन्नि अन्नाणाणि य भयणाए। मणुस्सा जहा जीवा, तहेव पंच नाणाइं तिन्नि अन्नाणाणि य भयणाए। वाणमंतरा जहा नेरइया। जोइसिय-वेमाणियाणं तिन्नि नाणाणि तिन्नि अन्नाणाणि नियमा।

३०. [प्र०] सिद्धाणं भंते! पुच्छा। [उ०] गोयमा! नाणी, नो अन्नाणी; नियमा एगनाणी केवलणाणी।

३१. [प्र०] निरयगतियाणं भंते! जीवा किं नाणी, अन्नाणी? [उ०] गोयमा! नाणी वि अन्नाणी वि; तिन्नि नाणाइं नियमा, तिन्नि अन्नाणाइं भयणाए।

३२. [प्र०] तिरियगतियाणं भंते! जीवा किं नाणी अन्नाणी? [उ०] गोयमा! दो नाणा, दो अन्नाणा नियमा।

२८. [प्र०] *बेइन्द्रिय जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ज्ञानी पण छे अने अज्ञानी पण छे. जेओ ज्ञानी छे तेओ अवश्य बे ज्ञानवाळा छे, ते आ प्रमाणे–मतिज्ञानी अने श्रुतज्ञानी. जेओ अज्ञानी छे ते अवश्य बे अज्ञानवाळा छे; ते आ प्रमाणे–मतिअज्ञानी अने श्रुतअज्ञानी. ए प्रमाणे त्रीन्द्रिय अने चउरिन्द्रिय जीवो संबन्धे पण जाणवुं. बेइन्द्रिय, त्रीन्द्रिय अने चउरिन्द्रिय.

२९. [प्र०] पंचेन्द्रियतिर्यंचयोनिको शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ज्ञानी छे अने अज्ञानी पण छे, जेओ ज्ञानी छे तेमां केटलाक बे ज्ञानवाळा, अने केटलाक त्रण ज्ञानवाळा छे, ए प्रमाणे त्रण ज्ञान अने त्रण अज्ञान भजनाए (विकल्पे) जाणवां. जीवोनी पेठे मनुष्योने पांच ज्ञान अने त्रण अज्ञान भजनाए होय छे. नैरयिकोने कह्युं (सू. २५.) तेम वानव्यंतरोने जाणवुं. ज्योतिषिको अने वैमानिकोने अवश्य त्रण ज्ञान अने त्रण अज्ञान होय छे. पंचेन्द्रियतिर्यंचो. मनुष्यो जीवोनी पेठे. वानव्यन्तर, ज्योतिषिको अने वैमानिको.

३०. [प्र०] हे भगवन्! सिद्धो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! सिद्धो ज्ञानी छे पण अज्ञानी नथी, तेओ अवश्य एक केवलज्ञानवाळा छे. सिद्धो.

३१. [प्र०] हे भगवन्! †निरयगतिक–नरकगतिमां जता जीवो शुं ज्ञानी होय छे के अज्ञानी होय छे? [उ०] हे गौतम! ते ज्ञानी पण होय छे अने अज्ञानी पण होय छे, [जेओ ज्ञानी छे]तेओने अवश्य त्रण ज्ञान होय छे अने [जे अज्ञानी छे तेओने]त्रण अज्ञान भजनाए होय छे. निरयगतिक.

३२. [प्र०] हे भगवन्! ‡तिर्यंचगतिक–तिर्यंचगतिमां जता जीवो–शुं ज्ञानी होय छे के अज्ञानी होय छे? [उ०] हे गौतम! तेओने अवश्य बे ज्ञान अने बे अज्ञान होय छे. तिर्यंचगतिक.

१ नाणा घ। २ अन्नाणा घ।

२८. * बेइन्द्रियादि जीवोमां पूर्वबद्धायुष् मनुष्य के तिर्यंच औपशमिकसम्यग्दृष्टि उपशम सम्यक्त्व वमतो उत्पन्न थाय त्यारे तेने अपर्याप्तावस्थाए सास्वादन सम्यग्दर्शन होय छे. ते जघन्यथी एक समय, अने उत्कृष्ट छ आवलिका सुधी रहे छे, त्यां सुधी ते ज्ञानी कहेवाय छे. त्यार पछी ते मिथ्यात्वने प्राप्त थाय छे त्यारे ते अज्ञानी कहेवाय छे.

३१. † १ गति, २ इन्द्रिय, ३ काय, ४ सूक्ष्म, ५ पर्याप्त, ६ भवस्थ, ७ भवसिद्धिक, ८ संज्ञी, ९ लब्धि, १० उपयोग, ११ लेश्या, १२ कषाय, १३ वेद, १४ आहार, १५ ज्ञान, १६ गोचर (विषय), १७ काल, १८ अंतर, १९ अल्पबहुत्व अने २० पर्याय–ए वीश द्वारो अहीं विवक्षित छे. तेमां प्रथम गतिद्वारने विषे निरयगति द्वार कहे छे. निरय–नरकने विषे गति—गमन जेओनुं छे तेओ निरयगतिक कहेवाय छे एटले सम्यग्दृष्टि के मिथ्यादृष्टि, ज्ञानी के अज्ञानी पंचेन्द्रिय तिर्यंच अने मनुष्य नरकमां उत्पन्न थवा वाळा अन्तर गतिमां वर्तता होय ते निरयगतिक समजवा, ते माटे अहीं निरयशब्दनी साथे गतिग्रहण करेल छे. निरयगतिकने–जो ते ज्ञानी होय तो तेने–त्रण ज्ञान अवश्य होय छे, केमके तेने अवधिज्ञान भवप्रत्यय होवाथी ते अन्तर गतिमां पण होय छे, अने तेओने त्रण अज्ञान भजनाए होय छे, केमके असंज्ञी पंचेन्द्रिय तिर्यंच नरकमां जाय त्यारे अपर्याप्तावस्थाए विभंगज्ञान न होवाथी तेने बे अज्ञान होय छे, अने मिथ्यादृष्टि संज्ञीने त्रण अज्ञान होय छे, कारणके तेने भवप्रत्यय विभंगज्ञान होय छे. —टीका.

३२. ‡ तिर्यंचगतिमां जतां वच्चे अन्तराल गतिमां वर्तता होय ते तिर्यंचगतिक जीवो जाणवा; तेने बे ज्ञान अने बे अज्ञान होय छे, केमके सम्यग्दृष्टि जीवो अवधिज्ञानथी पड्या पछी मतिश्रुतज्ञानसहित तिर्यंचगतिमां जाय छे, तेथी तेने बे ज्ञान होय छे, अने मिथ्यादृष्टि जीवो विभंगज्ञानथी पड्या पछी तिर्यंचगतिमां जाय छे माटे तेने बे अज्ञान होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३३. [प्र०] मणुस्सगइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ? [उ०] गोयमा ! तिन्नि नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा । देवगतिया जहा निरयगतिया ।**

**३४. [प्र०] सिद्धगतिया णं भंते० ? [उ०] जहा सिद्धा ।**

**३५. [प्र०] सइंदिया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! चत्तारि नाणाइं, तिन्नि अन्नाणाइं भयणाए ।**

**३६. [प्र०] एगिंदिया णं भंते ! जीवा किं नाणी० ? [उ०] जहा पुढविकाइया, बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं दो नाणा, दो अन्नाणा नियमा । पंचिंदिया जहा सइंदिया ।**

**३७. [प्र०] अणिंदिया णं भंते ! जीवा किं नाणी० ? । [उ०] जहा सिद्धा ।**

**३८. [प्र०] सकाइया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! पंच नाणाणि तिन्नि अन्नाणाइं भयणाए । पुढविकाइया जाव वणस्सइकाइया नो नाणी, अन्नाणी, नियमा दुअन्नाणी, तं जहा–मतिअन्नाणी य सुयअन्नाणी य । तसकाइया जहा सकाइया ।**

मनुष्यगतिक. ३३. [प्र०] हे भगवन् ! *मनुष्यगतिक–मनुष्यगतिमां जता जीवो–शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] हे गौतम ! तेओने भजनाए ( विकल्पे ) त्रण ज्ञान होय छे अने अवश्य बे अज्ञान होय छे. †देवगतिक–देवगतिमां जता जीवो–निरयगतिकनी पेठे ( सू० ३१. ) जाणवा.

सिद्धिगतिक. ३४. [प्र०] हे भगवन् ! ‡सिद्धिगतिमां जता जीवो शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] तेओ सिद्धोनी पेठे ( सू० ३०. ) जाणवा.

सेन्द्रिय. ३५. [प्र०] हे भगवन् ! ¶सेन्द्रिय–इन्द्रियवाळा–जीवो शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] हे गौतम ! तेओने भजनाए चार ज्ञान अने त्रण अज्ञान होय छे.

एकेन्द्रियादि. ३६. [प्र०] हे भगवन् ! एकेन्द्रिय जीवो शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] हे गौतम ! §पृथिवीकायिकनी पेठे ( सू० २७. ) [ एकेन्द्रियजीवो ] जाणवा. बेइन्द्रिय, त्रीन्द्रिय अने चउरिंद्रिय जीवोने अवश्य बे ज्ञान अने बे अज्ञान होय छे. पंचेंद्रिय जीवो सेन्द्रियजीवोनी पेठे ( सू० ३५. ) जाणवा.

अनिन्द्रिय. ३७. [प्र०] हे भगवन् ! $अनिन्द्रिय–इंद्रियरहित–जीवो शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] तेओ सिद्धनी पेठे ( सू० ३०. ) जाणवा.

सकायिक जीवो. पृथिवीकायिकादि. त्रसकायिक. ३८. [प्र०] हे भगवन् ! सकायिक जीवो शुं ज्ञानी होय के अज्ञानी होय ? [ उ० ] हे गौतम ! तेओने पांच ज्ञान अने त्रण अज्ञान भजनाए होय छे. पृथिवीकायिक यावत् वनस्पतिकायिक ‖जीवो ज्ञानी नथी पण अज्ञानी होय छे, अने ते अवश्य बे अज्ञानवाळा होय छे, ते आ प्रमाणे—मतिअज्ञानवाळा अने श्रुतअज्ञानवाळा. त्रसकायिक जीवो सकायिक जीवोनी पेठे जाणवा.

---

३३. *मनुष्यगतिमां जतां अंतराल गतिए वर्तता होय ते अहीं मनुष्यगतिक जाणवा, तेमांना केटलाक जीवो जे ज्ञानी छे ते तीर्थंकरनी पेठे अवधिज्ञान साथे ज मनुष्यगतिमां जाय छे, अने केटलाक तेने छोडीने जाय छे, माटे तेओने त्रण अथवा बे ज्ञान होय छे. जे अज्ञानी छे तेओ विभंगज्ञानथी पड्या पछी मनुष्यगतिमां उत्पन्न थाय छे; माटे अवश्य तेने बे अज्ञान होय छे. † देवगतिमां जतां अन्तराल गतिए वर्तता जीवो नरकगतिकनी पेठे जाणवा. केमके जे ज्ञानी देवगतिमां जाय छे, तेओने भवप्रत्यय अवधिज्ञान देवायुषने प्रथम समयेज उत्पन्न थाय छे, तेथी नारकोनी पेठे तेओने त्रण ज्ञान अवश्य होय छे. जेओ अज्ञानी छे अने असंज्ञी थकी देवगतिमां उत्पन्न थाय छे, तेओने अपर्याप्तावस्थामां विभंगज्ञाननो अभाव होवाथी बे अज्ञान होय छे. जे अज्ञानी संज्ञी थकी आवी देवगतिमां उत्पन्न थाय छे तेने भवप्रत्यय विभंगज्ञान होवाथी त्रण अज्ञान होय छे.—टीका.

३४. ‡ अहीं अन्तरगतिना अभावथी सिद्ध अने सिद्धिगतिकनो भेद नथी, पण गतिद्वारना क्रमने लीधे तेनो जूदो निर्देश कर्यो छे.—टीका.

३५. ¶ इन्द्रियद्वारने विषे सेन्द्रिय एटले इन्द्रियना उपयोगवाळा, ते ज्ञानी अने अज्ञानी बन्ने प्रकारना छे. तेमां ज्ञानीने चार ज्ञान भजनाए होय छे, एटले बे, त्रण के चार ज्ञान होय छे; पण तेओने केवलज्ञान होतुं नथी, केमके ते अतीन्द्रियज्ञान छे. अहीं बे इत्यादि ज्ञानो कहेला छे ते लब्धिनी अपेक्षाए जाणवा, उपयोगनी अपेक्षाए सर्वने एकज ज्ञान होय छे. अज्ञानीने त्रण अज्ञान भजनाए होय छे-एटले क्वचित् बे के त्रण अज्ञान होय छे.—टीका.

३६. § पृथिवीकायिकनी पेठे एकेन्द्रियजीवो मिथ्यादृष्टि होवाथी अज्ञानी छे अने ते बे अज्ञानवाळा छे. बेइन्द्रियादिक जीवोने बे ज्ञान होय छे, केमके तेमां सास्वादन गुणस्थानकनो संभव छे. ते शिवाय बीजाने बे अज्ञान होय छे.—टीका.

३७. $ अनिन्द्रिय एटले इन्द्रियना उपयोगरहित केवलज्ञानी, तेओने सिद्धनी पेठे एक केवल ज्ञान होय छे.—टीका.

३८. ‖ काय एटले औदारिकादिशरीर अथवा पृथिव्यादि छ काय, ते वडे सहित ते सकायिक, तेओ केवली पण होय, तेथी सकायिक सम्यग्दृष्टिने पांच ज्ञान अने मिथ्यादृष्टिने त्रण अज्ञान भजनाए होय छे.— टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३९. [प्र०] अकाइया णं भंते ! जीवा किं नाणी० ? [उ०] जहा सिद्धा ।

४०. [प्र०] सुहुमा णं भंते ! जीवा किं नाणी० ? [उ०] जहा पुढविकाइया ।

४१. [प्र०] बादरा णं भंते ! जीवा किं नाणी० ? [उ०] जहा सकाइया ।

४२. [प्र०] नोसुहुमा नोबादरा णं भंते ! जीवा० ? [उ०] जहा सिद्धा ।

४३. [प्र०] पज्जत्ता णं भंते ! जीवा किं नाणी० ? [उ०] जहा सकाइया ।

४४. [प्र०] पज्जत्ता णं भंते ! नेरइया किं नाणी ? [उ०] तिन्नि नाणा, तिन्नि अन्नाणा नियमा, जहा नेरइआ, एवं जाव थणियकुमारा । पुढविकाइया जहा एगिंदिया । एवं जाव चउरिंदिया ।

४५. [प्र०] पज्जत्ता णं भंते ! पंचिंदियतिरिक्खजोणिया किं नाणी अन्नाणी ? [उ०] तिन्नि नाणा, तिन्नि अन्नाणा भयणाए । मणुस्सा जहा सकाइया । वाणमंतर–जोइसिय–वेमाणिया जहा नेरइया ।

४६. [प्र०] अपज्जत्ता णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] तिन्नि नाणा, तिन्नि अन्नाणा भयणाए ।

४७. [प्र०] अपज्जत्ता णं भंते ! नेरतिया किं नाणी अन्नाणी ? [उ०] तिन्नि नाणा नियमा, तिण्णि अन्नाणा भयणाए । एवं जाव थणियकुमारा । पुढविकाइया जाव वणस्सइकाइया जहा एगिंदिया ।

३९. [प्र०] हे भगवन् ! *कायरहित जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम ! सिद्धोनी पेठे (सू० ३०.) तेओ जाणवा. कायरहित जीवो.

४०. [प्र०] हे भगवन् ! †सूक्ष्म जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] पृथिवीकायिकोनी पेठे (सू० २७.) जाणवा. सूक्ष्म जीवो.

४१. [प्र०] हे भगवन् ! बादरजीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] ‡सकायिक जीवोनी पेठे (सू० ३८.) जाणवा. बादर जीवो.

४२. [प्र०] हे भगवन् ! नोसूक्ष्म नोबादर जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] सिद्धोनी पेठे (सू० ३०.) जाणवा.

४३. [प्र०] हे भगवन् ! पर्याप्त जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] ¶सकायिक जीवोनी पेठे (सू० ३८.) जाणवा. पर्याप्त जीवो.

४४. [प्र०] हे भगवन् ! पर्याप्त §नैरयिको शुं ज्ञानी छे? के अज्ञानी छे? [उ०] हे गौतम ! तेओने त्रण ज्ञान अने त्रण अज्ञान अवश्य होय छे. जेम नैरयिको माटे कह्युं तेम यावत् स्तनितकुमार देवो माटे जाणवुं. पृथिवीकायिको एकेन्द्रियनी पेठे (सू० ३६.) जाणवा. ए प्रमाणे यावत् चउरिंद्रियजीवो जाणवा. पर्याप्तनैरयिकादि.

४५. [प्र०] हे भगवन् ! पर्याप्त पंचेन्द्रिय तिर्यंचयोनिको शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम ! तेओने त्रण ज्ञान अने त्रण अज्ञान $भजनाए होय छे, मनुष्यो सकायिकनी पेठे (सू० ३८.) जाणवा. वानव्यंतरो, ज्योतिषिको अने वैमानिको नैरयिकनी पेठे (सू० २५.) जाणवा. पर्याप्त पंचेन्द्रिय तिर्यंच योनिक. पर्याप्त मनुष्यो.

४६. [प्र०] हे भगवन् ! अपर्याप्त जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम ! तेओने त्रण ज्ञान अने त्रण अज्ञान भजनाए छे. अपर्याप्त जीवो.

४७. [प्र०] हे भगवन् ! अपर्याप्त नैरयिको शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम ! तेओने अवश्य त्रण ज्ञान छे अने भजनाए त्रण अज्ञान छे, ए प्रमाणे यावत् स्तनितकुमार देवो जाणवा. जेम एकेन्द्रियो संबन्धे (सू० ३६.) कह्युं तेम अपर्याप्त पृथ्वीकायिकथी आरंभी वनस्पतिकायिक पर्यन्त कहेवुं. अपर्याप्तनैरयिकादि. अपर्याप्त पृथिवीकायिकादि.

---

३९. * जेओने पूर्वे कहेल काय एटले औदारिकादि शरीर अथवा पृथिव्यादिकाय नथी ते अकायिक एटले सिद्ध कहेवाय छे.—टीका.

४०. † सूक्ष्मद्वारने विषे सूक्ष्म जीवो पृथिवीकायिकनी पेठे मिथ्यादृष्टि होवाथी तेओने बे अज्ञान होय छे.

४१. ‡ सकायिक जीवोनी पेठे बादर जीवो केवलज्ञानी पण होय छे, माटे तेओने भजनाए पांच ज्ञान अने त्रण अज्ञान होय छे.

४३. ¶ पर्याप्तद्वारने विषे पर्याप्त जीवो केवलज्ञानी पण होय छे, माटे ते सकायिकनी जेम पूर्वे कह्या प्रमाणे जाणवा.—टीका.

४४. § असंज्ञी थकी आवेला नारकोने अपर्याप्तावस्थामां विभंगनो अभाव होय छे अने पर्याप्त अवस्थामां तेओने त्रण अज्ञान अवश्य होय छे.—टीका.

४५. $ पर्याप्त पंचेन्द्रिय तिर्यंचमां अवधिज्ञान के विभंग ज्ञान केटलाकने होय अने केटलाकने न होय माटे त्रण ज्ञान के त्रण अज्ञान, अथवा बे ज्ञान के बे अज्ञान तेओने होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४८. [प्र०] बेइंदियाणं पुच्छा। [उ०] दो नाणा, दो अन्नाणा नियमा। एवं जाव पंचिंदियतिरिक्खजोणियाणं।

४९. [प्र०] अपज्जत्तगा णं भंते! मणुस्सा किं नाणी अन्नाणी? [उ०] तिन्नि नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा। वाणमंतरा जहा नेरइया। अपज्जत्तगाणं जोइसिय–वेमाणियाणं तिन्नि नाणा, तिन्नि अन्नाणा नियमा।

५०. [प्र०] नोपज्जत्तगा नोअपज्जत्तगा णं भंते! जीवा किं नाणी०? [उ०] जहा सिद्धा।

५१. [प्र०] निरयभवत्था णं भंते! जीवा किं नाणी अन्नाणी? [उ०] जहा निरयगतिया।

५२. [प्र०] तिरियभवत्था णं भंते! जीवा किं नाणी अन्नाणी? [उ०] तिन्नि नाणा, तिन्नि अन्नाणा भयणाए।

५३. [प्र०] मणुस्सभवत्था णं०? [उ०] जहा सकाइया।

५४. [प्र०] देवभवत्था णं भंते! ०? [उ०] जहा निरयभवत्था। अभवत्था जहा सिद्धा।

५५. [प्र०] भवसिद्धियाणं भंते! जीवा किं नाणी०? [उ०] जहा सकाइया।

अपर्याप्त बेइन्द्रियादि. ४८. [प्र०] अपर्याप्त बेइन्द्रिय जीवो ज्ञानी छे के अज्ञानी? [उ०] तेओने *बे ज्ञान अने बे अज्ञान अवश्य होय छे. ए प्रमाणे यावत् पंचेन्द्रिय तिर्यंचयोनिक सुधी जाणवुं.

अपर्याप्त मनुष्य. अपर्याप्त वानव्यंतर ज्योतिषिक अने वैमानिक. ४९. [प्र०] हे भगवन्! अपर्याप्त मनुष्य शुं ज्ञानी होय छे के अज्ञानी होय छे? [उ०] हे गौतम! तेओने †त्रण ज्ञान भजनाए होय छे अने अवश्य बे अज्ञान होय छे. नैरयिकोनी पेठे (सू० ४७.) ‡वानव्यंतरोने जाणवुं. तथा ¶अपर्याप्त ज्योतिषिको अने वैमानिकोने त्रण ज्ञान अने त्रण अज्ञान अवश्य होय छे.

नोपर्याप्त नोअपर्याप्त जीवो. ५०. [प्र०] हे भगवन्! §नोपर्याप्त अने नोअपर्याप्त जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ सिद्धनी पेठे (सू० ३०.) जाणवा.

निरयभवस्थ. ५१. [प्र०] हे भगवन्! $निरयभवस्थ जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ निरयगतिकनी पेठे (सू० ३१.) जाणवा.

तिर्यग्भवस्थ. ५२. [प्र०] हे भगवन्! तिर्यग्भवस्थ जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओने त्रण ज्ञान अने त्रण अज्ञान भजनाए छे.

मनुष्यभवस्थ. ५३. [प्र०] हे भगवन्! मनुष्यभवस्थ जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ सकायिकनी पेठे (सू० ३८.) जाणवा.

देवभवस्थ. अभवस्थ. ५४. [प्र०] हे भगवन्! देवभवस्थ जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ निरयभवस्थनी पेठे (सू० ५१.) जाणवा. अभवस्थ–भवमां नहि रहेनारा [शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ] सिद्धोनी पेठे (सू० ३०.) जाणवा.

भवसिद्धिक. ५५. [प्र०] हे भगवन्! भवसिद्धिक–भव्य जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ‖सकायिकनी पेठे (सू० ३८.) जाणवा.

---

४८. * अपर्याप्त बेइन्द्रियादिकमांना कोइकने सास्वादन सम्यग्दर्शननो संभव होवाथी बे ज्ञान अने बाकीनाने बे अज्ञान होय छे.

४९. † सम्यग्दृष्टि मनुष्यने अपर्याप्तावस्थामां तीर्थंकरादिनी पेठे अवधिज्ञाननो संभव छे तेथी त्रण ज्ञान भजनाए होय छे, पण मिथ्यादृष्टिने विभंग होतुं नथी माटे अवश्य बे अज्ञान होय छे.

‡ अपर्याप्त व्यन्तरो नारकोनी पेठे अवश्य त्रण ज्ञानवाळा, बे अज्ञानवाळा के त्रण अज्ञानवाळा जाणवा, केमके असंज्ञी थकी उत्पन्न थयेला तेने विषे अपर्याप्तावस्थाए विभंगज्ञाननो अभाव छे.

¶ ज्योतिषिक अने वैमानिकने विषे संज्ञीथी ज आवीने उत्पन्न थाय छे, माटे तेओने अपर्याप्तावस्थामां पण भवप्रत्यय अवधि के विभंगनो अवश्य सद्भाव होवाथी त्रण ज्ञान अने त्रण अज्ञान होय छे.—टीका.

५०. § नोपर्याप्त अने नोअपर्याप्त एटले पर्याप्तभाव अने अपर्याप्तभावना अभावथी सिद्ध जीवो जाणवा, केमके तेओ पर्याप्त अने अपर्याप्तनाम कर्मथी रहित छे.—टीका.

५१. $ निरयभवस्थ एटले नरकगतिने विषे उत्पत्तिस्थानने प्राप्त थयेला, अने निरयगतिक एटले नरकगतिमां जतां अंतरालगतिमां वर्तता, पण उत्पत्तिस्थानने नहि प्राप्त थयेला–एटलो तफावत छे. तेओ निरयगतिकनी पेठे त्रण ज्ञानवाळा अने बे के त्रण अज्ञानवाळा जाणवा.—टीका.

५५. ‖ भव्य जीवो सकायिकनी पेठे पांच ज्ञानवाळा के त्रण अज्ञानवाळा भजनाए होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५६. [प्र०] अभवसिद्धियाणं पुच्छा। [उ०] गोयमा! नो नाणी, अन्नाणी; तिन्नि अन्नाणाइं भयणाए।

५७. [प्र०] नोभवसिद्धिया नोअभवसिद्धिया णं भंते! जीवा० ? [उ०] जहा सिद्धा।

५८. [प्र०] सन्नीणं पुच्छा। [उ०] जहा सइंदिया। असन्नी जहा बेइंदिया। नोसन्नी नोअसन्नी जहा सिद्धा।

५९. [प्र०] कतिविहा णं भंते! लद्धी पन्नत्ता? [उ०] गोयमा! दसविहा लद्धी पण्णत्ता, तं जहा- १ नाणलद्धी, २ दंसणलद्धी, ३ चरित्तलद्धी, ४ चरित्ताचरित्तलद्धी, ५ दाणलद्धी, ६ लाभलद्धी, ७ भोगलद्धी, ८ उवभोगलद्धी, ९ वीरियलद्धी, १० इंदियलद्धी।

६०. [प्र०] णाणलद्धी णं भंते! कइविहा पण्णत्ता? [उ०] गोयमा! पंचविहा पण्णत्ता, तं जहा- आभिणिबोहियणाणलद्धी, जाव केवलणाणलद्धी।

६१. [प्र०] अन्नाणलद्धी णं भंते! कतिविहा पन्नत्ता? [उ०] गोयमा! तिविहा पन्नत्ता, तं जहा-मइअन्नाणलद्धी, सुयअन्नाणलद्धी, विभंगनाणलद्धी।

६२. [प्र०] दंसणलद्धी णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! तिविहा पन्नत्ता, तं जहा-सम्मदंसणलद्धी, मिच्छादंसणलद्धी, सम्मामिच्छादंसणलद्धी।

५६. [प्र०] हे भगवन्! अभवसिद्धिक-अभव्य जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ज्ञानी नथी पण अज्ञानी छे, अने तेओने त्रण अज्ञान भजनाए होय छे. अभवसिद्धिक.

५७. [प्र०] हे भगवन्! नोभवसिद्धिक नोअभवसिद्धिक जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ सिद्धोनी पेठे (सू० ३०.) जाणवा. नोभवसिद्धिक-नोअभवसिद्धिक.

५८. [प्र०] हे भगवन्! संज्ञिजीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ सेन्द्रियनी पेठे (सू० ३५.) जाणवा. असंज्ञिजीवो बेइन्द्रियनी पेठे (सू० २८.) जाणवा. नोसंज्ञि-नोअसंज्ञिजीवो सिद्धोनी पेठे (सू० ३०.) जाणवा. संज्ञिजीवो. असंज्ञी जीवो. नोसंज्ञी नोअसंज्ञी जीवो.

५९. [प्र०] हे भगवन्! लब्धि केटला प्रकारे कही छे? [उ०] हे गौतम! *लब्धि दश प्रकारे कही छे, ते आ प्रमाणे—१ ज्ञानलब्धि, २ दर्शनलब्धि, ३ चारित्रलब्धि, ४ चारित्राचारित्रलब्धि, ५ दानलब्धि, ६ लाभलब्धि, ७ भोगलब्धि, ८ उपभोगलब्धि, ९ वीर्यलब्धि अने १० इन्द्रियलब्धि. लब्धिना प्रकार.

६०. [प्र०] हे भगवन्! ज्ञानलब्धि केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! ज्ञानलब्धि पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे— आभिनिबोधिकज्ञानलब्धि, यावत् केवलज्ञानलब्धि. ज्ञानलब्धि.

६१. [प्र०] हे भगवन्! अज्ञानलब्धि केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! अज्ञानलब्धि त्रण प्रकारनी कही छे, ते आ प्रमाणे— मतिअज्ञानलब्धि, श्रुतअज्ञानलब्धि अने विभंगज्ञानलब्धि. अज्ञानलब्धि.

६२. [प्र०] हे भगवन्! दर्शनलब्धि केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! दर्शनलब्धि त्रण प्रकारनी कही छे, ते आ प्रमाणे—†सम्यग्दर्शनलब्धि, मिथ्यादर्शनलब्धि अने सम्यग्मिथ्यादर्शनलब्धि. दर्शनलब्धि.

---

१ णाणुल- क।

५९. * लब्धि-ते ते प्रतिबन्धक कर्मना क्षयादिकथी आत्माने ज्ञानादिगुणनो लाभ थवो, तेना दश प्रकार छे—१ तथाविध ज्ञानावरण कर्मना क्षय के क्षयोपशमथी यथासंभव पांच प्रकारना ज्ञाननो लाभ थवो ते ज्ञानलब्धि. २ सम्यक्, मिश्र के मिथ्याश्रद्धानरूप आत्मानो परिणाम ते दर्शनलब्धि. ३ चारित्रमोहनीय कर्मना क्षय, उपशम के क्षयोपशमथी थयेलो आत्मपरिणाम ते चारित्रलब्धि. ४ अप्रत्याख्यानावरण कषायना क्षयोपशमथी थयेलो देशविरतिरूप आत्मपरिणाम ते चारित्राचारित्रलब्धि. ९ अन्तराय कर्मना क्षय के क्षयोपशमथी उत्पन्न थयेली दानादि ५ लब्धिओ. अहीं भोग अने उपभोगमां एटलो विशेष छे के एकवार मात्र जेनो उपयोग थइ शके एवा आहारादिने भोग कहेवाय छे अने वारंवार जेनो उपयोग थइ शके एवा वस्त्र-भवनादि पदार्थने उपभोग कहेवाय छे. १० मतिज्ञानावरणकर्मना क्षयोपशमथी प्राप्त थयेल भावेन्द्रियोनो तथा एकेन्द्रियादि जातिनामकर्म अने पर्याप्तनामकर्मना उदयथी द्रव्येन्द्रियोनो लाभ थवो ते इन्द्रियलब्धि.—टीका.

६२. † १ मिथ्यात्वमोहनीयकर्मना उपशम, क्षय के क्षयोपशमथी थएल श्रद्धानरूप आत्मपरिणाम ते सम्यग्दर्शनलब्धि, २ अशुद्ध मिथ्यात्वपुद्गलना वेदनथी थएल विपर्यासरूप जीवपरिणाम ते मिथ्यादर्शनलब्धि, अने ३ अर्ध विशुद्ध मिथ्यात्व पुद्गलना वेदनथी उत्पन्न थएल मिश्ररुचिरूप जीवपरिणाम ते सम्यग्मिथ्यादर्शनलब्धि.

१ भ० सू०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६३. [प्र०] चरित्तलद्धी णं भंते ! कतिविहा पण्णत्ता ? [उ०] गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा– सामाइयचरित्तलद्धी, छेदोवट्ठावणियलद्धी, परिहारविसुद्धिलद्धी, सुहुमसंपरायलद्धी, अहक्खायचरित्तलद्धी ।

६४. [प्र०] चरित्ताचरित्तलद्धी णं भंते ! कतिविहा पण्णत्ता ? [उ०] गोयमा ! एगागारा पन्नत्ता, एवं जाव उवभोगलद्धी एगागारा पन्नत्ता ।

६५. [प्र०] वीरियलद्धी णं भंते ! कतिविहा पण्णत्ता ? [उ०] गोयमा ! तिविहा पन्नत्ता, तं जहा–बालवीरियलद्धी, पंडियवीरियलद्धी, बालपंडियवीरियलद्धी ।

६६. [प्र०] इंदियलद्धी णं भंते ! कतिविहा पन्नत्ता ? [उ०] गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा–सोइंदियलद्धी, जाव फासिंदियलद्धी ।

६७. [प्र०] नाणलद्धिया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! नाणी, नो अन्नाणी । अत्थेगतिया दुन्नाणी एवं पंच नाणाइं भयणाए ।

चारित्रलब्धि.

६३. [प्र०] हे भगवन् ! चारित्रलब्धि केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! चारित्रलब्धि पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे–१* सामायिकचारित्रलब्धि, २ छेदोपस्थापनीयचारित्रलब्धि, ३ परिहारविशुद्धिकचारित्रलब्धि, ४ सूक्ष्मसंपरायचारित्रलब्धि अने ५ यथाख्यातचारित्रलब्धि.

चारित्राचारित्रलब्धि.

६४. [प्र०] हे भगवन् ! †चारित्राचारित्रलब्धि केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! एक प्रकारनी कही छे, ए प्रमाणे [दान लब्धि], यावत् उपभोगलब्धि पण एक प्रकारनी कही छे.

वीर्यलब्धि.

६५. [प्र०] हे भगवन् ! वीर्यलब्धि केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! वीर्यलब्धि त्रण प्रकारनी कही छे, ते आ प्रमाणे–‡बालवीर्यलब्धि, पंडितवीर्यलब्धि अने बालपंडितवीर्यलब्धि.

इन्द्रियलब्धि.

६६. [प्र०] हे भगवन् ! इंद्रियलब्धि केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! इंद्रियलब्धि पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे– श्रोत्रेन्द्रियलब्धि यावत् स्पर्शेन्द्रियलब्धि.

ज्ञानलब्धिवाळा ज्ञानी के अज्ञानी ?

६७. [प्र०] हे भगवन् ! ज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ०] हे गौतम ! तेओ ज्ञानी छे पण अज्ञानी नथी. केटला एक बेज्ञानवाळा छे; ए प्रमाणे तेओने पांच ज्ञान भजनाए होय छे.

---

१–विसुद्धल–घ । २–संपरागल–क ।

६३. * (१) हिंसादि सावद्य योगथी विरति ते सामायिकचारित्र, तेना बे प्रकार छे–इत्वर अने यावत्कथिक. इत्वर एटले अल्पकालिन, ते इत्वर सामायिक पहेला अने छेल्ला तीर्थंकरना तीर्थने विषे प्रथम दीक्षा लेनारने होय छे. यावत्कथिक एटले यावज्जीव, ते चारित्र मध्यम बावीश तीर्थंकरना तीर्थने विषे वर्तमान साधुओने होय छे; केमके तेओ ऋजु अने प्राज्ञ होवाथी तेओने चारित्रमां दोषनो संभव नथी तेथी तेओने प्रथमथी ज यावत्कथिक सामायिकचारित्र होय छे. अहीं कोइ शंका करे के इत्वरसामायिकवाळा साधुए यावज्जीव सावद्य योगनी प्रतिज्ञा लीधेली होवाथी अने फरीथी छेदोपस्थापनीय चारित्र लेवामां पूर्वना चारित्रनो त्याग थतो होवाथी प्रतिज्ञानो भंग केम न थाय ? तेनुं उत्तर ए छे के छेदोपस्थापनीय चारित्रमां पण सावद्ययोगनो त्याग होवाथी प्रतिज्ञानो भंग थतो नथी; पण ते चारित्रनी विशेष शुद्धि थवाथी नाममात्रनो भेद थाय छे. (२) छेदोपस्थानीय–पूर्वना चारित्रपर्यायनो छेद करीने पुनः महाव्रतोने अंगीकार करवा ते, तेना बे प्रकार छे–सातिचार अने निरतिचार. इत्वरसामायिकवाळा प्रथम दीक्षितने पुनः महाव्रतोनुं आरोपण करे, अथवा बीजा तीर्थंकरना साधुओ बीजा तीर्थंकरना तीर्थमां प्रवेश करे त्यारे तेने निरतिचार चारित्र होय छे, जेम श्रीपार्श्वनाथना साधुओ महावीर स्वामीना तीर्थमां आवी पंच महाव्रत धर्मनो स्वीकार करे. महाव्रतोनो मूलथी भंग करनार साधु पुनः महाव्रतनो स्वीकार करे ते सातिचार. (३) परिहारविशुद्धिचारित्र—जेमां तपो विशेषथी आत्मानी विशुद्धि थाय ते, तेना बे प्रकार छे—निर्विशमानक अने निर्विष्टकायिक. जेम के–नव साधुनो एक गच्छ होय छे, तेमां चार तप करनारा, चार वैयावृत्त्य (सेवा) करनारा अने एक वाचनाचार्य (गुरु) होय छे. चार तप करनारा साधुओ निर्विशमानक अने चार वैयावृत्त्य करनारा अने वाचनाचार्यने निर्विष्टकायिक कहेवाय छे. तेमां निर्विशमानकोनो जघन्य तप आ प्रमाणे छे—ग्रीष्म ऋतुमां जघन्य एक उपवास, मध्यम बे उपवास, अने उत्कृष्ट त्रण उपवास, शिशिर ऋतुमां जघन्य बे उपवास, मध्यम त्रण उपवास अने उत्कृष्ट चार उपवास, अने वर्षाऋतुमां जघन्य त्रण उपवास, मध्यम चार उपवास अने उत्कृष्ट पांच उपवास अने पारणे आयंबील करवानुं होय छे. कल्पस्थितो (चार वैयावृत्त्य करनारा अने एक वाचनाचार्य) प्रति दिवस आयंबील करे छे. आ प्रमाणे छ मास सुधी तप कर्या पछी तप करनारा वैयावृत्त्य करे छे अने वैयावृत्त्य करनारा छ मास पर्यन्त तप करे छे. त्यारपछी वाचनार्य पण ए प्रमाणे छ मास सुधी तप करे छे अने तेमांथी एक गुरु थाय छे, बाकीना सर्व साधुओ तेनुं वैयावृत्त्य करे छे. ए प्रमाणे अढार मासनो कल्प पूरो थया पछी तेओ गच्छमां आवे छे के जिन कल्पनो स्वीकार करे छे. परिहारविशुद्धि चारित्रने ग्रहण करवानी इच्छावाळा तीर्थंकर के केवलज्ञानी पासे ते चारित्रने ग्रहण करी शके छे, अथवा जेणे तीर्थंकर के केवलज्ञानीनी पासे पूर्वे चारित्र ग्रहण कर्युं होय एवा साधुनी पासे पण ग्रहण करे छे. (४) सूक्ष्मसंपराय—ज्यां मात्र सूक्ष्म–स्वल्प, संपराय–कषाय, लोभांशनो उदय छे ते सूक्ष्मसंपराय. तेना बे प्रकार छे–विशुध्यमानक अने संक्लिश्यमानक. तेमां विशुध्यमानकचारित्र क्षपकश्रेणी अने उपशमश्रेणिए चडनारने होय छे, अने संक्लिश्यमानक उपशमश्रेणीथी पडनारने होय छे. (५) यथाख्यात–सर्वथा कषायोदयनो अभाव जे चारित्रने विषे होय ते यथाख्यात. तेना बे प्रकार छे. उपशमक–कषायोनो उपशम करनार अने क्षपक—कषायोनो क्षय करनार.—टीका.

६४. † चारित्राचारित्रलब्धि एटले देशविरतिलब्धि, अहीं मूलगुण, उत्तरगुण अने तेना भेदोनी विवक्षा कर्या शिवाय बीजा अप्रत्याख्यानावरणकषायना क्षयोपशमजन्य परिणाममात्रनी विवक्षा करेली होवाथी आ लब्धि एक प्रकारे कही छे—टीका.

६५. ‡ १ जेथी बाल–संयमरहित अज्ञानी–नी असंयम–अज्ञानपूर्वक कष्टानुष्ठानमां प्रवृत्ति थाय ते बालवीर्यलब्धि; ते चारित्रमोहना उदयथी अने वीर्यान्तरायना क्षयोपशमथी प्रकट थाय छे. २ जेमां संयमने विषे प्रवृत्ति थाय ते पंडितवीर्यलब्धि, अने जेथी देशविरतिमां प्रवृत्ति थाय ते बालपंडितवीर्यलब्धि.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६८. [प्र०] तस्स अलद्धीया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! नो नाणी, अन्नाणी । अत्थेगतिया दुअन्नाणी, तिन्नि अन्नाणाइं भयणाए ।

६९. [प्र०] आभिणिबोहियणाणलद्धीया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! नाणी, नो अन्नाणी । अत्थेगतिया दुन्नाणी, चत्तारि नाणाइं भयणाए ।

७०. [प्र०] तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ? [उ०] गोयमा ! नाणी वि अन्नाणी वि । जे नाणी ते नियमा एगनाणी—केवलनाणी । जे अन्नाणी ते अत्थेगतिया दुअन्नाणी, तिन्नि अन्नाणाइं भयणाए । एवं सुयनाणलद्धीया वि। तस्स अलद्धीया वि जहा आभिणिबोहियनाणस्स अलद्धीया ।

७१. [प्र०] ओहिनाणलद्धीयाणं पुच्छा । [उ०] गोयमा ! नाणी, नो अन्नाणी । अत्थेगतिया तिन्नाणी, अत्थेगतिया चउनाणी । जे तिन्नाणी ते आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी । जे चउनाणी ते आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी, मणपज्जवनाणी ।

७२. [प्र०] तस्स अलद्धियाणं पुच्छा । [उ०] गोयमा ! नाणी वि अन्नाणी वि । एवं ओहिनाणवज्जाइं चत्तारि नाणाइं तिन्नि अन्नाणाइं भयणाए ।

७३. [प्र०] मणपज्जवनाणलद्धियाणं पुच्छा । [उ०] गोयमा ! णाणी, णो अन्नाणी । अत्थेगतिया तिन्नाणी, अत्थेगतिया चउनाणी । जे तिन्नाणी ते आभिणिबोहियनाणी, सुयणाणी, मणपज्जवनाणी । जे चउनाणी ते आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी, मणपज्जवनाणी ।

७४. [प्र०] तस्स अलद्धीयाणं पुच्छा । [उ०] गोयमा ! णाणी वि, अन्नाणी वि; मणपज्जवनाणवज्जाइं चत्तारि णाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए ।

७५. [प्र०] केवलणाणलद्धिया णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! नाणी, नो अन्नाणी । नियमा एगणाणी—केवलणाणी ।

६८. [प्र०] हे भगवन् ! ज्ञानलब्धिरहित जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी नथी पण अज्ञानी छे. केटला एक बेअज्ञानवाळा छे, अने तेओने त्रण अज्ञान भजनाए होय छे. ज्ञानलब्धिरहित.

६९. [प्र०] हे भगवन् ! आभिनिबोधिकज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी होय छे, पण अज्ञानी नथी. केटलाएक बेज्ञानवाळा छे, तेओने चार ज्ञान भजनाए होय छे. [ एटले केटलाएक त्रणज्ञानवाळा अने केटलाएक चारज्ञानवाळा होय छे. ] आभिनिबोधिकज्ञानलब्धि.

७०. [प्र०] हे भगवन् ! आभिनिबोधिकज्ञानलब्धिरहित जीवो ज्ञानी छे के अज्ञानी ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी पण छे अने अज्ञानी पण छे. जेओ ज्ञानी छे तेओ अवश्य एक केवलज्ञानी छे; जेओ अज्ञानी छे तेमां केटलाक बेअज्ञानवाळा छे अने केटलाक त्रण अज्ञानवाळा छे; एटले तेओने भजनाए त्रण अज्ञान होय छे. ए प्रमाणे *श्रुतज्ञानलब्धिवाळा पण जाणवा. श्रुतज्ञानलब्धिरहित जीवो आभिनिबोधिकलब्धिरहित जीवोनी पेठे जाणवा. आभिनिबोधिकलब्धिरहित.

७१. [प्र०] हे भगवन् ! अवधिज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी छे, पण अज्ञानी नथी. तेओमां केटलाक त्रणज्ञानवाळा छे अने केटलाक चारज्ञानवाळा छे; जेओ त्रणज्ञानवाळा छे तेओ आभिनिबोधिकज्ञान, श्रुतज्ञान अने अवधिज्ञानवाळा छे. जेओ चारज्ञानवाळा छे तेओ आभिनिबोधिकज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान अने मनःपर्यवज्ञानवाळा छे. अवधिज्ञानलब्धिक जीवो.

७२. [प्र०] हे भगवन् ! अवधिज्ञानलब्धिरहित जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी पण छे अने अज्ञानी पण छे, ए प्रमाणे तेओने अवधिज्ञान शिवाय चार ज्ञान अने त्रण अज्ञान भजनाए होय छे. अवधिज्ञानलब्धिरहित.

७३. [प्र०] हे भगवन् ! मनःपर्यवज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी छे, पण अज्ञानी नथी; तेमां केटलाक त्रणज्ञानवाळा छे अने केटलाक चारज्ञानवाळा छे. जे त्रण ज्ञानवाळा छे तेओ आभिनिबोधिकज्ञानी, श्रुतज्ञानी अने मनःपर्यवज्ञानी छे, अने जेओ चार ज्ञानवाळा छे तेओ आभिनिबोधिकज्ञानी, श्रुतज्ञानी, अवधिज्ञानी अने मनःपर्यवज्ञानी छे. मनःपर्यवज्ञानलब्धिक.

७४. [प्र०] मनःपर्यवज्ञानलब्धिरहित जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी पण छे अने अज्ञानी पण छे, तेओने मनःपर्यवज्ञान शिवाय चार ज्ञान अने त्रण अज्ञान भजनाए छे. मनःपर्यवज्ञानलब्धिरहित.

७५. [प्र०] हे भगवन् ! केवलज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे ? [उ० ] हे गौतम ! तेओ ज्ञानी छे पण अज्ञानी नथी. तेओ अवश्य एककेवलज्ञानवाळा छे. केवलज्ञानलब्धिक.

---

७०. * आभिनिबोधिकलब्धिवाळानी पेठे ( सू० ६९ ) श्रुतज्ञानलब्धिवाळा जाणवा, एटले तेओ ज्ञानी ज होय छे, अने तेओने चार ज्ञान भजनाए होय छे. श्रुतज्ञानलब्धिरहित जीवो आभिनिबोधिकलब्धिरहित जीवोनी पेठे ( सू० ७० ) जाणवा, एटले तेओ ज्ञानी अथवा अज्ञानी होय छे, जो ज्ञानी होय तो तेने मात्र एक केवलज्ञान होय छे अने अज्ञानी होय तो त्रण अज्ञान भजनाए होय छे. परन्तु ग-घ-ङ प्रतिमा "तस्स अलद्धिया जहा आभिणिबोहियनाणस्स लद्धिया" एवो पाठ छे, ( श्रुतज्ञानलब्धिरहित जीवो आभिनिबोधिकलब्धिवाळानी पेठे जाणवा ) पण ए पाठ अर्थनी दृष्टिथी संगत लागतो नथी. क प्रतिमां आ पाठ नथी, मात्र ख प्रतिमां 'अलद्धिया' ए पाठ छे, अने ते अर्थनी साथे संगत लागतो होवाथी ते पाठ कायम राखी तेने अनुसारे अनुवाद करेलो छे—संशोधक.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७६. [प्र०] तस्स अलद्धियाणं पुच्छा। [उ०] गोयमा! नाणी वि, अन्नाणी वि। केवलनाणवज्जाइं चत्तारि णाणाइं तिन्नि अन्नाणाइं भयणाए।

७७. [प्र०] अन्नाणलद्धियाणं पुच्छा। [उ०] गोयमा! नो नाणी, अन्नाणी। तिन्नि अन्नाणाइं भयणाए।

७८. [प्र०] तस्स अलद्धियाणं पुच्छा। [उ०] गोयमा! नाणी, नो अन्नाणी। पंच नाणाइं भयणाए, जहा अन्नाणस्स लद्धिया अलद्धिया य भणिया एवं मइअन्नाणस्स सुयअन्नाणस्स य लद्धिया अलद्धिया य भाणियव्वा। विभंगनाणलद्धीयाणं तिन्नि अन्नाणाइं नियमा। तस्स अलद्धीयाणं पंच नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा।

७९. [प्र०] दंसणलद्धिया णं भंते! जीवा किं नाणी अन्नाणी? [उ०] गोयमा! नाणी वि, अन्नाणी वि; पंच नाणाइं तिन्नि अन्नाणाइं भयणाए।

८०. [प्र०] तस्स अलद्धीया णं भंते! जीवा किं नाणी, अन्नाणी? [उ०] गोयमा! तस्स अलद्धिया नत्थि। सम्मा-[1]दंसणलद्धियाणं पंच नाणाइं भयणाए। तस्स अलद्धियाणं तिन्नि अन्नाणाइं भयणाए।

८१. [प्र०] मिच्छादंसणलद्धीया णं भंते! पुच्छा। [उ०] तिन्नि अन्नाणाइं भयणाए। तस्स अलद्धीयाणं पंच नाणाइं, तिन्नि य अन्नाणाइं भयणाए। सम्मामिच्छादंसणलद्धिया, अलद्धिया य जहा मिच्छादंसणलद्धीया[2] अलद्धीया तहेव भाणियव्वं।

८२. [प्र०] चरित्तलद्धिया णं भंते! जीवा किं नाणी, अन्नाणी? [उ०] गोयमा! पंच नाणाइं भयणाए। तस्स अलद्धीयाणं मणपज्जवनाणवज्जाइं चत्तारि नाणाइं, तिन्नि य अन्नाणाइं भयणाए।

केवळज्ञानलब्धिरहित.

७६. [प्र०] केवळज्ञानलब्धिरहित जीवो ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ज्ञानी पण छे अने अज्ञानी पण छे. तेओने केवळज्ञान शिवाय चार ज्ञान अने त्रण अज्ञान भजनाए होय छे.

अज्ञानलब्धिक.

७७. [प्र०] हे भगवन्! अज्ञानलब्धिवाळा जीवो शुं ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम! तेओ ज्ञानी नथी, पण अज्ञानी छे. तेओने त्रण अज्ञान भजनाए होय छे.

अज्ञानलब्धिरहित. मत्यज्ञान अने श्रुताज्ञान लब्धिरहित. विभंगज्ञानलब्धिक अने विभंगज्ञानलब्धिरहित.

४१. [प्र०] हे भगवन् ! भवनवासिदेवप्रवेशनक, वानव्यंतरदेवप्रवेशनक, ज्योतिष्कदेवप्रवेशनक अने वैमानिकदेवप्रवेशनकमां कयुं प्रवेशनक कया प्रवेशनकथी यावद् विशेषाधिक छे ? [उ०] हे गांगेय ! वैमानिकदेवप्रवेशनक सौथी अल्प छे, तेना करतां असंख्येयगुण भवनवासिदेवप्रवेशनक छे, तेथी असंख्येयगुण वानव्यंतरदेवप्रवेशनक छे, अने तेनाथी ज्योतिष्कदेवप्रवेशनक संख्यातगुण छे.

सर्व प्रवेशनकनुं अल्पबहुत्व.

४२. [प्र०] हे भगवन् ! नैरयिकप्रवेशनक, तिर्यंचयोनिकप्रवेशनक, मनुष्यप्रवेशनक अने देवप्रवेशनकमां कयुं प्रवेशनक कया प्रवेशनकथी यावद् विशेषाधिक छे ? [उ०] हे गांगेय ! सौथी अल्प मनुष्यप्रवेशनक छे, तेथी नैरयिकप्रवेशनक असंख्यात गुण छे, तेना करतां असंख्यातगुण देवप्रवेशनक छे अने तेनाथी असंख्यातगुण तिर्यंचयोनिकप्रवेशनक छे.

## उत्पाद अने उद्वर्तना.

नैरयिकोनी सान्तर अने निरन्तर उत्पाद अने उद्वर्तना.

४३. [प्र०] हे भगवन् ! नैरयिको सान्तर ( अन्तरसहित ) उत्पन्न थाय छे के निरंतर ( अन्तररहित ) उत्पन्न थाय छे ? असुरकुमारो सान्तर उत्पन्न थाय छे के निरन्तर उत्पन्न थाय छे ? यावत् वैमानिक देवो सान्तर उत्पन्न थाय छे के निरन्तर उत्पन्न थाय छे ? नैरयिको सान्तर उद्वर्ते छे-नीकळे छे के निरन्तर उद्वर्ते छे ? यावत् वानव्यंतरो सांतर उद्वर्ते छे के निरन्तर उद्वर्ते छे ? ज्योतिष्को सान्तर च्यवे छे के निरन्तर च्यवे छे ? अने वैमानिको सान्तर च्यवे छे के निरन्तर च्यवे छे ? [उ०] हे गांगेय ! नैरयिको सान्तर उत्पन्न थाय छे अने निरन्तर पण उत्पन्न थाय छे. यावत् स्तनितकुमारो सान्तर अने निरन्तर उत्पन्न थाय छे. पृथिवीकायिको सान्तर उत्पन्न थता नथी पण निरन्तर उत्पन्न थाय छे. ए प्रमाणे यावत् वनस्पतिकायिको पण निरन्तर उत्पन्न थाय छे. तथा बाकीना बधा जीवो नैरयिकोनी पेठे सान्तर

१ सांतरं सर्वत्र क । २ उववट्टंति सर्वत्र घ, क्वचित् कः 'उव्वट्टंति' कपुस्तके बहुशः पाठः समुपलभ्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पि वेमाणिया उववज्जंति; संतरं पि नेरइया उव्वट्टंति निरंतरं पि नेरइया उव्वट्टंति, एवं जाव थणियकुमारा। नो संतरं पुढविकाइया उव्वट्टंति निरंतरं पुढविकाइया उव्वट्टंति, एवं जाव वणस्सइकाइया, सेसा जहा नेरइया, नवरं जोइसिय–वेमाणिया चयंति अभिलावो, जाव संतरं पि वेमाणिया चयंति निरंतरं पि वेमाणिया चयंति।

४४. [प्र०] संतो भंते! णेरइया उववज्जंति, असतो भंते! नेरइया उववज्जंति? [उ०] गंगेया! सतो नेरइया उववज्जंति, नो असतो नेरइया उववज्जंति; एवं जाव वेमाणिया।

४५. [प्र०] सतो भंते! नेरइया उव्वट्टंति, असतो नेरइया उव्वट्टंति? [उ०] गंगेया! सतो नेरइया उव्वट्टंति, नो असतो नेरइया उव्वट्टंति; एवं जाव वेमाणिया, नवरं जोइसिय–वेमाणिएसु चयंति भाणियव्वं।

४६. [प्र०] सओ भंते! नेरइया उववज्जंति, असतो भंते नेरइया उववज्जंति; सतो असुरकुमारा उववज्जंति, जाव सतो वेमाणिया उववज्जंति, असतो वेमाणिया उववज्जंति; सतो नेरतिया उव्वट्टंति, असतो नेरइया उव्वट्टंति; सतो असुरकुमारा उव्वट्टंति, जाव सतो वेमाणिया चयंति, असतो वेमाणिया चयंति? [उ०] गंगेया! सतो नेरइया उववज्जंति, नो असओ नेरइया उववज्जंति; सओ असुरकुमारा उववज्जंति, नो असतो असुरकुमारा उववज्जंति; जाव सओ वेमाणिया उववज्जंति, नो असतो वेमाणिआ उववज्जंति; सतो नेरतिया उव्वट्टंति, नो असतो नेरतिया उव्वट्टंति; जाव सतो वेमाणिया चयंति, नो असतो वेमाणिया चयंति। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चति–सतो नेरतिया उववज्जंति, नो असतो नेरइया उववज्जंति; जाव सओ वेमाणिया चयंति, नो असओ वेमाणिया चयंति? [उ०] से णूणं गंगेया! पासेणं अरहया पुरिसादाणीएणं सासए लोए वुइए अणादीए अणवयग्गे, जहा पंचमसए, जाव 'जे लोकइ से लोए', से तेणट्ठेणं गंगेया! एवं वुच्चइ–जाव सतो वेमाणिया चयंति, नो असतो वेमाणिया चयंति।

४७. [प्र०] सयं भंते! एवं जाणह, उदाहु असयं, असोच्चा एते एवं जाणह, उदाहु सोच्चा; 'सतो नेरइया उववज्जंति, नो असतो नेरइया उववज्जंति; जाव सओ वेमाणिया चयंति नो असओ वेमाणिया चयंति'? [उ०] गंगेया! सयं एते एवं

अने निरन्तर उत्पन्न थाय छे. यावद् वैमानिको पण सान्तर अने निरन्तर उत्पन्न थाय छे. नैरयिको सान्तर अने निरन्तर उद्वर्ते छे. ए प्रमाणे यावद् स्तनितकुमारो जाणवा. पृथिवीकायिको सान्तर उद्वर्तता नथी पण निरन्तर उद्वर्ते छे. ए प्रमाणे यावद् वनस्पतिकायिको पण जाणवा. बाकीना बधा जीवो नैरयिकोनी पेठे सान्तर अने निरन्तर उद्वर्ते छे. पण विशेष ए छे के 'ज्योतिषिको अने वैमानिको च्यवे छे' एम पाठ कहेवो. ए प्रमाणे यावद् वैमानिको सान्तर अने निरन्तर च्यवे छे.

४४. [प्र०] हे भगवन्! सद्–विद्यमान नैरयिको उत्पन्न थाय छे के असद्–अविद्यमान नैरयिको उत्पन्न थाय छे? [उ०] हे गांगेय! सद्–विद्यमान नैरयिको उत्पन्न थाय छे, पण असद् नैरयिको उत्पन्न थता नथी. ए प्रमाणे यावद् वैमानिक पर्यन्त जाणवुं. *विद्यमान नैरयिको उत्पन्न थाय छे के अविद्यमान?*

४५. [प्र०] हे भगवन्! विद्यमान नैरयिको उद्वर्ते छे के अविद्यमान नैरयिको उद्वर्ते छे? [उ०] हे गांगेय! विद्यमान नैरयिको उद्वर्ते छे पण अविद्यमान नैरयिको उद्वर्तता नथी. ए प्रमाणे यावद् वैमानिको सुधी जाणवुं. विशेष ए छे के ज्योतिष्क अने वैमानिकोमां 'च्यवे छे' एवो पाठ कहेवो. *सद् नैरयिको उद्वर्ते छे के असद्?*

४६. [प्र०] हे भगवन्! सद् नैरयिको उत्पन्न थाय छे के असद् नैरयिको उत्पन्न थाय छे? सद् असुरकुमारो उत्पन्न थाय छे के असद् असुरकुमारो उत्पन्न थाय छे? ए प्रमाणे यावत् सद् वैमानिको उत्पन्न थाय छे के असद् वैमानिको उत्पन्न थाय छे? सद् नैरयिको उद्वर्ते छे के असद् नैरयिको उद्वर्ते छे? सद् असुरकुमारो उद्वर्ते छे के असद् असुरकुमारो उद्वर्ते छे? ए प्रमाणे यावत् सद् वैमानिको च्यवे छे के असद् वैमानिको च्यवे छे? [उ०] हे गांगेय! सद् नैरयिको उत्पन्न थाय छे पण असद् नैरयिको उत्पन्न थता नथी. सद् असुरकुमारो उत्पन्न थाय छे पण असद् असुरकुमारो उत्पन्न थता नथी. ए प्रमाणे यावद् सद् वैमानिको उत्पन्न थाय छे पण असद् वैमानिको उत्पन्न थता नथी. सद् नैरयिको उद्वर्ते छे पण असद् नैरयिको उद्वर्तता नथी. यावद् सद् वैमानिको च्यवे छे पण असद् वैमानिको च्यवता नथी. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के सद् नैरयिको उत्पन्न थाय छे पण असद् नैरयिको उत्पन्न थता नथी. ए प्रमाणे यावद् सद् वैमानिको च्यवे छे पण असद् वैमानिको च्यवता नथी? हे भगवन्! शुं ते निश्चित छे? [उ०] हे गांगेय! खरेखर पुरुषादानीय अर्हत् श्रीपार्श्वनाथे "लोकने शाश्वत, अनादि अने अनन्त कह्यो छे–" इत्यादि *पांचमा शतकमां कह्या प्रमाणे जाणवुं. यावत् जे अवलोकी शकाय–जाणी शकाय ते लोक, ते हेतुथी हे गांगेय! एम कह्युं छे के, सद् वैमानिको च्यवे छे पण असद् वैमानिको च्यवता नथी. *सद् नैरयिकादिना उत्पाद अने उद्वर्तना संबन्धे प्रश्न.* *सद् नैरयिकादिना उत्पाद अने उद्वर्तनानो हेतु.*

४७. [प्र०] हे भगवन्! आप स्वयं आ प्रमाणे जाणो छो, के अस्वयं जाणो छो? सांभळ्या शिवाय ए प्रमाणे जाणो छो अथवा सांभळीने जाणो छो के 'सद् नैरयिको उत्पन्न थाय छे पण असद् नैरयिको उत्पन्न थता नथी, यावत् सद् *आप स्वयं जाणो छो के अस्वयं जाणो छो?*

---

१ संतो क-घ, ...ओ ङ। २ भणाइए ङ।

४६ * भग० खं. २ श. ५ उ. ९ पृ. २४९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाणामि, नो असयं; असोच्चा एते एवं जाणामि, नो सोच्चा 'सतो नेरइया उववज्जंति, नो असओ नेरइया उववज्जंति; जाव सतो वेमाणिया चयंति, नो असतो वेमाणिया चयंति'। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चति–तं चेव, जाव 'नो असतो वेमाणिया चयंति'? [उ०] गंगेया! केवली णं पुरत्थिमेणं मियं पि जाणइ, अमियं पि जाणइ; दाहिणेणं एवं जहा सद्दुद्देसए, जाव निव्वुडे नाणे केवलिस्स; से तेणट्ठेणं गंगेया! एवं वुच्चइ 'तं चेव जाव नो असतो वेमाणिया चयंति'।

४८. [प्र०] सयं भंते! नेरइया नेरइएसु उववज्जंति, असयं नेरइया नेरइएसु उववज्जंति? [उ०] गंगेया! सयं नेरइया नेरइएसु उववज्जंति, नो असयं नेरइया नेरइएसु उववज्जंति [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–जाव उववज्जंति? [उ०] गंगेया! कम्मोदएणं, कम्मगुरुयत्ताए, कम्मभारियत्ताए, कम्मगुरुसंभारियत्ताए; असुभाणं कम्माणं उदएणं, असुभाणं कम्माणं विवागेणं, असुभाणं कम्माणं फलविवागेणं सयं नेरइया नेरइएसु उववज्जंति, नो असयं नेरइया नेरइएसु उववज्जंति; से तेणट्ठेणं गंगेया! जाव उववज्जंति।

४९. [प्र०] सयं भंते! असुरकुमारा० पुच्छा। [उ०] गंगेया! सयं असुरकुमारा जाव उववज्जंति, नो असयं असुरकुमारा जाव उववज्जंति। [प्र०] से केणट्ठेणं तं चेव जाव उववज्जंति? [उ०] गंगेया! कम्मोदएणं, कम्मोवसमेणं, कम्मविगतीए, कम्मविसोहीए, कम्मविसुद्धीए; सुभाणं कम्माणं उदएणं, सुभाणं कम्माणं विवागेणं, सुभाणं कम्माणं फलविवागेणं सयं असुरकुमारा असुरकुमारत्ताए उववज्जंति, नो असयं असुरकुमारा जाव उववज्जंति; से तेणट्ठेणं जाव उववज्जंति, एवं जाव थणियकुमारा।

५०. [प्र०] सयं भंते! पुढविक्काइया० पुच्छा। [उ०] गंगेया! सयं पुढविक्काइया जाव उववज्जंति, नो असयं पुढविक्काइया जाव उववज्जंति। [प्र०] से केणट्ठेणं जाव उववज्जंति? [उ०] गंगेया! कम्मोदएणं, कम्मगुरुयत्ताए, कम्मभारियत्ताए, कम्मगुरुसंभारियत्ताए सुभा–सुभाणं कम्माणं उदएणं, सुभा–सुभाणं कम्माणं विवागेणं, सुभा–सुभाणं कम्माणं फल-

वैमानिको च्यवे छे, पण असद् वैमानिको च्यवता नथी'? [उ०] हे गांगेय! हुं ए बधुं स्वयं जाणुं छुं, पण अस्वयं (बीजानी सहायथी) जाणतो नथी. वळी सांभळ्या विना आ प्रमाणे जाणुं छुं, पण सांभळीने जाणतो नथी के 'सद् नैरयिको उत्पन्न थाय छे, पण असद् नैरयिको उत्पन्न थता नथी, यावत् सद् वैमानिको च्यवे छे, पण असद् वैमानिको च्यवता नथी.' [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के, 'हुं स्वयं जाणुं छुं–इत्यादि पूर्वोक्त यावत् असद् वैमानिको च्यवता नथी'? [उ०] हे गांगेय! केवलज्ञानी पूर्वमां मित (मर्यादित) पण जाणे, अने अमित (अमर्यादित) पण जाणे, तथा दक्षिणमां पण ए प्रमाणे जाणे. ए प्रमाणे जेम *शब्द उद्देशकमां कह्युं छे तेम जाणवुं, यावत् 'केवलिनुं ज्ञान निरावरण होय छे,' माटे हे गांगेय! ते हेतुथी एम कहुं छुं के 'हुं स्वयं जाणुं छुं–इत्यादि यावद् असद् वैमानिको च्यवता नथी.'

नैरयिको स्वयं उपजे छे के अस्वयं उपजे छे?

४८. [प्र०] हे भगवन्! नैरयिको नैरयिकमां स्वयं उत्पन्न थाय छे के अस्वयं उत्पन्न थाय छे.? [उ०] हे गांगेय! नैरयिको नैरयिकमां स्वयं उत्पन्न थाय छे, पण अस्वयं उत्पन्न थता नथी. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के 'स्वयं यावद् उत्पन्न थाय छे'? [उ०] हे गांगेय! कर्मना उदयथी, कर्मना गुरुपणाथी, कर्मना भारेपणाथी, कर्मना अत्यन्त भारेपणाथी, अशुभ कर्मोना उदयथी, अशुभ कर्मोना विपाकथी अने अशुभ कर्मोना फल–विपाकथी नैरयिको नैरयिकोमां स्वयं उत्पन्न थाय छे, पण नैरयिको नैरयिकोमां अस्वयं उत्पन्न थता नथी; ते हेतुथी हे गांगेय! एम कहेवाय छे के यावत् 'तेओ स्वयं उत्पन्न थाय छे.'

असुरकुमारो.

४९. [प्र०] हे भगवन्! असुरकुमारो स्वयं [असुरकुमारपणे उत्पन्न थाय छे?] इत्यादि प्रश्न. [उ०] हे गांगेय! असुरकुमारो स्वयं उत्पन्न थाय छे, पण अस्वयं उत्पन्न थता नथी. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के तेओ 'स्वयं यावद् उत्पन्न थाय छे'? [उ०] हे गांगेय! कर्मना उदयथी, [अशुभ] कर्मना उपशमथी, अशुभ कर्मना अभावथी, कर्मनी विशोधिथी, कर्मनी विशुद्धिथी, शुभ कर्मोना उदयथी, शुभ कर्मोना विपाकथी अने शुभ कर्मोना फल–विपाकथी असुरकुमारो असुरकुमारपणे स्वयं उत्पन्न थाय छे, पण असुरकुमारो असुरकुमारपणे अस्वयं उत्पन्न थता नथी. माटे हे गांगेय! ते हेतुथी एम कहेवाय छे के, यावत् 'उत्पन्न थाय छे.' ए प्रमाणे यावत् स्तनितकुमारो सुधी जाणवुं.

पृथिवीकायिको.

५०. [प्र०] हे भगवन्! पृथिवीकायिको स्वयं उत्पन्न थाय छे?–इत्यादि प्रश्न. [उ०] हे गांगेय! पृथिवीकायिको स्वयं उत्पन्न थाय छे पण अस्वयं उत्पन्न थता नथी. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के 'पृथिवीकायिको स्वयं उत्पन्न थाय छे'? [उ०] हे गांगेय! कर्मना उदयथी, कर्मना गुरुपणाथी, कर्मना भारथी, कर्मना अत्यन्त भारथी, शुभ अने अशुभ कर्मोना उदयथी, शुभ अने अशुभ

१-पुरच्छिमेणं घ-ङ। २ सगडुद्दे-क-ग-घ-ङ।

४७ * भग० २ श. ६ उ. ४ पृ. १७०.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विवागेणं सयं पुढविक्काइया जाव उववज्जंति, नो असयं पुढविक्काइया जाव उववज्जंति, से तेणट्ठेणं जाव उववज्जंति। एवं जाव मणुस्सा। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा। से तेणट्ठेणं गंगेया! एवं वुच्चति-सयं वेमाणिया जाव उववज्जंति, नो असयं जाव उववज्जंति।

५१. तप्पभिंतिं च णं से गंगेये अणगारे समणं भगवं महावीरं पच्चभिजाणइ सव्वण्णुं, सव्वदरिसिं। तए णं से गंगेये अणगारे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिण-पयाहिणं करेइ, २ करेत्ता वंदइ नमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी—इच्छामि णं भंते! तुब्भं अंतियं चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं, एवं जहा कालासवेसियपुत्तो तहेव भाणियव्वं, जाव सव्वदुक्खप्पहीणे। सेवं भंते!, सेवं भंते! त्ति।

## नवमसए गंगेयो बत्तीसइमो उद्देसो समत्तो।

कर्मोना विपाकथी, अने शुभाशुभ कर्मोना फलविपाकथी पृथिवीकायिको स्वयं उत्पन्न थाय छे, पण यावद् अस्वयं उत्पन्न थता नथी. माटे हे गांगेय! ते हेतुथी एम कहुं छुं के—यावत् 'पृथिवीकायिको स्वयं उत्पन्न थाय छे.' ए प्रमाणे यावत् मनुष्यो सुधी जाणवुं. जेम असुरकुमारोने कह्युं तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिको संबन्धे कहेवुं. माटे हे गांगेय! ते हेतुथी एम कहुं छुं के—यावत् 'वैमानिको स्वयं उत्पन्न थाय छे, पण अस्वयं उत्पन्न थता नथी.'

५१. त्यार पछी श्रीगांगेय अनगार श्रमण भगवान् महावीरने सर्वज्ञ अने सर्वदर्शी जाणे छे. त्यारबाद ते गांगेय अनगार श्रमण भगवंत महावीरने त्रण वार आदक्षिणा प्रदक्षिणा करे छे, करीने वांदे छे, नमे छे; वांदीने, नमीने तेणे एम कह्युं के—हे भगवन्! तमारी पासे चार महाव्रत धर्मथी पांच महाव्रतधर्मने ग्रहण करवा इच्छुं छुं. ए प्रमाणे बधुं *कालासवेसिक पुत्रनी पेठे यावत् ते 'सर्वदुःखथी मुक्त थया' त्यां सुधी कहेवुं. हे भगवन्! ते ए प्रमाणे छे, हे भगवन्! ते ए प्रमाणे छे.

गांगेय भगवान् महावीरने सर्वज्ञ माने छे, अने दीक्षा ग्रहण करी निर्वाण पामे छे.

## नवम शतके बत्रीशमो गांगेय उद्देशक समाप्त.

५१. * भग० खं. १ श. १ उ. ९ पृ. २०७.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तेत्तीसइमो उद्देसो.

१. [प्र०] तेणं कालेणं, तेणं समएणं [1]माहणकुंडग्गामे नयरे होत्था। वन्नओ। बहुसालए चेतिए। वन्नओ। तत्थ णं माहणकुंडग्गामे नयरे उसभदत्ते नामं माहणे परिवसइ; अड्ढे, दित्ते, वित्ते, जाव अपरिभूए; रिउव्वेद-जजुव्वेद-सामवेद-अथव्वणवेद- जहा खंदओ, जाव अन्नेसु य बहुसु बंभन्नएसु सुपरिनिट्ठिए समणोवासए [2]अभिगयजीवाऽजीवे, उवलद्धपुण्ण-पावे, जाव अप्पाणं भावेमाणे विहरइ। तस्स णं उसभदत्तस्स माहणस्स देवाणंदा नामं माहणी होत्था, सुकुमालपाणि-पाया, जाव पियदंसणा, सुरूवा समणोवासिया अभिगयजीवा-जीवा, उवलद्धपुन्न-पावा जाव विहरइ। तेणं कालेणं, तेणं समएणं सामी समोसढे। परिसा जाव पज्जुवासति। [3]तए णं से उसभदत्ते माहणे इमीसे कहाए उवलद्धट्ठे समाणे हट्ठ- जाव [4]हियए, जेणेव देवाणंदा माहणी तेणेव उवागच्छति, उवागच्छित्ता देवाणंदं माहणिं एवं वयासी-एवं खलु देवाणुप्पिए! समणे भगवं महावीरे आदिगरे, जाव सव्वण्णू, सव्वदरिसी, आगासगएणं चक्केणं जाव सुहंसुहेणं विहरमाणे बहुसालए चेइए अहापडिरूवं जाव विहरति। तं [5]महाफलं खलु देवाणुप्पिए! [6]तहारूवाणं [7]अरहंताणं भगवंताणं नामगोयस्स वि सवणयाए, किमंग पुण अभिगमण-वंदण-नमंसण-पडिपुच्छण-पज्जुवासणयाए, एगस्स वि आयरियस्स धम्मियस्स सुवयणस्स सवणयाए, किमंग पुण विउलस्स अट्ठस्स गहणयाए; तं गच्छामो णं देवाणुप्पिए! समणं भगवं महावीरं वंदामो नमंसामो, जाव पज्जुवासामो; [8]एयं णं इहभवे य, परभवे य हियाए सुहाए खमाए निस्सेयाए आणुगामियत्ताए भविस्सइ। तए णं सा देवाणंदा माहणी उसभ-

## तेत्रीशमो उद्देशक.

ब्राह्मणकुंडग्राम. १. ते काले, ते समये ब्राह्मणकुंडग्राम नामे नगर हतुं. वर्णन. बहुशालक नामे चैत्य हतुं. वर्णन. ते ब्राह्मणकुंडग्राम नामे नगरमां
ऋषभदत्त. ऋषभदत्त नामे ब्राह्मण रहेतो हतो. ते आढ्य-धनिक, तेजस्वी, प्रसिद्ध अने यावत् अपरिभूत-कोइथी पराभव न पामे तेवो हतो. वळी ते ऋग्वेद, यजुर्वेद, सामवेद अने अथर्वणवेदमां निपुण अने *स्कंदक तापसनी पेठे यावत् ब्राह्मणोना बीजा घणा नयोमां कुशल हतो. ते श्रमणोनो उपासक, जीवाजीव तत्त्वने जाणनार, पुण्य-पापने ओळखनार अने यावत् आत्माने भावित करतो विहरतो हतो. ते ऋषभदत्त
देवानंदा. ब्राह्मणने देवानंदा नामे ब्राह्मणी स्त्री हती. तेना हाथ पग सुकुमाल हता, यावत् तेनुं दर्शन प्रिय हतुं अने तेनुं रूप सुन्दर हतुं. वळी श्रमणोनी उपासिका [ देवानंदा ] जीवाजीव अने पुण्यपापने जाणती विहरती हती. ते काले, ते समये महावीरस्वामी समोसर्या. पर्षत् यावत्
महावीरस्वामी समोसर्या. पर्युपासना करे छे. त्यार पछी ते ऋषभदत्त ब्राह्मण श्रमण भगवान् महावीरना आगमननी आ वात जाणीने खुश थयो, यावत् उल्लसित हृदयवाळो थयो, अने ज्यां देवानंदा ब्राह्मणी हती त्यां आव्यो. त्यां आवीने तेणे देवानंदा ब्राह्मणीने आ प्रमाणे कह्युं के-'हे देवानुप्रिये! ए प्रमाणे अहीं तीर्थनी आदि करनार यावत् सर्वज्ञ अने सर्वदर्शी श्रमण भगवान् महावीर आकाशमां रहेला चक्रवडे यावत् सुखपूर्वक विहार
बहुशालक चैत्य. करता बहुशालक नामे चैत्यमां योग्य अवग्रहने ग्रहण करीने यावत् विहरे छे. हे देवानुप्रिये! यावत् तेवा प्रकारना अर्हत् भगवंतना नाम-गोत्रना पण श्रवणथी मोटुं फल प्राप्त थाय छे, तो वळी तेओना अभिगमन ( सामा जवुं ), वंदन, नमन, प्रतिप्रच्छन अने पर्युपासन करवाथी फल थाय तेमां शुं कहेवुं? तथा एक पण आर्य अने धार्मिक सुवचनना श्रवणथी मोटुं फल थाय छे, तो वळी विपुल अर्थने ग्रहण करवावडे महाफल थाय तेमां शुं कहेवुं? माटे हे देवानुप्रिये! आपणे जइए अने श्रमण भगवंत महावीरने वन्दन-नमन करीए, यावत् तेमनी पर्युपासना करीए. ए आपणने आ भवमां तथा परभवमां हित, सुख, संगतता, निःश्रेयस अने शुभ अनुबंधने माटे थशे. ज्यारे ते

---

१ -ग्गामे णामं न- ङ। २ अहिग- क। ३ तते णं क। ४ हिदए क। ५ महप्फलं क। ६ जाव तहा- ग-घ। ७ अरिहं-ग-घ। ८ एयं णे इ- क, एयं णो इ- ङ।

१. * भग. खं. १ श. २ उ. १ पृ. २३१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दत्तेणं माहणेणं एवं वुत्ता समाणी हट्ठ– जाव हि[1]दया, करयल– जाव कट्टु उसभदत्तस्स माहणस्स एयमट्ठं विणएणं पडिसुणेइ ।

२. तए णं से उसभदत्ते माहणे कोडुंबियपुरिसे सद्दावेइ, कोडुंबियपुरिसे सं[2]द्दावेत्ता एवं [3]वयासी–खिप्पामेव भो देवाणुप्पिया ! लहुकरणजुत्त–जोइय–समखुरवालिहाण–समलिहियसिंगेहिं, जंबूणयामयकलावजुत्त–प[4]ंतिविसिट्ठेहिं, रययामयघंटा–सुत्तरज्जुयपवरकंचणनत्थपग्गहोग्गहियएहिं, नीलुप्पलकयामेलएहिं, पवरगोणजुवाणएहिं णाणामणि–रयणघंटियाजालपरिगयं, सुजायजुग–जोत्तरज्जुयजुग–पसत्थसुविरचियनिमियं, पवरलक्खणोववेयं धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेह, उवट्ठवेत्ता मम एतमाणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा उसभदत्तेणं माहणेणं एवं वुत्ता समाणा हट्ठ– जाव हियया, क[5]रयल– एवं सामी त[6]हत्ताणाए विणएणं वयणं जाव पडिसुणेत्ता खिप्पामेव लहुकरणजुत्त– जाव धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेत्ता जाव तमाणत्तियं पच्चप्पिणंति ।

३. तए णं से उसभदत्ते माहणे ण्हाए, जाव अप्पमहग्घाभरणालंकियसरीरे सा[7]तो गिहातो पडिणिक्खमति, प[8]डिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव धम्मिए जाणप्पवरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मियं जाणप्पवरं दुरूढे । तए णं सा देवाणंदा माहणी अंतो अंतेउरंसि ण्हाता; कयबलिकम्मा, कयकोउय–मंगल–पायच्छित्ता, कि[9]ंच वर-पादपत्तणेउर–मणिमेहला–हा[10]ररचित–उचियकडग–खु[11]ड्डाग–एकावली–कंठसुत्त–उरत्थगेवेज्ज–सोणिसुत्तग–नाणामणि–रयण-भूसणविराइयंगी, चीणंसुयवत्थपवरपरिहिया, दुगुलसुकुमालउत्तरिज्जा, सव्वोतुयसुरभिकुसुमवरियसिरया, वरचंदणवंदिता, वराभरणभूसितंगी, का[12]लागरुधूवधूविया, सिरिसमाणवेसा, जाव अप्पमहग्घाभरणालंकियसरीरा, बहूहिं खुज्जाहिं, चिलाति-

ऋषभदत्त ब्राह्मणे देवानंदा ब्राह्मणीने ए प्रमाणे कह्युं त्यारे ते खुश थइ, अने यावत् उल्लसितहृदयवाळी थईने पोताना करतलने यावत् मस्तके अंजलिरूपे करी ऋषभदत्त ब्राह्मणना ए कथनने विनयपूर्वक स्वीकारे छे.

२. त्यारबाद ते ऋषभदत्त ब्राह्मण पोताना कौटुंबिक पुरुषोने बोलावे छे, बोलावीने तेओने तेणे आ प्रमाणे कह्युं के—हे देवानुप्रियो ! जलदी चालवावाळा, प्रशस्त अने सदृशरूपवाळा, समान खरी अने पुच्छवाळा, समान उगेला शिंगडावाळा, सोनाना कलाप–आभरणोथी युक्त, चालवामां उत्तम, रूपानी घंटडीओथी युक्त, सुवर्णमय सुतरनी नाथवडे बांधेला, नील कमळना शिरपेचवाळा बे उत्तम जुवान बळदोथी युक्त; अनेक प्रकारनी मणिमय घंटडीओना समूहथी व्याप्त, उत्तम काष्ठमय धोंसरु अने जोतरनी बे दोरीओ उत्तम रीते जेमां गोठवेली छे एवा; प्रवरलक्षणयुक्त, धार्मिक, श्रेष्ठ यान–रथने तैयार करी हाजर करो अने आ मारी आज्ञा पाछी आपो'. ज्यारे ते ऋषभदत्त ब्राह्मणे ते कौटुंबिक पुरुषोने एम कह्युं त्यारे तेओए खुश थइ यावद् आनंदितहृदयवाळा थइ, मस्तके करतलने जोडी एम कह्युं के—'हे स्वामिन् ! ए प्रमाणे आपनी आज्ञा मान्य छे'. एम कही विनयपूर्वक वचनने स्वीकारी जलदी चालवावाळा बे बळदोथी जोडेला, यावत् धार्मिक अने प्रवर यानने ( रथने ) शीघ्र हाजर करीने यावत् आज्ञाने पाछी आपे छे.

३. त्यारबाद ते ऋषभदत्त ब्राह्मण स्नान करी यावत् अल्प अने महामूल्यवाळां आभरणोथी पोताना शरीरने अलंकृत करी पोताना घरथी बहार निकळे छे. बहार निकळीने जे ठेकाणे बहारनी उपस्थान शाळा छे, अने ज्यां धार्मिक यानप्रवर छे त्यां आवीने ते रथ उपर चढे छे. त्यारबाद ते देवानंदा ब्राह्मणी अंदर अंतःपुरमां स्नान करी, बलिकर्म—पूजा करी, कौतुक–( मषीतिलक ) मंगल अने प्रायश्चित्त करी, पगमां पहेरेला सुंदर नूपुर, मणिनो कंदोरो, हार, पहेरेलां उचित कडां, वींटीओ, विचित्रमणिमय एकावली ( एकसरवाळा ) हार, कंठसूत्र, छातीमां रहेला ग्रैवेयक ( लांबा हार ), कटीसूत्र, अने विचित्रमणि तथा रत्नोना आभूषणथी शरीरने सुशोभित करी, उत्तम चीनांशुक वस्त्रने पहेरी, उपर सुकुमाल रेशमी वस्त्रने ओढी, बधी ऋतुना सुगंधी पुष्पोथी पोताना केशने गुंथी, कपाळमा चंदन लगावी, उत्तम आभूषणथी शरीरने शणगारी, कालागरुना धूपवडे सुगंधित थइ, लक्ष्मीसमानवेशवाळी, यावत् अल्प अने बहुमूल्यवाळां आभरणोथी शरीरने अलंकृत करी, घणी कुब्ज दासीओ, चिलातदेशनी दासीओ, यावत् अनेक देश विदेशथी आवीने एकठी थयेली, पोताना देशना पहेरवेश जेवा वेशने धारण करनारी, इंगितवडे–आकृतिवडे–चिन्तित अने इष्ट अर्थने जाणनारी, कुशल अने विनयवाळी दासीओना परिवारसहित, तेमज पोताना देशनी दासीओ, खोजाओ, वृद्ध कंचुकिओ अने मान्य पुरुषोना वृन्द साथे ते देवानंदा पोताना अंतःपुरथी निकळे छे. निकळीने ज्यां बहारनी उपस्थान शाळा छे अने ज्यां धार्मिक यान प्रवर ( श्रेष्ठ रथ ) उभो छे त्यां आवे छे. आवीने यावत् ते धार्मिक उत्तम रथ उपर चढे छे. त्यारबाद ते ऋषभदत्त ब्राह्मण देवानंदा ब्राह्मणीनी साथे धार्मिक अने श्रेष्ठ यान ( रथ ) उपर चढीने पोताना परिवारनी साथे ब्राह्मणकुंडग्राम नामे नगरना मध्यभागमांथी निकळे छे. निकळीने जे स्थळे बहुशालक चैत्य छे त्यां आवे छे. त्यां

१ हियया ग–घ–ङ । २ सद्दावियत्ता ग–घ । ३ वदासि क । ४ परिवि ग–घ–ङ । ५–यल–जाव ङ । ६ तहत्ति आणा–ग–घ । ७ सयाओ ङ । ८ –क्खमइत्ता ङ । ९ किंते क, किंचि ग । १० हारविराइय–ग । ११ खड्डुय–ए– क, खड्डुग ङ । १२–गुरुधूव– ग–घ ।

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

याहिं, णाणादेस-विदेसपरिपिंडियाहिं, सदेसनेवत्थगहियवेसाहिं, इंगित-चिंतित-पत्थियवियाणियाहिं, कुसलाहिं, विणीयाहिं, चेडियाचक्कवाल-वरिसधर-थेरकंचुइज्ज-महत्तरगवंदपरिक्खित्ता अंतेउराओ निग्गच्छति, निग्गच्छित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव धम्मिए जाणप्पवरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता जाव धम्मियं जाणप्पवरं दुरूढा। तए णं से उसभदत्ते माहणे देवाणंदाए माहणीए सद्धिं धम्मियं जाणप्पवरं दुरूढे समाणे णियगपरियालसंपरिवुडे माहणकुंडग्गामं नगरं मज्झंमज्झेणं निग्गच्छइ; निग्गच्छित्ता जेणेव बहुसालए चेइए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता छत्तादीए तित्थकरातिसए पासइ, पासित्ता धम्मियं जाणप्पवरं ठवेइ, ठवित्ता धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ, पच्चोरुहित्ता समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं अभिगच्छति; तं जहा-सच्चित्ताणं दव्वाणं विउसरणयाए, एवं जहा वितियसए, जाव तिविहाए पज्जुवासणयाए पज्जुवासति। तए णं सा देवाणंदा माहणी धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहति, ध० २ पच्चोरुहित्ता बहूहिं खुज्जाहिं, जाव महत्तरगवंदपरिक्खित्ता समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं अभिगच्छइ, तं जहा-सचित्ताणं दव्वाणं विउसरणयाए, अचित्ताणं दव्वाणं अविमोयणयाए, विणयोणयाए गायलट्ठीए, चक्खुप्फासे अंजलिपग्गहेणं, मणस्स एगत्तीभावकरणेणं; जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिण-पयाहिणं करेइ, करित्ता वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता उसभदत्तं माहणं पुरओ कट्टु ट्ठिया चेव सपरिवारा सुस्सूसमाणी, णमंसमाणी अभिमुहा विणएणं पंजलिउडा जाव पज्जुवासइ।

४. तए णं सा देवाणंदा माहणी आगयपण्हाया, पप्फुयलोयणा, संवरियवलयबाहा, कंचुयपरिक्खित्तिया धाराहयकलंबगं पिव समूसवियरोमकूवा समणं भगवं महावीरं अणिमिसाए दिट्ठीए देहमाणी देहमाणी चिट्ठति।

५. [प्र०] भंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदति, णमंसति, वंदित्ता, णमंसित्ता एवं वयासी-किं णं भंते! एसा देवाणंदा माहणी आगयपण्हया, तं चेव जाव रोमकूवा देवाणुप्पियं अणिमिसाए दिट्ठीए देहमाणी २ चिट्ठति? [उ०] गोयमादि! समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी-एवं खलु गोयमा! देवाणंदा माहणी ममं अम्मगा, अहं णं देवाणंदाए माहणीए अत्तए; तए णं सा देवाणंदा माहणी तेणं पुव्वपुत्तसिणेहरागेणं आगयपण्हया, जाव समूसवियरोमकूवा ममं अणिमिसाए दिट्ठीए देहमाणी २ चिट्ठइ। तए णं समणे भगवं महावीरे उसभदत्तस्स माहणस्स देवाणंदाए माहणीए तीसे य महतिमहालियाए इसिपरिसाए जाव परिसा पडिगया।

आवी तीर्थंकरना छत्रादिक अतिशयोने जुए छे; जोईने धार्मिक श्रेष्ठ रथने उभो राखे छे. उभो राखी तेना उपरथी नीचे उतरे छे. उतरीने श्रमण भगवंत महावीरनी पासे पांच प्रकारना अभिगमवडे जाय छे. ते आ प्रमाणे-'सचित्त द्रव्योनो त्याग करवो'-इत्यादि *बीजा शतकमां कह्या प्रमाणे यावत् त्रण प्रकारनी उपासनावडे उपासे छे. ते देवानंदा ब्राह्मणी पण धार्मिक यानप्रवरथी नीचे उतरे छे, उतरीने घणी कुब्जदासीओना यावत् मान्य पुरुषना समूहथी परिवृत थईने श्रमण भगवंत महावीरनी पासे पांच प्रकारना अभिगमवडे जाय छे. ते आ प्रमाणे—१ सचित्त द्रव्यनो (फलादिनो) त्याग करवो. २ अचित्त द्रव्यनो (आभरणादिनो) त्याग नहि करवो, ३ विनयथी शरीरने अवनत करवुं, ४ भगवंतने चक्षुथी जोतां अंजलि करवी. अने ५ मननी एकाग्रता करवी. ए पांच अभिगम वडे ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे. त्यां आवीने श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करे छे. करीने वांदे छे, नमे छे. वांदी अने नमी ऋषभदत्त ब्राह्मणने आगळ करी पोताना परिवारसहित उभी रहीने शुश्रूषा करती, नमती अभिमुख रहीने विनयवडे हाथ जोडी यावत् उपासना करे छे,

४. त्यारबाद ते देवानंदा ब्राह्मणीने पानो चढ्यो-तेना स्तनमांथी दूधनी धारा छूटी, तेना लोचनो आनंदाश्रुथी भिनां थयां, तेनी हर्षथी एकदम फुलती भुजाओने तेना कडाओए रोकी, [हर्षथी शरीर प्रफुल्लित थतां] तेनो कंचुक विस्तीर्ण थयो, मेघनी धाराथी विकसित थयेला कदंबपुष्पनी पेठे तेना रोमकूप उभां थया, अने ते श्रमण भगवंत महावीरने अनिमिष दृष्टिथी जोती जोती उभी रही.

देवानंदाना स्तनमांथी दूधनी धार केम छूटी?

५. [प्र०] त्यारे 'भगवन्'! एम कही भगवान् गौतम श्रमण भगवंत महावीरने वांदे छे, नमे छे. वांदीने-नमीने तेणे आ प्रमाणे कह्युं-हे भगवन्! आ देवानंदा ब्राह्मणीने पानो केम चढ्यो, अर्थात् तेना स्तनमांथी दूधनी धारा केम वछूटी इत्यादि पूर्वे कह्या प्रमाणे यावत् तेने रोमांच केम थयो? अने देवानुप्रिय तरफ अनिमिष नजरे जोती जोती केम उभी छे? [उ०] 'हे गौतम!' एम कही श्रमण भगवान् महावीरे भगवंत गौतमने आ प्रमाणे कह्युं-हे गौतम! ए प्रमाणे खरेखर आ देवानंदा ब्राह्मणी मारी माता छे, हुं देवानंदा ब्राह्मणीनो पुत्र छुं. माटे ते देवानंदा ब्राह्मणीने पूर्वना पुत्रस्नेहानुरागथी पानो चढ्यो, अने तेना रोमकूप उभा थया, अने मारी सामुं अनिमिष नजरथी जोती उभी छे. त्यारबाद श्रमण भगवान् महावीरे ऋषभदत्त ब्राह्मण, देवानंदा ब्राह्मणी अने अत्यंत मोटी ऋषि पर्षदने धर्म कह्यो. यावत् पर्षद पाछी गई.

पुत्रना स्नेहथी दूधनी धार छूटी.

---

१ देसीहिं ग-घ। २-याहि य चे- ग-घ। ३ छत्तातीए क। ४ -रुभइ क। ५-मुही क। ६ कलंबपुप्फगं पिव ङ। ७ -णुप्पिए कविनाऽन्यत्र। ८ वदासि क। ९ -पण्हुया क।

३. * भग. खं. १ श. २ उ, ५ पृ. २७९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. तए णं से उसभदत्ते माहणे समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठ-तुट्ठे उट्ठाए उट्ठेइ, २ उट्ठेत्ता समणं भगवं महावीरं तिक्खुत्तो जाव नमंसित्ता एवं वदासी–एवमेयं भंते !, तहमेयं भंते ! जहा खंदओ, जाव से जहेयं तुब्भे वदह त्ति कट्टु उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमति, अवक्कमित्ता सयमेव आभरण–मल्ला–ऽलंकारं ओमुयइ, सय–२ ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेति, २ करित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, २ उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं, जाव नमंसित्ता एवं वयासी–आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते ! लोए, आलित्तपलित्ते णं भंते ! लोए जराए मरणेण य, एवं एएणं [1]कमेणं जहा खंदओ तहेव पव्वइओ, जाव सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, जाव बहूहिं चउत्थ-छट्ठ-ट्ठम-दसम– जाव विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणइ, २ पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसेति, २ झूसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेति, २ छेदित्ता जस्सट्ठाए कीरति नग्गभावो जाव तमट्ठं आराहेइ, २ आराहेत्ता जाव सव्वदुक्खप्पहीणे ।

७. तए णं सा देवाणंदा माहणी समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म [3]हट्ठा तुट्ठा समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिण–पयाहिणं, जाव नमंसित्ता एवं वयासी–एवमेयं भंते, तहमेयं भंते ! एवं जहा उसभदत्तो तहेव जाव धम्मं आइक्खियं । तए णं समणे भगवं महावीरे देवाणंदं माहणिं सयमेव पव्वावेति, सयमेव पव्वावित्ता सयमेव अज्ज-चंदणाए अज्जाए सीसिणित्ताए दलयइ । तए णं सा अज्जचंदणा अज्जादेवाणंदामाहणिं सयमेव पव्वावेति, सयमेव मुंडावेति, सयमेव सेहावेति । एवं जहेव उसभदत्तो तहेव अज्जचंदणाए अज्जाए इमं एयारूवं धम्मियं च उवदेसं संमं संपडिवज्जइ, तमाणाए तहा गच्छइ, जाव संजमेणं संजमति । तए णं सा देवाणंदा अज्जा अज्जचंदणाए अज्जाए अंतियं सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, सेसं तं चेव, जाव सव्वदुक्खप्पहीणा ।

८. तस्स णं माहणकुंडग्गामस्स नगरस्स पच्चत्थिमेणं एत्थ णं खत्तियकुंडग्गामे नामं नयरे होत्था । वन्नओ । तत्थ णं खत्तियकुंडग्गामे नयरे जमाली नामं खत्तियकुमारे परिवसइ, अड्ढे, दित्ते, जाव अपरिभूते, उप्पिं पासायवरगए फुट्टमाणेहिं

६. त्यारपछी ते ऋषभदत्त ब्राह्मण श्रमण भगवंत महावीरनी पासे धर्मने सांभळी, हृदयमां धारण करी खुश थयो, तुष्ट थयो, अने तेणे उभा थइने श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी, यावत् नमस्कार करी आ प्रमाणे कह्युं–'हे भगवन् ! ते ए प्रमाणे छे, हे भगवन् ! ते ए प्रमाणे छे.'–इत्यादि *स्कंदक तापसना प्रकरणमां कह्या प्रमाणे यावत् 'जे तमे कहो छो ते एमज छे' एम कही ते [ऋषभदत्त ब्राह्मण] ईशान दिशा तरफ जाय छे, त्यां जइने पोतानी मेळे आभरण, माला अने अलंकारने उतारे छे, उतारीने पोतानी मेळे पंचमुष्टिक लोच करे छे. लोच करीने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे, आवीने श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करी यावत् नमी तेणे आ प्रमाणे कह्युं के–'हे भगवन् ! जरा अने मरणथी आ लोक चोतरफ प्रज्वलित थयेलो छे, हे भगवन् ! आ लोक अत्यन्त प्रज्वलित थयेलो छे, हे भगवन् ! लोक चोतरफ अने अत्यन्त प्रज्वलित थयेलो छे.–ए प्रमाणे ए क्रमथी †स्कंदकतापसनी पेठे तेणे प्रव्रज्या लीधी, यावत् सामायिकादि अगीयार अंगोनुं अध्ययन करे छे, यावद् घणा उपवास, छठ, अट्ठम अने दशम यावद् विचित्र तपकर्म वडे आत्माने भावित करतो ते घणा वरस सुधी साधुपणाना पर्यायने पाळे छे. पाळीने मासिकी संलेखनावडे आत्माने वासित करीने साठ भक्तोने अनशन करवावडे व्यतीत करीने जेने माटे नग्नभाव–निर्ग्रन्थपणानो स्वीकार कर्यो हतो, यावत् ते निर्वाणरूप अर्थने आराधे छे, ते अर्थने आराधी त्यार बाद यावत् सर्वदुःखथी मुक्त थाय छे.

ऋषभदत्ते प्रव्रज्या लीधी.

७. हवे ते देवानंदा ब्राह्मणी श्रमण भगवंत महावीरनी पासे धर्मने सांभळी, हृदयमां अवधारी आनन्दित अने संतुष्ट थइ, अने श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करी यावत् नमस्कार करी आ प्रमाणे बोली–'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे,'–ए प्रमाणे ऋषभदत्तनी जेम यावत् तेणे भगवंत कथित धर्म कह्यो. त्यारबाद श्रमण भगवान् महावीर पोते देवानंदा ब्राह्मणीने दीक्षा आपे छे, दीक्षा आपीने पोते आर्यचंदना नामे आर्याने शिष्यापणे सोंपे छे. त्यारबाद ते आर्यचंदना आर्या पोतेज ते देवानंदा ब्राह्मणीने दीक्षा आपे छे, स्वयमेव मुंडे छे, स्वयमेव शिक्षा आपे छे. ए प्रमाणे देवानंदा ऋषभदत्त ब्राह्मणनी पेठे आर्यचंदनाना आ आवा प्रकारना धार्मिक उपदेशने सम्यक् प्रकारे स्वीकार करे छे, अने तेनी आज्ञा प्रमाणे वर्ते छे, यावत् संयमवडे प्रवर्ते छे. त्यारपछी देवानंदा आर्या आर्यचंदना आर्यानी पासे सामायिकादि अगीयार अंगोनुं अध्ययन करे छे. बाकीनुं पूर्व प्रमाणे जाणवुं, यावत् ते [ देवानंदा ] सर्वदुःखथी मुक्त थाय छे.

देवानंदानी प्रव्रज्या.

८. हवे ते ब्राह्मणकुंडग्राम नगरनी पश्चिम दिशाए ए स्थळे क्षत्रियकुंडग्राम नामे नगर हतुं. वर्णन. ते क्षत्रियकुंडग्राम नामे नगरमां जमालि नामनो क्षत्रियकुमार रहेतो हतो. ते आढ्य––धनिक, तेजस्वी अने यावद् जेनो पराभव न थइ शके एवो ( समर्थ ) हतो. ते पोताना

क्षत्रियकुंडग्राम. जमालिनुं वर्णन.

---

१ कमेणं इमं ज– ग–घ । २ –हेत्ता तएण से ग–घ । ३ हट्ठ–तुट्ठा ग–घ । ४ –णंदं मा– ग–घ । ५ तहं घ–ङ । ६ पच्च-च्छिमेणं ङ ।

६. * भग. खं. १ श. २ उ. १ पृ. २३८. † भग. खं. १ श. २ उ. २ पृ. २३९–२४२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुइंगमत्थएहिं वत्तीसतिवद्धेहिं णाडएहिं णाणाविहवरतरुणीसंपउत्तेहिं उवनच्चिज्जमाणे उवनच्चिज्जमाणे, उवगिज्जमाणे उवगिज्जमाणे, उवलालिज्जमाणे उवलालिज्जमाणे, पाउस–वासारत्त–सरद–हेमंत–वसंत–गिम्हपज्जंते छप्पि उऊ जहाविभवेणं माणमाणे, कालं गालेमाणे, इट्ठे सद्द–फरिस–रस–रूव–गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणे विहरति। तए णं खत्तियकुंडग्गामे नयरे सिंघाडग–तिक–चउक्क–चच्चर– जाव बहुजणसद्दे इ वा जहा उववाइए जाव एवं पन्नवेइ, एवं परूवेइ, एवं खलु देवाणुप्पिया! समणे भगवं महावीरे आदिगरे, जाव सव्वण्णू सव्वदरिसी माहणकुंडग्गामस्स नगरस्स बहिया बहुसालए चेइए अहापडिरूवं जाव विहरति। तं महप्फलं खलु देवाणुप्पिया! तहारूवाणं [1]अरहंताणं भगवंताणं जहा उववाइए, जाव एगाभिमुहे खत्तियकुंडग्गामं नयरं मज्झंमज्झेणं [2]निग्गच्छति, निग्गच्छित्ता जेणेव माहणकुंडग्गामे नयरे जेणेव बहुसालए चेइए, एवं जहा उववाइए, जाव तिविहाए पज्जुवासणयाए [3]पज्जुवासति। तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स तं महयाजणसद्दं वा जाव जणसन्निवायं वा सुणमाणस्स वा पासमाणस्स वा अयं एयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था– "किं णं अज्ज खत्तियकुंडग्गामे नयरे इंदमहे इ वा, खंदमहे इ वा, मुगुंदमहे इ वा, णागमहे इ वा, जक्खमहे इ वा, भूयमहे इ वा, कूवमहे इ वा, तडागमहे इ वा, नईमहे इ वा, दहमहे इ वा, पव्वयमहे इ वा, रुक्खमहे इ वा, चेइयमहे इ वा, [4]थूभमहे इ वा, जं णं एए बहवे उग्गा, भोगा, राइन्ना, इक्खागा, णाता, कोरव्वा, खत्तिया, खत्तियपुत्ता, भडा, भडपुत्ता, जहा उववाइए, जाव [5]सत्थवाहप्पभितयो ण्हाया, कयबलिकम्मा जहा उववाइए, जाव निग्गच्छंति" एवं संपेहेइ, एवं संपेहित्ता कंचुइज्जपुरिसं सद्दावेति, कं० २ सद्दावित्ता एवं वदासी–किं णं देवाणुप्पिया! अज्ज खत्तियकुंडग्गामे नयरे इंदमहे इ वा, जाव निग्गच्छंति। तए णं से कंचुइज्जपुरिसे [6]जमालिणा खत्तियकुमारेणं एवं वुत्ते समाणे हट्ठ–तुट्ठे समणस्स भगवओ महावीरस्स [7]आगमणगहियविणिच्छए करयल– जमालिं खत्तियकुमारं जएणं विजएणं वद्धावेइ, वद्धावित्ता एवं वयासी–णो खलु देवाणुप्पिया! अज्ज खत्तियकुंडग्गामे नयरे इंदमहे इ वा, जाव [8]निग्गच्छंति; एवं खलु देवाणुप्पिया! अज्ज समणे भगवं महावीरे जाव सव्वण्णू,

उत्तम प्रासाद उपर जेमां मृदंगो वागे छे एवा, अने अनेक प्रकारनी सुंदर युवतिओवडे भजवाता बत्रीश प्रकारना नाटकोवडे (नृत्यने अनुसारे) हस्तपादादि अवयवोने नचावतो २, स्तुति करातो २, अत्यन्त खुश करातो २ प्रावृष्, वर्षा, शरद, हेमंत, वसंत, अने ग्रीष्म पर्यन्त ए छए ऋतुओमां पोताना वैभव प्रमाणे सुखनो अनुभव करतो २, समयने गाळतो, मनुष्यसंबन्धी पांच प्रकारना इष्ट शब्द, स्पर्श, रस, रूप अने गन्धरूप कामभोगोने अनुभवतो विहरे छे. त्यारबाद क्षत्रियकुंडग्राम नामना नगरमां शृंगाटक, त्रिक, चतुष्क अने चत्वरमां यावत् घणा माणसोनो कोलाहल थतो हतो–इत्यादि *औपपातिक सूत्रमां कह्या प्रमाणे कहेवुं; यावत् घणां माणसो परस्पर ए प्रमाणे जणावे छे, यावत् ए प्रमाणे प्ररूपे छे के–हे देवानुप्रियो! ए प्रमाणे खरेखर तीर्थनी आदिना करनारा, यावत् सर्वज्ञ अने सर्वदर्शी श्रमण भगवान् महावीर आ ब्राह्मणकुंडग्राम नामे नगरनी बहार बहुशाल नामना चैत्यमां यथायोग्य अवग्रहने ग्रहण करी यावत् विहरे छे, तो हे देवानुप्रियो! तेवा प्रकारना अर्हत् भगवंतना नामगोत्रना श्रवणमात्रथी पण मोटुं फल थाय छे'—इत्यादि *औपपातिक सूत्रने अनुसारे वर्णन करवुं. यावत् ते जनसमूह एक दिशा तरफ जाय छे, अने क्षत्रियकुंडग्राम नामे नगरना मध्यभागमांथी बहार निकळे छे, निकळीने ज्यां ब्राह्मणकुंडग्राम नामे नगर छे, अने ज्यां बहुशालक चैत्य छे त्यां आवे छे. ए प्रमाणे बधुं †औपपातिक सूत्रने अनुसारे कहेवुं, यावत् त्रण प्रकारनी पर्युपासना करे छे. त्यार पछी ते घणा मनुष्यना शब्दने यावत् जनना कोलाहलने सांभळीने अने अवधारीने क्षत्रियकुमार जमालिना मनमां आवा प्रकारनो आ विचार यावत् उत्पन्न थयो–'शुं आजे क्षत्रियकुंडग्राम नगरमां इन्द्रनो उत्सव छे, स्कन्दनो उत्सव छे, वासुदेवनो उत्सव छे, नागनो उत्सव छे, यक्षनो उत्सव छे, भूतनो उत्सव छे, कूवानो उत्सव छे, तळावनो उत्सव छे, नदीनो उत्सव छे, द्रहनो उत्सव छे, पर्वतनो उत्सव छे, वृक्षनो उत्सव छे, चैत्यनो उत्सव छे या स्तूपनो उत्सव छे, के जेथी ए बधा उग्रकुलना, भोगकुलना, राजन्यकुलना, इक्ष्वाकुकुलना, ज्ञातकुलना अने कुरुवंशना क्षत्रियो, क्षत्रियपुत्रो, भटो, अने भटपुत्रो, इत्यादि ‡औपपातिकसूत्रने अनुसारे कहेवुं, यावत् सार्थवाह प्रमुख स्नान करी, बलिकर्म (पूजा) करी इत्यादि ¶औपपातिकसूत्रमां वर्णन कर्या प्रमाणे यावत् बहार निकळे छे!' एम विचार करे छे. विचार करीने जमालि कंचुकिने बोलावे छे, बोलावीने तेने आ प्रमाणे कह्युं–'हे देवानुप्रिय! शुं आजे क्षत्रियकुंडग्राम नामना नगरमां इन्द्रनो उत्सव छे के यावत् आ बधा नगर बहार निकळे छे? ज्यारे ते जमालि नामना क्षत्रियकुमारे ते कंचुकि पुरुषने ए प्रमाणे कह्युं त्यारे ते हर्षित अने संतुष्ट थयो, अने ते श्रमण भगवान् महावीरना आगमननो निश्चय करीने हाथ जोडी जमालि नामे क्षत्रियकुमारने जय अने विजय वडे वधावे छे. वधावीने तेणे आ प्रमाणे कह्युं–'हे देवानुप्रिय! आजे क्षत्रियकुंडग्राम नामे नगरमां इन्द्रनो उत्सव छे–इत्यादि तेथी यावत् बधा नीकळे छे, एम नथी, पण हे देवानुप्रिय! ए प्रमाणे श्रमण भगवान् महावीर यावत् सर्वज्ञ, सर्वदर्शी

१ अरिहंताणं ग। २ निग्गच्छइ ङ। ३ पज्जुवासइ ङ। ४ थूवम– क– ङ। ५ –प्पभिए ग–घ। ६ –णामेणं ख– ङ। ७ –विणिच्छिए घ। ८ –गच्छति क–ङ।

८. * औपपातिक. प. ५७–१. † औपपातिक प. ५७–२. ‡ औपपातिक. प. ५९–२. ¶ औपपातिक. प. ५८–१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मेयं भंते!, तहमेयं भंते!, अवितहमेयं भंते!, असंदिद्धमेयं भंते!, जाव से जहेयं तुब्भे वदह, जं नवरं देवाणुप्पिया! अम्मापियरो आपुच्छामि, तए णं अहं देवाणुप्पियाणं अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वयामि। अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं।

११. तए णं से जमाली खत्तियकुमारे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठे समणं भगवं महावीरं तिक्खुत्तो जाव नमंसित्ता तामेव चाउग्घंटं आसरहं दुरूहेइ, दुरूहित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ बहुसालाओ चेइयाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता सकोरंट० जाव धरिज्जमाणे णं महयाभडचडगर- जाव परिक्खित्ते, जेणेव खत्तियकुंडग्गामे नयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता खत्तियकुंडग्गामं नयरं मज्झंमज्झेणं, जेणेव सए गेहे, जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता तुरए निगिण्हइ, निगिण्हित्ता रहं ठवेइ, ठवित्ता रहाओ पच्चोरुहइ, रहाओ पच्चोरुहित्ता जेणेव अब्भितरिया उवट्ठाणसाला, जेणेव अम्मा-पियरो तेणेव उवागच्छइ, उवागच्छित्ता अम्मा-पियरो जएणं विजएणं वद्धावेइ, जएणं २ वद्धावित्ता एवं वयासी-एवं खलु अम्म-ताओ! मए समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मे निसंते, से वि य मे धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए। तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा-पियरो एवं वयासी-धन्ने सि णं तुमं जाया! कयत्थे सि णं तुमं जाया!, कयपुन्ने सि णं तुमं जाया!, कयलक्खणे सि णं तुमं जाया! जं णं तुमे समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मे निसंते, से वि य धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए।

१२. तए णं से जमालिखत्तियकुमारे अम्मा-पियरो दोच्चं पि एवं वयासी-एवं खलु मए अम्म-तातो! समणस्स भगवओ महावीरस्स [3]अंतिए धम्मे [4]निसंते, जाव [5]अभिरुइए। तए णं अहं अम्म-ताओ! संसारभउव्विग्गे, भीते [6]जम्म-जरा-मरणेणं, तं इच्छामि णं अम्म-ताओ! तुब्भेहिं अब्भणुन्नाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता [7]अगाराओ अणगारियं पव्वइत्तए।

प्रवचन उपर रुचि करुं छुं, अने हे भगवन्! निर्ग्रंथना प्रवचनानुसारे वर्तवाने तैयार थयो छुं. वळी हे भगवन्! जे तमे उपदेशो छो ते निर्ग्रन्थ प्रवचन एम ज छे, हे भगवन्! तेमज छे. हे भगवन्! सत्य छे, हे भगवन्! असंदिग्ध (निश्चित) छे, परन्तु हे देवानुप्रिय! मारा माता पितानी रजा मागीने हुं आप देवानुप्रियनी पासे मुंड-दीक्षित थइ गृहवासनो त्याग करी अनगारिकपणाने स्वीकारवा इच्छुं छुं.' हे देवानुप्रिय! जेम सुख उपजे तेम करो, प्रतिबंध न करो.'

११. ज्यारे श्रमण भगवंत महावीरे जमालिने ए प्रमाणे कह्युं त्यारे ते प्रसन्न अने संतुष्ट थइ श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करी यावत् नमस्कार करीने चारघंटावाळा अश्वरथ उपर चढे छे, चढीने श्रमण भगवंत महावीरनी पासेथी अने बहुशालक चैत्यथी नीकळे छे. नीकळीने माथे धरांता यावत् कोरंटपुष्पनी माळावाळा छत्रसहित, मोटा सुभटोना समूहथी वींटायलो ते जमालि ज्यां क्षत्रियकुंडग्राम नामे नगर छे त्यां आवे छे. आवीने क्षत्रियकुंडग्राम नामे नगरनी मध्यभागमां थइने जे स्थळे पोतानुं घर छे अने ज्यां बहारनी उपस्थानशाळा छे त्यां आवे छे. त्यां आवीने घोडाओने रोकीने रथने उभो राखे छे. उभो राखीने रथथी नीचे उतरे छे. उतरीने ज्यां अंदरनी उपस्थानशाळा छे, ज्यां माता-पिता (बेठा) छे त्यां आवे छे, आवीने माता-पिताने जय अने विजयथी वधावे छे. वधावीने ते जमालिए आ प्रमाणे कह्युं-हे माता पिता! ए प्रमाणे में श्रमण भगवंत महावीर पासेथी धर्म सांभळ्यो छे, ते धर्म मने इष्ट छे, अत्यन्त इष्ट छे, अने तेमां मारी अभिरुचि थइ छे. त्यारपछी ते जमालि कुमारने तेना माता पिताए आ प्रमाणे कह्युं-'हे पुत्र! तुं धन्य छे, हे पुत्र! तुं कृतार्थ छे, हे पुत्र! तुं कृतपुण्य छे अने हे पुत्र! तुं कृतलक्षण छे के जे तें श्रमण भगवंत महावीरनी पासेथी धर्मने सांभळ्यो छे, अने ते धर्म तने प्रिय छे, अत्यन्त प्रिय छे अने तेमां तारी अभिरुचि थई छे.'

जमालि. १२. पछी ते जमालि क्षत्रियकुमारे बीजीवार पण पोताना माता-पिताने आ प्रमाणे कह्युं के-'हे माता-पिता! ए प्रमाणे में श्रमण भगवंत महावीरनी पासेथी धर्म सांभळ्यो छे, यावत् तेमां मारी अभिरुचि थइ छे. तेथी हे माता-पिता! हुं संसारना भयथी उद्विग्न थयो छुं, जन्म जरा अने मरणथी भय पाम्यो छुं, तेथी हे माता-पिता! तमारी आज्ञाथी हुं श्रमण भगवंत महावीरनी पासे दीक्षा लेइने, गृहवासनो त्याग करी, अनगारिकपणाने ग्रहण करवा इच्छुं छुं.

---

१ आगारा- ग-घ-ङ। २ पव्वज्जामि क। ३ अंतियं क। ४ -इतिते क। ५ -भयउ- ग-ङ। ६ जम्मणमरणेणं क-ग। ७ आगाराओ घ ङ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३. तए णं सा जमालिस्स खत्तियकुमारस्स माता तं अणिट्ठं, अकंतं, अप्पियं, अमणुन्नं, अमणामं, असुयपुव्वं गिरं सोच्चा, निसम्म, सेयागयरोमकूवपगलंतविलीणगत्ता, सोगभरपवेवियंगमंगी, नित्तेया, दीण–विमणवयणा, करयलमलियव्व कमलमाला, तक्खणओलुग्गदुब्बलसरीरलायन्नसुन्ननिच्छाया, गयसिरीया, पसिढिलभूसण–पडंतखुण्णियसंचुण्णियधवलवलय–पब्भट्ठउत्तरिज्जा, मुच्छावसणट्ठचेतगरुई, सुकुमालविकिन्नकेसहत्था, परसुणिकत्त व्व चंपगलया, निव्वत्तमहे व्व इंदलट्ठी, विमुक्कसंधिबंधणा कोट्टिमतलंसि धसत्ति सव्वंगेहिं संनिवडिया। तए णं सा जमालिस्स खत्तियकुमारस्स माया ससंभमोवत्तियाए तुरियं कंचणभिंगारमुहविणिग्गयसीयलविमलजलधारपरिसिंचमाणनिव्वावियगायलट्ठी, उक्खेवय–तालियंट–वीयणगजणियवाएणं, संफुसिएणं अंतेउरपरिजणेणं आसासिया समाणी, रोयमाणी, कंदमाणी, सोयमाणी, विलवमाणी जमालिं खत्तियकुमारं एवं वयासी–तुमं सि णं जाया! अम्हं एगे पुत्ते इट्ठे, कंते, पिए, मणुन्ने, मणामे, थेज्जे, वेसासिए, संमते, बहुमए, अणुमए भंडकरंडगसमाणे, रयणे रयणब्भूए, जीविऊसविये, हिययनंदिजणणे, उंबरपुप्फमिव दुल्लभे सवणयाए, किमंग! पुण पासणयाए; तं नो खलु जाया! अम्हे इच्छामो तुब्भं खणमवि विप्पयोगं, तं अच्छाहि ताव जाया! जाव ताव अम्हे जीवामो, तओ पच्छा अम्हेहिं कालगएहिं समाणेहिं परिणयवये, वड्ढियकुलवंसतंतुकज्जम्मि निरवयक्खे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइहिसि।

१४. तए णं जमाली खत्तियकुमारे अम्मा–पियरो एवं वयासी–तहा वि णं तं अम्म–ताओ! जं णं तुब्भे मम एवं वदह, तुमं सि णं जाया! अम्हं एगे पुत्ते इट्ठे कंते चेव, जाव पव्वइहिसि; एवं खलु अम्म–ताओ! माणुस्सए भवे अणेगजाइ–जरा–मरण–रोग–सारीर–माणसपकामदुक्ख–वेयण–वसणसतोवद्दवाभिभूए, अधुए, अणितिए, असासए, संज्झब्भरागसरिसे, जलबुब्बुदसमाणे, कुसग्गजलबिंदुसन्निभे, सुविणगदंसणोवमे, विज्जुलयाचंचले, अणिच्चे, सडण–पडण–विद्धंसणधम्मे, पुव्विं वा पच्छा वा अवस्स विप्पजहियव्वे भविस्सइ; से केस णं जाणइ अम्मताओ! के पुव्विं गमणयाए, के पच्छा गमणयाए? तं इच्छामि णं अम्म–ताओ! तुब्भेहिं अब्भणुन्नाए समाणे समणस्स जाव– पव्वइत्तए।

१३. त्यारबाद जमालि क्षत्रियकुमारनी माता अनिष्ट, अकांत, अप्रिय, अमनोज्ञ, मनने न गमे तेवी अने पूर्वे नहीं सांभळेली एवी वाणीने सांभळी अने अवधारीने रोमकूपथी झरता परसेवाथी भीना शरीरवाळी थइ, शोकना भारथी तेनां अंगो अंग कंपवा लाग्यां, ते निस्तेज थई, तेनुं मुख दीन अने शोकातुर थयुं, करतलवडे चोळायेली कमलमालानी पेठे तेनुं शरीर तत्काळ ग्लान अने दुर्बल थयुं. ते लावण्यशून्य, प्रभारहित अने शोभाविनानी थइ गइ. तेना आभूषणो ढीलां थइ गयां, अने तेथी तेना निर्मल वलयो पडी गयां अने भांगीने चूर्ण थइ गया. तेनुं उत्तरीय वस्त्र शरीर उपरथी सरी गयुं, अने मूर्छावडे तेनुं चैतन्य नष्ट थयुं होवाथी ते भारे शरीरवाळी थइ गई. तेनो सुकुमाल केशपाश विखराइ गयो. कुहाडीना घाथी छेदाएली चंपकलतानी पेठे अने उत्सव पूरो थता इन्द्रध्वजदंडनी जेम तेनां संधिबंधनो शिथिल थइ गयां, अने ते फरसबंधी उपर सर्व अंगोवडे 'धस्' दइने नीचे पडी गइ. त्यार पछी ते जमालि क्षत्रियकुमारनी माताना शरीरने [दासीवडे] व्याकुलचित्ते त्वराथी ढळाता सोनाना कलशना मुखथी नीकळेली शीतल अने निर्मल जलधाराना सिंचनवडे स्वस्थ कर्युं, अने ते उत्क्षेपक (वांसना बनेला), तालवृंत (ताडना पांदडाना बनेला) पंखा अने वींजणाना जलबिन्दुसहित पवनवडे अंतःपुरना माणसोथी आश्वासनने प्राप्त थइ. रोती, आक्रंदन करती, शोक करती अने विलाप करती ते जमालि क्षत्रियकुमारनी माता ए प्रमाणे कहेवा लागी–'हे जात! तुं अमारे इष्ट, कांत, प्रिय, मनोज्ञ, मन गमतो, आधारभूत, विश्वासपात्र, संमत, बहुमत, अनुमत, आभरणनी पेटी जेवो, रत्नस्वरूप, रत्नना जेवो, जीवितना उत्सव समान अने हृदयने आनंदजनक एकज पुत्र छो. वळी उंबराना पुष्पनी पेठे तारा नामनुं श्रवण पण दुर्लभ छे, तो तारुं दर्शन दुर्लभ होय एमां शुं कहेवुं? माटे हे पुत्र! खरेखर अमे तारो एक क्षण पण वियोग इच्छता नथी. तेथी हे पुत्र! ज्यां सुधी अमे जीवीए छीए त्यांसुधी तुं रहे. अने अमे कालगत थया पछी वृद्धावस्थामां कुलवंशतन्तुनी वृद्धि करीने निरपेक्ष एवो तुं श्रमण भगवंत महावीरनी पासे दीक्षा ग्रहण करी गृहवासनो त्याग करी अनगारिकपणाने स्वीकारजे.' जमालिनी मातानी अवस्था.

१४. त्यार पछी ते जमालि क्षत्रियकुमारे पोताना माता–पिताने आ प्रमाणे कह्युं के–"हे माता–पिता! हमणां मने जे तमे ए प्रमाणे कह्युं के–हे पुत्र! तुं अमारे इष्ट तथा कांत एक पुत्र छो–इत्यादि यावत् अमारा कालगत थया पछी तुं प्रव्रज्या लेजे." पण हे माता–पिता! ए प्रमाणे खरेखर आ मनुष्यभव अनेक जन्म, जरा, मरण अने रोगरूप शारीर अने मानसिक दुःखोनी अत्यन्त वेदनाथी अने सेंकडो व्यसनोथी पीडित, अध्रुव, अनित्य, अने अशाश्वत छे, तेम संध्याना रंग जेवो, पाणीना परपोटा जेवो, डाभनी अणी उपर रहेला जलबिन्दु जेवो, स्वप्नदर्शनना समान, विजळीनी पेठे चंचल अने अनित्य छे. सडवुं, पडवुं अने नाश पामवो ए तेनो धर्म छे. पहेलां के पछी तेनो अवश्य त्याग करवानो छे; तो हे माता–पिता! ते कोण जाणे छे के–कोण पूर्वे जशे, अने कोण पछी जशे? माटे हे माता–पिता! हुं तमारी अनुमतिथी श्रमण भगवंत महावीरनी पासे यावत् प्रव्रज्या ग्रहण करवाने इच्छुं छुं. जमालि-

---

१ नियत्त व्व–ग–घ–ङ। २–मोयत्तियाए ग–घ–ङ। ३–परिसिंचमाण–ग। ४ जीवियउस्सविए ङ। ५ हिययानंदि–घ, हिययनंदि–ङ। ६ पुप्फं पिव क–ङ। ७–णयवओ क–ङ। ८ अम्हे क।



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

१५. तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो एवं वयासी–इमं च ते जाया! सरीरगं पविसिट्ठरूव–लक्खण–वंजणगुणोववेयं, उत्तमबल–वीरिय–सत्तजुत्तं, विण्णाणवियक्खणं, ससोहग्गगुणसमुस्सियं अभिजायमहक्खमं, विविहवाहि–रोगरहियं, निरुवहय–उदत्त–लट्ठं, पंचिंदियपडुपढमजोव्वणत्थं, अणेगउत्तमगुणेहिं संजुत्तं, तं अणुहोहि ताव जाया! नियग–सरीररूव–सोहग्ग–जोव्वणगुणे, तओ पच्छा अणुभूय नियगसरीररूव–सोहग्गजोव्वणगुणे अम्हेहिं कालगएहिं समाणेहिं परिणयवये, वड्डियकुलवंसतंतुकज्जम्मि निरवयक्खे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइहिसि।

१६. तए णं से जमाली खत्तियकुमारे अम्मा–पियरो एवं वयासी–तहा वि णं तं अम्म–याओ! जं णं तुब्भे ममं एवं वदह–इमं च णं ते जाया! सरीरगं तं चेव जाव पव्वइहिसि; एवं खलु अम्म–याओ! माणुस्सगं सरीरं दुक्खाययणं, विविहवाहिसयसंनिकेतं, अट्ठियकट्ठुट्ठियं, छिरा–ण्हारुजालओणद्धसंपिणद्धं, मट्टियभंडं व दुब्बलं, असुइसंकिलिट्ठं, अणिट्ठवियसव्वकालसंठप्पयं, जराकुणिम–जज्जरघरं व सडण–पडण–विद्धंसणधम्मं, पुव्विं वा पच्छा वा अवस्सं विप्पजहियव्वं भविस्सइ; से के स णं जाणति अम्मयाओ! के पुव्विं तं चेव जाव पव्वइत्तए।

१७. तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो एवं वयासी—इमाओ य ते जाया! विपुलकुलबालियाओ सरिसियाओ, सरित्तयाओ, सरिव्वयाओ, सरिसलावन्न–रूव–जोव्वणगुणोववेयाओ, सरिसएहिंतो कुलेहिंतो आणियल्लियाओ कलाकुसल–सव्वकाललालिय–सुहोचियाओ, मद्दवगुणजुत्त–निउणविणओवयारपंडिय–वियक्खणाओ, मंजुल–मिय–महुरभणिय–विहसिय–विप्पेक्खियगति–विलास–चिट्ठियविसारदाओ, अविकलकुल–सीलसालिणीओ, विसुद्धकुल–वंससंताणतंतुवद्धणप्पगब्भवयभाविणीओ, मणाणुकूल–हियइच्छियाओ, अट्ठ तुज्झ गुणवल्लहाओ, उत्तमाओ, निच्चं भावाणुरत्तसव्वंगसुंदरीओ भारियाओ; तं भुंजाहि ताव जाया! एताहिं सद्धिं विउले माणुस्सए कामभोगे, तओ पच्छा भुत्तभोगी, विसयविगयवोच्छिन्नकोउहल्ले अम्हेहिं कालगएहिं जाव पव्वइहिसि।

माता–पिता. १५. त्यारपछी ते जमालि क्षत्रियकुमारने तेना माता पिताए आ प्रमाणे कह्युं के–"हे पुत्र! आ तारुं शरीर उत्तम रूप, लक्षण, व्यंजन (मस, तल वगेरे) अने गुणोथी युक्त छे, उत्तम बल, वीर्य अने सत्त्वसहित छे, विज्ञानमां विचक्षण छे, सौभाग्य गुणथी उन्नत छे, कुलीन छे, अत्यन्त समर्थ छे, अनेक प्रकारना व्याधि अने रोगथी रहित छे, निरुपहत, उदात्त, अने मनोहर छे, पटु (चतुर) एवी पांच इन्द्रियोथी युक्त अने उगती युवावस्थाने प्राप्त थयेलुं छे, अने ए शिवाय बीजा अनेक उत्तम गुणोथी भरपूर छे. माटे हे पुत्र! ज्यां सुधी तारा पोताना शरीरमां रूप, सौभाग्य तथा यौवनादि गुणो छे त्यांसुधी तेनो तुं अनुभव कर, अने अनुभव करी अमो कालगत थया पछी वृद्धावस्थामां कुलवंशरूप तन्तुनी वृद्धि करीने निरपेक्ष एवो तुं श्रमण भगवान् महावीर पासे दीक्षा लइने गृहवासनो त्याग करी अनगारिकपणाने स्वीकारजे.

जमालि. १६. त्यारपछी ते जमालि क्षत्रियकुमारे पोताना माता–पिताने ए प्रमाणे कह्युं के–'हे माता–पिता! ते बरोबर छे, पण जे तमे मने ए प्रमाणे कह्युं के–'हे पुत्र! आ तारुं शरीर [ उत्तमरूप, लक्षण व्यंजन अने गुणोथी युक्त छे ] इत्यादि यावत् [ अमारा कालगत थया पछी ] तुं दीक्षा लेजे.' पण ए रीते तो हे माता–पिता! खरेखर आ मनुष्यनुं शरीर दुःखनुं घर छे, अनेक प्रकारना सेंकडो व्याधिओनुं स्थान छे, अस्थिरूप लाकडानुं बनेलुं छे, नाडीओ अने स्नायुना समूहथी अत्यन्त विंटाएल छे, माटीना वासणनी पेठे दुर्बल छे, अशुचिथी भरपूर छे, जेनुं शुश्रूषा कार्य हमेशां चालु छे. जीर्ण मृतक अने जीर्ण घरनी पेठे सडवुं, पडवुं अने नाश पामवो–ए तेना सहज धर्मो छे. वळी ए शरीर पहेलां के पछी अवश्य छोडवानुं छे. तो हे माता–पिता! ते कोण जाणे छे के कोण पहेलां [ जशे अने कोण पछी जशे. ? ] इत्यादि.

माता–पिता. १७. त्यारपछी तेना माता–पिताए ते जमालि क्षत्रियकुमारने आ प्रमाणे कह्युं के–'हे पुत्र! आ तारे आठ स्त्रीओ छे, ते विशाल कुलमां उत्पन्न थयेली अने बाळाओ छे, ते समान त्वचावाळी, समान उमरवाळी, समान लावण्य, रूप अने यौवनगुणथी युक्त छे; वळी ते समान कुलथी आणेली, कलामां कुशल, सर्वकाल लालित अने सुखने योग्य छे; ते मार्दवगुणथी युक्त, निपुण, विनयोपचारमां पंडित अने विचक्षण छे; सुंदर मित, अने मधुर बोलवामां, तेमज हास्य, विप्रेक्षित, (कटाक्ष दृष्टि), गति, विलास अने स्थितिमां विशारद छे; उत्तम कुल अने शीलथी सुशोभित छे; विशुद्ध कुलरूप वंशतंतुनी वृद्धि करवामां समर्थ यौवनवाळी छे; मनने अनुकूल अने हृदयने इष्ट छे; वळी गुणो वडे प्रिय अने उत्तम छे, तेमज हमेशां भावमां अनुरक्त अने सर्व अंगमां सुंदर छे. माटे हे पुत्र! तुं ए स्त्रीओ साथे मनुष्यसंबन्धी विशाल कामभोगोने भोगव अने त्यार पछी भुक्तभोगी थइ विषयनी उत्सुकता दूर थाय त्यारे अमारा कालगत थया पछी यावत् तुं दीक्षा लेजे.'

---

१ पतिविसिट्ठ–क। २ ससोभग्ग–क–ड। ३–समूसियं क।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८. तए णं से जमाली खत्तियकुमारे अम्मा–पियरो एवं वयासी–तहा वि णं तं अम्म–याओ! जं णं तुब्भे मम एवं वयह–इमाओ ते जाया! विपुलकुल– जाव पव्वइहिसि; एवं खलु अम्म–याओ! माणुस्सगा कामभोगा असुई, असासया, वंतासवा, पित्तासवा, खेलासवा, सुक्कासवा, सोणियासवा, उच्चार–पासवण–खेल–सिंघाणग–वंत–पित्त–पूय–सुक्क–सोणिय-समुब्भवा, अमणुन्नदुरूव–मुत्त–पूइय–पुरिसपुन्ना, मयगंधुस्सास–असुभनिस्सासउव्वेयणगा, बीभत्था, अप्पकालिया, लहुसगा, कलमलाहियासदुक्खबहुजणसाहारणा, परिकिलेसकिच्छदुक्खसज्झा, अबुहजणणिसेविया, सदा साहुगरहणिज्जा, अणंतसंसा-रवद्धणा, कडुगफलविवागा चुडलिव्व अमुच्चमाणदुक्खाणुबंधिणो, सिद्धिगमणविग्घा; से के स णं जाणइ अम्म–याओ! के पुव्विं गमणयाए के पच्छा? तं इच्छामि णं अम्म–याओ! जाव पव्वइत्तए।

१९. तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो एवं वयासी–इमे य ते जाया! अज्जय–पज्जय–पिउपज्जयागए सुबहुहिरन्ने य, सुवन्ने य, कंसे य, दूसे य, विउलधण–कणग– जाव संतसारसावएज्जे, अलाहि जाव आसत्तमाओ कुल-वंसाओ पकामं दाउं, पकामं भोत्तुं, परिभाएउं, तं अणुहोहि ताव जाया! विउले माणुस्सए इड्ढि–सक्कारसमुदए, तओ पच्छा अणुहूयकल्लाणे, वड्ढियकुलवंस– जाव पव्वइहिसि।

२०. तए णं से जमाली खत्तियकुमारे अम्मा–पियरो एवं वयासी–तहा वि णं तं अम्म–याओ! जं णं तुब्भे ममं एवं वदह–इमं च ते जाया! अज्जग–पज्जग– जाव पव्वइहिसि; एवं खलु अम्म–याओ! हिरन्ने य, सुवन्ने य, जाव सावएज्जे अग्गिसाहिए, चोरसाहिए, रायसाहिए, मच्चुसाहिए, दाइयसाहिए, अग्गिसामन्ने जाव दाइयसामन्ने, अधुवे, अणितिए, असासए, पुव्विं वा पच्छा वा अवस्स विप्पजहियव्वे भविस्सइ, से केस णं जाणइ तं चेव जाव पव्वइत्तए।

२१. तए णं तं जमालिं खत्तियकुमारं अम्म–याओ जाहे नो संचाएंति विसयाणुलोमाहिं बहूहिं आघवणाहि य, पन्न-वणाहि य, सन्नवणाहि य, विन्नवणाहि य आघवेत्तए वा, पन्नवेत्तए वा, सन्नवेत्तए वा, विन्नवेत्तए वा, ताहे विसयपडिकूलाहिं

१८. त्यारपछी ते जमालि नामे क्षत्रियकुमारे पोताना माता पिताने आ प्रमाणे कह्युं के–'हे माता–पिता! हमणा तमे जे मने कह्युं के–हे पुत्र! तारे विशाल कुलमां [ उत्पन्न थयेली आ आठ स्त्रीओ छे ]–इत्यादि यावत् तुं दीक्षा लेजे, ते ठीक छे. पण हे माता–पिता! ए प्रमाणे खरेखर मनुष्यसंबन्धी कामभोगो अशुचि अने अशाश्वत छे; वात, पित्त, श्लेष्म, वीर्य अने लोहीने झरवावाळा छे; विष्ठा, मूत्र, श्लेष्म, नासिकानो मेल, वमन, पित्त, परु, शुक्र अने शोणितथी उत्पन्न थयेलां छे; वळी ते अमनोज्ञ, खराब मूत्र अने दुर्गन्धी विष्ठाथी भर-पुर छे; मृतकना जेवी गंधवाळा उच्छ्वासथी अने अशुभ निःश्वासथी उद्वेगने उत्पन्न करे छे, बीभत्स, अल्पकालस्थायी, हलका, अने कलमल–( शरीरमां रहेल एक प्रकारना अशुभ द्रव्य )ना स्थानरूप होवाथी दुःखरूप अने सर्व मनुष्योने साधारण छे; शारीरिक अने मानसिक अत्यंत दुःखवडे साध्य छे; अज्ञान जनथी सेवाएला छे; साधु पुरुषोथी हंमेशां निंदनीय छे; अनंत संसारनी वृद्धि करनारा छे, परिणामे कटुकफळवाळा छे, बळता घासना पूळानी पेठे न मुकी शकाय तेवा दुःखानुबंधी अने मोक्षमार्गमां विघ्नरूप छे. वळी हे माता–पिता! ते कोण जाणे छे के कोण पहेलां जशे अने कोण पछी जशे? माटे हे माता–पिता! हुं यावद् दीक्षा लेवाने इच्छुं छुं.'

जमालि.

मनुष्यसंबन्धी कामभोगो अशुचि अने अशाश्वत छे इत्यादि.

१९. त्यारपछी ते जमालि नामे क्षत्रियकुमारने तेना माता–पिताए आ प्रमाणे कह्युं के 'हे पुत्र! आ अर्या ( पितामह ), पर्या ( प्रपितामह ) अने पिताना पर्या–( प्रपितामह– ) थकी आवेलुं घणुं हिरण्य, सुवर्ण, कांस्य, वस्त्र, विपुल धन, कनक यावत् सारभूत द्रव्य विद्यमान छे, अने ते तारे सात पेढी सुधी पुष्कळ दान देवाने पुष्कळ भोगववाने अने वहेंचवा माटे पूरतुं छे. माटे हे पुत्र! मनुष्य-संबन्धी विपुल ऋद्धि अने सन्मानने भोगव, अने त्यारपछी सुखनो अनुभव करी, अने कुलवंशने वधारी यावत् तुं दीक्षा लेजे.'

मात–पिता.

हिरण्यादिनो उप-भोग कर–इत्यादि.

२०. त्यारबाद जमालि नामे क्षत्रियकुमारे पोताना माता–पिताने आ प्रमाणे कह्युं के—'हे माता–पिता! तमे जे ए प्रमाणे कह्युं के, 'हे पुत्र! आ हिरण्यादि द्रव्य तारा पितामह अने प्रपितामहथी यावत् आवेलुं छे, इत्यादि यावत् तुं दीक्षा लेजे. ए ठीक छे, पण हे माता–पिता! ए प्रमाणे खरेखर ते हिरण्य, सुवर्ण, यावत् सर्व सारभूत द्रव्य अग्निने साधारण छे, चोरने साधारण छे, राजाने साधारण छे, मृत्युने साधारण छे, दायाद ( भायात ) ने साधारण छे, अग्निने सामान्य छे, यावद् दायादने सामान्य छे. वळी ते अध्रुव, अनित्य, अने अशाश्वत छे. पहेलां के पछी ते अवश्य छोडवानुं छे, तो कोण जाणे छे के पहेलां कोण जशे अने पछी कोण जशे? इत्यादि यावत् हुं प्रव्रज्या लेवाने इच्छुं छुं.'

जमालि.

हिरण्यादि अनित्य अने अशाश्वत छे.

२१. ज्यारे जमालि क्षत्रियकुमारने तेना माता पिता विषयने अनुकूल एवी घणी उक्तिओ, प्रज्ञप्तिओ, संज्ञप्तिओ अने विज्ञप्तिओथी कहेवाने, जणाववाने, समजाववाने, विनववाने समर्थ न थया त्यारे तेओए विषयने प्रतिकूल, अने संयमने विषे भय अने उद्वेग करनारी

मात–पिता.

---

१–स्सयका–ग,–स्सया ङ। २ भालाहि ग।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संजमभयुव्वेयणकराहिं पन्नवणाहिं पन्नवेमाणा एवं वयासी-एवं खलु जाया! णिग्गंथे पावयणे सच्चे, अणुत्तरे, केवले जहा आवस्सए, जाव सव्वदुक्खाणं अंतं करेंति। अहीव एगंतदिट्ठीए, खुरो इव एगंतधाराए, लोहमया जवा चावेयव्वा, वालुयाकवले इव निस्साए, गंगा वा महानदी पडिसोयगमणयाए, महासमुद्दो वा भुयाहिं दुत्तरो; तिक्खं कमियव्वं, गरुयं लंबेयव्वं, असिधारगं वतं चरियव्वं। नो खलु कप्पइ जाया! समणाणं निग्गंथाणं अहाकम्मिए इ वा, उद्देसिए इ वा, मिस्सजाए इ वा, अज्झोयरए इ वा, पूइए इ वा, कीते इ वा, पामिच्चे इ वा, अच्छेज्जे इ वा, अणिसट्ठे इ वा, अभिहडे इ वा, कंतारभत्ते इ वा, दुब्भिक्खभत्ते इ वा, गिलाणभत्ते इ वा, वद्दलियाभत्ते इ वा, पाहुणगभत्ते इ वा, सेज्जायरपिंडे इ वा, रायपिंडे इ वा, मूलभोयणे इ वा, कंदभोयणे इ वा, फलभोयणे इ वा, बीयभोयणे इ वा, हरियभोयणे इ वा भुत्तए वा पायए वा। तुमं सि च णं जाया! सुहसमुचिए, णो चेव णं दुहसमुचिए; नालं सीयं, नालं उण्हं, नालं खुहा, नालं पिवासा, नालं चोरा, नालं वाला, नालं दंसा, नालं मसगा, नालं वाइय-पित्तिय-सेंभिय-सन्निवाइए विविहरोगायंके, परिस्सहोवसग्गे उदिन्ने अहियासेत्तए। तं नो खलु जाया! अम्हे उ इच्छामो तुब्भं खणमवि विप्पयोगं, तं अच्छाहि ताव जाया! जाव ताव अम्हे जीवामो; तओ पच्छा अम्हेहिं जाव पव्वइहिसि;

२२. तए णं से जमाली खत्तियकुमारे अम्मा-पियरो एवं वयासी-तहा वि णं तं अम्म-याओ! जं णं तुब्भे ममं एवं वदह, एवं खलु जाया! निग्गंथे पावयणे सच्चे, अणुत्तरे, केवले तं चेव जाव पव्वइहिसि; एवं खलु अम्मयाओ! निग्गंथे पावयणे कीवाणं, कायराणं, कापुरिसाणं, इहलोगपडिबद्धाणं, परलोगपरंमुहाणं, विसयतिसियाणं दुरणुचरे पागयजणस्स, धीरस्स, निच्छियस्स, ववसियस्स नो खलु एत्थं किंचि वि दुक्करं करणयाए, तं इच्छामि णं अम्म-याओ! तुब्भेहिं अब्भणु-

निर्ग्रन्थ प्रवचन सत्य छे. एवी उक्तिओथी समजावता आ प्रमाणे कह्युं के 'हे पुत्र! ए प्रमाणे खरेखर निर्ग्रंथ प्रवचन सत्य, अनुत्तर अने अद्वितीय छे. इत्यादि *आवश्यक सूत्रमां कह्या प्रमाणे यावत् ते सर्व दुःखोनो नाश करनारुं छे. परन्तु ते सर्पनी पेठे †एकांत-निश्चितदृष्टिवाळुं, अस्त्रानी पेठे एकांत धारवाळुं, लोढाना जवने चाववानी पेठे दुष्कर, अने वेळुना कोळीयानी पेठे निःस्वाद छे, वळी ते गंगा नदीना सामे प्रवाहे जवानी पेठे, अने बे हाथथी समुद्र तरवाना जेवुं ते प्रवचननुं अनुपालन मुश्केल छे. तीक्ष्ण खड्गादि उपर चालवाना जेवुं [दुष्कर] छे, मोटी शिलाने उचकवा बरोबर छे अने तरवारनी धारा समान व्रतनुं आचरण करवानुं छे. हे पुत्र! श्रमण निर्ग्रंथोने ‡१ आधाकर्मिक, २ औद्देशिक, ३ मिश्रजात, ४ अध्यवपूरक, ५ पूतिकृत, ६ क्रीत, ७ प्रामित्य, ८ अच्छेद्य, ९ अनिःसृष्ट, १० अभ्याहृत, ११ कांतारभक्त, १२ दुर्भिक्षभक्त, १३ ग्लानभक्त, १४ वार्दलिकाभक्त, १५ प्राघूर्णकभक्त, १६ शय्यातरपिंड अने १७ राजपिंड, तेमज मूळनुं भोजन, कंदनुं भोजन, फळनुं भोजन, बीजनुं भोजन अने हरित-(लीलीवनस्पति) नुं भोजन खावुं के पीवुं कल्पतुं नथी. वळी हे पुत्र! तुं सुखने योग्य छो पण दुःखने योग्य नथी. तेमज टाढ, तडको, भुख, तरश, चोर, श्वापद, डांस अने मच्छरना उपद्रवोने, तथा वातिक, पैत्तिक, श्लैष्मिक अने संनिपातजन्य विविध प्रकारना रोगो अने तेना दुःखोने, तेमज परीषह अने उपसर्गोने सहवाने तुं समर्थ नथी. माटे हे पुत्र! अमे तारो वियोग एक क्षण पण इच्छता नथी; तेथी ज्यांसुधी अमे जीविए त्यांसुधी तुं रहे अने अमारा काळगत थया पछी यावत् तुं दीक्षा लेजे'.

जमालि. २२. त्यारपछी ते जमालि नामे क्षत्रियकुमारे पोताना माता-पिताने आ प्रमाणे कह्युं के—'हे माता-पिता! तमे मने जे ए प्रमाणे कह्युं के—हे पुत्र! निर्ग्रंथप्रवचन सत्य, अनुत्तर अने अद्वीतीय छे-इत्यादि यावत् अमारा काळगत थया पछी तुं दीक्षा लेजे. ते ठीक छे, पण हे मात-पिता! ए प्रमाणे खरेखर निर्ग्रन्थ प्रवचन क्लीब—मन्दशक्तिवाळा, कायर अने हलका पुरुषोने, तथा आ लोकमां आसक्त, परलोकथी पराङ्मुख एवा विषयनी तृष्णावाळा सामान्य पुरुषोने (तेनुं अनुपालन) दुष्कर छे; पण धीर, निश्चित अने प्रयत्नवान् पुरुषने तेनुं अनुपालन जरा पण दुष्कर नथी. माटे हे माता-पिता! हुं तमारी अनुमतिथी श्रमण भगवंत महावीरनी पासे यावद् दीक्षा लेवाने

---

१ समुद्दे इ वा ग, समुद्दे व्वा घ, समुद्दो व्व ङ। २ मिस्सजाता-ङ। ३ उज्झोयरए ग-घ-ङ। ४ तुमं च णं ग-घ। ५ जाव अ-ङ। ६ अम्हेहिं कालगएहिं -ङ।

२१. * "इणमेव णिग्गंथं पावयणं सच्चं, अणुत्तरं, केवलियं, पडिपुन्नं नेआउयं, संसुद्धं, सल्लगत्तणं, सिद्धिमग्गं, मुत्तिमग्गं, निज्जाणमग्गं, निव्वाणमग्गं अवितहं, अविसंधि, सव्वदुक्खप्पहीणमग्गं। इत्थं ठिआ जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणमंतं करंति"।

(आवश्यकप्रतिक्रमण सूत्र-३०-३३.)

अर्थ—आज निर्ग्रन्थप्रवचन सत्य, अनुपम, अद्वितीय, परिपूर्ण, न्याययुक्त, शुद्ध, शल्यने कापनार, सिद्धिमार्ग, मुक्तिमार्ग, निर्याणमार्ग, अने निर्वाणमार्गरूप छे. तेमज ते असत्यरहित, निरन्तर अने सर्वदुःखना नाशनुं कारण छे. तेनामां तत्पर थयेला जीवो सिद्ध थाय छे, बुद्ध थाय छे, मुक्त थाय छे, निर्वाणने प्राप्त थाय छे अने सर्वदुःखोनो नाश करे छे.

‡ साधुओने पिंडना बेंताळीश दोषो होय छे. सोळ उद्गमदोष, सोळ उत्पादनादोष. अने दश एषणादोष. तेमां आधाकर्मिकादि सोळ उद्गमदोषो छे. तेमांना 'आधाकर्मिक'थी मांडीने 'अभ्याहृत'सुधीना दश दोषो छे. जुओ-प्रवचनसारोद्धार गाथा. ५६५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाए समाणे समणस्स भगवओ महावीरस्स जाव पव्वइत्तए। तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो जाहे नो संचाएंति विसयाणुलोमाहि य, विसयपडिकूलाहि य बहूहिं आघवणाहि य, पन्नवणाहि य आघवित्तए वा, जाव विन्नवित्तए वा, ताहे अकामाइं चेव जमालिस्स खत्तियकुमारस्स निक्खमणं अणुमन्नित्था।

२३. तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–खिप्पामेव भो देवाणुप्पिया! खत्तियकुंडग्गामं नयरं सब्भितरबाहिरियं आसिय–संमज्जि–ओवलित्तं जहा उववाइए, जाव पच्चप्पिणंति। तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया दोच्चं पि कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–खिप्पामेव भो देवाणुप्पिया! जमालिस्स खत्तियकुमारस्स महत्थं, महग्घं, महरिहं विपुलं निक्खमणाभिसेयं उवट्ठवेह। तए णं ते कोडुंबियपुरिसा तहेव जाव पच्चप्पिणंति। तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो सीहासणवरंसि पुरत्थाभिमुहं निसीयावेंति, निसीयावेत्ता अट्ठसएणं सोवण्णियाणं कलसाणं, एवं जहा रायप्पसेणइज्जे, जाव अट्ठसएणं भोमेज्जाणं कलसाणं सव्विड्डिए जाव महया रवेणं महया महया निक्खमणाभिसेगेणं अभिसिंचंति।

२४. म० २ अभिसिंचित्ता करयल– जाव जएणं विजएणं वद्धावेंति, ज० २ वद्धावित्ता एवं वयासी–भण जाया! किं देमो, किं पयच्छामो, किणा वा ते अट्ठो? तए णं से जमाली खत्तियकुमारे अम्मा–पियरो एवं वयासी–इच्छामि णं अम्म–ताओ! कुत्तियावणाओ रयहरणं चं पडिग्गहं चं आणिउं कासवगं च सद्दाविउं। तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिता कोडुंबियपुरिसे सद्दावेइ, को० २ सद्दावित्ता एवं वयासी–खिप्पामेव भो देवाणुप्पिया! सिरिघराओ तिन्नि सयसहस्साइं गहाय दोहिं सयसहस्सेणं कुत्तियावणाओ रयहरणं चं पडिग्गहं चं आणेह, सयसहस्सेणं कासवगं सद्दावेह। तए णं ते कोडुंबियपुरिसा जमालिस्स खत्तियकुमारस्स पिउणा एवं वुत्ता समाणा हट्ठ–तुट्ठ– करयल– जाव पडिसुणेत्ता खिप्पामेव सिरिघराओ तिन्नि सयसहस्साइं, तहेव जाव कासवगं सद्दावेंति। तए णं से कासवए जमालिस्स खत्तियकुमारस्स पिउणा कोडुंबियपुरिसेहिं सद्दाविए समाणे हट्ठे तुट्ठे ण्हाए कयबलिकम्मे जाव सरीरे, जेणेव जमालिस्स खत्तियकुमारस्स पिया तेणेव

इच्छुं छुं. ज्यारे जमालि क्षत्रियकुमारने तेना माता–पिता विषयने अनुकूल तथा विषयने प्रतिकूल एवी घणी उक्तिओ, प्रज्ञप्तिओ, संज्ञप्तिओ अने विनतिओथी कहेवाने यावत् समजाववाने शक्तिमान् न थया त्यारे वगर इच्छाए तेओए जमालि क्षत्रियकुमारने दीक्षा लेवानी अनुमति आपी. दीक्षानुमति.

२३. त्यार पछी ते जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषोने बोलाव्या. अने बोलावीने एम कह्युं के—'हे देवानुप्रियो! शीघ्र आ क्षत्रियकुंडग्राम नगरनी बहार अने अंदर पाणीथी छंटकाव करावो, वाळीने साफ करावो, अने लींपावो'–इत्यादि जेम* औपपातिक सूत्रमां कह्युं छे तेम करीने यावत् ते कौटुंबिक पुरुषो आज्ञा पाछी आपे छे. त्यारबाद फरीने पण जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषोने बोलाव्या, अने बोलावीने आ प्रमाणे कह्युं के—'हे देवानुप्रियो! जलदी जमालि क्षत्रियकुमारनो महार्थ, महामूल्य, महापूज्य अने मोटो दीक्षानो अभिषेक तैयार करो.' त्यारबाद ते कौटुंबिक पुरुषो कह्या प्रमाणे करीने आज्ञा पाछी आपे छे. त्यारबाद जमालि क्षत्रियकुमारने तेना माता–पिता उत्तम सिंहासनमां पूर्व दिशा सन्मुख बेसारे छे, अने बेसारीने एकसो आठ सोनाना कलशोथी–इत्यादि †राजप्रश्नीयसूत्रमां कह्या प्रमाणे यावत् एकसोने आठ माटीना कलशोथी सर्व ऋद्धिवडे यावद् मोटा शब्दवडे मोटा २ निष्क्रमणाभिषेकथी तेनो अभिषेक करे छे. जमालिनी दीक्षा

२४. अभिषेक कर्या बाद ते जमालि क्षत्रियकुमारना माता–पिता हाथ जोडी यावत् तेने जय अने विजयथी वधावे छे. वधावीने तेओए आ प्रमाणे कह्युं के–'हे पुत्र! तुं कहे के तने अमे शुं दइए, शुं आपीए, अथवा तारे कांइ प्रयोजन छे? त्यारे ते जमालि क्षत्रियकुमारे पोताना माता–पिताने आ प्रमाणे कह्युं के–हे माता–पिता! हुं ‡कुत्रिकापणथी एक रजोहरण अने एक पात्र मंगाववा तथा एक हजामने बोलाववा इच्छुं छुं. त्यारे ते जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषोने बोलाव्या अने बोलावीने कह्युं के–'हे देवानुप्रियो! शीघ्र आपणा खजानामांथी त्रण लाख (सोनैया) ने लइने तेमांथी बे लाख (सोनैया) वडे कुत्रिकापणथी एक रजोहरण अने एक पात्र लावो, तथा एक लाख सोनैया आपीने एक हजामने बोलावो. ज्यारे जमालि क्षत्रियकुमारना पिताए ते कौटुंबिक पुरुषोने ए प्रमाणे आज्ञा करी त्यारे तेओ खुश थया, तुष्ट थया, अने हाथ जोडीने यावत् पोताना स्वामीनुं वचन स्वीकारीने तुरतज खजानामांथी त्रण लाख सुवर्णमुद्रा लइने यावत् हजामने बोलावे छे, त्यारबाद जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषो द्वारा बोलावेलो ते हजाम खुश थयो, तुष्ट थयो,

---

१ बहूहिं य आ– ग–ङ। २ अकामए चे–ग। ३ अट्ठसयाणं ङ। ४–सिंचइ ग–घ। ५ वा क। ६–वा क। ७–णुप्पिये। ८ वुत्ते समाणे ङ। ९–तुट्ठा घ। १० हट्ठतुट्ठे क।

२३. * औपपातिक. प. ६१–२. † राजप्रश्नीय प. १००–१. पं ८.

२४. ‡ कु–पृथिवी, त्रिक–त्रण, आपण–हाट; स्वर्ग, मृत्यु अने पातालरूप त्रण लोकमां रहेली वस्तुने मळवाना स्थान–हाटने कुत्रिकापणं कहे छे—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवागच्छति, उवागच्छित्ता करयल– जमालिस्स खत्तियकुमारस्स पियरं जएणं विजएणं वद्धावेइ; ज० २ वद्धावित्ता एवं वयासी–संदिसंतु णं देवाणुप्पिया! जं मए करणिज्जं? तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया तं कासवगं एवं वयासी –तुमं देवाणुप्पिया! जमालिस्स खत्तियकुमारस्स परेणं जत्तेणं चउरंगुलवज्जे [1]निक्खमणपाओग्गे अग्गकेसे [2]कप्पेहि। तए णं से कासवे जमालिस्स खत्तियकुमारस्स पिउणा एवं वुत्ते समाणे हट्ठ–तुट्ठ– करयल– जाव एवं सामी! [3]तहत्ताणाए विणएणं वयणं पडिसुणेइ, पडिसुणित्ता सुरभिणा गंधोदएणं हत्थ–पादे पक्खालेइ, पक्खालित्ता सुद्धाए अट्ठपडलाए पोत्तीए मुहं बंधइ, मुहं बंधित्ता जमालिस्स खत्तियकुमारस्स परेणं जत्तेणं चउरंगुलवज्जे [4]निक्खमणपाओग्गे अग्गकेसे कप्पेइ। तए णं सा जमालिस्स खत्तियकुमारस्स माया हंसलक्खणेणं पडसाडएणं अग्गकेसे पडिच्छइ, अ० २ पडिच्छित्ता सुरभिणा गंधोदएणं पक्खालेइ, सुरभि० २ पक्खालित्ता अग्गेहिं [6]वरेहिं गंधेहिं, मल्लेहिं अच्चेति, अग्गेहिं० २ अच्चित्ता सुद्धे वत्थे बंधइ, सु० २ बंधित्ता रयणकरंडगंसि पक्खिवति, पक्खिवित्ता [8]हार–वारिधार–सिंदुवार–छिन्नमुत्तावलिप्पगासाइं सुयवियोगदूसहाइं अंसूइं विणिम्मुयमाणी २ एवं वयासी–एस णं अम्हं जमालिस्स खत्तियकुमारस्स बहूसु तिहीसु य पव्वणीसु य उस्सवेसु य जन्नेसु य छणेसु य अपच्छिमे दरिसणे भविस्सतीति कट्टु [9]ऊसीसगमूले ठवेति।

२५. तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स अम्मा–पियरो [10]दोच्चं पि उत्तरावक्कमणं सीहासणं रयावेंति, दोच्चं पि २ रयावित्ता जमालिस्स खत्तियकुमारस्स [11]सेयापीयएहिं कलसेहिं [12]ण्हावेंति, सेया० २ [13]ण्हावित्ता पम्हलसुकुमालाए सुरभीए गंधकासाईए गायाइं लूहेंति, प० २ लूहित्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपंति, स० २ अणुलिंपित्ता नासानिस्सासवायवोज्झं, चक्खुहरं, वन्न–फरिसजुत्तं, हयलालापेलवाऽतिरेगं, धवलं, कणगखचितंतकम्मं, महरिहं, हंसलक्खणपडसाडगं परिहिंति, परिहित्ता हारं [14]पिणद्धेंति, पिणद्धित्ता अद्धहारं पिणद्धेंति, पिणद्धित्ता एवं जहा सूरियाभस्स अलंकारो तहेव जाव चित्तं रयणसंकडुक्कडं मउडं पिणिद्धंति; किं बहुणा? गंथिम–वेढिम–पूरिम–संघातिमेणं चउव्विहेणं मल्लेणं कप्परुक्खगं पिव अलंकिय–विभूसियं करेंति। तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया! अणेगखंभसयसण्णिविट्ठं, लीलट्ठियसालभंजियागं जहा रायप्पसेणइज्जे विमाणवण्णओ, जाव मणि-

न्हायो, अने बलिकर्म (देवपूजा) करी, यावत् तेणे पोतानुं शरीर शणगार्युं, अने पछी ज्यां जमालि क्षत्रियकुमारनो पिता छे त्यां ते आवे छे. आवीने हाथ जोडीने जमालि क्षत्रियकुमारना पिताने जय अने विजयथी वधावे छे; वधाव्या पछी ते हजाम आ प्रमाणे बोल्यो के–'हे देवानुप्रिय! जे मारे करवानुं होय ते फरमावो'. त्यारपछी ते जमालि क्षत्रियकुमारना पिताए ते हजामने आ प्रमाणे कह्युं के–'हे देवानुप्रिय! जमालि क्षत्रियकुमारना अत्यन्त यत्नपूर्वक चार अंगुल मूकीने निष्क्रमणने (दीक्षाने) योग्य आगळना वाळ कापी नाख. त्यारपछी ज्यारे जमालि क्षत्रियकुमारना पिताए ते हजामने ए प्रमाणे कह्युं त्यारे ते खुश थयो, तुष्ट थयो अने हाथ जोडीने ए प्रमाणे बोल्यो– 'हे स्वामिन्! आज्ञा प्रमाणे करीश' एम कहीने विनयथी ते वचननो स्वीकार करे छे. स्वीकार करीने सुगंधी गंधोदकथी हाथ पगने धुए छे, धोइने शुद्ध आठ पडवाळा वस्त्रथी मोढाने बांधी अत्यंत यत्नपूर्वक जमालि क्षत्रियकुमारना निष्क्रमण योग्य अग्रकेशो चार आंगळ मूकीने कापे छे. त्यार पछी जमालि क्षत्रियकुमारनी माता हंसना जेवा श्वेत पटशाटकथी ते अग्रकेशोने ग्रहण करे छे. ग्रहण करीने ते केशोने सुगंधी गंधोदकथी धूए छे. धोइने उत्तम अने प्रधान गंध तथा माळावडे पूजे छे. पूजीने शुद्ध वस्त्रवडे बांधे छे. बांधीने रत्नना करंडियामां मूके छे. त्यार पछी ते जमालि क्षत्रियकुमारनी माता हार, पाणीनी धारा, सिंदुवारना पुष्पो अने तूटी गएली मोतीनी माळा जेवां पुत्रना वियोगथी दुःसह आंसु पाडती आ प्रमाणे बोली के–'आ केशो अमारा माटे घणी तिथिओ, पर्वणीओ, उत्सवो, यज्ञो, अने महोत्सवोमां जमालिकुमारना वारंवार दर्शनरूप थशे' एम धारी तेने ओशीकाना मूळमां मूके छे.

२५. त्यार बाद ते जमालि क्षत्रियकुमारना माता–पिता पुनः उत्तर दिशा सन्मुख बीजुं सिंहासन मूकावे छे. मूकावीने फरीवार जमालि क्षत्रियकुमारने सोना अने रूपाना कलशो वडे न्हवरावे छे. न्हवरावीने सुरभि, दशावाळी अने सुकुमाल सुगंधी गंधकाषाय (गन्धप्रधान लाल वस्त्र) वडे तेनां अंगोने लूंछे छे, अने अंगोने लुंछीने सरस गोशीर्ष चंदनवडे गात्रनुं विलेपन करे छे. विलेपन करीने नासिकाना निःश्वासना वायुथी उडी जाय एवुं हलकुं, आंखने गमे तेवुं सुंदर, वर्ण अने स्पर्शथी संयुक्त, घोडानी लाळ करतां पण वधारे नरम, धोळुं, सोनाना कसबी छेडावाळुं, महामूल्यवाळुं, अने हंसना चिह्नयुक्त एवुं पटशाटक (रेशमी वस्त्र) पहेरावे छे. पहेरावीने हार अने अर्धहारने पहेरावे छे. ए प्रमाणे जेम *सूर्याभना अलंकारनुं वर्णन करेलुं छे तेम अहिं करवुं, यावत् विचित्र रत्नोथी जडेला उत्कृष्ट मुकुटने पहेरावे

१–पओगे ग–घ–ङ। २ पडिकप्पेहि घ। ३ तहत्ताणा वि–क। ४–पयोगे ग–घ–ङ। ५ पडिसा–ग। ६ चमरेहिं क। ७ सुद्धवत्थेणं घ, सुद्धेणं वत्थेणं ङ। ८–वारिधारा ग–घ। ९ ओसीसग–ग। १० दोच्चं उत्त–क। ११ सीयापी–क–घ, सेयपी–ङ। १२ नाण्हेंति ग–घ। १३ नाण्हेत्ता ग–घ। १४ पिणिहेंति, पिणिहित्ता क। १५ –ण्हेंति, –न्हेत्ता क।

२५. * राजप्रश्नीय प. १०२–१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रयणघंटियाजालपरिक्खित्तं पुरिससहस्सवाहिणिं सीयं उवट्ठवेह, उवट्ठवेत्ता मम एयमाणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा जाव पच्चप्पिणंति । तए णं से जमाली खत्तियकुमारे केसालंकारेणं, वत्थालंकारेणं, मल्लालंकारेणं, आभरणालंकारेणं चउव्विहेणं अलंकारेणं अलंकारिए समाणे पडिपुन्नालंकारे सीहासणाओ अब्भुट्ठेइ, सिहासणाओ अब्भुट्ठित्ता सीयं अणुप्पदाहिणीकरेमाणे सीयं दुरूहइ, दुरूहित्ता सीहासणवरंसि पुरत्थाऽभिमुहे सन्निसन्ने । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स माता ण्हाया, कय–(बलिकम्मा) जाव –सरीरा हंसलक्खणं पडसाडगं गहाय सीयं अणुप्पदाहिणीकरेमाणी सीयं दुरूहइ, सीयं दुरूहित्ता जमालिस्स खत्तियकुमारस्स दाहिणे पासे भद्दासणवरंसि सन्निसन्ना । तए णं तस्स जमालिस्स-खत्तियकुमारस्स अम्मधाती ण्हाया, जाव –सरीरा रयहरणं पडिग्गहं च गहाय सीयं अणुप्पदाहिणीकरेमाणी सीयं दुरूहइ, सीयं दुरूहित्ता जमालिस्स खत्तियकुमारस्स वामे पासे भद्दासणवरंसि सन्निसन्ना । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पिट्ठओ एगा वरतरुणी सिंगारागारचारुवेसा संगयगय– जाव रूव–जोव्वण–विलासकलिया सुंदरथण– हिम–रयय–कुमुद–कुंदें–दुप्पगासं सकोरंटमल्लदामं धवलं आयवत्तं गहाय सलीलं [1]उवरि धारेमाणीओ धारेमाणीओ चिट्ठति । तए णं तस्स जमालिस्स उभओ पासिं दुवे वरतरुणीओ सिंगारागारचारु– जाव –कलियाओ, णाणामणि–कणग–रयण–विमलमहरिहतवणिज्जु–ज्जलविचित्तदंडाओ, चिल्लियाओ, संखं–क–कुंदें–दु–दगरय–अमयमहिय-फेणपुंजसन्निकासाओ धवलाओ चामराओ गहाय सलीलं [2]वीयमाणीओ वीयमाणीओ चिट्ठंति । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स [3]उत्तरपुरत्थिमेणं एगा वरतरुणी सिंगारागार– जाव –कलिया [4]सेतं रययामयं विमलसलिलपुण्णं मत्तगयमहामुहाकितिसमाणं भिंगारं गहाय चिट्ठइ । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स दाहिणपुरत्थिमेणं एगा वरतरुणी सिंगारागार– जाव –कलिया चित्तकणगदंडं तालवेंटं गहाय चिट्ठइ । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ को० २ सद्दावित्ता एवं वयासी–खिप्पामेव भो देवाणुप्पिया ! सरिसयं, सरित्तयं, सरिव्वयं, सरिसलावन्न–रूव–जोव्वण–गुणोववेयं, एगाभरण–वसणगहियनिज्जोयं कोडुंबियवरतरुणसहस्सं सद्दावेह । तए णं ते कोडुंबियपुरिसा जाव पडिसुणित्ता खिप्पामेव सरिसयं, सरित्तयं, जाव सद्दावेंति । तए णं ते कोडुंबियपुरिसा जमालिस्स खत्तियकुमारस्स पिउणा कोडुंबियपुरिसेहिं सद्दाविया समाणा हट्ठ–तुट्ठ–ण्हाया, कयबलिकम्मा, कयकोउय–मंगल–पायच्छित्ता, एगाभरण–वसणगहिय-

छे. वधारे शुं कहेवुं? पण ग्रंथिम–गुंथेली, वेष्टिम–वींटेली, पूरिम–पूरेली अने संघातिम–परस्पर संघात वडे तैयार थयेली चारे प्रकारनी माळाओ वडे कल्पवृक्षनी पेठे ते जमालि कुमारने अलंकृत–विभूषित करे छे. त्यार बाद ते जमालि क्षत्रियकुमारना पिता कौटुंबिक पुरुषोने बोलावे छे. अने बोलावीने तेणे आ प्रमाणे कह्युं के–'हे देवानुप्रियो! शीघ्र सेंकडो स्तंभोवडे सहित लीलापूर्वक पुतळीओथी युक्त–इत्यादि *राजप्रश्नीयसूत्रमां विमाननुं वर्णन कर्युं छे तेवी यावत् मणिरत्ननी घंटिकाओना समूह युक्त, हजार पुरुषोथी उंचकी शकाय तेवी शीबिका–पालखीने तैयार करो अने तैयार करीने मारी आज्ञा पाछी आपो.' त्यारबाद ते कौटुंबिक पुरुषो यावत् आज्ञाने पाछी आपे छे. त्यार पछी ते जमालि क्षत्रियकुमार केशालंकार, वस्त्रालंकार माल्यालंकार अने आभरणालंकार ए चार प्रकारना अलंकारथी अलंकृत थइ प्रतिपूर्ण अलंकारथी विभूषित थइ सिंहासनथी उठे छे. उठीने ते शिबिकाने प्रदक्षिणा दइने तेना उपर चढे छे. चढीने उत्तम सिंहासन उपर पूर्व दिशा सन्मुख बेसे छे. त्यारपछी ते जमालि क्षत्रियकुमारनी माता स्नांन करी बलिकर्म करी यावत् शरीरने अलंकृत करी, हंसना चिह्नवाळा पटशाटकने लइ शिबिकाने प्रदक्षिणा करी तेना उपर चढे छे; अने चढीने ते जमालि क्षत्रियकुमारने जमणे पडखे उत्तम भद्रासन उपर बेठी. पछी जमालि क्षत्रियकुमारनी धावमाता स्नान करी यावत् शरीरने शणगारी रजोहरण अने पात्रने लइ ते शिबिकाने प्रदक्षिणा करी तेना उपर चढे छे, अने चढीने जमालि क्षत्रियकुमारने डाबे पडखे उत्तम भद्रासन उपर बेठी. त्यारपछी ते जमालि क्षत्रियकुमारनी पाछळ मनोहर आकार अने सुंदर पहेरवेशवाळी, संगतगतिवाळी यावत् रूप अने यौवनना विलासथी युक्त, सुंदर स्तनवाळी एक युवती हिम, रजत, कुमुद, मोगरानुं फुल अने चंद्रसमान कोरंटकपुष्पनी माळायुक्त, धोळुं छत्र हाथमां लइ तेने लीलापूर्वक धारण करती उभी रहे छे. त्यारपछी ते जमालिने बन्ने पडखे शृंगारना जेवा मनोहर आकारवाळी अने सुंदर वेषवाळी उत्तम बे युवती स्त्रीओ यावत् अनेक प्रकारना मणि, कनक, रत्न अने विमल, महामूल्य तपनीय (रक्त सुवर्ण–)थी बनेला, उज्ज्वल विचित्र दंडवाळां, दीपतां, शंख, अंक, मोगराना फुल, चंद्र, पाणीना बिन्दु अने मथेल अमृतना फीणना समान धोळां चामरोने ग्रहण करी लीलापूर्वक वींजती उभी रहे छे. पछी ते जमालि क्षत्रियकुमारनी उत्तरपूर्व दिशाए शृंगारना गृह जेवी उत्तम वेषवाळी यावत् एक उत्तम स्त्री श्वेत रजतमय, पवित्र पाणीथी भरेला अने उन्मत्त हस्तीना मोटा मुखना आकारवाळा कलशने ग्रहण करीने यावत् उभी रहे छे. त्यार पछी ते जमालि क्षत्रियकुमारनी दक्षिणपूर्वे शृंगारना गृहरूप उत्तम वेषवाळी यावत् एक उत्तम स्त्री

---

१ उवधरेमाणी २ ङ। २ वीएमाणीओ २ क। ३–पुरच्छिमेणं ग–घ ङ। ४ सेत–रययाम– ग–घ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निज्जोया जेणेव जमालिस्स खत्तियकुमारस्स पिया तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता करयल- जाव वद्धावेत्ता एवं वयासी-संदिसंतु णं देवाणुप्पिया! जं अम्हेहिं करणिज्जं । तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया तं कोडुंबियवर-तरुणसहस्सं पि एवं वयासी-तुब्भे णं देवाणुप्पिया! ण्हाया कयबलिकम्मा जाव-गहियनिज्जोग्गा जमालिस्स खत्तियकुमा-रस्स सीयं परिवहह । तए णं ते कोडुंबियपुरिसा जमालिस्स खत्तियकुमारस्स जाव पडिसुणित्ता ण्हाया जाव -गहिय-निज्जोगा जमालिस्स खत्तियकुमारस्स सीयं परिवहंति । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पुरिससहस्सवाहिणिं सीयं दुरूढस्स समाणस्स तप्पढमयाए इमे अट्ठ-ट्ठ मंगलगा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया; तं जहा-सोत्थिय-सिरिवच्छ-जाव -दप्पणा; तदाणंतरं च णं पुन्नकलसभिंगारं जहा उववाइए, जाव -गगणतलमणुलिहंती पुरओ अहाणुपुव्वीए संपट्ठिया, एवं जहा उववाइए तहेव भाणियव्वं, जाव-आलोयं च करेमाणा जयजयसद्दं च पउंजमाणा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया। तदाणंतरं च णं बहवे उग्गा भोगा जहा उववाइए जाव महापुरिसवग्गुरापरिक्खित्ता, जमालिस्स खत्तियकुमारस्स पुरओ य मग्गतो य पासओ[2] य अहाणुपुव्वीए संपट्ठिया।

२६. तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया ण्हाया कयबलिकम्मा[3] जाव -विभूसिए हत्थिक्खंधवरगए सकोरंट-मल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं उद्धुव्वमाणीहिं हय-गय-रह-पवरजोहकलियाए चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे, महयाभडचडगर- जाव -परिक्खित्ते जमालिस्स खत्तियकुमारस्स पिट्ठओ अणुगच्छइ । तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पुरओ महं आसा, आसवरा, उभओ पासिं णागा, णागवरा, पिट्ठओ रहा, रहसंगेल्ली। तए णं से जमाली खत्तियकुमारे[4] अब्भुग्गतभिंगारे, परिग्गहियतालियंटे, ऊसवियसेतछत्ते, पवीइयसेतचामरबालवीयणाए,[5] सव्विड्ढीए जाव णादितरवेणं, तयाणंतरं[6] च णं बहवे लट्ठिग्गाहा कुंतग्गाहा जाव पुत्थयग्गाहा, जाव वीणग्गाहा[7]; तयाणंतरं च णं अट्ठसयं

विचित्र सोनाना दंडवाळा विंजणाने लइने उभी रहे छे, पछी ते जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषोने बोलाव्या अने बोला-वीने आ प्रमाणे कह्युं के-'हे देवानुप्रियो! शीघ्र सरखा, समानत्वचावाळा, समानउमरवाळा, समानलावण्य, रूप अने यौवन गुण-युक्त, अने एक सरखा आभरण अने वस्त्ररूप परिकरवाळा एक हजार उत्तम युवान कौटुंबिक पुरुषोने बोलावो'. पछी ते कौटुंबिक पुरु-षोए यावत् पोताना स्वामीनुं वचन स्वीकारीने जलदी एक सरखा अने सरखी त्वचावाळा यावत् एक हजार पुरुषोने बोलाव्या. त्यारपछी ते जमालि क्षत्रियकुमारना पिताए कौटुंबिक पुरुषोद्वारा बोलावेला ते कौटुंबिक पुरुषो हर्षित अने तुष्ट थया. स्नान करी, बलिकर्म (पूजा) करी, कौतुक अने मंगलरूप प्रायश्चित्त करी, एकसरखा घरेणां अने वस्त्ररूप परिकरवाळा थईने तेओ ज्यां जमालि क्षत्रियकुमारना पिता छे त्यां आवे छे. आवीने हाथ जोडी यावत् वधावी तेओए आ प्रमाणे कह्युं के-'हे देवानुप्रिय! जे कार्य अमारे करवानुं होय ते फरमावो.' पछी ते जमालिकुमारना पिताए ते हजार कौटुंबिक उत्तम युवान पुरुषोने आ प्रमाणे कह्युं के-'हे देवानुप्रियो! स्नान करी, बलिकर्म करी अने यावत् एक सरखां आभरण अने वस्त्ररूपपरिकरवाळा तमे जमालि क्षत्रियकुमारनी शिबिकाने उपाडो.' पछी ते जमालि क्षत्रियकुमारना पितानुं वचन स्वीकारी स्नान करेला यावत् सरखो पहेरवेश धारण करेला ते कौटुम्बिक पुरुषो जमालि क्षत्रियकुमारनी शिबिका उपाडे छे. पछी ज्यारे ते जमालि क्षत्रियकुमार हजार पुरुषोथी उपाडेली शीबिकामां बेठो त्यारे सौ पहेलां आ आठ आठ मंगलो आगळ अनुक्रमे चाल्या. ते आ प्रमाणे १ स्वस्तिक, २ श्रीवत्स, यावद् ८ दर्पण. ते आठ मंगळ पछी पूर्ण कलश चाल्यो- इत्यादि* औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावद् गगन तलनो स्पर्श करती एवी वैजयंती-ध्वजा आगळ अनुक्रमे चाली-इत्यादि †औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावत् जय जय शब्दनो उच्चार करता तेओ आगळ अनुक्रमे चाल्या. त्यारपछी घणा उग्रकुलमां उत्पन्न थयेला, भोगकुलमां उत्पन्न थयेला पुरुषो औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावत् मोटा पुरुषो रूपी वागुराथी वींटायेला जमालि क्षत्रियकुमारनी आगळ, पाछळ अने पडखे अनुक्रमे चाल्या.

२६. त्यारपछी ते जमालिकुमारना पिता स्नान करी, बलिकर्म करी यावद् विभूषित थइ हाथीना उत्तम स्कंध उपर चडी, कोरंटक पुष्पनी माळा युक्त, [मस्तके] धारण कराता छत्रसहित, बे श्वेत चामरोथी वींजाता २, घोडा, हाथी, रथ अने प्रवर योधाओ सहित चतुरंगिणी सेना साथे परिवृत थइ, मोटा सुभटना वृन्दथी यावत् वींटायेला जमालि क्षत्रियकुमारनी पाछळ चाले छे, त्यारपछी ते जमालि क्षत्रियकुमारनी आगळ मोटा अने उत्तम घोडाओ, अने बन्ने पडखे उत्तम हाथीओ, पाछळ रथो अने रथनो समूह चाल्यो. त्यार बाद ते जमालिकुमार सर्व ऋद्धिसहित यावत् वादित्रना शब्दसहित चाल्यो. तेनी आगळ कळश अने तालवृन्तने लइने पुरुषो चालता हता, तेना उपर उंचे श्वेत छत्र धारण करायुं हतुं, अने तेना पडखे श्वेत चामर अने नाना पंखाओ वींजाता हता. त्यार पछी केटलाक लाक-

---

१ तुज्झे णं घ-ङ। २ पासाओ य क-ग। ३ कय-जाव क-ङ। ४-कुमारस्स। ५ -वीयणीए ग-घ-ङ। ६ तयणंतरं क। ७-ग्गहा ग-ङ।

* औपपा. प. ६९-१ † औपपा. प. ६९-१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गयाणं, अट्ठसयं तुरयाणं, अट्ठसयं रहाणं; तदाणंतरं च णं लउड–असि–कोंतहत्थाणं बहूणं पायत्ताणीणं पुरओ संपट्ठियं, तयाणंतरं च णं बहवे राईसर–तलवर–जाव सत्थवाहप्पभियओ पुरओ संपट्ठिया खत्तियकुंडग्गामं नयरं मज्झंमज्झेणं जेणेव माहणकुंडग्गामे नयरे, जेणेव बहुसालए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव पाहारेत्थ गमणाए।

२७. तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स खत्तियकुंडग्गामं नयरं मज्झंमज्झेणं निग्गच्छमाणस्स सिंघाडग–तिय–चउक्क– जाव पहेसु बहवे अत्थत्थिया, जहा उववाइए, जाव अभिनंदिता य अभित्थुणंता य एवं वयासी–'जय जय णंदा ! धम्मेणं, जय जय नंदा ! तवेणं, जय जय नंदा ! भद्दं ते अभग्गेहिं णाण–दंसण–चरित्तमुत्तमेहिं, अजियाइं जिणाहि इंदियाइं, जीयं च पालेहि समणधम्मं; जियविग्घो वि य वसाहि तं देव ! सिद्धिमज्झे, णिहणाहि य राग–दोसमल्ले तवेण धितिधणियबद्धकच्छे, मद्दाहि य अट्ठ कम्मसत्तू झाणेणं उत्तमेणं सुक्केणं, अप्पमत्तो हराहि आराहणपडागं च धीर ! तेलोक्करंगमज्झे, पावय वितिमिरमणुत्तरं केवलं च णाणं, गच्छ य मोक्खं परं पदं जिणवरोवदिट्ठेणं सिद्धमग्गेणं अकुडिलेणं, हंता परीसहचमूं, अभिभविय गामकंटकोवसग्गाणं, धम्मे ते अविग्घमत्थु'त्ति कट्टु अभिनंदंति य अभिथुणंति य।

तए णं से जमाली खत्तियकुमारे नयणमालासहस्सेहिं पिच्छिज्जमाणे पिच्छिज्जमाणे एवं जहा उववाइए कुणिओ, जाव णिग्गच्छति; णिग्गच्छित्ता जेणेव माहणकुंडग्गामे नयरे जेणेव बहुसालए चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता छत्तादीए तित्थगरातिसए पासइ, पासित्ता पुरिससहस्सवाहिणिं सीयं ठवेइ, पुरिससहस्सवाहिणीओ सियाओ पच्चोरुहइ। तए णं तं जमालिं खत्तियकुमारं अम्मा–पियरो पुरओ काउं जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो जाव नमंसित्ता एवं वयासी–एवं खलु भंते ! जमाली खत्तियकुमारे अम्हं एगे पुत्ते इट्ठे कंते, जाव किमंग ! पुण पासणयाए, से जहा णामए उप्पले इ वा, पउमे इ वा, जाव सहस्सपत्ते इ वा पंके जाए जले संवुड्ढे णोऽवलिप्पति पंकरएणं,

डीवाळा, भालावाळा, यावत् पुस्तकवाळा यावत् वीणावाळा पुरुषो चाल्या. त्यारपछी एकसो आठ हाथी, एकसो आठ घोडा अने एकसो आठ रथो चाल्या, त्यारपछी लाकडी, तरवार अने भालाने ग्रहण करी मोटुं पायदळ आगळ चाल्युं, त्यारपछी घणा युवराजो, धनिको, तलवरो, यावत् सार्थवाह प्रमुख आगळ चाल्या. यावद् क्षत्रियकुंडग्राम नगरनी वच्चे थइने ज्यां ब्राह्मणकुंडग्राम नामे नगर छे, ज्यां बहुशालक चैत्य छे अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां जवानो विचार कर्यो.

२७. त्यारपछी क्षत्रियकुंडग्राम नगरनी वचोवच निकळता ते जमालि क्षत्रियकुमारने शृंगाटक, त्रिक, चतुष्क यावत् मार्गोमां घणा धनना अर्थिओए, कामना अर्थिओए–इत्यादि *औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावत् अभिनंदन आपता, स्तुति करता आ प्रमाणे कह्युं के–'हे नंद–आनन्ददायक ! तारो धर्म वडे जय थाओ, हे नन्द ! तारो तपवडे जय थाओ, हे नन्द ! तारुं भद्र थाओ, अभग्न–अखंडित अने उत्तम ज्ञान, दर्शन अने चारित्र वडे अजित एवी इन्द्रियोने तुं जित, अने जीतिने श्रमण धर्मनुं पालन कर. हे देव ! विघ्नोने जीती तुं सिद्धिगतिमां निवास कर. धैर्यरूप कच्छने मजबूत बांधीने तपवडे रागद्वेषरूप मल्लोनो घात कर. उत्तम शुक्ल ध्यानवडे अष्टकर्मरूप शत्रुनुं मर्दन कर. वळी हे धीर ! तुं अप्रमत्त थइ त्रणलोकरूप रंगमंडप मध्ये आराधनापताकाने ग्रहण करी निर्मळ अने अनुत्तर एवा केवलज्ञानने प्राप्त कर, अने जिनवरे उपदेशेल सरल सिद्धिमार्गवडे परमपदरूप मोक्षने प्राप्त कर. परीषहरूप सेनाने हणीने इन्द्रियोने प्रतिकूल उपसर्गोनो पराजय कर. तने धर्ममां अविघ्न थाओ'–ए प्रमाणे तेओ अभिनंदन आपे छे अने स्तुति करे छे.

त्यारबाद ते जमालि क्षत्रियकुमार हजारो नेत्रोनी मालाओथी वारंवार जोवातो –इत्यादि †औपपातिकसूत्रमां कूणिकना प्रसंगे कह्युं छे तेम अहिं जाणवुं; यावत् ते [ जमालि ] नीकळे छे. नीकळीने ज्यां ब्राह्मणकुंडग्राम नामे नगर छे, ज्यां बहुशाल नामे चैत्य छे त्यां आवे छे. त्यां आवीने तीर्थंकरना छत्रादिक अतिशयोने जुए छे, जोइने हजार पुरुषोथी वहन कराती ते शिबिकाने उभी राखे छे. उभी राखीने ते शिबिका थकी नीचे उतरे छे. त्यारपछी ते जमालि क्षत्रियकुमारने आगळ करी तेना माता–पिता ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे. त्यां आवीने श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी यावत् नमी तेओ आ प्रमाणे बोल्या के–'हे भगवन् ! ए प्रमाणे खरेखर आ जमालि क्षत्रियकुमार अमारे एक इष्ट अने प्रिय पुत्र छे, जेनुं नाम श्रवण पण दुर्लभ छे, तो दर्शन दुर्लभ होय तेमां शुं कहेवुं ? जेम कोइ एक कमळ, पद्म, यावत् सहस्रपत्र कादवमां उत्पन्न थाय, अने पाणीमां वधे, तोपण ते पंकनी रजथी तेम जलना कणथी लेपातुं नथी; ए प्रमाणे आ जमालि क्षत्रियकुमार पण कामथकी उत्पन्न थयो छे अने भोगोथी वृद्धि पाम्यो छे, तो पण ते कामरजथी

---

१ संपट्ठिया क–ङ। २ जाव णादिसरवेणं खत्तिय–ग–घ। ३ –तियच–ङ। ४ अभिणंदेहिं ग। ५ जियाइं ग–ङ। ६ णिहण क। ७ –बद्धकच्छो क। ८ –वाहिणीं सीयं घ। ९ –रूभति क। १० गच्छइ ग–घ–ङ। ११ पउमसहस्स–ग–घ।

२७. * औपपा० प. ७३–१. † औपपा० प. ७५–१.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णोऽवलिप्पइ जलरएणं, एवामेव जमाली वि खत्तियकुमारे कामेहिं जाए, भोगेहिं संवुड्ढे णो विलिप्पइ कामरएणं, णो विलिप्पइ भोगरएणं, णो विलिप्पइ मित्त–णाइ–णियगसयण–संबंधिपरिजणेणं। एस णं देवाणुप्पिया! संसारभयुव्विग्गे भीए जम्मण–मरणेणं; देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वतेति; तं एयं णं देवाणुप्पियाणं अम्हे सीसभिक्खं दलयामो, पडिच्छंतु णं देवाणुप्पिया! सीसभिक्खं।

२८. तए णं समणे भगवं महावीरे जमालिं खत्तियकुमारं एवं वयासी–अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं। तए णं से जमाली खत्तियकुमारे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ–तुट्ठे समणं भगवं महावीरं तिक्खुत्तो जाव नमंसित्ता उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ, अवक्कमित्ता सयमेव आभरण–मल्ला–लंकारं ओमुयइ। तए णं सा जमालिस्स खत्तियकुमारस्स माया हंसलक्खणेणं पडसाडएणं आभरण–मल्ला–लंकारं पडिच्छति, आ० २ पडिच्छित्ता हार–वारि– जाव विणिम्मुयमाणी विणिम्मुयमाणी जमालिं खत्तियकुमारं एवं वयासी–घडियव्वं जाया! जइयव्वं जाया! परिक्कमियव्वं जाया! अस्सिं च णं अट्ठे, णो पमाएतव्वं ति कट्टु जमालिस्स खत्तियकुमारस्स अम्मा–पियरो समणं भगवं महावीरं [3]वंदंति, णमंसंति, वंदित्ता णमंसित्ता जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया।

२९. तए णं से जमाली खत्तियकुमारे सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, एवं जहा उसभदत्तो तहेव पव्वइओ; नवरं पंचहिं पुरिससएहिं सद्धिं तहेव जाव सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, सा० २ अहिज्जित्ता बहूहिं चउत्थ–छट्ठ–ट्ठम– जाव –मासद्ध–मासखमणेहिं विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ।

३०. तए णं से जमाली अणगारे अन्नया कयाइ जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी–इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुन्नाए समाणे पंचहिं अणगारसएहिं सद्धिं बहिया जणवयविहारं विहरित्तए। तए णं समणे भगवं महावीरे जमालिस्स अणगारस्स एयमट्ठं णो आढाइ, णो

अने भोगरजथी लेपातो नथी, तेमज मित्र, ज्ञाति, पोताना स्वजन, संबन्धी अने परिजनथी पण लेपातो नथी. हे देवानुप्रिय! आ जमालि क्षत्रियकुमार संसारना भयथी उद्विग्न थयो छे, जन्म मरणथी भयभीत थयो छे, अने देवानुप्रिय एवा आपनी पासे मुंड–दीक्षित थइने अगारवासथी अनगारिकपणाने स्वीकारवाने इच्छे छे. तो देवानुप्रियने अमे आ शिष्यरूपी भिक्षा आपीए छीए. तो हे देवानुप्रिय! आप आ शिष्यरूप भिक्षानो स्वीकार करो'.

२८. त्यारे श्रमण भगवंत महावीरे ते जमालि क्षत्रियकुमारने आ प्रमाणे कह्युं के–'हे देवानुप्रिय! जेम सुख उपजे तेम करो, प्रतिबन्ध न करो'. ज्यारे श्रमण भगवान् महावीरे जमालि क्षत्रियकुमारने ए प्रमाणे कह्युं त्यारे ते हर्षित थइ, तुष्ट थइ, यावत् श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी यावद् नमस्कार करी, उत्तरपूर्व दिशा तरफ जाय छे. जइने पोतानी मेळे आभरण, माला अने अलंकार उतारे छे. पछी ते जमालि क्षत्रियकुमारनी माता हंसना चिह्नवाळा पटशाटकथी आभरण, माला अने अलंकारोने ग्रहण करे छे. ग्रहण करीने हार अने पाणीनी धारा जेवा आंसु पाडती २ तेणे पोताना पुत्र जमालिने आ प्रमाणे कह्युं के–'हे पुत्र! संयमने विषे प्रयत्न करजे, हे पुत्र! यत्न करजे, हे पुत्र! पराक्रम करजे, संयम पाळवामां प्रमाद न करीश. ए प्रमाणे (कहीने) ते जमालि क्षत्रियकुमारना माता–पिता श्रमण भगवंत महावीरने वांदे छे, नमे छे; वांदी अने नमीने जे दिशाथी तेओ आव्या हता ते दिशाए पाछा गया.

२९. त्यारपछी ते जमालि क्षत्रियकुमार पोतानी मेळे पंच मुष्टिक लोच करे छे; करीने ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे, आवीने *ऋषभदत्त ब्राह्मणनी पेठे तेणे प्रव्रज्या लीधी. परन्तु जमालि क्षत्रियकुमारे पांचसो पुरुषो साथे प्रव्रज्या लीधी–इत्यादि सर्व जाणवुं. यावत् ते जमालि अनगार सामायिकादि अगीआर अंगोने भणे छे. भणीने घणा चतुर्थ भक्त, छट्ठ, अट्ठम, अने यावत् मासार्ध तथा मासक्षमणरूप विचित्र तपकर्मवडे आत्माने भावित करता विहरे छे.

३०. त्यार बाद अन्य कोइ दिवसे ते जमालि अनगार ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे, आवीने श्रमण भगवंत महावीरने वांदे छे, नमे छे. वांदी अने नमीने तेणे आ प्रमाणे कह्युं के–'हे भगवन्! तमारी अनुमतिथी हुं पांचसे अनगारनी साथे बहारना देशोमां विहार करवाने इच्छुं छुं.' त्यारे श्रमण भगवान् महावीरे जमालि अनगारनी आ वातनो आदर न कर्यो, स्वीकार न कर्यो,

---

१ पव्वइत्तए ङ। २ –तव्वत्ति क–ङ। ३–वंदइ णमंसइ ग–घ। ४–५ दिसिं ग–घ। ६ खत्तिए घ। ७ उवागच्छित्ता एवं ग–घ–ङ। ८ जाव सव्वं सा–घ।

२९. * जुओ–भग. खं ३. श. ९–उ–३३ पृ. ६.

परिजाणइ, तुसिणीए संचिट्ठइ । तए णं से जमाली अणगारे समणे भगवं महावीरं दोच्चं पि तच्चं पि एवं वयासी–इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुन्नाए समाणे पंचहिं अणगारसएहिं सद्धिं जाव विहरित्तए । तए णं समणे भगवं महावीरे जमालिस्स अणगारस्स दोच्चं पि, तच्चं पि एयमट्ठं णो आढाइ, जाव तुसिणीए संचिट्ठइ । तए णं से जमाली अणगारे समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता, णमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ, बहुसालाओ चेइयाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता पंचहिं अणगारसएहिं सद्धिं बहिया जणवयविहारं विहरइ ।

३१. तेणं कालेणं, तेणं समएणं सावत्थी नामं नयरी होत्था, वण्णओ; कोट्ठए चेइए, वन्नओ, जाव वणसंडस्स । तेणं कालेणं, तेणं समएणं चंपा नामं नयरी होत्था, वन्नओ । पुण्णभद्दे चेइए, वन्नओ, जाव पुढविसिलापट्टओ । तए णं से जमाली अणगारे अन्नया कयाइं पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुग्गामं दूइज्जमाणे जेणेव सावत्थी नयरी, जेणेव कोट्ठए चेइए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता अहापडिरूवं उग्गहं ओगिण्हइ, अ० २ ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं समणे भगवं महावीरे अन्नया कयाइं पुव्वाणुपुव्विं चरमाणे, जाव सुहंसुहेणं विहरमाणे जेणेव चंपा नयरी, जेणेव पुण्णभद्दे चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता अहापडिरूवं उग्गहं ओगिण्हति, अ० २ ओगिण्हित्ता संजमेणं, तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

३२. तए णं तस्स जमालिस्स अणगारस्स तेहिं अरसेहि य, विरसेहि य, अंतेहि य, पंतेहि य, लूहेहि य, तुच्छेहि य, कालाइक्कंतेहि य, पमाणाइक्कंतेहि य, सीएहि य पाण–भोयणेहिं अन्नया कयाइं सरीरगंसि विउले रोगातंके पाउब्भूए, उज्जले, विउले, पगाढे, कक्कसे, कडुए, चंडे, दुक्खे, दुग्गे, तिव्वे, दुरहियासे । पित्तज्जरपरिगतसरीरे, दाहवुक्कंतिए या वि विहरइ । तए णं से जमाली अणगारे वेयणाए अभिभूए समाणे समणे णिग्गंथे सद्दावेति, स० २ सद्दावित्ता एवं वयासी–तुब्भे णं देवाणुप्पिया ! मम सेज्जासंथारगं संथरह । तए णं ते समणा णिग्गंथा जमालिस्स अणगारस्स एतमट्ठं विणएणं पडिसुणेंति, पडिसुणित्ता जमालिस्स अणगारस्स सेज्जासंथारगं संथरंति । तए णं से जमाली अणगारे बलियतरं वेदणाए अभिभूए समाणे दोच्चं पि समणे निग्गंथे सद्दावेइ, सद्दावित्ता दोच्चं पि एवं वयासी–ममं णं देवाणुप्पिया ! सेज्जासंथारए णं किं कडे, कज्जइ ?*

परन्तु मौन रह्या. त्यार पछी ते जमालि अनगारे श्रमण भगवंत महावीरने बीजी वार, त्रीजी वार पण ए प्रमाणे कह्युं के–'हे भगवन् ! तमारी अनुमतिथी हुं पांचसो साधु साथे यावत् विहार करवाने इच्छुं छुं.' पछी श्रमण भगवान् महावीरे जमालि अनगारनी आ वातनो बीजी वार, त्रीजी वार पण आदर न कर्यो, यावत् मौन रह्या. त्यारबाद जमालि अनगार श्रमण भगवंत महावीरने वांदे छे, नमे छे. वांदीने–नमीने श्रमण भगवंत महावीर पासेथी अने बहुशाल नामे चैत्यथी नीकळे छे, नीकळीने पांचसो साधुओनी साथे बहारना देशोमां विहार करे छे.

**श्रावस्ती नगरी. कोष्ठक चैत्य. चंपा नगरी, पूर्णभद्र चैत्य. श्रावस्ती. कोष्ठकचैत्य.**

३१. ते काले अने ते समये श्रावस्ती नामे नगरी हती. *वर्णन. त्यां कोष्ठक नामे चैत्य हतुं. †वर्णन यावत् वनखंड सुधी जाणवुं. ते काले अने ते समये चंपा नामे नगरी हती, वर्णन. पूर्णभद्र चैत्य हतुं. वर्णन. यावत् पृथिवीशिलापट्ट हतो. हवे अन्य कोइ दिवसे ते जमालि अनगार पांचसो साधुओना परिवारनी साथे अनुक्रमे विहार करता, एक गामथी बीजे गाम जता ज्यां श्रावस्ती नामे नगरी छे, अने ज्यां कोष्ठक चैत्य छे त्यां आवे छे. त्यां आवीने यथायोग्य अवग्रहने ग्रहण करीने संयम अने तपवडे आत्माने भावित करता विहरे छे. त्यारबाद अन्य कोई दिवसे श्रमण भगवान् महावीर अनुक्रमे विचरता यावत् सुखपूर्वक विहार करता ज्यां चंपानगरी छे, अने ज्यां पूर्णभद्र चैत्य छे त्यां आवे छे, आवीने यथायोग्य अवग्रहने ग्रहण करी संयम अने तपवडे आत्माने भावित करता विचरे छे.

३२. हवे अन्य कोइ दिवसे ते जमालि अनगारने रसरहित, विरस, अन्त, प्रान्त, रुक्ष (लुखा) तुच्छ, कालातिक्रांत, (भुख तरसनो काल वीती गया पछी) प्रमाणातिक्रांत (प्रमाणथी वधारे के ओछा) शीत पान–भोजनथी शरीरमां मोटो व्याधि पेदा थयो, ते व्याधि अत्यन्त दाह करनार, विपुल, सख्त, कर्कश, कटुक, चंड, (भयंकर) दुःखरूप, कष्टसाध्य, तीव्र अने असह्य हतो, तेनुं शरीर पित्तज्वरथी व्याप्त होवाथी ते दाहयुक्त हतो. हवे ते जमालि अनगार वेदनाथी पीडित थयेलो पोताना श्रमण निर्ग्रंथोने बोलावे छे. बोलावीने तेणे ए प्रमाणे कह्युं के–'हे देवानुप्रियो ! तमे मारे सुवा माटे संस्तारक (शय्या) पाथरो'. त्यारबाद ते श्रमण निर्ग्रन्थो जमालि अनगारनी आ वातनो विनयपूर्वक स्वीकार करे छे, स्वीकारीने जमालि अनगारने सुवा माटे संस्तारक पाथरे छे. ज्यारे ते जमालि अनगार अत्यंत वेदनाथी व्याकुल थयो त्यारे फरीथी श्रमण निर्ग्रंथोने बोलाव्या अने बोलावीने फरीथी तेणे आ प्रमाणे कह्युं के–'हे देवानुप्रियो ! मारे माटे

---

१ कयावि घ । २ तुज्झे णं घ–ङ । ३ अयमट्ठं घ–ङ । *' एवं वुत्ते समाणे समणा निग्गंथा एवं बिंति–भो सामी ! कीरइ' इत्यधिकः पाठः ग–घ ।

३१. * जुओ उववाइअ चंपानगरीनुं वर्णन. प. १–१.  † जुओ उववाइअ पूर्णभद्रचैत्यनुं वर्णन. प. ४–२.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

**तते णं ते समणा निग्गंथा जमालिं अणगारं एवं वयासी–णो खलु देवाणुप्पिया णं सेज्जासंथारए कडे, कज्जइ। तए णं तस्स जमालिस्स अणगारस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था–जं णं समणे भगवं महावीरे एवं आइक्खइ, जाव एवं परूवेइ–एवं खलु चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरीए, जाव निज्जरिज्जमाणे णिज्जिन्ने; तं णं मिच्छा; इमं च णं पच्चक्खमेव दीसइ सेज्जासंथारए कज्जमाणे अकडे, संथरिज्जमाणे असंथरिए; जम्हा णं सेज्जासंथारए कज्जमाणे अकडे, संथरिज्जमाणे असंथरिए तम्हा चलमाणे वि अचलिए, जाव निज्जरिज्जमाणे वि अणिज्जिन्ने, एवं संपेहेइ, संपेहित्ता समणे णिग्गंथे सद्दावेइ, सम० २ सद्दावित्ता एवं वयासी–जं णं देवाणुप्पिया! समणे भगवं महावीरे एवं आइक्खइ, जाव परूवेइ–एवं खलु चलमाणे चलिए, तं चेव सव्वं जाव णिज्जरमाणे अणिज्जिन्ने। तए णं तस्स जमालिस्स अणगारस्स एवं आइक्खमाणस्स जाव परूवेमाणस्स अत्थेगईया समणा णिग्गंथा एयमट्ठं सद्दहंति, पत्तियंति, रोयंति, अत्थेगईया समणा णिग्गंथा एयमट्ठं नो सद्दहंति, नो पत्तियंति, नो रोयंति। तत्थ णं जे ते समणा णिग्गंथा जमालिस्स अणगारस्स एयमट्ठं सद्दहंति, पत्तियंति, रोयंति ते णं जमालिं चेव अणगारं उवसंपज्जित्ता णं विहरंति; तत्थ णं जे ते समणा णिग्गंथा जमालिस्स अणगारस्स एयं अट्ठं णो सद्दहंति, णो पत्तियंति, णो रोयंति ते णं जमालिस्स अणगारस्स अंतियाओ, कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमंति, पडिनिक्खमित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव चंपा नयरी, जेणेव पुन्नभद्दे चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति; उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, करित्ता वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता समणं भगवं महावीरं उवसंपज्जित्ता णं विहरंति।**

**३३. तए णं से जमाली अणगारे अन्नया कयावि ताओ रोगायंकाओ विप्पमुक्के, हट्ठे जाए, अरोए बलियसरीरे, सावत्थीओ नयरीओ कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुग्गामं दूइज्जमाणे जेणेव चंपा नयरी, जेणेव पुण्णभद्दे चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा समणं भगवं महावीरं एवं वयासी–जहा णं देवाणुप्पियाणं बहवे अंतेवासी समणा णिग्गंथा**

संस्तारक कर्यो छे के कराय छे?' त्यार पछी ते श्रमण निर्ग्रन्थोए जमालि अनगारने एम कह्युं के–'देवानुप्रियने माटे शय्यासंस्तारक कर्यो नथी, पण कराय छे'. त्यार पछी ते जमालि अनगारने आ आवा प्रकारनो संकल्प उत्पन्न थयो के–"श्रमण भगवंत महावीर जे ए प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के, चालतुं होय ते चाल्युं कहेवाय, उदीरातुं होय ते उदीरायुं कहेवाय, यावत् निर्जरातुं होय ते निर्जरायुं कहेवाय, ते मिथ्या छे. कारण के आ प्रत्यक्ष देखाय छे के, शय्या संस्तारक करातो होय त्यां सुधी ते करायो नथी, पथरातो होय त्यां सुधी ते पथरायो नथी; जे कारणथी आ शय्या–संस्तारक करातो होय त्यां सुधी ते करायो नथी, पथरातो होय त्यां सुधी ते पथरायेलो नथी; ते कारणथी चालतुं होय त्यां सुधी ते चलित नथी, पण अचलित छे; यावत् निर्जरातुं होय त्यां सुधी ते निर्जरायुं नथी पण अनिर्जरित छे" ए प्रमाणे विचार करे छे. विचार करीने ते जमालि अनगार श्रमण निर्ग्रंथोने बोलावे छे, बोलावीने तेणे आ प्रमाणे कह्युं–'हे देवानुप्रियो! श्रमण भगवंत महावीर जे आ प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के–खरेखर ए प्रमाणे "चालतुं ते चलित कहेवाय"–इत्यादि, पूर्ववत् सर्व कहेवुं, यावत् निर्जरातुं होय ते निर्जरित नथी, पण अनिर्जरित छे.' ज्यारे जमालि अनगार ए प्रमाणे कहेता हता, यावत् प्ररूपणा करता हता, त्यारे केटलाएक श्रमण निर्ग्रन्थो ए वातने श्रद्धापूर्वक मानता हता, तेनी प्रतीति करता हता, रुचि करता हता; अने केटलाक श्रमण निर्ग्रन्थो ए वात मानता न होता, तथा तेनी प्रतीति अने रुचि करता न होता. तेमां जे श्रमण निर्ग्रंथो ते जमालि अनगारना आ मन्तव्यनी श्रद्धा करता हता, प्रतीति करता हता अने रुचि करता हता तेओ ते जमालि अनगारने आश्रयी विहार करे छे. अने जे श्रमण निर्ग्रंथो जमालि अनगारना ए मन्तव्यमां श्रद्धा करता न होता, प्रतीति करता न होता अने रुचि करता न होता तेओ जमालि अनगारनी पासेथी कोष्ठक चैत्य थकी बहार नीकळे छे, अने बहार नीकळीने अनुक्रमे विचरता, एक गामथी बीजे गाम विहार करता ज्यां चंपा नगरी छे, ज्यां पूर्णभद्र चैत्य छे, अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे. आवीने श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करे छे, करीने वांदे छे; नमे छे, अने वांदी–नमीने श्रमण भगवंत महावीरनी निश्राए विहार करे छे.

३३. त्यार पछी कोइ एक दिवसे ते जमालि अनगार पूर्वोक्त रोगना दुःखथी विमुक्त थयो, हृष्ट, रोगरहित अने बलवान् शरीरवाळो थयो. अने श्रावस्ती नगरीथी अने कोष्ठक चैत्यथी बहार नीकळी अनुक्रमे विचरता ग्रामानुग्राम विहार करता ज्यां चंपानगरी छे, ज्यां पूर्णभद्र चैत्य छे, अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे. आवीने श्रमण भगवंत महावीरनी अत्यन्त दूर नहि तेम अत्यन्त पासे नहि, तेम उभा रहीने श्रमण भगवंत महावीरने आ प्रमाणे कह्युं–'जेम देवानुप्रियना घणा शिष्यो श्रमण निर्ग्रन्थो छद्मस्थ

---

१ –प्पिया! से– क। २ कयाइं घ, कयाती क। ३ हट्ठे तुट्ठे जा– घ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छउमत्था भवेत्ता छउमत्थावक्कमणेणं अवक्कंता, णो खलु अहं तहा छउमत्थे भवित्ता छउमत्थावक्कमणेणं अवक्कंते; अहं णं उप्पन्ननाण-दंसणधरे अरहा जिणे केवली भवित्ता केवलिअवक्कमणेणं अवक्कंते ।

३४. तए णं भगवं गोयमे जमालिं अणगारं एवं वयासी-नो खलु जमाली ! केवलिस्स णाणे वा दंसणे वा सेलंसि वा थंभंसि वा थूभंसि वा आवरिज्जइ वा णिवारिज्जइ वा; जदि णं तुमं जमाली ! उप्पन्ननाण-दंसणधरे अरहा जिणे केवली भवित्ता केवलिअवक्कमणेणं अवक्कंते, तो णं इमाइं दो वागरणाइं वागरेहि-सासए लोए जमाली ! असासए लोए जमाली ! सासए जीवे जमाली ! असासए जीवे जमाली ? । तए णं से जमाली अणगारे भगवया गोयमेणं एवं वुत्ते समाणे संकिए कंखिए जाव कलुससमावन्ने जाए या वि होत्था, णो संचायति भगवओ गोयमस्स किंचि वि पमोक्खं आइक्खित्तए, तुसिणीए संचिट्ठइ ।

३५. 'जमालि'त्ति समणे भगवं महावीरे जमालिं अणगारं एवं वयासी-अत्थि णं जमाली ! ममं बहवे अंतेवासी समणा णिग्गंथा छउमत्था, जे णं पभू एयं वागरणं वागरित्तए, जहा णं अहं, नो चेव णं एयप्पगारं भासं भासित्तए, जहा णं तुमं । सासए लोए जमाली ! जं ण कदायि णासि, ण कयाइ ण भवति, ण कयाइ ण भविस्सइ; भुविं च, भवइ य, भविस्सइ य; धुवे, णितिए, सासए, अक्खए, अव्वए, अवट्ठिए णिच्चे । असासए लोए जमाली ! जं ओसप्पिणी भवित्ता उस्सप्पिणी भवइ, उस्सप्पिणी भवित्ता ओस्सप्पिणी भवइ । सासए जीवे जमाली ! जं न कयायि णासि, जाव णिच्चे । असासए जीवे जमाली ! जं णं नेरइए भवित्ता तिरिक्खजोणिए भवइ, तिरिक्खजोणिए भवित्ता मणुस्से भवइ, मणुस्से भवित्ता देवे भवइ ।

३६. तए णं से जमाली अणगारे समणस्स भगवतो महावीरस्स एवं आइक्खमाणस्स, जाव एवं परूवेमाणस्स एयं अट्ठं नो सद्दहति, णो पत्तियइ, णो रोएइ; एयमट्ठं असद्दहमाणे, अपत्तियमाणे, अरोएमाणे दोच्चं पि समणस्स भगवओ महावीरस्स अंतियाओ आयाए अवक्कमइ, दोच्चं पि आयाए अवक्कमित्ता बहूहिं असब्भावुब्भावणाहिं मिच्छत्ताभिणिवेसेहि य अप्पाणं च परं च तदुभयं च वुग्गाहेमाणे, वुप्पाएमाणे बहूइं वासाइं सामन्नपरियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए अत्ताणं

होइने छद्मस्थ विहारथी विहरी रह्या छे; पण हुं तेम छद्मस्थ विहारथी विहरतो नथी. हुं तो उत्पन्न थयेला ज्ञान अने दर्शन धारण करनारो अर्हन्, जिन अने केवली थइने केवलिविहारथी विचरु छुं.

भगवान् गौतमना जमालिने प्रश्नो.

३४. त्यारपछी भगवंत गौतमे ते जमालि अनगारने आ प्रमाणे कह्युं के-'हे जमालि ! खरेखर ए प्रमाणे केवलिनुं ज्ञान के दर्शन पर्वतथी स्तंभथी के स्तूपथी आवृत थतुं नथी, तेम निवारित थतुं नथी. हे जमालि ! जो तुं उत्पन्न थयेला ज्ञान, दर्शनने धारण करनार अर्हन्, जिन अने केवली थइने केवलिविहारथी विचरे छे तो आ बे प्रश्नोनो उत्तर आप. [प्र०] हे जमालि ! १ लोक शाश्वत छे के अशाश्वत छे ? हे जमालि ! २ जीव शाश्वत छे के अशाश्वत छे ? ज्यारे भगवंत गौतमे ते जमालि अनगारने पूर्वे प्रमाणे पूछ्युं त्यारे ते शंकित अने कांक्षित थयो, यावत् कलुषितपरिणामवाळो थयो. ज्यारे ते (जमालि) भगवंत गौतमना प्रश्नोनो कांइ पण उत्तर आपवा समर्थ न थयो त्यारे तेणे मौन धारण कर्युं.

लोक शाश्वत छे के अशाश्वत ? जीव शाश्वत छे के अशाश्वत ? जमालि उत्तर आपवा असमर्थ थयो.

भगवान् महावीरना उत्तरो.

३५. पछी श्रमण भगवान् महावीरे 'हे जमालि !' एम कहीने ते जमालि अनगारने आ प्रमाणे कह्युं के-'हे जमालि ! मारे घणा श्रमण निर्ग्रंथ शिष्यो छद्मस्थ छे, तेओ मारी पेठे आ प्रश्नोनो उत्तर आपवा समर्थ छे. पण जेम तुं कहे छे तेम 'हुं सर्वज्ञ अने जिन छुं' एवी भाषा तेओ बोलता नथी. हे जमालि ! लोक शाश्वत छे, कारण के 'लोक कदापि न हतो' एम नथी, 'कदापि लोक नथी' एम नथी, अने 'कदापि लोक नहि हशे' एम पण नथी. परन्तु लोक हतो, छे अने हशे. ते ध्रुव, नियत, शाश्वत, अक्षत, अव्यय, अवस्थित अने नित्य छे. वळी हे जमालि ! लोक अशाश्वत पण छे, कारण के अवसर्पिणी थइने उत्सर्पिणी थाय छे. उत्सर्पिणी थइने अवसर्पिणी थाय छे. हे जमालि ! जीव शाश्वत छे, कारण के ते 'कदापि न हतो' एम नथी, 'कदापि नथी' एम नथी अने, 'कदापि नहि हशे' एम पण नथी, जीव यावद् नित्य छे. वळी हे जमालि ! जीव अशाश्वत पण छे, कारण के नैरयिक थइने तिर्यंचयोनिक थाय छे, तिर्यंचयोनिक थइने मनुष्य थाय छे, अने मनुष्य थइने देव थाय छे.

लोक शाश्वत छे. लोक अशाश्वत छे. जीव शाश्वत छे. जीव अशाश्वत छे.

३६. त्यारपछी ते जमालि अनगार आ प्रमाणे कहेता, यावत् ए प्रकारे प्ररूपणा करता श्रमण भगवान् महावीरनी आ वातनी श्रद्धा करतो नथी, प्रतीति करतो नथी, रुचि करतो नथी, अने आ बाबतनी अश्रद्धा करतो, अप्रतीति करतो अने अरुचि करतो पोते बीजी वार पण श्रमण भगवंत महावीर पासेथी नीकळे छे. नीकळीने घणा असद्-असत्य भावने प्रकट करवा वडे अने मिथ्यात्वना अभिनिवेश वडे पोताने, परने तथा बन्नेने भ्रान्त करतो अने मिथ्याज्ञानवाळो करतो घणा वरस सुधी श्रमण पर्यायने पाळे छे, पाळीने अर्धमासिकसं-

१ तहा चेव ङ । २ अवक्कमिए ग । ३ ताणं ङ । ४ वागरेत्तए क । ५ जसं ण ङ । ६ कदावि घ । ७ जओ घ । ८ पाउणिति क ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

झूसेइ, झूसित्ता तीसं भत्ताइं अणसणाए छेदेति, तीसं० २ छेदेत्ता तस्स ट्ठाणस्स अणालोइय–पडिक्कंते कालमासे कालं किच्चा लंतए कप्पे तेरससागरोवमठितीएसु देवकिब्बिसिएसु देवेसु देवकिब्बिसियत्ताए उववन्ने ।

३७. [प्र०] तए णं भगवं गोयमे जमालिं अणगारं कालगयं जाणित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कुसिस्से जमाली नामं अणगारे, से णं भंते ! जमाली अणगारे कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववन्ने ? [उ०] गोयमादी ! समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–एवं खलु गोयमा ! ममं अंतेवासी कुसिस्से जमाली नामं अणगारे से णं तदा मम एवं आइक्खमाणस्स ४ एयं अट्ठं णो सद्दहइ ३, एयं अट्ठं असद्दहमाणे ३ दोच्चं पि ममं अंतियाओ आयाए अवक्कमइ, दोच्चं० २ अवक्कमित्ता बहूहिं असब्भावुब्भावणाहिं तं चेव जाव देवकिब्बिसियत्ताए उववन्ने ।

३८. [प्र०] कतिविहा णं भंते ! देवकिब्बिसिया पण्णत्ता ? [उ०] गोयमा ! तिविहा देवकिब्बिसिया पण्णत्ता, तं जहा–तिपलिओवमट्ठिइया, तिसागरोवमट्ठिइया, तेरससागरोवमट्ठिइया ।

३९. [प्र०] कहिं णं भंते ! तिपलिओवमट्ठिइया देवकिब्बिसिया परिवसंति ? [उ०] गोयमा ! उप्पिं जोइसियाणं, हिट्ठिं सोहम्मी–साणेसु कप्पेसु, एत्थ णं तिपलिओवमट्ठितिया देवकिब्बिसिया परिवसंति ।

४०. [प्र०] कहिं णं भंते ! तिसागरोवमट्ठिईया देवकिब्बिसिया परिवसंति ? [उ०] गोयमा ! उप्पिं सोहम्मी–साणाणं कप्पाणं, हिट्ठिं सणंकुमार–माहिंदेसु कप्पेसु, एत्थ णं तिसागरोवमट्ठिईया देवकिब्बिसिया परिवसंति ।

४१. [प्र०] कहिं णं भंते ! तेरससागरोवमट्ठिइया देवकिब्बिसिया देवा परिवसंति ? [उ०] गोयमा ! उप्पिं बंभलोगस्स कप्पस्स हिट्ठिं लंतए कप्पे, एत्थ णं तेरससागरोवमट्ठिईया देवकिब्बिसिया देवा परिवसंति ।

लेखनावडे आत्माने–शरीरने कृश करीने अनशनवडे त्रीश भक्तोने पूरा करी ते पापस्थानकने आलोच्या के प्रतिक्रम्या सिवाय मरण समये काल करीने लान्तक देवलोकने विषे तेर सागरोपमनी स्थितिवाळा किल्बिषिक देवोमां किल्बिषिक देव पणे उत्पन्न थयो.

३७. पछी ते जमालि अनगारने कालगत थयेला जाणीने भगवान् गौतम ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे. आवीने श्रमण भगवान् महावीरने वांदे छे, नमे छे. वांदी–नमीने ते आ प्रमाणे बोल्या के–'हे भगवन् ! ए प्रमाणे देवानुप्रिय एवा आपनो अंतेवासी कुशिष्य जमालि नामे अनगार हतो, ते काळ समये काळ करीने क्यां गयो–क्यां उत्पन्न थयो ? [उ०] 'हे गौतमादि !' ए प्रमाणे कहीने श्रमण भगवंत महावीरे भगवान् गौतमने आ प्रमाणे कह्युं के–'हे गौतम ! मारो अंतेवासी कुशिष्य जमालि नामे अनगार हतो ते ज्यारे हुं ए प्रमाणे कहेता हतो, यावत् प्ररूपणा करतो हतो त्यारे ते आ बाबतनी श्रद्धा करतो नहोतो, प्रतीति के रुचि करतो नहोतो. आ बाबतनी श्रद्धा, प्रतीति के रुचि न करतो फरीथी मारी पासेथी नीकळीने घणा असद्भूत–मिथ्या भावोने प्रकट करवावडे–इत्यादि यावत् किल्बिषिकदेवपणे उत्पन्न थयो छे.

किल्बिषिकदेवनी स्थिति.

३८. [प्र०] हे भगवन् ! किल्बिषिक देवो केटला प्रकारना कह्या छे ? [उ०] हे गौतम ! त्रण प्रकारना किल्बिषिक देवो कह्या छे. ते आ प्रमाणे–त्रण पल्योपमनी स्थितिवाळा, त्रण सागरोपमनी स्थितिवाळा अने तेर सागरोपमनी स्थितिवाळा.

किल्बिषिक देवोनो निवास.

३९. [प्र०] हे भगवन् ! त्रण पल्योपमनी स्थितिवाळा किल्बिषिक देवो कये ठेकाणे रहे छे ? [उ०] हे गौतम ! ज्योतिष्कदेवोनी उपर अने सौधर्म अने ईशानदेवलोकनी नीचे त्रण पल्योपमनी स्थितिवाळा किल्बिषिक देवो रहे छे.

४०. [प्र०] हे भगवन् ! त्रण सागरोपमनी स्थितिवाळा किल्बिषिक देवो क्यां रहे छे ? [उ०] हे गौतम ! सौधर्म अने ईशान देवलोकनी उपर तथा सनत्कुमार अने माहेन्द्र देवलोकनी नीचे त्रण सागरोपमनी स्थितिवाळा किल्बिषिक देवो रहे छे.

४१. [प्र०] हे भगवन् ! तेर सागरोपमनी स्थितिवाळा किल्बिषिक देवो क्यां रहे छे ? [उ०] हे गौतम ! ब्रह्मलोकनी उपर अने लांतक कल्पनी नीचे तेर सागरोपमनी स्थितिवाळा किल्बिषिक देवो रहे छे.

---

१–अपडि–ग । २–३–४ द्वितीया क ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४२. [प्र०] देवकिब्बिसिया णं भंते ! केसु कम्मादाणेसु देवकिब्बिसियत्ताए उववत्तारो भवन्ति ? [उ०] गोयमा ! जे इमे जीवा आयरियपडिणीया, उवज्झायपडिणीया, कुलपडिणीया, गणपडिणीया, संघपडिणीया; आयरिय-उवज्झायाणं अयसकरा, अवन्नकरा, अकित्तिकरा, बहूहिं असब्भावुब्भावणाहिं, मिच्छत्ताभिनिवेसेहि य अप्पाणं परं च तदुभयं च वुग्गाहेमाणा, वुप्पाएमाणा बहूइं वासाइं सामन्नपरियागं पाउणंति, पाउणित्ता तस्स ठाणस्स अणालोइयपडिक्कंता कालमासे काल किच्चा अन्नयरेसु देवकिब्बिसिएसु देवकिब्बिसियत्ताए उववत्तारो भवंति; तं जहा–तिपलिओवमट्ठितिएसु वा, तिसागरोवमट्ठितिएसु वा, तेरससागरोवमट्ठितिएसु वा ।

४३. [प्र०] देवकिब्बिसिया णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिईक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छंति, कहिं उववज्जंति ? [उ०] गोयमा ! जाव चत्तारि पंच नेरइय-तिरिक्खजोणिय-मणुस्स-देवभवग्गहणाइं संसारं अणुपरियट्टित्ता तओ पच्छा सिज्झंति, बुज्झंति, जाव अंतं करेंति; अत्थेगइया अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंत-संसारकंतारं अणुपरियट्टंति ।

४४. [प्र०] जमाली णं भंते ! अणगारे अरसाहारे, विरसाहारे, अंताहारे, पंताहारे, लूहाहारे, तुच्छाहारे, अरसजीवी, विरसजीवी, जाव तुच्छजीवी, उवसंतजीवी, पसंतजीवी, विवित्तजीवी ? [उ०] हंता, गोयमा ! जमाली णं अणगारे अरसाहारे, विरसाहारे, जाव विवित्तजीवी ।

४५. [प्र०] जति णं भंते ! जमाली अणगारे अरसाहारे, विरसाहारे, जाव विवित्तजीवी कम्हा णं भंते ! जमाली अणगारे कालमासे कालं किच्चा लंतए कप्पे तेरससागरोवमट्ठितिएसु देवकिब्बिसिएसु देवेसु देवकिब्बिसियत्ताए उववन्ने ? [उ०] गोयमा ! जमाली णं अणगारे आयरियपडिणीए, उवज्झायपडिणीए; आयरिय-उवज्झायाणं अयसकारए, अवन्नकारए, जाव

कुंभिक. १. [प्र०] हे भगवन्! एक पांदडावाळो कुंभिक (वनस्पतिविशेष) शुं एक जीववाळो होय के अनेकजीववाळो होय? [उ०] हे गौतम! ए प्रमाणे *पलाशोद्देशकमां कह्या प्रमाणे बधुं कहेवुं, परन्तु विशेष ए छे के कुंभिकनी स्थिति (आयु) जघन्यथी अंतर्मुहूर्त, अने उत्कृष्ट वर्षपृथक्त्व–बे वर्षथी नव वर्ष–सुधीनी होय छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.

एकादशशते चतुर्थ उद्देशक समाप्त.

---

१. *भग० खं० ३ श० ११ उ० ३ सू० १.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पंचमो उद्देसो ।

१. नालिए णं भंते ! एगपत्तए किं एगजीवे अणेगजीवे ? [उ०] एवं कुंभिउद्देसगवत्तव्वया निरवसेसं भाणियव्वा । सेवं भंते ! सेवं भंते ! त्ति ।

## पंचमो उद्देसो समत्तो

## पंचम उद्देशक

१. [प्र०] हे भगवन् ! एकपादडावाळो नाडिक (वनस्पतिविशेष) शुं एक जीववाळो छे के अनेकजीववाळो छे ? [उ०] हे गौतम ! कुंभिक उद्देशकनी (उ० ४ सू० १) बधी वक्तव्यता अहीं कहेवी. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. नाडिक.

## एकादश शते पंचम उद्देशक समाप्त.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## छट्ठो उद्देसो।

१. [प्र०] पउमे णं भंते! एगपत्तए किं एगजीवे, अणेगजीवे? [उ०] एवं उप्पलुद्देसगवत्तव्वया निरवसेसा भाणियव्वा। सेवं भंते! सेवं भंते! त्ति।

छट्ठो उद्देसो समत्तो।

## षष्ठ उद्देशक.

पद्म. १. [प्र०] हे भगवन्! एक पांदडावाळुं पद्म शुं एक जीववाळुं होय के अनेक जीववाळुं होय? [उ०] हे गौतम! उत्पल उद्देशकमां (उ० १ सू० १) कह्या प्रमाणे बधुं कहेवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.

एकादश शते षष्ठ उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सत्तमो उद्देसो।

१. [प्र०] कण्णिए णं भंते! एगपत्तए किं एगजीवे, अणेगजीवे? [उ०] एवं चेव निरवसेसं भाणियव्वं। सेवं भंते! सेवं भंते! त्ति।

सत्तमो उद्देसो समत्तो।

## सप्तम उद्देशक

१. [प्र०] हे भगवन्! एक पांदडावाळी कर्णिका शुं एक जीववाळी छे के अनेक जीववाळी छे? [उ०] हे गौतम! बधुं पूर्व प्रमाणे कहेवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. कर्णिका.

एकादश शते सप्तम उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अट्ठमो उद्देसो ।

१. [प्र०] नलिणे णं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ? [उ०] एवं चेव निरवसेसं जाव 'अणंतखुत्तो' । सेवं भंते ! सेवं भंते ! त्ति ।

अट्ठमो उद्देसो समत्तो ।

## अष्टम उद्देशक.

नलिन. १. [प्र०] हे भगवन् ! एकपत्रवाळुं नलिन (कमलविशेष) शुं एकजीववाळुं छे के अनेकजीववाळुं छे ? [उ०] हे गौतम ! ए बधुं पूर्व प्रमाणे (उ० १ सू० १) यावत् 'सर्व जीवो अनंतवार उत्पन्न थया छे' त्यांसुधी कहेवुं. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.

एकादश शते अष्टम उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नवमो उद्देसो ।

१. तेणं कालेणं तेणं समएणं हत्थिनागपुरे णामं णगरे होत्था । वन्नओ । तस्स णं हत्थिनागपुरस्स नगरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभागे एत्थ णं सहसंबवणे णामं उज्जाणे होत्था । सव्वोदुयपुप्फ-फलसमिद्धे, रम्मे, णंदणवणसन्निप्पगासे, सुहसीतलच्छाए, मणोरमे, सादुप्फले, अकंटए, पासादीए, जाव-पडिरूवे । तत्थ णं हत्थिणापुरे णगरे सिवे नामं राया होत्था । महयाहिमवंत० वन्नओ । तस्स णं सिवस्स रन्नो धारिणी णामं देवी होत्था । सुकुमाल० वन्नओ । तस्स णं सिवस्स रन्नो पुत्ते धारिणीए अत्तए सिवभद्दे णामं कुमारे होत्था । सुकुमाल० जहा सूरियकंते, जावए-चुवेक्खमाणे २ विहरति ।

२. तए णं तस्स सिवस्स रन्नो अन्नया कया वि पुव्वरत्तावरत्तकालसमयंसि रज्जधुरं चिंतेमाणस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था-'अत्थि ता मे पुरा पोराणाणं० जहा तामलिस्स, जाव-पुत्तेहिं वड्ढामि, पसूहिं वड्ढामि, रज्जेणं वड्ढामि, एवं रट्ठेणं, बलेणं, वाहणेणं, कोसेणं, कोट्ठागारेणं, पुरेणं, अंतेउरेणं वड्ढामि; विपुलधण-कणग-रयण० जाव संतसारसावएज्जेणं अतीव २ अभिवड्ढामि, तं किं णं अहं पुरा पोराणाणं० जाव एगंतसोक्खयं उव्वेहमाणे विहरामि? तं जाव ताव अहं हिरण्णेणं वड्ढामि, तं चेव जाव अभिवड्ढामि, जाव मे सामंतरायाणो वि वसे वट्टंति, तावता मे सेयं कल्लं पादुप्पभाताए जाव जलंते सुबहुं लोही-लोहकडाह-कडुच्छुयं तंबियं तावसभंडगं घडावेत्ता सिवभद्दं कुमारं रज्जे ठावेत्ता तं सुबहुं लोही-लोहकडाह-कडु-

## नवम उद्देशक.

१. ते काले-ते समये हस्तिनापुर नामे नगर हतुं. वर्णन. ते हस्तिनापुर नगरनी बहार उत्तरपूर्व दिशामां-ईशानकोणमां-सहस्राम्रवन नामे उद्यान हतुं. ते उद्यान सर्व ऋतुना पुष्प अने फलथी समृद्ध, रम्य अने नंदनवन समान हतुं. तेनी छाया सुखकारक अने शीतळ हती, ते मनोहर, स्वादिष्टफलवाळुं, कंटकरहित, प्रसन्नता आपनार, यावत् प्रतिरूप-सुन्दर-हतुं. ते हस्तिनापुर नगरमां शिव नामे राजा हतो, ते मोटा हिमाचल पर्वतनी पेठे (सर्व राजाओमां) श्रेष्ठ हतो, [इत्यादि राजानुं वर्णन कहेवुं.] ते शिव राजाने धारिणी नामे पट्टराणी हती, तेना हाथ पग सुकुमाल हता,-[इत्यादि स्त्रीनुं वर्णन कहेवुं]. ते शिवराजाने धारिणी राणीथी उत्पन्न थयेलो शिवभद्र नामे पुत्र हतो, तेना हाथ पग सुकुमाल हता-इत्यादि कुमारनुं वर्णन सूर्यकांत राजकुमारनी पेठे* कहेवुं. यावत् ते कुमार [राज्य, राष्ट्र, सैन्यादिने] जोतो जोतो विहरे छे.

अवतरण- हस्तिनापुर- शिवराजा- शिवभद्रपुत्र-

२. हवे कोइ एक दिवसे शिवराजाने पूर्वरात्रिना पाछला भागमां राज्यकारभारनो विचार करता आ आवो अध्यवसाय-संकल्प उत्पन्न थयो के मारा पूर्व पुण्यकर्मोनो प्रभाव छे, इत्यादि †तामलि तापसनी पेठे कहेवुं, जे यावत् हुं पुत्रोवडे, पशुओवडे, राज्यवडे, राष्ट्रवडे, बलवडे, वाहनवडे, कोशवडे, कोष्ठागारवडे, पुरवडे अने अन्तःपुरवडे वृद्धि पामुं छुं. वळी पुष्कळ धन, कनक, रत्न यावत् सारभूत द्रव्यवडे अतिशय अत्यंत वृद्धि पामुं छुं, तो शुं हवे हुं मारा पूर्व पुण्यकर्मोना फलरूप एकान्त सुखने भोगवतो ज विहरुं? ते माटे ज्यांसुधी हुं हिरण्यथी वृद्धि पामुं छुं, यावत् पूर्वे कह्या प्रमाणे वृद्धि पामुं छुं, ज्यांसुधी सामंत राजाओ मारे तावे छे, त्यांसुधी मारे काले प्रातःकाळे

शिवराजानो संकल्प.

---

१. * सूर्यकान्तकुमारनुं वर्णन जुओ राजप्र० प० ११५.

२. † तामलि तापसना संकल्पनुं वर्णन जुओ भग० खं० २ श० ३ उ० १ पृ० २५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च्छुयं तंबियं तावसभंडगं गहाय जे इमे गंगाकुले वाणपत्था तावसा भवंति, तं जहा-होत्तिया, पोत्तिया, जहा उववाइए जाव-कट्ठसोल्लियं पिव अप्पाणं करेमाणा विहरंति, तत्थ णं जे ते दिसापोक्खी तावसा तेसिं अंतियं मुंडे भवित्ता दिसापोक्खिय-तावसत्ताए पव्वइत्तए। पव्वइते वि य णं समाणे अयमेयारूवं अभिग्गहं अभिगिण्हिस्सामि-'कप्पइ मे जावज्जीवाए छट्ठं-छट्ठेणं अणिक्खित्तेणं दिसाचक्कवालेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय २ जाव विहरित्तए' त्ति कट्टु एवं संपेहेति।

३. संपेहेत्ता कल्लं जाव जलंते सुबहुं लोही-लोह० जाव घडावेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासि-'खिप्पामेव भो! देवाणुप्पिया! हत्थिनागपुरं णगरं सब्भिंतर-बाहिरियं आसिय०' जाव तमाणत्तियं पच्चप्पिणंति। तए णं से सिवे राया दोच्चं पि कोडुंबियपुरिसे सद्दावेति, सद्दावेत्ता एवं वयासि-'खिप्पामेव भो देवाणुप्पिया! सिवभद्दस्स कुमारस्स महत्थं ३ विउलं रायाभिसेयं उवट्ठवेह'। तए णं ते कोडुंबियपुरिसा तहेव उवट्ठवेंति। तए णं से सिवे राया अणेगगणना-यग-दंडनायग० जाव-संधिपालसद्धिं संपरिखुडे सिवभद्दं कुमारं सीहासणवरंसि पुरत्थाभिमुहं णिसियावेति। णिसियावेत्ता अट्ठसएणं सोवन्नियाणं कलसाणं जाव-अट्ठसएणं भोमेज्जाणं कलसाणं सव्विड्ढीए जाव-रवेणं महया २ रायाभिसेगेणं अभि-सिंचति। म० २ पम्हलसुकुमालाए सुरभीए गंधकासाईए गायाइं लूहेति। पम्हल० २ सरसेणं गोसीसेणं एवं जहेव जमा-लिस्स अलंकारो तहेव जाव-कप्परुक्खगं पिव अलंकिय-विभूसियं करेति। करित्ता करयल० जाव-कट्टु सिवभद्दं कुमारं जएणं विजएणं वद्धावेति। जएणं० २ ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं जहा उववाइए कूणियस्स जाव-परमाउं पालयाहि, इट्ठजणसंपरिखुडे हत्थिणापुरस्स नगरस्स अन्नेसिं च बहूणं गामा-गर-णगर० जाव विहराहि' ति कट्टु जयजयसद्दं पउंजति। तए णं से सिवभद्दे कुमारे राया जाते। महया हिमवंत० वन्नओ जाव-विहरइ।

४. तए णं से सिवे राया अन्नया कयाइ सोभणंसि तिहि-करण-दिवस-मुहुत्त-नक्खत्तंसि विपुलं असण-पाण-खा-इम-साइमं उवक्खडावेति। उवक्खडावेत्ता मित्त-णाइ-नियग० जाव-परिजणं रायाणो य खत्तिया आमंतेति। आमंतेत्ता तओ

सूर्य देदीप्यमान थये छते घणी लोढीओ, लोहनां कडायां, कडछा अने त्रांबाना बीजा तापसना उपकरणोने घडावीने शिवभद्र कुमारने राज्यमां स्थापीने घणी लोढीओ, लोहना कडायां, कडछा अने त्रांबाना तापसना उपकरणो लइने, जे आ गंगाने कांठे वानप्रस्थ तापसो रहे छे, ते आ प्रकारे-अग्निहोत्री, पोतिक-वस्त्र धारण करनारा-इत्यादि '*उववाइअ' सूत्रमां कह्या प्रमाणे यावत्-जेओ काष्ठथी शरीरने तपावता विचरे छे, ते तापसोमां जे तापसो दिशाप्रोक्षक (पाणी वडे दिशाने पूजी फल पुष्पादि ग्रहण करनारा) छे, तेओनी पासे मारे मुंड थइने दिक्प्रोक्षकतापसपणे प्रव्रज्या अंगीकार करवी श्रेय छे, प्रव्रज्या ग्रहण करीने हुं आ आवा प्रकारनो अभिग्रह ग्रहण करीश, ते आ प्रकारे-यावज्जीव निरंतर छट्ठ छट्ठ करवाथी दिक्चक्रवाल तपकर्म वडे उंचा हाथ राखीने रहेवुं मने कल्पे-ए प्रमाणे ते शिवराजा विचारे छे.

३. ए प्रमाणे विचारीने आवती काले प्रातःकाळे सूर्य देदीप्यमान छते, अनेक प्रकारना लोढी, कडाया वगेरे तापसना उपकरणो तैयार करावी पोताना कौटुंबिक पुरुषोने बोलावे छे. बोलावीने तेणे तेओने आ प्रमाणे कह्युं-हे देवानुप्रियो! शीघ्र आ हस्तिनापुर नगरनी बाहेर अने अंदर जल छंटकावी साफ करावो-इत्यादि यावत् तेम करी तेओ तेनी आज्ञाने पाछी आपे छे. त्यारपछी ते शिवराजा फरीने पण ते कौटुंबिक पुरुषोने बोलावे छे, बोलावीने तेणे आ प्रमाणे कह्युं-हे देवानुप्रियो! शीघ्र शिवभद्र कुमारना महाअर्थवाळा यावत् विपुल

**शिवभद्रने राज्याभिषेक.** राज्याभिषेकनी तैयारी करो. त्यारबाद ते कोटुंबिक पुरुषो ते प्रमाणे यावत् राज्याभिषेकनी तैयारी करे छे, त्यारपछी ते शिवराजा अनेक गणनायक, दंडनायक, यावत् संधिपालना परिवारयुक्त शिवभद्र कुमारने उत्तम सिंहासन उपर पूर्व दिशा सन्मुख बेसाडे छे, बेसाडीने एकसो आठ सोनाना कलशोवडे, यावत् एकसो आठ माटीना कलशोवडे, सर्व ऋद्धिथी यावत् वादित्रादिकना शब्दोवडे मोटा राज्याभिषेकथी अभिषेक करे छे. त्यारपछी पांपण जेवा सुकुमाल अने सुगंधि गंधवस्त्रवडे तेनां शरीरने साफ करे छे, साफ करीने सरस गोशीर्षचंदन वडे लेप करी यावत् जेम †जमालिनुं वर्णन कर्युं छे तेम कल्पवृक्षनी पेठे तेने अलंकृत-विभूषित करे छे. त्यारपछी हाथ जोडी शिवभद्र-कुमारने जय अने विजयथी वधावे छे; वधावीने इष्ट, कान्त, प्रिय वाणीवडे आशीर्वाद आपता औपपातिक सूत्रमां कोणिक राजा संबन्धे कह्या प्रमाणे‡ तेओए कह्युं-यावत् तुं दीर्घायुषी था, अने इष्ट जनना परिवारयुक्त हस्तिनापुर नगर अने बीजा अनेक ग्राम, आकर तथा नगरोनुं स्वामिपणुं भोगव-इत्यादि कहीने तेओ जय जय शब्द बोले छे. त्यार बाद ते शिवभद्र कुमार राजा थयो, ते मोटा हिमाचलनी पेठे सर्व राजाओमां मुख्य थइने यावत् विहरे छे, अहीं शिवभद्रराजानुं वर्णन करवुं.

**शिवराजनी प्रव्रज्या.** ४. त्यारपछी ते शिवराजा अन्य कोइ दिवसे प्रशस्त तिथि, करण, दिवस अने नक्षत्रना योगमां विपुल अशन, पान, खादिम अने स्वादिम वस्तुओने तैयार करावे छे, तैयार करावी मित्र, ज्ञाति, यावत् पोताना परिजनने, राजाओने अने क्षत्रियोने आमन्त्रण करे

---

२. * तापसोनुं वर्णन जुओ उववाइअ प० ९०-१.

३. † जमालिनुं वर्णन जुओ भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १७४.

‡ कोणिकनुं वर्णन जुओ उववाइअ प० ७३-१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्छा ण्हाए जाव–सरीरे भोयणवेलाए भोयणमंडवंसि सुहासणवरगए तेणं मित्त–णाति–नियगसयण० जाव–परिजणेणं राएहिं य खत्तिएहिं य सद्धिं विपुलं असण–पाण–खाइम–साइमं एवं जहा तामली जाव–सक्कारेति, संमाणेति। सक्कारेत्ता संमाणेत्ता तं मित्त–णाति० जाव–परिजणं रायाणो य खत्तिए य सिवभद्दं च रायाणं आपुच्छइ। आपुच्छित्ता सुबहुं लोही–लोहकडाह–कडुच्छुयं जाव–भंडगं गहाय जे इमे गंगाकूलगा वाणपत्था तावसा भवंति, तं चेव जाव तेसिं अंतियं मुंडे भवित्ता दिसापोक्खियतावसत्ताए पव्वइए। पव्वइए वि य णं समाणे अयमेयारूवं अभिग्गहं अभिगिण्हति–'कप्पइ मे जावज्जीवाए छट्ठं०' तं चेव जाव अभिग्गहं अभिगिण्हति, अभिगिण्हित्ता पढमं छट्ठक्खमणं उवसंपज्जित्ता णं विहरइ।

५. तए णं से सिवे रायरिसी पढमछट्ठक्खमणपारणगंसि आयावणभूमीए पच्चोरुहइ, पच्चोरुहित्ता वागलवत्थनियत्थे जेणेव सए उडए तेणेव उवागच्छति, तेणेव उवागच्छित्ता किढिणसंकाइयगं गिण्हति, गिण्हित्ता पुरत्थिमं दिसं पोक्खेति, 'पुरत्थिमाए दिसाए सोमे महाराया पत्थाणे पत्थियं अभिरक्खउ सिवे रायरिसी, अभिरक्खित्ता जाणि य तत्थ कंदाणि य मूलाणि य तयाणि य पत्ताणि य पुप्फाणि य फलाणि य बीयाणि य हरियाणि य ताणि अणुजाणउ' त्ति कट्टु पुरत्थिमं दिसं पसरति, पुर० २ जाणि य तत्थ कंदाणि य जाव–हरियाणि य ताइं गेण्हति, गिण्हित्ता किढिणसंकाइयं भरेइ, किढि० २ दब्भे य कुसे य समिहाओ य पत्तामोडं च गिण्हति, गिण्हित्ता जेणेव सए उडए तेणेव उवागच्छइ, उवागच्छित्ता किढिणसंकाइयगं ठवेति, किढि० २ वेदिं वड्ढेति, वे० २ उवलेवण–संमज्जणं करेइ, उ० २ दब्भ–कलसाहत्थगए जेणेव गंगा महानदी तेणेव उवागच्छति, तेणेव० २ गंगामहानदीं ओगाहेति, गंगा० २ जलमज्जणं करेइ, जल० २ जलकीडं करेइ, जल० २ जलाभिसेयं करेति, जला० २ आयंते चोक्खे परमसुइभूए देवय–पितिकयकज्जे दब्भ–कलसाहत्थगए गंगाओ महानईओ पच्चुत्तरइ, गंगाओ० २ जेणेव सए उडए तेणेव उवागच्छइ, तेणेव० २ दब्भेहि य कुसेहि य वालुयाएहि य वेतिं रएति, वेतिं रएत्ता सरएणं अरणिं महेति, सर० २ अग्गिं पाडेति, २ अग्गिं संधुक्केइ, २ समिहाकट्ठाइं पक्खिवइ, समिहा० २ अग्गिं उज्जालेइ, अग्गि० २ "अग्गिस्स दाहिणे पासे, सत्तंगाइं समादहे। [तं जहा–] सकहं वक्कलं ठाणं, सिज्जा भंडं कमंडलुं॥ दंडदारुं तह-

छे, आमन्त्रण करी त्यार बाद स्नान करी यावत् शरीरने अलंकृत करी भोजनवेलाए भोजनमंडपमां उत्तम सुखासन उपर बेसी मित्र, ज्ञाति अने पोताना स्वजन यावत् परिजन साथे तथा राजा अने क्षत्रियो साथे विपुल अशन, पान, खादिम अने स्वादिम भोजन करी *तामलितापसनी पेठे यावत् ते शिवराजा बधाओनो सत्कार करे छे, सन्मान करे छे, सत्कार अने सन्मान करीने मित्र, ज्ञाति, पोताना स्वजन, यावत् परिजननी तथा राजाओ, क्षत्रियो अने शिवभद्र राजानी रजा मागे छे. रजा मागीने अनेक प्रकारना लोढी, लोढाना कडायां, कडछा यावत् तापसना उचित उपकरणो लइने गंगाने कांठे जे आ वानप्रस्थ तापसो रहे छे–इत्यादि सर्व †पूर्ववत् जाणवुं, यावत् ते दिशाप्रोक्षक तापसोनी पासे दीक्षित थई दिशाप्रोक्षकतापसरूपे प्रव्रज्या ग्रहण करी प्रव्रजित थइने ते आ प्रकारनो अभिग्रह धारण करे छे–'मारे यावज्जीव निरंतर छट्ठ छट्ठनो तप करवो कल्पे'–इत्यादि पूर्ववत् अभिग्रह ग्रहण करीने प्रथम छट्ठ तपनो स्वीकार करी विहरे छे. शिवराजर्षिनो अभिग्रह.

५. त्यारबाद प्रथम छट्ठ तपना पारणाना दिवसे ते शिव राजर्षि आतापना भूमिथी नीचे आवे छे, नीचे आवीने वल्कलना वस्त्र पहेरी ज्यां पोतानी झुंपडी छे त्यां आवे छे, त्यां आवी किढिन (वांसनुं पात्र) अने कावडने ग्रहण करे छे, ग्रहण करी पूर्व दिशाने प्रोक्षित करी 'पूर्व दिशाना सोम महाराजा धर्मसाधनमां प्रवृत्त थएला शिव राजर्षिनुं रक्षण करो, अने पूर्व दिशामां रहेला कंद, मूल, छाल, पांदडा, पुष्प, फळ, बीज अने हरित–लीली वनस्पतिने लेवानी अनुज्ञा आपो'–एम कही ते शिव राजर्षि पूर्व दिशा तरफ जाय छे, जइने त्यां रहेला कंद, यावत्–लीली वनस्पतिने ग्रहण करीने पोतानी कावड भरे छे. त्यार पछी दर्भ, कुश, समिध–काष्ठ अने झाडनी शाखाने मरडी पांदडाओने ले छे; लेईने ज्यां पोतानी झुंपडी छे त्यां आवे छे, आवीने कावडने नीचे मूके छे, मूकीने वेदिकाने प्रमार्जित करे छे; पछी वेदिकाने [छाण पाणीवडे] लींपी शुद्ध करे छे. त्यारबाद डाभ अने कलशने हाथमां लइ ज्यां गंगा महानदी छे, त्यां आवीने गंगा महानदीमां प्रवेश करे छे, प्रवेश करी डुबकी मारे छे, जलक्रीडा करे छे, अने स्नान करे छे, पछी आचमन करी चोक्खा थइ–परम पवित्र थइ देवता अने पितृकार्य करी डाभ अने पाणीनो कलश हाथमां लइ गंगा महानदीथी बहार नीकळीने ज्यां पोतानी झुंपडी छे त्यां आवे छे, आवीने डाभ, कुश अने वालुका वडे वेदिने बनावे छे, बनावी मथनकाष्ठवडे अरणिने घसे छे, घसीने अग्नि पाडे छे, पाडीने अग्निने सळगावे छे, पछी तेमां समिधना काष्ठोने नांखी ते अग्निने प्रज्वलित करे छे, अने अग्निनी दक्षिण बाजुए आ सात वस्तुओ मुके छे, ते आ प्रमाणे–"१ सकथा (उपकरणविशेष), २ वल्कल, ३ दीप, ४ शय्याना उपकरण, ५ कमंडल, ६ दंड अने ७ आत्मा (पोते). ए सर्वने

४. * तामलितापसनुं वर्णन जुओ भग० खं० २ श० ३ उ० १ पृ० २६.

† गंगाने किनारे रहेता तापसोनुं वर्णन जुओ उववाइअ प० ९०–१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छप्पाणं अहे ताइं समादहे।" महुणा य घएण य तंदुलेहि य अग्गिं हुणइ, अग्गिं हुणित्ता चरुं साहेइ, चरुं साहेत्ता बलिं वइस्सदेवं करेइ, बलिं० २ अतिहिपूयं करेइ, अतिहि० २ तओ पच्छा अप्पणा आहारमाहारेति।

६. तए णं से सिवे रायरिसी दोच्चं छट्ठक्खमणं उवसंपज्जित्ता णं विहरइ। तए णं से सिवे रायरिसी दोच्चे छट्ठक्खमणपारणगंसि आयावणभूमीओ पच्चोरुहइ, आयावण० २ एवं जहा पढमपारणगं, नवरं दाहिणगं दिसं पोक्खेति, दाहिण० २ दाहिणाए दिसाए जमे महाराया पत्थाणे पत्थियं सेसं तं चेव आहारमाहारेइ। तए णं से सिवे रायरिसी तच्चं छट्ठक्खमणं उवसंपज्जित्ता णं विहरति। तए णं से सिवे रायरिसी सेसं तं चेव नवरं पच्चच्छिमाए दिसाए वरुणे महाराया पत्थाणे पत्थियं सेसं तं चेव जाव आहारमाहारेइ। तए णं से सिवे रायरिसी चउत्थं छट्ठक्खमणं उवसंपज्जित्ता णं विहरइ, तए णं से सिवे रायरिसी चउत्थछट्ठक्खमण० एवं तं चेव, नवरं उत्तरदिसं पोक्खेइ, उत्तराए दिसाए वेसमणे महाराया पत्थाणे पत्थियं अभिरक्खउ सिवं, सेसं तं चेव जाव–तओ पच्छा अप्पणा आहारमाहारेइ।

७. तए णं तस्स सिवस्स रायरिसिस्स छट्ठंछट्ठेणं अनिक्खित्तेणं दिसाचक्कवालेणं जाव–आयावेमाणस्स पगइभद्दयाए जाव–विणीययाए अन्नया कया वि तयावरणिज्जाणं कम्माणं खओवसमेणं ईहा–पोह–मग्गण–गवेसणं करेमाणस्स विब्भंगे नामं अन्नाणे समुप्पन्ने। से णं तेणं विब्भंगनाणेणं समुप्पन्नेणं पासइ अस्सिं लोए सत्त दीवे सत्त समुद्दे, तेण परं न जाणति न पासति।

८. तए णं तस्स सिवस्स रायरिसिस्स अयमेयारूवे अब्भत्थिए जाव समुप्पज्जित्था–'अत्थि णं ममं अइसेसे नाण–दंसणे समुप्पन्ने, एवं खलु अस्सिं लोए सत्त दीवा सत्त समुद्दा, तेण परं वोच्छिन्ना दीवा य समुद्दा य, एवं संपेहेइ, एवं० २ आयावणभूमीओ पच्चोरुहइ, आ० २ वागलवत्थनियत्थे जेणेव सए उडए तेणेव उवागच्छइ, तेणेव० २ सुबहुं लोही–लोहकडाह–कडुच्छुयं जाव–भंडगं किढिणसंकाइयं च गेण्हइ, २ जेणेव हत्थिणापुरे नगरे जेणेव तावसावसहे तेणेव उवागच्छइ, तेणेव० २ भंडनिक्खेवं करेइ, भंड० २ हत्थिणापुरे नगरे सिंघाडग–तिग० जाव–पहेसु बहु जणस्स एवमाइक्खइ, जाव–एवं परूवेइ–'अत्थि णं देवाणुप्पिया! ममं अतिसेसे नाण–दंसणे समुप्पन्ने, एवं खलु अस्सिं लोए जाव दीवा य समुद्दा य'। तए णं तस्स

एकठा करे छे." पछी मध, घी अने चोखा वडे अग्निमां होम करे छे, होम करीने चरु–बलि तैयार करे छे, अने बलिथी वैश्वदेवनी पूजा करे छे, त्यारबाद अतिथिनी पूजा करी ते शिव राजर्षि पोते आहार करे छे.

६. त्यारबाद ते शिवराजर्षि फरीवार छट्ठ तप करीने विहरे छे, पछी ते शिवराजर्षि आतापनाभूमिथी उतरी वल्कलनुं वस्त्र पहेरे छे, इत्यादि बधुं प्रथम पारणानी पेठे जाणवुं. परन्तु विशेष ए छे के बीजा पारणा वखते दक्षिण दिशाने प्रोक्षित करे–पूजे, तेम करीने एम कहे के 'दक्षिण दिशाना (लोकपाल) यम महाराजा प्रस्थान–परलोकसाधन–मां प्रवृत्त थएला शिवराजर्षिनुं रक्षण करो' इत्यादि सर्व पूर्ववत् कहेवुं, यावत् पोते आहार करे छे. पछी ते शिवराजर्षि त्रीजा छट्ठ तपने स्वीकारी विहरे छे, तेना पारणानी बधी हकिकत पूर्वनी पेठे जाणवी, परन्तु विशेष ए छे के, पश्चिम दिशानुं प्रोक्षण–पूजन–करे, अने एम कहे के पश्चिम दिशाना (लोकपाल) वरुण महाराजा प्रस्थान–परलोक साधनमां प्रवृत्त थयेला शिव राजर्षिनुं रक्षण करो, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. यावत् त्यार पछी ते आहार करे. पछी ते शिवराजर्षि चोथा छट्ठना तपने स्वीकारी विहरे छे–इत्यादि पूर्ववत् जाणवुं. परन्तु (चोथे पारणे) उत्तर दिशाने पूजे छे, अने एम कहे छे के 'उत्तर दिशाना (लोकपाल) वैश्रमण महाराजा धर्मसाधनमां प्रवृत्त थयेला शिवराजर्षिनुं रक्षण करो, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं यावत् त्यार पछी पोते आहार करे छे.

शिवराजर्षिने विभंगज्ञान.

७. ए प्रमाणे निरंतर छट्ठ छट्ठना तप करवाथी दिक्चक्रवाल तप करता, यावत् आतापना लेता ते शिवराजर्षिने प्रकृतिनी भद्रता अने यावद् विनीतताथी अन्य कोइ दिवसे तेना आवरणभूत कर्मोना क्षयोपशम थवाथी ईहा, अपोह, मार्गणा अने गवेषण करता विभंग नामे ज्ञान उत्पन्न थयुं. पछी ते उत्पन्न थयेला ते विभंगज्ञान वडे आ लोकमां सात द्वीपो अने सात समुद्रो जुए छे, ते पछी आगळ जाणता नथी, के जोता नथी.

शिवराजर्षिनो सात द्वीप अने सात समुद्रनो अध्यवसाय.

८. त्यारबाद ते शिवराजर्षिने आ आवा प्रकारनो अध्यवसाय उत्पन्न थयो के, 'मने अतिशयवाळुं ज्ञान अने दर्शन उत्पन्न थयुं छे, अने ए प्रमाणे आ लोकमां सात द्वीप अने सात समुद्रो छे, अने त्यारपछी द्वीपो अने समुद्रो नथी'–एम विचारे छे, विचारीने आतापना भूमिथी नीचे उतरे छे, अने वल्कलनां वस्त्रो पहेरी ज्यां पोतानी झुंपडी छे त्यां आवी अनेक प्रकारना लोढी, लोढाना कडायां अने कडछा यावद् बीजा उपकरणो अने कावडने ग्रहण करे छे, अने ज्यां हस्तिनापुर नगर छे अने ज्यां तापसोनुं यावद् आश्रम छे त्यां आवे छे, आवीने उपकरण वगेरेने मूके छे, अने हस्तिनापुर नगरमां शृंगाटक, त्रिक, यावद् राजमार्गोमां घणा माणसोने एम कहे छे, यावद् एम प्ररूपे छे के, 'हे देवानुप्रियो! मने अतिशयवाळुं ज्ञान अने दर्शन उत्पन्न थयुं छे, अने आ लोकमां ए प्रमाणे सात द्वीपो अने सात समुद्रो छे,'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिवस्स रायरिसिस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म हत्थिणापुरे नगरे सिंघाडग–तिग० जाव–पहेसु बहु जणो अन्नमन्नस्स एवमाइक्खइ, जाव परूवेइ–'एवं खलु देवाणुप्पिया! सिवे रायरिसी एवं आइक्खइ, जाव परूवेइ–अत्थि णं देवाणुप्पिया! ममं अतिसेसे नाणदंसणे, जाव तेण परं वोच्छिन्ना दीवा य समुद्दा य'। से कहमेयं मन्ने एवं?

९. तेणं कालेणं तेणं समएणं सामी समोसढे, परिसा जाव पडिगया। तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी जहा बितियसए नियंठुद्देसए जाव अडमाणे बहुजणसद्दं निसामेइ, बहुजणो अन्नमन्नस्स एवं आइक्खइ, एवं जाव परूवेइ–'एवं खलु देवाणुप्पिया! सिवे रायरिसी एवं आइक्खइ, जाव परूवेइ–अत्थि णं देवाणुप्पिया! तं चेव जाव वोच्छिन्ना दीवा य समुद्दा य'। से कहमेयं मन्ने एवं?

१०. तए णं भगवं गोयमे बहुजणस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म जाव–सड्ढे जहा नियंठुद्देसए जाव तेण परं वोच्छिन्ना दीवा य समुद्दा य, से कहमेयं भंते! एवं? गोयमादि! समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–जन्नं गोयमा! से बहुजणे अन्नमन्नस्स एवमातिक्खइ, तं चेव सव्वं भाणियव्वं, जाव–भंडनिक्खेवं करेति, हत्थिणापुरे नगरे सिंघाडग० तं चेव जाव वोच्छिन्ना दीवा य समुद्दा य। तए णं तस्स सिवस्स रायरिसिस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म तं चेव सव्वं भाणियव्वं जाव तेण परं वोच्छिन्ना दीवा य समुद्दा य, तण्णं मिच्छा। अहं पुण गोयमा! एवमाइक्खामि, जाव परूवेमि–'एवं खलु जंबुद्दीवादीया दीवा लवणादीया समुद्दा संठाणओ एगविहिविहाणा, वित्थारओ अणेगविहिविहाणा एवं जहा जीवाभिगमे जाव–सयंभूरमणपज्जवसाणा अस्सिं तिरियलोए असंखेज्जे दीवसमुद्दे पन्नत्ते समणाउसो!

११. [प्र०] अत्थि णं भंते! जंबुद्दीवे दीवे दव्वाइं सवन्नाइं पि अवन्नाइं पि सगंधाइं पि अगंधाइं पि सरसाइं पि अरसाइं पि सफासाइं पि अफासाइं पि अन्नमन्नबद्धाइं अन्नमन्नपुट्ठाइं जाव–घडत्ताए चिट्ठंति? [उ०] हंता अत्थि।

त्यारबाद ते शिवराजर्षि पासेथी ए प्रकारनुं वचन सांभळी, अवधारी हस्तिनापुर नगरमां शृंगाटक, त्रिक, यावद् राजमार्गोमां घणा माणसो परस्पर एम कहे छे–यावद् एम प्ररूपे छे–हे देवानुप्रियो! शिवराजर्षि आ प्रमाणे कहे छे–यावत् प्ररूपे छे के हे देवानुप्रियो! मने अतिशयवाळुं ज्ञान अने दर्शन उत्पन्न थयुं छे, यावत् ए प्रमाणे आ लोकमां सात द्वीप अने सात समुद्रो छे, त्यार पछी नथी, ते एम केवी रीते होय?

९. ते काले–ते समये महावीर स्वामी समोसर्या, पर्षद् पण पाछी गई. ते काले–ते समये श्रमण भगवान् महावीरना मोटा शिष्य इंद्रभूति नामे अनगार बीजा शतकना निर्ग्रन्थोद्देशकमां *वर्णव्या प्रमाणे यावत् भिक्षाए जता घणा माणसोनो शब्द सांभळे छे–बहु माणसो परस्पर आ प्रमाणे कहे छे–यावत् प्ररूपे छे के 'हे देवानुप्रियो! शिव राजर्षि एम कहे छे–यावत् एम प्ररूपे छे–हे देवानुप्रियो! मने अतिशयवाळुं ज्ञान अने दर्शन उत्पन्न थयुं छे, अने यावत् सात द्वीप अने सात समुद्रो छे, त्यार पछी द्वीपो अने समुद्रो नथी,' तो ए प्रमाणे केम होय?

१०. [प्र०] त्यार पछी भगवान् गौतमे घणा माणसो पासे आ वात सांभळी, अवधारी श्रद्धावाळा थई निर्ग्रंथ उद्देशकमां कह्या प्रमाणे यावत् श्रमण भगवंत महावीरने पूछ्युं–हे भगवन्! शिवराजर्षि कहे छे के–'यावत् सात द्वीप अने सात समुद्र छे, त्यार पछी कांइ नथी' तो ए प्रमाणे केम होइ शके? [उ०] 'हे गौतम'! एम कही श्रमण भगवान् महावीरे गौतमने आ प्रमाणे कह्युं–हे गौतम! घणा माणसो जे परस्पर ए प्रमाणे कहे छे–इत्यादि बधुं कहेवुं, यावद् ते शिवराजर्षि पोताना उपकरणो मूके छे अने हस्तिनापुर नगरमां जइ शृंगाटक, त्रिक अने बहु प्रकारना मार्गोमां आ प्रमाणे कहे छे, यावत् सात द्वीपो अने समुद्रो छे त्यार पछी नथी, त्यारबाद ते शिवराजर्षिनी पासे आ वात सांभळी अने अवधारी हस्तिनापुर नगरमां माणसो परस्पर आ प्रमाणे कहे छे के–'यावत् सात द्वीप अने समुद्रो छे, ते पछी कांइ नथी' इत्यादि, ते मिथ्या (असत्य) छे. हे गौतम! हुं ए प्रमाणे कहुं छुं, यावत् प्ररूपुं छुं–ए प्रमाणे जंबूद्वीपादि द्वीपो अने लवणादि समुद्रो बधा [वृत्ताकारे होवाथी] आकारे एक सरखा छे, पण विशालताए द्विगुण द्विगुण विस्तारवाळा होवाथी अनेक प्रकारना छे–इत्यादि सर्व †'जीवाभिगम'मां कह्या प्रमाणे जाणवुं, यावत् हे आयुष्मन् श्रमण! आ तिर्यग्लोकमां स्वयंभूरमण समुद्रपर्यन्त असंख्यात द्वीपो अने समुद्रो कह्या छे. शिवराजर्षि संमत सात द्वीप अने सात समुद्र संबन्धे प्रश्न.

११. [प्र०] हे भगवन्! जंबूद्वीप नामे द्वीपमां वर्णवाळां, वर्णरहित, गंधवाळां, गंधरहित, रसवाळां, रसरहित, स्पर्शवाळां अने स्पर्शरहित द्रव्यो अन्योन्य बद्ध, अन्योन्य स्पृष्ट यावद् अन्योन्य संबद्ध छे? [उ०] हे गौतम! हा, छे.‡ वर्णादिरहित अने वर्णादिसहित द्रव्यो.

९ * भगवान् गौतमनुं वर्णन जुओ भग० खं० १ श० २ उ० ५ पृ० २८०. ‡ जुओ भग० खं० १ पृ० २८१.

१० † द्वीप अने समुद्रोनुं वर्णन जुओ जीवाभि० प्रति० ३ उ० १ प० १७६–१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. [प्र०] अत्थि णं भंते ! लवणसमुद्दे दव्वाइं सवन्नाइं पि अवन्नाइं पि सगंधाइं अगंधाइं पि सरसाइं पि अरसाइं पि सफासाइं पि अफासाइं पि अन्नमन्नबद्धाइं अन्नमन्नपुट्ठाइं जाव–घडत्ताए चिट्ठंति ? [उ०] हंता अत्थि ।

१३. [प्र०] अत्थि णं भंते ! धायइसंडे दीवे दव्वाइं सवन्नाइं पि एवं चेव, एवं जाव–सयंभूरमणसमुद्दे ? [उ०] जाव हंता अत्थि ।

१४. तए णं सा महतिमहालिया महच्चपरिसा समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा, निसम्म हट्ठ–तुट्ठा समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया ।

१५. तए णं हत्थिणापुरे नगरे सिंघाडग० जाव–पहेसु बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ, जाव परूवेइ–जन्नं 'देवाणुप्पिया ! सिवे रायरिसी एवमाइक्खइ, जाव परूवेइ–अत्थि णं देवाणुप्पिया ! ममं अतिसेसे नाणे जाव–समुद्दा य', तं नो इणट्ठे समट्ठे, समणे भगवं महावीरे एवमाइक्खइ, जाव परूवेइ–एवं खलु एयस्स सिवस्स रायरिसिस्स छट्ठंछट्ठेणं तं चेव जाव–भंडनिक्खेवं करेइ, भंडनिक्खेवं करेत्ता हत्थिणापुरे नगरे सिंघाडग० जाव–समुद्दा य । तए णं तस्स सिवस्स रायरिसिस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म जाव–समुद्दा य तण्णं मिच्छा, समणे भगवं महावीरे एवमाइक्खइ–एवं खलु जंबुद्दीवादीया दीवा लवणादीया समुद्दा तं चेव जाव असंखेज्जा दीवसमुद्दा पन्नत्ता समणाउसो !

१६. तए णं से सिवे रायरिसी बहुजणस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म संकिए कंखिए वितिगिच्छिए भेदसमावन्ने कलुससमावन्ने जाए यावि होत्था । तए णं तस्स सिवस्स रायरिसिस्स संकियस्स कंखियस्स जाव–कलुससमावन्नस्स से विभंगे अन्नाणे खिप्पामेव परिवडिए ।

१७. तए णं तस्स सिवस्स रायरिसिस्स अयमेयारूवे अब्भत्थिए जाव समुप्पज्जित्था–'एवं खलु समणे भगवं महावीरे आदिगरे तित्थगरे जाव–सव्वन्नू सव्वदरिसी आगासगएणं चक्केणं जाव सहसंबवणे उज्जाणे अहापडिरूवं जाव विहरइ, तं महाफलं खलु तहारूवाणं अरहंताणं भगवंताणं नामगोयस्स जहा उववाइए जाव–गहणयाए, तं गच्छामि णं समणं भगवं महावीरं, वंदामि जाव पज्जुवासामि, एयं णे इहभवे य परभवे य जाव भविस्सइ'त्तिकट्टु एवं संपेहेति ।

लवणसमुद्रमां द्रव्यो.

१२. [प्र०] हे भगवन् ! लवण समुद्रमां वर्णवाळां, वर्णविनाना, गंधवाळां, गंध विनाना, रसवाळां, रसविनाना, स्पर्शवाळां ने स्पर्श विनाना द्रव्यो अन्योन्य बद्ध, अन्योन्य स्पृष्ट, यावत् अन्योन्य संबद्ध छे ? [उ०] हे गौतम ! हा, छे.

धातकि खंडमां द्रव्यो.

१३. [प्र०] हे भगवन् ! धातकिखंडमां अने ए प्रमाणे यावत् स्वयंभूरमण समुद्रमां वर्णवाळां ने वर्णरहित इत्यादि पूर्वोक्त द्रव्यो परस्पर संबद्ध छे इत्यादि यावत् ? [उ०] हे गौतम ! हा, छे त्यां सुधी जाणवुं.

१४. त्यारबाद ते अत्यन्त मोटी अने महत्वयुक्त परिषद् श्रमण भगवान् महावीर पासेथी ए अर्थ सांभळी अने अवधारी हृष्ट तुष्ट थइ श्रमण भगवंत महावीरने वांदी नमी जे दिशामांथी आवी हती ते दिशामां गइ.

शिवराजर्षिनुं कथन यथार्थ नथी.

महावीरस्वामीनुं कथन–असंख्यात द्वीप–समुद्रो.

१५. त्यारबाद हस्तिनापुर नगरमां शृंगाटक यावद् बीजा मार्गोमां घणा माणसो परस्पर आ प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के हे देवानुप्रियो ! शिवराजर्षि जे एम कहे छे–यावत् प्ररूपे छे–'हे देवानुप्रियो ! मने अतिशयवाळुं ज्ञान उत्पन्न थयुं छे, यावत् बीजा द्वीप–समुद्रो नथी;' ते तेनुं कथन यथार्थ नथी. श्रमण भगवान् महावीर ए प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के–छट्ठ छट्ठना तपने निरंतर करता शिवराजर्षि पूर्वे कह्या प्रमाणे यावत् पोताना उपकरणो मूकीने हस्तिनापुर नामना नगरमां शृंगाटक यावत् बीजा मार्गोमां ए प्रमाणे कहे छे–यावत् सात द्वीप–समुद्रो छे, बीजा नथी. त्यारबाद ते शिवराजर्षिनी पासे ए वात सांभळीने अवधारीने घणा माणसो एम कहे छे–'शिवराजर्षि जे कहे छे के मात्र सात द्वीप समुद्रो छे' ते मिथ्या छे, यावत् श्रमण भगवान् महावीर ए प्रमाणे कहे छे के–हे आयुष्मन् श्रमण जंबूद्वीपादि द्वीपो अने लवणादि समुद्रो एक सरखा आकारे छे–इत्यादि पूर्वे कह्या प्रमाणे जाणवुं, यावत् असंख्याता द्वीप–समुद्रो कह्यां छे.

शिवराजर्षि शंकित थया.

१६. त्यार बाद ते शिवराजर्षि घणा माणसो पासेथी ए वातने सांभळीने अने अवधारीने शंकित, कांक्षित, संदिग्ध, अनिश्चित अने कलुषित भावने प्राप्त थया, अने शंकित, कांक्षित, संदिग्ध, अनिश्चित अने कलुषित भावने प्राप्त थयेला शिवराजर्षिनुं विभंग नामे अज्ञान तरतज नाश पाम्युं.

शिवराजर्षिनो महावीरस्वामी पासे आववानो संकल्प.

१७. त्यार पछी ते शिवराजर्षिने आवा प्रकारनो आ संकल्प यावत् उत्पन्न थयो–"ए प्रमाणे श्रमण भगवान् महावीर धर्मनी आदि करनारा, तीर्थंकर, यावत् सर्वज्ञ अने सर्वदर्शी छे; अने तेओ आकाशमा चालता धर्मचक्रवडे यावत् सहस्राम्रवन नामे उद्यानमां यथायोग्य अवग्रह ग्रहण करी यावद् विहरे छे. तो तेवा प्रकारना अरिहंत भगवंतोना नामगोत्रनुं श्रवण करवुं ते महा फळवाळुं छे, तो अभिगमन वंदनादि माटे तो शुं कहेवुं ?–इत्यादि *औपपातिक सूत्रमां कह्या प्रमाणे जाणवुं, यावत् एक आर्य धार्मिक सुवचननुं श्रवण करवुं महा फलवाळुं छे, तो तेना विपुल अर्थनुं अवधारण करवा माटे तो शुं कहेवुं ? तेथी हुं श्रमण भगवान् महावीरनी पासे जाउं, वांदु अने नमुं, यावत् तेओनी पर्युपासना करुं, ए मने आ भवमां अने परभवमां यावत् श्रेयने माटे थशे" एम विचारे छे.

---

१७ * जुओ औपपा० पृ० ५७–२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८. एवं २ त्ता जेणेव तावसावसहे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता तावसावसहं अणुप्पविसति, ता० २ सुबहुं लोही–लोहकडाह० जाव किढिणसंकातिगं च गेण्हइ, गेण्हित्ता तावसावसहाओ पडिनिक्खमति, ताव० २ पडिवडियविब्भंगे हत्थिणागपुरं नगरं मज्झंमज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे, जेणेव समणे भगवं महावीरे, तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, वंदति नमंसति, वंदित्ता नमंसित्ता नच्चासन्ने नाइदूरे जाव– पंजलिउडे पज्जुवासइ। तए णं समणे भगवं महावीरे सिवस्स रायरिसिस्स तीसे य महतिमहालियाए० जाव–आणाए आराहए भवइ।

१९. तए णं से सिवे रायरिसी समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा, निसम्म जहा खंदओ, जाव उत्तरपुरच्छिमं दिसीभागं अवक्कमइ, २ सुबहुं लोही–लोहकडाह०जाव–किढिणसंकातिगं एगंते एडेइ, ए० २ सयमेव पंचमुट्ठियं लोयं करेति, सयमे० २ समणं भगवं महावीरं एवं जहेव उसभदत्ते तहेव पव्वइओ, तहेव इक्कारस अंगाइं अहिज्जति, तहेव सव्वं जाव–सव्वदुक्खप्पहीणे।

२०. [प्र०] 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी–जीवा णं भंते! सिज्झमाणा कयरंमि संघयणे सिज्झंति? [उ०] गोयमा! वयरोसभणारायसंघयणे सिज्झंति। एवं जहेव उववाइए तहेव "संघयणं संठाणं उच्चत्तं आउयं च परिवसणा"। एवं सिद्धिगंडिया निरवसेसा भाणियव्वा, जाव–"अव्वाबाहं सोक्खं अणुहोंति सासयं सिद्धा" ॥ सेवं भंते! सेवं भंते! त्ति ॥ सिवो समत्तो।

## एक्कारससए नवमो उद्देसो समत्तो।

१८. ए प्रमाणे विचार करी ज्यां तापसोनो मठ छे त्यां आवे छे. आवी तापसोना मठमां प्रवेश करी घणी लोढी, लोढाना कडाया यावत् कावड वगेरे उपकरणोने लेइ तापसोना आश्रमथी नीकळे छे. नीकळीने विभंगज्ञानरहित ते शिवराजर्षि हस्तिनापुर नगरनी वच्चोवच्च थईने ज्यां सहस्राम्रवन नामे उद्यान छे, ज्यां श्रमण भगवान् महावीर छे त्यां आवे छे. आवीने श्रमण भगवान् महावीरने त्रण वार प्रदक्षिणा करीने वांदे छे अने नमे छे. वांदी अने नमीने तेओथी बहु नजीक नहीं अने बहुदूर नहीं तेम उभा रही यावत् हाथ जोडी ते शिवराजर्षि श्रमण भगवंत महावीरनी उपासना करे छे. त्यार बाद ते शिवराजर्षिने अने मोटामा मोटी पर्षदने श्रमण भगवंत महावीर धर्मकथा कहे छे. अने यावत् ते शिवराजर्षि आज्ञाना आराधक थाय छे. *शिवराजर्षिनुं महावीरस्वामी पासे आगमन.*

१९. पछी ते शिवराजर्षि श्रमण भगवान् महावीरनी पासेथी धर्मने सांभळी अने अवधारी *स्कंदकना प्रकरणमां कह्या प्रमाणे यावत् ईशान कोण तरफ जइ घणी लोढी, लोढाना कडाया यावत् कावड वगेरे तापसोचित उपकरणोने एकांत जग्याए मूके छे. मूकीने पोतानी मेळे पंच मुष्टि लोच करी, श्रमण भगवंत महावीर पासे †ऋषभदत्तनी पेठे प्रव्रज्यानो स्वीकार करे छे, अने ते प्रमाणे अग्यार अंगोनुं अध्ययन करे छे, तथा एज प्रमाणे यावत् ते शिवराजर्षि सर्व दुःखथी मुक्त थाय छे. *शिवराजर्षिनी दीक्षा.*

२०. 'हे भगवन्'! एम कही भगवान् गौतम श्रमण भगवंत महावीरने वांदे छे अने नमे छे, वांदी अने नमीने भगवंत गौतमे आ प्रमाणे पूछ्युं—[प्र०] "हे भगवन्! सिद्ध थता जीवो कया संघयणमां सिद्ध थाय? [उ०] हे गौतम! जीवो वज्रऋषभनाराच संघयणमां सिद्ध थाय"–इत्यादि ‡औपपातिकसूत्रमां कह्या प्रमाणे "संघयण, संस्थान, उंचाइ, आयुष, परिवसना (वास)"–अने ए प्रमाणे आखी ¶सिद्धिगंडिका कहेवी; यावत् अव्याबाध (दुःखरहित) शाश्वत सुखने सिद्धो अनुभवे छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावद् विहरे छे.

## एकादश शते शिवनामे नवम उद्देशक समाप्त.

१९ * जुओ भग० खं० १ श० २ उ० १ पृ० २३८. † ऋषभदत्तनी प्रव्रज्या जुओ भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १६५.
२० ‡ सिद्धना स्वरूपनुं वर्णन जुओ औपपा० प० ११२–१.
¶ औपपातिक सूत्रने अन्ते सिद्धना स्वरूपनुं वर्णन करनार "कहिं पडिहया सिद्धा०" इत्यादि बावीश गाथाना प्रकरणने सिद्धिगंडिका कहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दसमो उद्देसो ।

१. [प्र०] रायगिहे जाव–एवं वयासी–कतिविहे णं भंते! लोए पन्नत्ते? [उ०] गोयमा! चउव्विहे लोए पन्नत्ते, तंजहा–दव्वलोए, खेत्तलोए, काललोए, भावलोए।

२. [प्र०] खेत्तलोए णं भंते! कतिविहे पण्णत्ते? [उ०] गोयमा! तिविहे पन्नत्ते, तंजहा–१ अहोलोयखेत्तलोए, २ तिरियलोयखेत्तलोए, ३ उड्ढलोयखेत्तलोए।

३. [प्र०] अहोलोयखेत्तलोए णं भंते! कतिविहे पन्नत्ते? [उ०] गोयमा! सत्तविहे पन्नत्ते, तंजहा–रयणप्पभापुढविअहेलोयखेत्तलोए, जाव–अहेसत्तमापुढविअहोलोयखेत्तलोए।

४. [प्र०] तिरियलोयखेत्तलोए णं भंते! कतिविहे पन्नत्ते? [उ०] गोयमा! असंखेज्जविहे पन्नत्ते, तंजहा–जंबुद्दीवे दीवे तिरियलोयखेत्तलोए, जाव–सयंभूरमणसमुद्दे तिरियलोयखेत्तलोए।

५. [प्र०] उड्ढलोगखेत्तलोए णं भंते! कतिविहे पन्नत्ते? [उ०] गोयमा! पन्नरसविहे पन्नत्ते, तंजहा–सोहम्मकप्पउड्ढलोगखेत्तलोए, जाव–अच्चुयउड्ढलोए, गेवेज्जविमाणउड्ढलोए, अनुत्तरविमाण० ईसिपब्भारपुढविउड्ढलोगखेत्तलोए।

६. [प्र०] अहोलोगखेत्तलोए णं भंते! किंसंठिए पन्नत्ते? [उ०] गोयमा! तप्पागारसंठिए पन्नत्ते।

## दशम उद्देशक.

लोकना प्रकार. १. [प्र०] राजगृह नगरमां [ गौतम ] यावद् आ प्रमाणे बोल्या–हे भगवन्! लोक केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम लोक चार प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–१ द्रव्यलोक, २ क्षेत्रलोक, ३ काललोक अने ४ भावलोक.

क्षेत्रलोकना प्रकार. २. [प्र०] हे भगवन्! क्षेत्रलोक केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम! त्रण प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–१ अधोलोकक्षेत्रलोक, २ तिर्यग्लोकक्षेत्रलोक अने ३ ऊर्ध्वलोकक्षेत्रलोक.

अधोलोकक्षेत्रलोकना प्रकार. ३. [प्र०] हे भगवन्! अधोलोकक्षेत्रलोक केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम! सात प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–१ रत्नप्रभापृथिवीअधोलोकक्षेत्रलोक, यावत् ७ अधःसप्तमपृथिवीअधोलोकक्षेत्रलोक.

तिर्यक् क्षेत्रलोक. ४. [प्र०] हे भगवन्! तिर्यग्लोकक्षेत्रलोक केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम! असंख्य प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–जंबूद्वीपतिर्यग्लोकक्षेत्रलोक, यावत् स्वयंभूरमणसमुद्रतिर्यग्लोकक्षेत्रलोक.

ऊर्ध्वलोकक्षेत्रलोकना प्रकार. ५. [प्र०] हे भगवन्! ऊर्ध्वलोकक्षेत्रलोक केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम! पंदर प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–१ सौधर्मकल्पऊर्ध्वलोकक्षेत्रलोक, यावद् १२ अच्युतकल्पऊर्ध्वलोकक्षेत्रलोक, १३ ग्रैवेयकविमानऊर्ध्वलोकक्षेत्रलोक, १४ अनुत्तरविमानऊर्ध्वलोकक्षेत्रलोक अने १५ ईषत्प्राग्भारपृथिवीऊर्ध्वलोकक्षेत्रलोक.

अधोलोकनुं संस्थान. ६. [प्र०] हे भगवन्! अधोलोकक्षेत्रलोक केवा संस्थाने छे? [उ०] हे गौतम! अधोलोक त्रापाने आकारे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. [प्र०] तिरियलोयखेत्तलोए णं भंते ! किंसंठिए पन्नत्ते ? [उ०] गोयमा ! झल्लरिसंठिए पन्नत्ते ।

८. [प्र०] उड्ढलोयखेत्तलोय–पुच्छा [उ०] उड्ढमुइंगाकारसंठिए पन्नत्ते ।

९. [प्र०] लोए णं भंते ! किंसंठिए पन्नत्ते ? [उ०] गोयमा ! सुपइट्ठगसंठिए लोए पन्नत्ते, तंजहा–हेट्ठा विच्छिन्ने, मज्झे संखित्ते, जहा सत्तमसए पढमुद्देसए जाव अंतं करेति ।

१०. [प्र०] अलोए णं भंते ! किंसंठिए पन्नत्ते ? [उ०] गोयमा ! झुसिरगोलसंठिए पन्नत्ते ।

११. [प्र०] अहेलोगखेत्तलोए णं भंते ! किं जीवा, जीवदेसा, जीवपएसा ? [उ०] एवं जहा इंदा दिसा तहेव निरवसेसं भाणियव्वं, जाव–अद्धासमए ।

१२. [प्र०] तिरियलोयखेत्तलोए णं भंते ! किं जीवा० ? [उ०] एवं चेव, एवं उड्ढलोयखेत्तलोए वि, नवरं अरूवी छव्विहा, अद्धासमओ नत्थि ।

१३. [प्र०] लोए णं भंते किं जीवा० ? [उ०] जहा बितियसए अत्थिउद्देसए लोयागासे, नवरं अरूवी सत्तविहा, जाव–अहम्मत्थिकायस्स पएसा, नोआगासत्थिकाए, आगासत्थिकायस्स देसे, आगासत्थिकायपएसा, अद्धासमए, सेसं तं चेव ।

१४. [प्र०] अलोए णं भंते ! किं जीवा० ? [उ०] एवं जहा अत्थिकायउद्देसए अलोयागासे, तहेव निरवसेसं जाव–अणंतभागूणे ।

७. [प्र०] हे भगवन् ! तिर्यग्लोकक्षेत्रलोक केवा संस्थाने छे ? [उ०] हे गौतम ! ते झालरने आकारे छे. तिर्यग्लोकनुं संस्थान.

८. [प्र०] हे भगवन् ! ऊर्ध्वलोकक्षेत्रलोक केवा आकारे छे ? [उ०] हे गौतम ! उभा मृदंगने आकारे छे. ऊर्ध्वलोकनुं संस्थान.

९. [प्र०] हे भगवन् ! लोक केवा आकारे संस्थित छे ? [उ०] हे गौतम ! लोक सुप्रतिष्ठकने आकारे संस्थित छे, ते आ प्रमाणे– लोकनुं संस्थान.
"नीचे पहोळो, मध्यभागमां संक्षिप्त–संकीर्ण"–इत्यादि *सातमा शतकना प्रथम उद्देशकमां कह्या प्रमाणे कहेवुं. [ ते लोकने उत्पन्न ज्ञान दर्शनने धारण करनारा केवलज्ञानी जाणे छे अने त्यार पछी सिद्ध थाय छे ] यावद् 'सर्व दुःखोनो अन्त करे छे'.

१०. [प्र०] हे भगवन् ! अलोक केवा आकारे कह्यो छे ? [उ०] हे गौतम ! अलोक पोला गोळाने आकारे कह्यो छे. अलोकनुं संस्थान.

११. [प्र०] हे भगवन् ! अधोलोकक्षेत्रलोक शुं जीवरूप छे, जीवदेशरूप छे, जीवप्रदेशरूप छे इत्यादि ? [उ०] हे गौतम ! जेम † ऐन्द्री दिशा संबन्धे कह्युं छे ते प्रमाणे सर्व अहिं जाणवुं, यावद् 'अद्धासमय ( काल ) रूप छे'. अधोलोक जीवरूप छे इत्यादि प्रश्न.

१२. [प्र०] हे भगवन् ! तिर्यग्लोक शुं जीवरूप छे इत्यादि ? [उ०] पूर्ववत् जाणवुं. ए प्रमाणे ऊर्ध्वलोकक्षेत्रलोक संबन्धे पण जाणवुं; परन्तु विशेष ए छे के ऊर्ध्वलोकमां अरूपी द्रव्य छ प्रकारे छे, कारण के त्यां अद्धा समय नथी. तिर्यग्लोक जीवरूप छे इत्यादि.

१३. [प्र०] हे भगवन् ! लोक शुं जीव छे इत्यादि ? [उ०] बीजा शतकना ‡अस्तिउद्देशकमां लोकाकाशने विषे कह्युं छे ते प्रमाणे अहिं जाणवुं. परन्तु विशेष ए छे के अहिं अरूपी सात प्रकारे जाणवा, ¶यावद् ४ 'अधर्मास्तिकायना प्रदेशो, ५ नोआकाशास्तिकाय–रूप, आकाशास्तिकायनो देश, ६ आकाशास्तिकायना प्रदेशो अने ७ अद्धासमय. बाकी पूर्वे कह्या प्रमाणे जाणवुं. लोक जीवरूप छे इत्यादि.

१४. [प्र०] हे भगवन् ! अलोक शुं जीव छे इत्यादि ? [उ०] जेम §अस्तिकायउद्देशकमां अलोकाकाशने विषे कह्युं छे ते प्रमाणे बधुं अहीं जाणवुं, यावत् ते [ सर्वाकाशना ] 'अनन्तमा भाग न्यून छे'. अलोकाकाश जीवरूप छे इत्यादि.

---

९ * लोकनुं संस्थान जुओ भग० खं० ३ श० ७ उ० १ पृ० २.

११ † जुओ ऐन्द्रीदिशासंबन्धे प्रश्न भग० खं० ३ श० १० उ १. पृ० १८९.

१३ ‡ भग० खं० १ श० २ उ० १० पृ० ३१०. सू० ६६.

१३ ¶ १ धर्मास्तिकाय, २ धर्मास्तिकायना प्रदेशो, ३ अधर्मास्तिकाय, ४ अधर्मास्तिकायना प्रदेशो, ५ आकाशास्तिकायनो देश, ६ आकाशास्तिकायना प्रदेशो, अने ७ काल.—ए अरूपीना सात प्रकार छे. तेमां प्रथम धर्मास्तिकाय छे. कारण के ते संपूर्ण लोकने विषे विद्यमान छे. धर्मास्तिकायनो देश नथी, केमके लोकमां अखंड धर्मास्तिकाय छे. तथा धर्मास्तिकायना प्रदेशो छे, कारण के धर्मास्तिकाय ते प्रदेशोना समुदायरूप छे. ए प्रमाणे अधर्मास्तिकायना पण बे भेद जाणवा. आकाशास्तिकाय नथी, कारण के लोकमां तेनो एक भाग छे, अने तेथीज आकाशास्तिकायनो देश छे. आकाशास्तिकायना प्रदेशो छे. तथा काल द्रव्य छे.—टीका.

१४ § भग० खं० १ श० २ उ० १० पृ० ३१० सू० ६७.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५. [प्र०] अहेलोगखेत्तलोगस्स णं भंते ! एगंमि आगासपएसे किं जीवा, जीवदेसा, जीवप्पएसा, अजीवा, अजीवदेसा, अजीवपएसा ? [उ०] गोयमा ! नो जीवा, जीवदेसा वि, जीवपएसा वि, अजीवा वि, अजीवदेसा वि, अजीवपएसा वि। जे जीवदेसा ते नियमा १ एगिंदियदेसा, २ अहवा एगिंदियदेसा य बेइंदियस्स देसे, ३ अहवा एगिंदियदेसा य बेइंदियाण य देसा । एवं मज्झिल्लविरहिओ जाव–अणिंदिएसु, जाव–अहवा एगिंदियदेसा य अणिंदियदेसा य। जे जीवपएसा ते नियमा १ एगिंदियपएसा, २ अहवा एगिंदियपएसा य बेंदियस्स पएसा, ३ अहवा एगिंदियपएसा य बेइंदियाण य पएसा, एवं आइल्लविरहिओ जाव पंचिंदिएसु, अणिंदिएसु तियभंगो। जे अजीवा ते दुविहा पन्नत्ता, तंजहा–रूवी अजीवा य अरूवी अजीवा य। रूवी तहेव, जे अरूवी अजीवा ते पंचविहा पण्णत्ता, तंजहा–१ नोधम्मत्थिकाए धम्मत्थिकायस्स देसे, २ धम्मत्थिकायस्स पएसे, एवं ४ अहम्मत्थिकायस्स वि, ५ अद्धासमए।

१६. [प्र०] तिरियलोगखेत्तलोगस्स णं भंते ! एगंमि आगासपएसे किं जीवा० ? [उ०] एवं जहा अहोलोगखेत्तलोगस्स तहेव, एवं उड्ढलोगखेत्तलोगस्स वि, नवरं अद्धासमओ नत्थि, अरूवी चउव्विहा। लोगस्स जहा अहेलोगखेत्तलोगस्स एगंमि आगासपएसे।

१७. [प्र०] अलोगस्स णं भंते ! एगंमि आगासपएसे पुच्छा [उ०] गोयमा ! नो जीवा, नो जीवदेसा, तं चेव जाव अणंतेहिं अगुरुयलहुयगुणेहिं संजुत्ते सव्वागासस्स अणंतभागूणे।

१८. दव्वओ णं अहेलोगखेत्तलोए अणंताइं जीवदव्वाइं, अणंताइं अजीवदव्वाइं, अणंता जीवाजीवदव्वा। एवं तिरियलोयखेत्तलोए वि, एवं उड्ढलोयखेत्तलोए वि। दव्वओ णं अलोए णेवत्थि जीवदव्वा, नेवत्थि अजीवदव्वा, नेवत्थि जीवाजीवदव्वा, एगे

अधोलोकना एक आकाशप्रदेशमां शुं जीवो छे इत्यादि.

१५. [प्र०] हे भगवन् ! अधोलोकक्षेत्रलोकना एक आकाशप्रदेशमां शुं १ जीवो, २ जीवना देशो, ३ अजीवो, ४ अजीवोना देशो अने ५ अजीवना प्रदेशो छे ? [उ०] हे गौतम ! जीवो नथी, पण जीवोना देशो, जीवोना प्रदेशो, अजीवो, अजीवना देशो अने अजीवना प्रदेशो छे. तेमां त्यां जे जीवोना देशो छे ते अवश्य १ एकेन्द्रियजीवोना देशो छे २ अथवा एकेन्द्रिय जीवोना देशो अने बे इन्द्रिय जीवनो देश छे, ३ अथवा एकेन्द्रिय जीवोना देशो अने बेइन्द्रियोना देशो छे. ए प्रमाणे *मध्यम भंगरहित बाकीना विकल्पो यावद् अनिन्द्रियो–सिद्धो संबन्धे जाणवा. यावद् 'एकेन्द्रियोना देशो अने अनिन्द्रियोना देशो' छे, तथा त्यां जे जीवना प्रदेशो छे ते अवश्य एकेन्द्रिय जीवोना प्रदेशो छे, १ अथवा एकेन्द्रिय जीवोना प्रदेशो अने एक बेइन्द्रिय जीवना प्रदेशो छे, २ अथवा एकेन्द्रिय जीवोना प्रदेशो अने बेइन्द्रियोना प्रदेशो छे. ए प्रमाणे यावत् पंचेन्द्रिय अने अनिन्द्रियो संबन्धे प्रथम भंग शिवाय त्रण भांगा जाणवा. तथा त्यां जे अजीवो छे ते बे प्रकारना कह्या छे. ते आ प्रमाणे–रूपिअजीव अने अरूपिअजीव. तेमां रूपिअजीवो पूर्व प्रमाणे जाणवा. अने जे अरूपिअजीवो छे ते पांच प्रकारना कह्या छे, ते आ प्रमाणे–१ †नोधर्मास्तिकाय धर्मास्तिकायनो देश, २ धर्मास्तिकायनो प्रदेश, ए प्रमाणे ४ अधर्मास्तिकाय संबन्धे पण जाणवुं. अने ५ अद्धा समय.

तिर्यग्लोकना एक आकाशप्रदेशमां शुं जीवो छे इत्यादि. लोकना एक आकाश प्रदेशमां शुं जीव होय ?

१६. [प्र०] हे भगवन् ! तिर्यग्लोकक्षेत्रलोकना एक आकाश प्रदेशमां शुं जीवो छे ? इत्यादि [उ०] जेम अधोलोकक्षेत्रलोकना संबन्धे कह्युं तेम अहीं बधुं जाणवुं. ए प्रमाणे ऊर्ध्वलोकक्षेत्रलोकना एक आकाश प्रदेशने विषे पण जाणवुं, परन्तु विशेष ए छे के, त्यां अद्धासमय नथी, माटे अरूपी चार प्रकारना छे, लोकना एक आकाश प्रदेशमां अधोलोकक्षेत्रलोकना एक आकाश प्रदेशमां जेम कह्युं छे तेम जाणवुं.

अलोकना एक आकाशप्रदेशमां जीव होय ?

१७. [प्र०] हे भगवन् ! अलोकना एक आकाश प्रदेश संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! त्यां 'जीवो नथी, जीव देशो नथी'– इत्यादि पूर्वनी पेठे [ सू. १४ ] कहेवुं, यावत् अलोक अनन्त अगुरुलघुगुणोथी संयुक्त छे अने सर्वाकाशना अनंतमा भागे न्यून छे.

द्रव्यादिथी अधोलोकादिनो विचार.

१८. [प्र०] हे भगवन् ! द्रव्यथी अधोलोकक्षेत्रलोकमां अनन्त जीव द्रव्यो छे, अनंत अजीव द्रव्यो छे अने अनंत जीवाजीव द्रव्यो छे. ए प्रमाणे तिर्यग्लोकक्षेत्रलोकमां तथा ऊर्ध्वलोकक्षेत्रलोकमां पण जाणवुं. द्रव्यथी अलोकमां जीव द्रव्यो नथी, अजीव द्रव्यो नथी अने जीवाजीव द्रव्यो नथी, पण एक अजीवद्रव्यनो देश छे, यावत् सर्वाकाशना अनंतमा भागे न्यून छे. कालथी अधोलोकक्षेत्रलोक कोइ

---

१५ * श० १० उ० १ प्रदर्शित एकेन्द्रिय जीवोना देशो अने बेइन्द्रिय जीवना देशो–ए मध्यम भांगो होतो नथी, कारणके एक आकाशप्रदेशमां एक बेइन्द्रिय जीवना घणा देशो संभवित नथी.

† नोधर्मास्तिकाय–अधोलोकना एक आकाशप्रदेशमां संपूर्ण धर्मास्तिकाय नथी. पण तेनो देश अने प्रदेश होय छे तेथी तेने नोधर्मास्तिकायरूप कहेल छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अजीवदव्वदेसे जाव सव्वागासअणंतभागूणे । कालओ णं अहेलोयखेत्तलोए न कयाइ नासि, जाव निच्चे, एवं जाव अलोगे । भावओ णं अहेलोगखेत्तलोए अणंता वन्नपज्जवा, जहा खंदए, जाव अणंता अगुरुयलहुयपज्जवा, एवं जाव लोए । भावओ णं अलोए नेवत्थि वन्नपज्जवा, जाव नेवत्थि अगुरुयलहुयपज्जवा, एगे अजीवदव्वदेसे, जाव अणंतभागूणे ।

१९. [प्र०] लोए णं भंते ! के महालए पन्नत्ते ? [उ०] गोयमा ! अयन्नं जंबुद्दीवे दीवे सव्वदीव० जाव–परिक्खेवेणं । तेणं कालेणं तेणं समएणं छ देवा महिड्ढीया जाव–महेसक्खा जंबुद्दीवे दीवे मंदरे पव्वए मंदरचूलियं सव्वओ समंता संपरिक्खित्ता णं चिट्ठेज्जा, अहेणं चत्तारि दिसाकुमारीओ महत्तरियाओ चत्तारि बलिपिंडे गहाय जंबुद्दीवस्स दीवस्स चउसु वि दिसासु बहियाऽभिमुहीओ ठिच्चा ते चत्तारि बलिपिंडे जमगसमगं बहियाभिमुहे पक्खिवेज्जा, पभू णं गोयमा ! ताओ एगमेगे देवे ते चत्तारि बलिपिंडे धरणितलमसंपत्ते खिप्पामेव पडिसाहरित्तए, ते णं गोयमा ! देवा ताए उक्किट्ठाए जाव देवगईए एगे देवे पुरच्छाभिमुहे पयाते, एवं दाहिणाभिमुहे, एवं पच्चत्थाभिमुहे, एवं उत्तराभिमुहे, एवं उड्ढाभि० एगे देवे अहोभिमुहे पयाए, तेणं कालेणं तेणं समएणं वाससहस्साउए दारए पयाए, तए णं तस्स दारगस्स अम्मापियरो पहीणा भवंति, णो चेव णं ते देवा लोगंतं संपाउणंति । तए णं तस्स दारगस्स आउए पहीणे भवति, णो चेव णं जाव संपाउणंति, तए णं तस्स दारगस्स अट्ठिमिंजा पहीणा भवंति, णो चेव णं ते देवा लोगंतं संपाउणंति । तए णं तस्स दारगस्स आसत्तमे वि कुलवंसे पहीणे भवति, नो चेव णं ते देवा लोगंतं संपाउणंति । तए णं तस्स दारगस्स नामगोए वि पहीणे भवति, णो चेव णं ते देवा लोगंतं संपाउणंति, तेसि णं भंते ! देवाणं किं गए बहुए अगएबहुए ? गोयमा ! गए बहुए नो अगए बहुए, गयाउ से अगए असंखेज्जइभागे, अगयाउ से गए असंखेज्जगुणे, लोए णं गोयमा ! ए महालए पन्नत्ते ।

२०. [प्र०] अलोए णं भंते ! के महालए पन्नत्ते ? [उ०] गोयमा ! अयंणं समयखेत्ते पणयालीसं जोयणसयसहस्साइं आयामविक्खंभेणं, जहा खंदए, जाव–परिक्खेवेणं । तेणं कालेणं तेणं समएणं दस देवा महिड्ढिया तहेव जाव–संपरिक्खित्ता णं संचिट्ठेज्जा, अहे णं अट्ठ दिसाकुमारीओ महत्तियाओ अट्ठ बलिपिंडे गहाय माणुसुत्तरस्स पव्वयस्स चउसु वि दिसासु चउसु

दिवस न हतो एम नथी, यावत् नित्य छे. ए प्रमाणे यावत् अलोक जाणवो. भावथी अधोलोकक्षेत्रलोकमां 'अनंत वर्ण पर्यवो छे'–इत्यादि जेम *स्कंदकना अधिकारमां कह्युं छे तेम जाणवुं, यावद् अनंत अगुरुलघुपर्यवो छे. ए प्रमाणे यावत् लोक सुधी जाणवुं. भावथी अलोकमां वर्णपर्यवो नथी, †यावत् अगुरुलघुपर्यवो नथी, पण एक अजीवद्रव्यनो देश छे अने ते सर्वाकाशना अनंतमा भागे न्यून छे.

१९. [प्र०] हे भगवन् ! लोक केटलो मोटो कह्यो छे ? [उ०] हे गौतम ! आ जंबूद्वीप नामे द्वीप सर्व द्वीपो अने समुद्रोनी अभ्यंतर छे, यावत् ‡परिधि युक्त छे. ते काले–ते समये महर्धिक अने यावत् महासुखवाळा छ देवो जंबूद्वीपमां मेरुपर्वतने विषे मेरुपर्वतनी चूलिकाने चारे तरफ वींटाइने उभा रहे, अने नीचे मोटी चार दिक्कुमारीओ चार बलिपिंडने ग्रहण करीने जंबूद्वीपनी चारे दिशामां बहार मुख राखीने उभी रहे, पछी तेओ ते चारे बलिपिंडने एक साथे बाहेर फेंके, तोपण हे गौतम ! तेमांनो एक एक देव ते चार बलिपिंडने पृथिवी उपर पड्या पहेलां शीघ्र ग्रहण करवा समर्थ छे. हे गौतम ! एवी गतिवाळा ते देवोमांथी एक देव उत्कृष्ट यावद् त्वरित देवगतिवडे पूर्व दिशा तरफ गयो, ए प्रमाणे एक दक्षिण दिशा तरफ गयो, ए प्रमाणे एक पश्चिम दिशामां, एक उत्तर दिशामां, एक ऊर्ध्व दिशामां अने एक देव अधोदिशामां गयो. हवे ते काले, ते समये हजार वर्षना आयुषवाळो एक बाळक उत्पन्न थयो, त्यार पछी ते बाळकना मातापिता मरण पाम्या, तोपण तेटला वखत सुधी पण ते गएला देवो लोकना अंतने प्राप्त करी शकता नथी. त्यार बाद ते बाळकनुं आयुष क्षीण थयुं–पूरुं थयुं, तोपण ते देवो लोकान्तने प्राप्त करी शकता नथी. पछी ते बाळकना अस्थि अने मज्जा नाश पाम्या, तोपण ते देवो लोकना अंतने पामी शकता नथी, त्यार बाद सात पेढी सुधी तेना कुलवंश नष्ट थया, तोपण ते देवो लोकांतने प्राप्त करी शकता नथी. पछी ते बाळकनुं नामगोत्र पण नष्ट थयुं तोपण ते देवो लोकना अंतने पामी शकता नथी. [प्र०] जो एम छे तो हे भगवन् ! ते देवोए ओळंगेलो मार्ग घणो छे के ओळंग्या विनानो मार्ग घणो छे ? [उ०] हे गौतम ! ते देवो वडे ओळंगायेल–गमन करायेल–क्षेत्र वधारे छे, पण नहि ओळंगायेलुं–नहि गमन करायेलुं क्षेत्र वधारे नथी. गमन करायेला क्षेत्रथी नहि गमन करायेलुं क्षेत्र असंख्यातमा भागे छे. अने नहि गमन करायेलां क्षेत्रथी गमन करायेलुं क्षेत्र असंख्यात गुण छे. हे गौतम ! लोक एटलो मोटो कह्यो छे. लोकनो विस्तार.

२०. [प्र०] हे भगवन् ! अलोक केटलो मोटो कह्यो छे ? [उ०] हे गौतम ! 'आ मनुष्यक्षेत्र लंबाइ अने पहोळाइमां पीस्तालीश अलोकनो विस्तार.

१८ * जुओ स्कंदकना अधिकारमां लोकना स्वरूपनुं वर्णन. भग० खं० १ श० २ उ० १ पृ० २३५.

† चार स्पर्शवाळा पुद्गलस्कन्धो तथा अरूपी द्रव्यमां अगुरुलघु पर्यायो होय छे, अने ते द्रव्यो अलोकमां नहि होवाथी त्यां अगुरुलघुपर्यायो नथी–टीका.

१९ ‡ त्रण लाख, सोळ हजार, बसो सत्यावीश योजन, त्रण कोश, एकसो अठ्यावीश धनुष अने कंइक अधिक साडा तेर आंगळ–एटली जंबूद्वीपनी परिधि छे–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वि विदिसासु बहियाभिमुहीओ ठिच्चा ते अट्ठ बलिपिंडे जमगसमगं बहियाभिमुहीओ पक्खिवेज्जा, पभू णं गोयमा! तओ एग-मेगे देवे ते अट्ठ बलिपिंडे धरणितलमसंपत्ते खिप्पामेव पडिसाहरित्तए; ते णं गोयमा! देवा ताए उक्किट्ठाए जाव देवगईए लोगंते ठिच्चा असब्भावपट्ठवणाए एगे देवे पुरच्छाभिमुहे पयाए, एगे देवे दाहिणपुरच्छाभिमुहे पयाए, एवं जाव-उत्तरपुरच्छाभिमुहे, एगे देवे उड्ढाभिमुहे, एगे देवे अहोभिमुहे पयाए। तेणं कालेणं तेणं समएणं वाससयसहस्साउए दारए पयाए। तए णं तस्स दारगस्स अम्मापियरो पहीणा भवंति, नो चेव णं ते देवा अलोयंतं संपाउणंति, तं चेव जाव-तेसिं णं देवाणं किं गए बहुए अगए बहुए? गोयमा! नो गए बहुए अगए बहुए, गयाउ से अगए अणंतगुणे, अगयाउ से गए अणंतभागे, अलोए णं गोयमा! एमहालए पन्नत्ते।

२१. [प्र०] लोगस्स णं भंते! एगंमि आगासपएसे जे एगिंदियपएसा जाव-पंचिंदियपएसा अणिंदियपदेसा अन्नमन्न-बद्धा, अन्नमन्नपुट्ठा, जाव-अन्नमन्नसमभरघडत्ताए चिट्ठंति? अत्थि णं भंते! अन्नमन्नस्स किंचि आबाहं वा वाबाहं वा उप्पायंति, छविच्छेदं वा करेंति? [उ०] णो तिणट्ठे समट्ठे। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ-लोगस्स णं एगंमि आगासपएसे जे एगिंदियपएसा जाव चिट्ठंति, णत्थि णं भंते! अन्नमन्नस्स किंचि आबाहं वा जाव करेंति?, [उ०] गोयमा! से जहानामए नट्टिया सिया सिंगारागारचारुवेसा, जाव-कलिया रंगट्ठाणंसि जणसयाउलंसि जणसयसहस्साउलंसि बत्तीसइविहस्स नट्टस्स अन्नयरं नट्टविहिं उवदंसेज्जा, से नूणं गोयमा! ते पेच्छगा तं नट्टियं अणिमिसाए दिट्ठीए सव्वओ समंता समभिलोएंति? हंता समभिलोएंति, ताओ णं गोयमा! दिट्ठीओ तंसि नट्टियंसि सव्वओ समंता संनिपडियाओ?, हंता सन्निपडियाओ, अत्थि णं गोयमा! ताओ दिट्ठीओ तीसे नट्टियाए किंचि वि आबाहं वा वाबाहं वा उप्पाएंति, छविच्छेदं वा करेंति?, णो तिणट्ठे समट्ठे। अहवा सा नट्टिया तासिं दिट्ठीणं किंचि आबाहं वा वाबाहं वा उप्पाएति, छविच्छेदं वा करेइ? णो तिणट्ठे समट्ठे। ताओ वा दिट्ठीओ अन्नमन्नाए दिट्ठीए किंचि आबाहं वा वाबाहं वा उप्पाएंति, छविच्छेदं वा करेन्ति?, णो तिणट्ठे समट्ठे। से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-तं चेव जाव छविच्छेदं वा करेंति।

लाख योजन छे'—इत्यादि जेम *स्कंदकना अधिकारमां कह्युं छे तेम जाणवुं, यावत् ते परिधियुक्त छे. ते काले—ते समये दस महर्धिक देवो पूर्वनी पेठे ते मनुष्य लोकनी चारे बाजु वींटाइने उभा रहे. तेनी नीचे मोटी आठ दिक्कुमारीओ आठ बलिपिंडने लेइने मानुषोत्तर पर्वतनी चारे दिशामां अने चारे विदिशामां बाह्याभिमुख उभी रहे अने ते आठ बलि पिंडने लइने एकज साथे मानुषोत्तर पर्वतनी बहारनी दिशामां फेंके, तो हे गौतम! तेमांनो कोई पण एक देव ते आठ बलिपिंडोने पृथिवी उपर पड्या पहेलां शीघ्र संहरवा समर्थ छे. हे गौतम! ते देवो उत्कृष्ट, यावद् त्वरित देवगतिथी लोकना अंतमां उभा रही असत् कल्पना वडे एक देव पूर्व दिशा तरफ जाय, एक देव दक्षिणपूर्व तरफ जाय, अने ए प्रमाणे यावत् एक देव पूर्व तरफ जाय, वळी एक देव ऊर्ध्व दिशा तरफ जाय, अने एक देव अधोदिशा तरफ जाय; ते काले—ते समये लाख वर्षना आयुषवाळा एक बालकनो जन्म थाय, पछी तेना मातापिता मरण पामे तोपण ते देवो अलोकना अन्तने प्राप्त करी शकता नथी—इत्यादि पूर्वे कहेलुं. अहीं कहेवुं. यावत् [प्र०] हे भगवन्! ते देवोनुं गमन करायेलुं क्षेत्र बहु छे के नहि गमन करायेलुं क्षेत्र बहु छे? [उ०] हे गौतम! तेओनुं गमन करायेलुं क्षेत्र बहु नथी, पण नहि गमन करायेलुं क्षेत्र बहु छे. गमन करायेला क्षेत्र करतां नहि गमन करायेलुं क्षेत्र अनन्तगुण छे, अने नहि गमन करायेला क्षेत्र करतां गमन करायेलुं क्षेत्र अनंतमे भागे छे. हे गौतम! अलोक एटलो मोटो कह्यो छे.

लोकना एक आकाश प्रदेशमां जीवना प्रदेशो परस्पर संबद्ध छे अने एक बीजाने पीडा उत्पन्न करे?

२१. [प्र०] हे भगवन्! लोकना एक आकाशप्रदेशमां जे एकेन्द्रिय जीवोना प्रदेशो छे, यावत् पंचेन्द्रियना प्रदेशो अने अनिन्द्रियना प्रदेशो छे ते शुं बधा परस्पर बद्ध छे, अन्योऽन्य स्पृष्ट छे, यावद् अन्योन्य संबद्ध छे? वळी हे भगवन्! ते बधा परस्पर एक बीजाने कांइ पण आबाधा (पीडा) व्याबाधा (विशेष पीडा) उत्पन्न करे, तथा अवयवनो छेद करे? [उ०] हे गौतम! ए अर्थ यथार्थ नथी. [प्र०] हे भगवन्! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के लोकना एक आकाशप्रदेशमां जे एकेन्द्रियना प्रदेशो यावत् रहे छे, अने ते परस्पर एक बीजाने कांइ पण आबाधा वा व्याबाधा करता नथी? [उ०] हे गौतम! जेम शृंगारना आकार सहित सुन्दर वेषवाळी अने संगीतादिने विषे निपुणतावाळी कोई एक नर्तकी होय अने ते सेंकडो अथवा लाखो माणसोथी भरेला रंगस्थानमां बत्रीश प्रकारना नाट्यमांनु कोइ एक प्रकारनुं नाट्य देखाडे तो हे गौतम! ते प्रेक्षको शुं ते नर्तकीने अनिमेष दृष्टिथी चोतरफ जुए? हा, भगवन्! जुए. तो हे गौतम! ते प्रेक्षकोनी दृष्टिओ शुं ते नर्तकीने विषे चारे बाजुथी पडेली होय छे? हा, पडेली होय छे. हे गौतम! प्रेक्षकोनी ते दृष्टिओ ते नर्तकीने कांइ पण आबाधा वा व्याबाधा उत्पन्न करे, अथवा तेना अवयवनो छेद करे? हे भगवन्! ए अर्थ योग्य नथी. अथवा ते नर्तकी ते प्रेक्षकोनी दृष्टिओने कंइ पण आबाधा के व्याबाधा उत्पन्न करे अथवा तेना अवयवनो छेद करे? ए अर्थ यथार्थ नथी. अथवा ते दृष्टिओ परस्पर एक बीजी दृष्टिओने कांइपण आबाधा के व्याबाधा उत्पन्न करे, अथवा तेना अवयवनो छेद करे? ए अर्थ यथार्थ नथी. अर्थात् न करे, ते हेतुथी एम कहेवाय छे के पूर्वोक्त यावत् अवयवनो छेद करता नथी.'

२० * स्कंदकना अधिकारमां सिद्धक्षेत्रनुं वर्णन जुओ भग० खं० १ श० २ उ० १ पृ० २३५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२२. [प्र०] लोगस्स णं भंते ! एगंमि आगासपए जहन्नपए जीवपएसाणं, उक्कोसपए जीवपएसाणं, सव्वजीवाण य कयरे कयरे० जाव विसेसाहिया वा ? [उ०] गोयमा ! सवत्थोवा लोगस्स एगंमि आगासपएसे जहन्नपए जीवपएसा, सव्वजीवा असंखेज्जगुणा, उक्कोसपए जीवपएसा विसेसाहिया । सेवं भंते ! सेवं भंते ! त्ति ।

एक्कारससए दसमोद्देसो समत्तो ।

२२. [प्र०] हे भगवन् ! लोकना एक आकाशप्रदेशमां जघन्यपदे रहेला जीवप्रदेशो, उत्कृष्टपदे रहेला जीवप्रदेशो अने सर्व जीवोमां कोण कोना करतां यावद् विशेषाधिक छे ? [उ०] हे गौतम ! लोकना एक आकाशप्रदेशमां जघन्य पदे रहेला जीवप्रदेशो सौथी थोडा छे, तेना करतां सर्व जीवो असंख्यात गुण छे, अने ते करतां पण उत्कृष्ट पदे रहेला जीवप्रदेशो विशेषाधिक छे. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे, एम कही [ भगवान् गौतम ] यावद् विहरे छे.

एक आकाशप्रदेशमां जघन्य अने उत्कृष्ट पदे रहेला जीव प्रदेशो तथा सर्व जीवोनुं अल्पबहुत्व.

एकादश शते दशम उद्देश समाप्त.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## एक्कारसमो उद्देसो।

१. तेणं कालेणं तेणं समएणं वाणियग्गामे णामं नगरे होत्था, वन्नओ। दूतिपलासए चेइए, वन्नओ। जाव-पुढविसिलापट्टओ। तत्थ णं वाणियगामे नगरे सुदंसणे णामं सेट्ठी परिवसइ, अड्ढे, जाव-अपरिभूए समणोवासए अभिगयजीवाजीवे जाव-विहरइ। सामी समोसढे, जाव-परिसा पज्जुवासइ। तए णं से सुदंसणे सेट्ठी इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठ-तुट्ठे ण्हाए कय-जाव-पायच्छित्ते सव्वालंकारविभूसिए साओ गिहाओ पडिनिक्खमइ, साओ० २ सकोरेंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं पायविहारचारेणं महयापुरिसवग्गुरापरिक्खित्ते वाणियगामं नगरं मज्झं-मज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव दूतिपलासे चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ। तेणेव० २ समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं अभिगच्छति, तंजहा-सचित्ताणं दव्वाणं० जहा उसभदत्तो, जाव-तिविहाए पज्जुवासणाए पज्जुवासइ। तए णं समणे भगवं महावीरे सुदंसणस्स सेट्ठिस्स तीसे य महतिमहालयाए जाव-आराहए भवइ। तए णं से सुदंसणे सेट्ठी समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा, निसम्म हट्ठ-तुट्ठ० उट्ठाए उट्ठेइ, उट्ठाए० २ -त्ता समणं भगवं महावीरं तिक्खुत्तो जाव-नमंसित्ता एवं वयासी—

२. [प्र०] कइविहे णं भंते! काले पन्नत्ते? [उ०] सुदंसणा! चउव्विहे काले पन्नत्ते, तंजहा-१ पमाणकाले, २ अहाउनिव्वत्तिकाले, ३ मरणकाले, ४ अद्धाकाले।

## अगीयारमो उद्देशक.

वाणिज्यग्राम. दूतिपलाशक चैत्य.

१. ते काले, ते समये वाणिज्यग्राम नामे नगर हतुं. वर्णन. दूतिपलाशक चैत्य हतुं. वर्णन. यावत् पृथिवीशिलापट्ट हतो. ते वाणिज्यग्राम नगरमां सुदर्शन नामे शेठ रहेतो हतो; ते आढ्य-धनिक, यावत् अपरिभूत-कोइथी पराभव न पामे तेवो, जीवा-जीव तत्त्वनो जाणनार श्रमणोपासक हतो. त्यां महावीर स्वामी समवसर्या. यावत् पर्षद्-जनसमुदाये पर्युपासना करे छे. त्यार बाद महावीर स्वामी आव्यानी आ वात सांभळी सुदर्शन शेठ हर्षित अने संतुष्ट थया, अने स्नान करी, बलिकर्म यावत् मंगलरूप प्रायश्चित्त करी, सर्व अलंकारथी विभूषित थइ, पोताना घेरथी बहार नीकळे छे, बहार नीकळीने माथे धारण कराता कोरंटकपुष्पनी माळावाळा छत्र सहित पगे चालीने घणा मनुष्योना समुदायरूप वागुग-बन्धनथी विंटायेला ते सुदर्शन शेठ वाणिज्यग्राम नगरनी वचोवच थईने नीकळे छे. नीकळीने ज्यां दूतिपलाश चैत्य छे, अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे, आवीने श्रमण भगवंत महावीरनी पासे पांच प्रकारना अभिगमवडे जाय छे, ते अभिगमो आ प्रमाणे छे-१ 'सचित्त द्रव्योनो त्याग करवो'-इत्यादि जेम *ऋषभदत्तना प्रकरणमां कह्युं छे तेम अहीं जाणवुं, यावत् ते सुदर्शन शेठ त्रण प्रकारनी पर्युपासना वडे पर्युपासे छे. त्यार पछी श्रमण भगवंत महावीरे ते सुदर्शन शेठने अने ते मोटामां मोटी सभाने धर्मकथा कही, यावत् ते सुदर्शन शेठ आराधक थाय छे. त्यार पछी सुदर्शन शेठ श्रमण भगवंत महावीर पासेथी धर्म सांभळी अने अवधारी हर्षित अने संतुष्ट थइ उभा थाय छे, उभा थइने श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी, यावद् नमस्कार करी तेणे आ प्रमाणे पूछ्युं—

कालना प्रकार.

२. [प्र०] हे भगवन्! काल केटला प्रकारनो कह्यो छे? [उ०] हे सुदर्शन! काल चार प्रकारनो कह्यो छे; ते आ प्रमाणे-१ प्रमाणकाल, २ यथायुर्निर्वृत्तिकाल, ३ मरणकाल अने ४ अद्धाकाल.

---

१. * भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १६४.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] से किं तं पमाणकाले? [उ०] पमाणकाले दुविहे पन्नत्ते, तं–जहा–दिवसप्पमाणकाले, राइप्पमाणकाले य। चउपोरिसिए दिवसे चउपोरिसिया राई भवइ। उक्कोसिआ अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ, जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ।

४. [प्र०] जदा णं भंते! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवति, तदा णं कतिभागमुहुत्तभागेणं परिहायमाणी २ जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवति? जदा णं जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवति, तदा णं कतिभागमुहुत्तभागेणं परिवड्ढमाणी २ उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ? [उ०] सुदंसणा! जदा णं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ तदा णं बावीससयभागमुहुत्तभागेणं परिहायमाणी २ जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ। जदा णं जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ तया णं बावीससयभागमुहुत्तभागेणं परिवड्ढमाणी २ उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवति।

५. [प्र०] कदा णं भंते! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स राईए वा पोरिसी भवइ, कदा वा जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ? [उ०] सुदंसणा! जदा णं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ तदा णं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स पोरिसी भवइ, जहन्निया तिमुहुत्ता राईए पोरिसी भवइ। जया णं उक्कोसिया अट्ठारसमुहुत्तिया राई भवति, जहन्निए दुवालसमुहुत्ते दिवसे भवइ, तदा णं उक्कोसिया अद्धपंचममुहुत्ता राईए पोरिसी भवइ, जहन्निया तिमुहुत्ता दिवसस्स पोरिसी भवइ।

६. [प्र०] कदा णं भंते! उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ, कदा वा उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवति, जहन्नए दुवालसमुहुत्ते दिवसे भवति? [उ०] सुदंसणा! आसाढपुन्निमाए उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ। पोसस्स पुन्निमाए णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहन्नए दुवालसमुहुत्ते दिवसे भवइ।

७. [प्र०] अत्थि णं भंते! दिवसा य राईओ य समा चेव भवन्ति? [उ०] हन्ता, अत्थि।

८. [प्र०] कदा णं भंते! दिवसा य राईओ य समा चेव भवन्ति? [उ०] सुदंसणा! चित्ता–सोयपुन्निमासु णं एत्थ णं

३. [प्र०] हे भगवन्! प्रमाणकाल केटला प्रकारे छे? [उ०] प्रमाणकाल बे प्रकारनो कह्यो छे; ते आ प्रमाणे–दिवसप्रमाणकाल अने रात्रीप्रमाणकाल, अर्थात् चार पौरुषीना–प्रहरनो दिवस थाय छे, अने चार पौरुषीनी रात्री थाय छे. अने उत्कृष्ट–मोटामा मोटी साडा चार मुहूर्तनी पौरुषी दिवसनी, अने रात्रिनी थाय छे. तथा जघन्य–न्हानामां न्हानी पौरुषी दिवस अने रात्रिनी त्रण मुहूर्तनी थाय छे. प्रमाणकाल.

४. [प्र०] हे भगवन्! ज्यारे दिवसे के रात्रीए साडा चार मुहूर्तनी उत्कृष्ट पौरुषी होय छे त्यारे ते मुहूर्तना केटला भाग घटती घटती दिवसे अने रात्रीए त्रण मुहूर्तनी जघन्य पौरुषी थाय? अने ज्यारे दिवसे के रात्रीए त्रण मुहूर्तनी न्हानामां न्हानी पौरुषी होय छे त्यारे ते मुहूर्तना केटला भाग वधती वधती दिवस अने रात्रीनी साडाचार मुहूर्तनी उत्कृष्ट पौरुषी थाय? [उ०] हे सुदर्शन! ज्यारे दिवसे अने रात्रीए साडाचार मुहूर्तनी उत्कृष्ट पौरुषी होय छे त्यारे ते मुहूर्तना एकसो बावीशमा भाग जेटली घटती घटती दिवस अने रात्रीनी जघन्य त्रण मुहूर्तनी पौरुषी थाय छे, अने ज्यारे दिवसे अने रात्रीए त्रण मुहूर्तनी जघन्य पौरुषी होय छे त्यारे मुहूर्तना एकसो बावीशमा भाग जेटली वधती वधती दिवसे अने रात्रीए साडाचार मुहूर्तनी उत्कृष्ट पौरुषी थाय छे.

५. [प्र०] हे भगवन्! क्यारे दिवसे अने रात्रीए साडाचार मुहूर्तनी उत्कृष्ट पौरुषी होय, अने क्यारे दिवसे अने रात्रीए त्रण मुहूर्तनी जघन्य पौरुषी होय? [उ०] हे सुदर्शन! ज्यारे अढारमुहूर्तनो मोटो दिवस होय अने बार मुहूर्तनी न्हानी रात्री होय त्यारे साडाचार मुहूर्तनी दिवसनी उत्कृष्ट पौरुषी होय छे, अने रात्रीनी त्रण मुहूर्तनी जघन्य पौरुषी होय छे. तथा ज्यारे अढारमुहूर्तनी मोटी रात्री होय अने बार मुहूर्तनो न्हानो दिवस होय त्यारे साडा चार मुहूर्तनी रात्रिनी उत्कृष्ट पौरुषी होय छे, अने त्रण मुहूर्तनी दिवसनी जघन्य पौरुषी होय छे.

६. [प्र०] हे भगवन्! अढार मुहूर्तनो मोटो दिवस, अने बार मुहूर्तनी न्हानी रात्री क्यारे होय? तथा अढार मुहूर्तनी मोटी रात्री अने बार मुहूर्तनो न्हानो दिवस क्यारे होय? [उ०] हे सुदर्शन! आषाढपूर्णिमाने विषे अढार मुहूर्तनो मोटो दिवस होय छे, अने बार मुहूर्तनी न्हानी रात्री होय छे. तथा पोषमासनी पूर्णिमाने समये अढार मुहूर्तनी मोटी रात्री अने बार मुहूर्तनो न्हानो दिवस होय छे.

७. [प्र०] हे भगवन्! दिवस अने रात्री ए बन्ने सरखां होय? [उ०] हा, होय.

८. [प्र०] क्यारे (दिवस अने रात्री) सरखां होय? [उ०] हे सुदर्शन! ज्यारे चैत्री पूनम अने आसो मासनी पूनम होय त्यारे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिवसा य राईओ य समा चेव भवन्ति, पन्नरसमुहुत्ते दिवसे पन्नरसमुहुत्ता राई भवइ। चउभागमुहुत्तभागूणा चउमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ। सेत्तं पमाणकाले।

९. [प्र०] से किं तं अहाउनिव्वत्तिकाले? [उ०] अहाउनिव्वत्तिकाले जन्नं नेरइएण वा तिरिक्खजोणिएण वा मणुस्सेण वा देवेण वा अहाउयं निव्वत्तियं सेत्तं पालेमाणे अहाउनिव्वत्तिकाले।

१०. [प्र०] से किं तं मरणकाले? [उ०] जीवो वा सरीराओ सरीरं वा जीवाओ सेत्तं मरणकाले।

११. [प्र०] से किं तं अद्धाकाले? [उ०] अद्धाकाले अणेगविहे पन्नत्ते। से णं समयट्ठयाए आवलियट्ठयाए जाव-उस्सप्पिणीट्ठयाए। एस णं सुदंसणा! अद्धादोहारच्छेदेणं छिज्जमाणी जाहे विभागं नो हव्वमागच्छइ सेत्तं समए। समयट्ठयाए असंखेज्जाणं समयाणं समुदयसमिइसमागमेणं सा एगा 'आवलिय' त्ति पवुच्चइ। संखेज्जाओ आवलियाओ जहा सालिउद्देसए जाव-सागरोवमस्स उ एगस्स भवे परिमाणं।

१२. [प्र०] एएहि णं भंते! पलिओवम-सागरोवमेहिं किं पयोयणं? [उ०] सुदंसणा! एएहिं पलिओवम-सागरोवमेहिं नेरइय-तिरिक्खजोणिय-मणुस्स-देवाणं आउयाइं मविज्जंति।

१३. [प्र०] नेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? [उ०] एवं ठिइपदं निरवसेसं भाणियव्वं जाव-अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिति पन्नत्ता।

१४. [प्र०] अत्थि णं भंते! एएसिं पलिओवमसागरोवमाणं खएति वा अवचएति वा? [उ०] हन्ता, अत्थि।

१५. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ 'अत्थि णं एएसि णं पलिओवम-सागरोवमाणं जाव-अवचएति वा'? [उ०] एवं खलु सुदंसणा! तेणं कालेणं तेणं समएणं हत्थिणागपुरे नामं नगरे होत्था, वन्नओ। सहसंबवणे उज्जाणे, वन्नओ। तत्थ णं हत्थिणागपुरे नगरे बले नामं राया होत्था, वन्नओ। तस्स णं बलस्स रन्नो पभावई णामं देवी होत्था। सुकुमाल० वन्नओ, जाव-विहरइ। तए णं सा पभावई देवी अन्नया कयाइ तंसि तारिसगंसि वासघरंसि अब्भितरओ सचित्तकम्मे, बाहिरओ

दिवस अने रात्री ए बन्ने सरखां होय छे. त्यारे पंदर मुहूर्तनो दिवस होय छे अने पंदर मुहूर्तनी रात्री होय छे. अने ते दिवस अने रात्रीनी मुहूर्तना चोथा भागे न्यून चार मुहूर्तनी पौरुषी होय छे. ए प्रमाणे प्रमाणकाल कह्यो.

९. [प्र०] हे भगवन्! यथायुर्निर्वृत्तिकाल केवा प्रकारे कहेलो छे? [उ०] जे कोइ नैरयिक, तिर्यंचयोनिक, मनुष्य के देवे पोते जेवुं आयुष्य बांध्युं छे ते प्रकारे तेनुं पालन करे ते यथायुर्निर्वृत्तिकाल कहेवाय छे.

१०. [प्र०] हे भगवन्! मरणकाल ए शुं छे? [उ०] (ज्यारे) शरीरथी जीवनो अथवा जीवथी शरीरनो वियोग थाय (त्यारे) ते मरणकाल कहेवाय छे.

११. [प्र०] हे भगवन्! अद्धाकाल ए केटला प्रकारे छे? [उ०] अद्धाकाल अनेक प्रकारनो कह्यो छे; समयरूपे, आवलिकारूपे, अने यावद् उत्सर्पिणीरूपे. हे सुदर्शन! कालना बे भाग करवा छतां ज्यारे तेना बे भाग न ज थइ शके ते काल समयरूपे समय कहेवाय छे. असंख्येय समयोनो समुदाय मळवाथी एक आवलिका थाय छे. संख्यात आवलिकानो [एक उच्छ्वास] थाय छे-इत्यादि बधुं* शालि उद्देशकमां कह्या प्रमाणे यावत् सागरोपमना प्रमाण सुधी जाणवुं.

१२. [प्र०] हे भगवन्! ए पल्योपम अने सागरोपमरूपनुं शुं प्रयोजन छे? [उ०] हे सुदर्शन! ए पल्योपम अने सागरोपम वडे नैरयिक, तिर्यंचयोनिक, मनुष्य तथा देवोनां आयुषोनुं माप करवामां आवे छे.

१३. [प्र०] हे भगवन्! नैरयिकोनी स्थिति (आयुष) केटला काल सुधीनी कही छे? [उ०] अहीं †संपूर्ण स्थितिपद कहेवुं, यावद् '[पर्याप्त सर्वार्थसिद्ध देवोनी] उत्कृष्ट नहि अने जघन्य नहि एवी तेत्रीश सागरोपमनी स्थिति कही छे' त्यां सुधी जाणवुं.

१४. [प्र०] हे भगवन्! ए पल्योपम तथा सागरोपमनो क्षय के अपचय थाय छे? [उ०] हा, थाय छे.

हस्तिनागपुर. बलराजा. प्रभावती राणी. वासगृह.

१५. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के पल्योपम अने सागरोपमनो यावत् अपचय थाय छे? [उ०] हे सुदर्शन! ए प्रमाणे खरेखर ते काले, ते समये हस्तिनागपुर नामे नगर हतुं. वर्णन. त्यां सहस्राम्रवन नामे उद्यान हतुं. वर्णन. ते हस्तिनागपुर नगरमां बल नामे राजा हतो. वर्णन. ते बल राजाने प्रभावती नामे राणी हती. तेना हाथ पग सुकुमाल हता-इत्यादि वर्णन जाणवुं. यावत् ते विहरती हती. त्यार बाद अन्य कोइ पण दिवसे तेवा प्रकारना, अंदर चित्रवाळा, बहारथी धोळेला, घसेला अने सुंवाळा करेला, जेनो

११. * भग० खं० २ श० ६ उ० ७ पृ० ३२१.
१३. † प्रज्ञा० पद ४ प० १६८-१७८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दूमिय–घट्ठ–मट्ठे, विचित्तउल्लोग–चिल्लियतले, मणि–रयणपणासियंधयारे, बहुसम–सुविभत्तदेसभाए, पंचवन्न–सरस–सुरभि-मुक्कपुप्फपुंजोवयारकलिए, कालागुरुपवर–कुंदुरुक्क–तुरुक्कधूवमघमघंतगंधुद्धुयाभिरामे, सुगंधि–वरगंधिए, गंधवट्टिभूए तंसि तारिसगंसि सयणिज्जंसि सालिंगणवट्टिए, उभओविब्बोयणे, दुहओ उन्नए, मज्झे णय–गंभीरे, गंगापुलिनवालुयउद्दालसालिसए, उवचिय–खोमिय–दुगुल्लपट्टपडिच्छायणे, सुविरइयरयत्ताणे, रत्तंसुयसंवुए, सुरम्मे, आइणग–रूय–बूर–णवनीय–तूलफासे, सुगंधवरकुसुम–चुन्न–सयणोवयारकलिए, अद्धरत्तकालसमयंसि सुत्त–जागरा ओहीरमाणी २ अयमेयारूवं ओरालं, कल्लाणं, सिवं, धन्नं, मंगलं, सस्सिरियं महासुविणं पासित्ता णं पडिबुद्धा ।

१६. हार–रयय–खीरसागर–ससंककिरण–दगरय–रययमहासेल–पंडुरतरोरुरमणिज्ज–पेच्छणिज्जं, थिर–लट्ठ–पउट्ठ–वट्ट–पीवर–सुसिलिट्ठ–विसिट्ठ–तिक्खदाढाविडंबियमुहं, परिकम्मियजच्चकमलकोमल–माइअसोभंतलट्ठउट्ठं, रत्तुप्पलपत्तमउअ-सुकुमालतालुजीहं, मूसागयपवरकणगताविअआवत्तायंत–वट्ट–तडिविमलसरिसनयणं, विसालपीवरोरुं, पडिपुन्नविपुलखंधं, मिउविसयसुहुमलक्खण–पसत्थ–विच्छिन्न–केसरसडोवसोभियं, ऊसिय–सुनिम्मिय–सुजाय–अप्फोडिअलंगूलं, सोमं, सोमा-कारं, लीलायंतं, जंभायंतं, नहयलाओ ओवयमाणं, नियगवयणमतिवयंतं, सीहं सुविणे पासित्ता णं पडिबुद्धा ।

१७. तए णं सा पभावती देवी अयमेयारूवं ओरालं जाव–सस्सिरियं महासुविणं पासित्ता णं पडिबुद्धा समाणी हट्ठ–तुट्ठ–जाव–हियया धाराहयकलंबपुप्फगं पिव समूसियरोमकूवा तं सुविणं ओगिण्हति, ओगिण्हित्ता सयणिज्जाओ अब्भुट्ठेइ, सय० २ अतुरियमचवलमसंभंताए अविलंबियाए रायहंससरिसीए गईए जेणेव बलस्स रन्नो सयणिज्जे तेणेव उवागच्छइ, तेणेव० २ बलं रायं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुन्नाहिं मणामाहिं ओरालाहिं कल्लाणाहिं सिवाहिं धन्नाहिं मंगल्लाहिं सस्सिरीयाहिं मिय–महुर–मंजुलाहिं गिराहिं संलवमाणी २ पडिबोहेति, पडि० २ बलेणं रन्ना अब्भणुन्नाया समाणी नाणामणि-रयणभत्तिचित्तंसि भद्दासणंसि णिसीयति, णिसियित्ता आसत्था वीसत्था सुहासणवरगया बलं रायं ताहिं इट्ठाहिं कंताहिं जाव–संलवमाणी २ एवं वयासी—

उपरनो भाग विविध चित्रयुक्त अने नीचेनो भाग सुशोभित छे एवा, मणि अने रत्नना प्रकाशथी अंधकाररहित, बहु समान अने सुविभक्त भागवाळा, मुकेला पांच वर्णना सरस अने सुगंधी पुष्पपुंजना उपचार वडे युक्त, उत्तम कालागुरु, कीन्दरु अने तुरुष्क–शिलारसना धूपथी चोतरफ फेलायेला सुगंधना उद्भवथी सुंदर, सुगंधि पदार्थोथी सुवासित थयेला, सुगंधि द्रव्यनी गुटिका जेवा ते वासघरमां तकीयासहित, माथे अने पगे ओशीकावाळी, बन्ने बाजुए उंची, वचमां नमेली अने विशाल, गंगाना किनारानी रेतीना *अवदाल सरखी (अत्यंत कोमल), भरेला क्षौमिक–रेशमी दुकूलना पट्टथी आच्छादित, रजस्त्राणथी (उडती धूळने अटकावनार वस्त्रथी) ढंकायेली, रक्तांशुक–मच्छरदानी सहित, सुरम्य, आजिनक (एक जातनुं चामडानुं कोमळ वस्त्र), रू, बरु, माखण अने आकडाना रूना समान स्पर्शवाळी, सुगंधि उत्तम पुष्पो, चूर्ण, अने बीजा शयनोपचारथी युक्त एवी शय्यामां कंइक सुती अने जागती निद्रा लेती लेती प्रभावती देवी अर्धरात्रीना समये आ एवा प्रकारना, उदार, कल्याण, शिव, धन्य, मंगलकारक अने शोभा युक्त महास्वप्नने जोइने जागी.

शय्या.

महास्वप्नने जोइ प्रभावती जागी.

१६. मोतीना हार, रजत, क्षीरसमुद्र, चंद्रना किरण, पाणीना बिंदु अने रूपाना मोटा पर्वत जेवा धोळा, विशाळ, रमणीय अने दर्शनीय, स्थिर अने सुंदर प्रकोष्ठवाळा, गोळ, पुष्ट, सुश्लिष्ट, विशिष्ट, अने तीक्ष्ण दाढोवडे फाडेला मुखवाळा, संस्कारित उत्तम कमलना जेवा कोमल, प्रमाणयुक्त अने अत्यन्त सुशोभित ओष्ठवाळा, राता कमलना पत्रनी जेम अत्यंत कोमळ तालु अने जीभवाळा, मूषामां रहेला, अग्निथी तपावेल अने आवर्त करता उत्तम सुवर्णना समान वर्णवाळी गोळ अने विजळीना जेवी निर्मळ आंखवाळा, विशाल अने पुष्ट जंघावाळा, संपूर्ण अने विपुल स्कंधवाळा, कोमल, विशद–स्पष्ट, सूक्ष्म, अने प्रशस्त, लक्षणवाळी विस्तीर्ण केसरानी छटाथी सुशोभित, उंचा करेला, सारीरीते नीचे नमावेला, सुन्दर अने पृथिवी उपर पछाडेल पूछडाथी युक्त, सौम्य, सौम्य आकारवाळा, लीला करता, बगासां खाता अने आकाश थकी उतरी पोताना मुखमां प्रवेश करता सिंहने स्वप्नमां जोइ ते प्रभावती देवी जागी.

सिंहनुं वर्णन.

सिंहने स्वप्नमां जोइने जागी.

१७. त्यार बाद ते प्रभावती देवी आ आवा प्रकारना उदार यावत् शोभावाळा महास्वप्नने जोइने जागी अने हर्षित तथा संतुष्ट हृदयवाळी थई, यावत् मेघनी धारथी विकसित थयेला कदंबकना पुष्पनी पेठे रोमांचित थयेली [प्रभावती देवी] ते स्वप्नुं स्मरण करे छे, स्मरण करीने पोताना शयनथी उठी त्वराविनानी, चपलतारहित, संभ्रमविना, विलंबरहित पणे राजहंससमान गतिवडे ज्यां बलराजानुं शयनगृह छे त्यां आवे छे, आवीने इष्ट, कांत, प्रिय, मनोज्ञ, मनगमती, उदार, कल्याण, शिव, धन्य, मंगल्य, सौन्दर्ययुक्त, मित, मधुर अने मंजुल–कोमल वाणीवडे बोलती २ ते बल राजाने जगाडे छे. त्यार बाद ते बल राजानी अनुमतिथी विचित्र मणि अने रत्नोनी रचना वडे विचित्र भद्रासनमां बेसे छे. सुखासनमां बेठेली स्वस्थ अने शान्त थएली ते प्रभावती देवीए इष्ट, प्रिय, यावत् मधुर वाणीथी बोलतां २ आ प्रमाणे कह्युं—

बलराजाना शयनगृह तरफ आवे छे.

१५. * पग मूकवाथी नीचे सरी जवाय एवी रेताळ जमीनने अवदाल कहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८. एवं खलु अहं देवाणुप्पिया! अज्ज तंसि तारिसगंसि सयणिज्जंसि सालिंगण० तं चेव जाव–नियगवयणमइवयंतं सीहं सुविणे पासित्ता णं पडिबुद्धा, तण्णं देवाणुप्पिया! एयस्स ओरालस्स जाव–महासुविणस्स के मन्ने कल्लाणे फलवित्तिविसेसे भविस्सइ? तए णं से बले राया पभावईए देवीए अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० जाव–हयहियए धाराहयनीवसुरभिकुसुमचंचुमालइयतणुयऊसवियरोमकूवे तं सुविणं ओगिण्हइ, ओगिण्हित्ता ईहं पविसइ, ईहं पविसित्ता अप्पणो साभाविएणं मइपुव्वएणं बुद्धिविन्नाणेणं तस्स सुविणस्स अत्थोग्गहणं करेइ, तस्स० २–त्ता पभावइं देविं ताहिं इट्ठाहिं कंताहिं जाव–मंगल्लाहिं मिय–महुर–सस्सिरि० संलवमाणे २ एवं वयासी—

१९. ओराले णं तुमे देवी! सुविणे दिट्ठे, कल्लाणे णं तुमे जाव–सस्सिरीए णं तुमे देवी! सुविणे दिट्ठे, आरोग्ग–तुट्ठि–दीहाउ–कल्लाण–मंगल्लकारए णं तुमे देवी! सुविणे दिट्ठे, अत्थलाभो देवाणुप्पिए! भोगलाभो देवाणुप्पिए! पुत्तलाभो देवाणुप्पिए! रज्जलाभो देवाणुप्पिए! एवं खलु तुमं देवाणुप्पिए! णवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणराइंदियाणं विइक्कंताणं अम्हं कुलकेउं, कुलदीवं, कुलपव्वयं, कुलवडेंसयं, कुलतिलगं, कुलकित्तिकरं, कुलनंदिकरं, कुलजसकरं, कुलाधारं, कुलपायवं, कुलविवद्धणकरं, सुकुमालपाणि–पायं, अहीणपडिपुन्नपंचिंदियसरीरं, जाव–ससिसोमाकारं, कंतं, पियदंसणं, सुरूवं, देवकुमारसमप्पभं दारगं पयाहिसि।

२०. से वि य णं दारए उम्मुक्कबालभावे विन्नायपरिणयमित्ते जोव्वणगमणुप्पत्ते सूरे वीरे विक्कंते वित्थिन्न–विउलबल–वाहणे रज्जवई राया भविस्सइ। तं उराले णं तुमे जाव–सुमिणे दिट्ठे, आरोग्ग–तुट्ठि० जाव–मंगल्लकारए णं तुमे देवी! सुविणे दिट्ठे त्ति कट्टु पभावतिं देविं ताहिं इट्ठाहिं जाव–वग्गूहिं दोच्चं पि तच्चं पि अणुबूहति। तए णं सा पभावती देवी बलस्स रन्नो अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० करयल० जाव एवं वयासी–'एवमेयं देवाणुप्पिया! तहमेयं देवाणुप्पिया! अवितहमेयं देवाणुप्पिया! असंदिद्धमेयं देवाणुप्पिया! इच्छियमेयं देवाणुप्पिया! पडिच्छियमेयं देवाणुप्पिया! इच्छियपडिच्छियमेयं देवाणुप्पिया! से जहेयं तुज्झे वदह'त्ति कट्टु तं सुविणं सम्मं पडिच्छइ, पडिच्छित्ता बलेणं रन्ना अब्भणुन्नाया समाणी णाणामणि–रयणभत्तिचित्ताओ भद्दासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता अतुरियमचवल० जाव गतीए जेणेव सए सयणिज्जे तेणेव

१८. हे देवानुप्रिय! ए प्रमाणे खरेखर में आजे ते तेवा प्रकारनी अने तकीयावाळी शय्यामां [ सुतां जागतां ] इत्यादि पूर्वोक्त जाणवुं, यावत् मारा पोताना मुखमां प्रवेश करता सिंहने स्वप्नमां जोइने जागी. तो हे देवानुप्रिय! ए उदार यावत् महास्वप्ननुं बीजुं शुं कल्याणकारक फल अथवा वृत्तिविशेष थशे? त्यार पछी ते बल राजा प्रभावती देवी पासेथी आ वात सांभळी, अवधारी हर्षित, तुष्ट, यावत् आल्हादयुक्त हृदयवाळो थयो, मेघनी धाराथी विकसित थयेला सुगंधि कदंब पुष्पनी पेठे जेनुं शरीर रोमांचित थयेलुं छे अने जेनी रोमराजी उभी थयेली छे, एवो बलराजा ते स्वप्ननो अवग्रह–सामान्य विचार–करे छे, पछी ते स्वप्नसंबन्धी ईहा ( विशेष विचार ) करे छे. तेम करीने पोताना स्वाभाविक, मतिपूर्वक बुद्धिविज्ञानथी ते स्वप्नना फलनो निश्चय करे छे. पछी इष्ट, कांत, यावत् मंगलयुक्त, तथा मित, मधुर अने शोभायुक्त वाणीथी संलाप करता २ ते बल राजाए आ प्रमाणे कह्युं—

स्वप्ननुं फल.

१९. हे देवी! तमे उदार स्वप्न जोयुं छे, हे देवी! तमे कल्याणकारक स्वप्न जोयुं छे, यावत् हे देवी! तमे शोभायुक्त स्वप्न जोयुं छे, तथा हे देवी! तमे आरोग्य, तुष्टि, दीर्घायुष, कल्याण अने मंगलकारक स्वप्न जोयुं छे. हे देवानुप्रिये! तेथी अर्थनो लाभ थशे, हे देवानुप्रिये! भोगनो लाभ थशे, हे देवानुप्रिये! पुत्रनो लाभ थशे, हे देवानुप्रिये! राज्यनो लाभ थशे, हे देवानुप्रिये! खरेखर तमे नव मास संपूर्ण थया बाद साडा सात दिवस वित्या पछी आपणा कुलमां ध्वजसमान, कुलमां दीवासमान, कुलमां पर्वतसमान, कुलमां शेखरसमान, कुलमां तिलकसमान, कुलनी कीर्ति करनार, कुलने आनंद आपनार, कुलनो जश करनार, कुलना आधारभूत, कुलमां वृक्षसमान, कुलनी वृद्धिकरनार, सुकुमाल हाथपगवाळा, खोडरहित अने संपूर्ण पंचेन्द्रिययुक्त शरीरवाळा, यावत् चंद्रसमान सौम्यआकारवाळा, प्रिय, जेनुं दर्शन प्रिय छे एवा, सुन्दररूपवाळा, अने देवकुमार जेवी कांतिवाळा पुत्रने जन्म आपशो.

२०. अने ते बालक पोतानुं बालकपणुं मूकी, विज्ञ अने परिणत–मोटो थईने युवावस्थाने पामी शूर, वीर, पराक्रमी, विस्तीर्ण अने विपुल बल तथा वाहनवाळो, राज्यनो धणी राजा थशे. हे देवी! तमे उदार स्वप्न जोयुं छे, हे देवी! तमे आरोग्य, तुष्टि अने यावत् मंगलकारक स्वप्न जोयुं छे'–एम कही ते बल राजा इष्ट यावद् मधुर वाणीथी प्रभावती देवीनी बीजी वार अने त्रीजी वार ए प्रमाणे प्रशंसा करे छे. त्यार बाद ते प्रभावती देवी बल राजानी पासेथी ए पूर्वोक्त वात सांभळीने, अवधारीने हर्षवाळी अने संतुष्ट थइ हाथ जोडी आ प्रमाणे बोली–'हे देवानुप्रिय! तमे जे कहो छो ते एज प्रमाणे छे, हे देवानुप्रिय! तेज प्रमाणे छे, हे देवानुप्रिय! ए सत्य छे, हे देवानुप्रिय! ए संदेहरहित छे, हे देवानुप्रिय! मने इच्छित छे, हे देवानुप्रिय! ए में स्वीकारेलुं छे, हे देवानुप्रिय! ए मने इच्छित अने स्वीकृत छे' एम कही स्वप्नने सारी रीते स्वीकार करे छे, स्वीकार करीने बल राजानी अनुमतिथी अनेक जातना मणि अने रत्ननी

प्रभावती देवी स्वप्नना फलनो स्वीकार करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवागच्छइ, तेणेव उवागच्छित्ता सयणिज्जंसि निसीयति, निसीइत्ता एवं वयासी–'मा मे से उत्तमे पहाणे मंगल्ले सुविणे अन्नेहिं पावसुमिणेहिं पडिहम्मिस्सइ' त्ति कट्टु देव–गुरुजणसंबद्धाहिं पसत्थाहिं मंगल्लाहिं धम्मियाहिं कहाहिं सुविणजागरियं पडिजागरमाणी २ विहरति।

२१. तए णं से बले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी—'खिप्पामेव भो देवाणुप्पिया! अज्ज सविसेसं बाहिरियं उवट्ठाणसालं गंधोदयसित्त–सुइअ–संमज्जिओ–वलित्तं सुगंधवरपंचवन्नपुप्फोवयारकलियं कालागुरुपवर–कुंदुरुक्क० जाव–गंधवट्टिभूयं करेह य करावेह य, करेत्ता करावेत्ता सीहासणं रएह, सीहासणं रयावेत्ता ममेतं जाव–पच्चप्पिणह। तए णं ते कोडुंबिय० जाव–पडिसुणेत्ता खिप्पामेव सविसेसं बाहिरियं उवट्ठाणसालं जाव–पच्चप्पिणंति।

२२. तए णं से बले राया पच्चूसकालसमयंसि सयणिज्जाओ अब्भुट्ठेइ, सय० २ –त्ता पायपीढाओ पच्चोरुहइ, पाय० २ –हित्ता जेणेव अट्टणसाला तेणेव उवागच्छति, अट्टणसालं अणुपविसइ, जहा उववाइए तहेव अट्टणसाला तहेव मज्जणघरे जाव –ससिव्व पियदंसणे नरवई मज्जणघराओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता सीहासणवरंसि पुरत्थाभिमुहे निसीयइ निसीइत्ता अप्पणो उत्तरपुरत्थिमे दिसीभाए अट्ठ भद्दासणाइं सेयवत्थपच्चुत्थुयाइं सिद्धत्थगकयमंगलोवयाराइं रयावेइ, रयावेत्ता अप्पणो अदूरसामंते णाणामणिरयणमंडियं, अहियपेच्छणिज्जं, महग्घ–वरपट्टणुग्गयं, सण्हपट्टबहुभत्तिसयचित्तताणं, ईहामिय–उसभ० जाव–भत्तिचित्तं, अब्भितरियं जवणियं अंछावेइ, अंछावेत्ता नाणामणि–रयणभत्तिचित्तं अत्थरय–मउयमसूरगोत्थयं, सेयवत्थपच्चुत्थुयं, अंगसुहफासुयं, सुमउयं पभावतीए देवीए भद्दासणं रयावेइ, रयावेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी—

२३. 'खिप्पामेव भो देवाणुप्पिया! अट्ठंगमहानिमित्तसुत्त–त्थधारए, विविहसत्थकुसले, सुविणलक्खणपाढए सद्दावेह' तए णं ते कोडुंबियपुरिसा जाव–पडिसुणेत्ता बलस्स रन्नो अंतियाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता सिग्घं तुरियं चवलं चंडं वेइयं हत्थिणपुरं णगरं मज्झंमज्झेणं जेणेव तेसिं सुविणलक्खणपाढगाणं गिहाइं तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता ते सुवि-

रचना वडे विचित्र एवा भद्रासनथी उठे छे, उठीने त्वरा विना, चपलतारहित यावद् गति वडे [ ते प्रभावती देवी ] ज्यां पोतानी शय्या छे त्यां आवी शय्या उपर बेसे छे, बेसीने तेणे आ प्रमाणे कह्युं–'आ मारुं उत्तम, प्रधान अने मंगलरूप स्वप्न बीजा पापस्वप्नोथी न हणाओ' एम कहीने ते प्रभावती देवी देव अने गुरु संबन्धी, प्रशस्त, मंगलरूप अने धार्मिक कथाओवडे स्वप्न जागरण करती करती विहरे छे.

२१. त्यार बाद ते बल राजाए कौटुंबिक पुरुषोने बोलावी आ प्रमाणे कह्युं–हे देवानुप्रियो! आजे तमे जल्दी बहारनी उपस्थानशालाने सविशेषपणे गंधोदकवडे छांटी, वाळी अने छाणथी लींपीने साफ करो. तथा सुगंधी अने उत्तम पांच वर्णना पुष्पोथी शणगारो, वळी उत्तम कालागुरु अने कींदरुना धूपथी यावद् गंधवर्तिभूत–सुगंधी गुटिका समान करो, करावो, अने त्यारपछी त्यां सिंहासन मूकावो, सिंहासन मूकावीने आ मारी आज्ञा यावत् पाछी आपो.' त्यार बाद ते कौटुंबिक पुरुषो यावत् आज्ञानो स्वीकार करी तुरतज सविशेषपणे बहारनी उपस्थान शालाने साफ करीने यावत् आज्ञा पाछी आपे छे.

२२. त्यार बाद ते बल राजा प्रातःकाल समये पोतानी शय्याथी उठीने पादपीठथी उतरी ज्यां व्यायामशाळा छे त्यां आवे छे. आवीने व्यायामशाळामां प्रवेश करे छे, त्यार पछी ते स्नानगृहमां जाय छे. व्यायमशाला अने स्नानगृहनुं वर्णन *औपपातिक सूत्रमां कह्या प्रमाणे जाणवुं, यावत् चंद्रनी पेठे जेनुं दर्शन प्रिय छे एवो ते बल नरपति स्नानगृहथी बहार नीकळे छे, बहार नीकळीने ज्यां बहारनी उपस्थानशाला छे त्यां आवे छे, त्यां आवीने पूर्वदिशा सन्मुख उत्तम सिंहासनमां बेसे छे. त्यार बाद पोतानाथी उत्तरपूर्वदिशामां –ईशान कोणमां धोळा वस्त्रथी आच्छादित अने सरसव वडे जेनो मंगलोपचार करेलो छे एवा आठ भद्रासनो मूकावे छे. त्यार बाद पोतानाथी थोडे दूर अनेक प्रकारना मणि अने रत्नथी सुशोभित, अधिक दर्शनीय, कींमती, मोटा शहेरमां बनेली, सूक्ष्म सूतरना सेंकडो कारीगरीवाळा विचित्रताणावाळी, तथा ईहामृग अने बळद वगेरेनी कारीगरीथी विचित्र एवी अंदरनी जवनिकाने–पडदाने खसेडे छे, खसेडीने [ जवनिकानी अंदर ] अनेक प्रकारना मणि अने रत्नोनी रचना वडे विचित्र, गादी अने कोमळ गालमसूरीयाथी ढंकायेलुं, श्वेत वस्त्रवडे आच्छादित, शरीरने सुखकर स्पर्शवाळुं तथा सुकोमळ एवुं एक भद्रासन प्रभावती देवी माटे मूकावे छे. त्यार पछी ते बल राजाए कौटुंबिक पुरुषोने बोलावी आ प्रमाणे कह्युं–

व्यायामशाळा अने स्नानगृहमां प्रवेश.

२३. 'हे देवानुप्रियो! तमे शीघ्र जाओ, अने अष्टांग महानिमित्तना सूत्र अने अर्थने धारण करनारा, अने विविध शास्त्रमां कुशल एवा स्वप्नना लक्षण पाठकोने बोलावो.' त्यार बाद ते कौटुंबिक पुरुषो यावत् आज्ञानो स्वीकार करीने बल राजानी पासेथी नीकळे छे; नीकळीने सत्वर, चपलपणे, झपाटाबंध अने वेगसहित हस्तिनापुर नगरनी वचोवच ज्यां स्वप्नलक्षणपाठकोना घरो छे, त्यां जइने स्वप्नलक्ष-

स्वप्नपाठकोने बोलाववानी आज्ञा.

२२. * जुओ औपपा० प० ६४–२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णलक्खणपाढए सद्दावेंति । तए णं ते सुविणलक्खणपाढगा बलस्स रन्नो कोडुंबियपुरिसेहिं सद्दाविया समाणा हट्ठ–तुट्ठ० ण्हाया कय० जाव–सरीरा सिद्धत्थग–हरियालियाकयमंगलमुद्धाणा सएहिं २ गेहेहिंतो निग्गच्छंति, सएहिं २–च्छित्ता हत्थिणापुरं नगरं मज्झंमज्झेणं जेणेव बलस्स रन्नो भवणवरवडेंसए तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता भवणवरवडेंसगपडिदुवारंसि एगओ मिलंति, एगओ मिलित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता करयल० बलरायं जएणं विजएणं वद्धावेंति । तए णं ते सुविणलक्खणपाढगा बलेणं रन्ना वंदिय–पूइअ–सक्कारिअ–संमाणिआ समाणा पत्तेयं २ पुव्वन्नत्थेसु भद्दासणेसु निसीयंति । तए णं से बले राया पभावतिं देविं जवणियंतरियं ठावेइ, ठावेत्ता पुप्फ–फल पडिपुन्नहत्थे परेणं विणएणं ते सुविणलक्खणपाढए एवं वयासी–'एवं खलु देवाणुप्पिया! पभावती देवी अज्ज तंसि तारिसगंसि वासघरंसि जाव–सीहं सुविणे पासित्ता णं पडिबुद्धा, तण्णं देवाणुप्पिया! एयस्स ओरालस्स जाव केमन्ने कल्लाणे फलवित्ति-विसेसे भविस्सइ'? तए णं सुविणलक्खणपाढगा बलस्स रन्नो अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० तं सुविणं ओगिण्हइ, ओगिण्हित्ता ईहं अणुप्पविसइ, अणुप्पविसित्ता तस्स सुविणस्स अत्थोग्गहणं करेइ, तस्स० २–त्ता अन्नमन्नेणं सद्धिं संचालेंति, संचालेत्ता तस्स सुविणस्स लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा अभिगयट्ठा बलस्स रन्नो पुरओ सुविणसत्थाइं उच्चारे-माणा २ एवं वयासी–'एवं खलु देवाणुप्पिया! अम्हं सुविणसत्थंसि बायालीसं सुविणा, तीसं महासुविणा, बावत्तरि सव्वसु-विणा दिट्ठा । तत्थणं देवाणुप्पिया! तित्थगरमायरो वा चक्कवट्टिमायरो वा तित्थगरंसि वा चक्कवट्टिंसि वा गब्भं वक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं इमे चोद्दस महासुविणे पासित्ता णं पडिबुज्झंति । तं जहा–"गय–वसह–सीह–अभिसेय–दाम–ससि–दिणयरं झयं कुंभं । पउमसर–सागर–विमाण–भवण–रयणुच्चय–सिहिं च" ॥ वासुदेवमायरो वा वासुदेवंसि गब्भं वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे सत्त महासुविणे पासित्ता णं पडिबुज्झंति । बलदेवमायरो वा बलदे-वंसि गब्भं वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे चत्तारि महासुविणे पासित्ता णं पडिबुज्झंति । मंडलियमायरो वा मंडलियंसि गब्भं वक्कममाणंसि एतेसिं णं चउद्दसण्हं महासुविणाणं अन्नयरं एगं महासुविणं पासित्ता णं पडिबुज्झंति । इमे य णं देवाणुप्पिया! पभावतीए देवीए एगे महासुविणे दिट्ठे, तं ओराले णं देवाणुप्पिया! प्रभावतीए देवीए सुविणे दिट्ठे, जाव–आरोग्ग–तुट्ठि० जाव–मंगल्लकारए णं देवाणुप्पिया! प्रभावतीए देवीए सुविणे दिट्ठे, अत्थलाभो देवाणुप्पिए! भोग-

णपाठकोने बोलावे छे. ज्यारे ते बल राजाना कौटुंबिक पुरुषोए ते स्वप्नलक्षणपाठकोने बोलाव्या त्यारे तेओ प्रसन्न थया, तुष्ट थया अने स्नान करी बलिकर्म करी यावत् शरीरने अलंकृत करी, मस्तके सर्षप अने लीली धरोनुं मंगल करी पोत पोताना घेरथी नीकळे छे, नीकळीने हस्तिनागपुर नगरनी वच्चे थइ ज्यां बल राजानुं उत्तम महालय छे, त्यां आवे छे, त्यां आवीने श्रेष्ठ महालयना द्वार पासे ते स्वप्नपाठको एकठा थाय छे, एकठा थइने ज्यां बहारनी उपस्थानशाला छे त्यां आवे छे, त्यां आवी हाथ जोडी बल राजाने जय अने विजयथी बधावे छे. त्यार बाद ते बल राजाए वांदेला, पूजेला, सत्कारेला अने सम्मानित करेला ते स्वप्नलक्षणपाठको पूर्वे गोठवेला भद्रा-सनो उपर बेसे छे. त्यार पछी ते बल राजा प्रभावती देवीने जवनिकानी–पडदानी अंदर बेसाडे छे. त्यार बाद पुष्प अने फलथी परिपूर्ण
स्वप्न पाठकोने स्वप्नना फळनो प्रश्न. हस्तवाळा ते बल राजाए अतिशय विनयपूर्वक ते स्वप्नलक्षणपाठकोने आ प्रमाणे कह्युं–'हे देवानुप्रियो! ए प्रमाणे खरेखर आजे प्रभा-वती देवी ते तेवा प्रकारना वासगृहमां यावत् स्वप्नमां सिंहने जोइने जागेली छे, तो हे देवानुप्रियो! आ उदार एवा स्वप्ननुं यावत् बीजुं कयुं कल्याणरूप फल अने वृत्तिविशेष थशे. त्यार पछी ते स्वप्नलक्षणपाठको बल राजानी पासेथी ए वात सांभळी तथा अवधारी खुश अने संतुष्ट थई ते स्वप्न संबन्धे सामान्य विचार करे छे, सामान्य विचार करी तेनो विशेष विचार करे छे, अने पछी ते स्वप्नना अर्थनो निश्चय करे छे, अने त्यार बाद तेओ परस्पर साथे विचारणा करे छे. त्यार पछी ते स्वप्नना अर्थने स्वयं जाणी, बीजा पासेथी ग्रहण करी, ते संबन्धी शंकाने पूछी, अर्थनो निश्चय करी अने स्वप्नना अर्थने अवगत करी बल राजानी आगळ स्वप्नशास्त्रोनो उच्चार करतां तेओए आ प्रमाणे कह्युं–'हे देवानुप्रिय! ए प्रमाणे खरेखर अमारा स्वप्नशास्त्रमां बेंताळीश सामान्य स्वप्नो, अने त्रीश महास्वप्नो मळीने कुल बहों-तेर जातना स्वप्नो कहेला छे. तेमां हे देवानुप्रिय! तीर्थंकरनी माताओ के चक्रवर्तिनी माताओ ज्यारे तीर्थंकर के चक्रवर्ती गर्भमां आवीने उपजे त्यारे ए त्रीश महास्वप्नोमांथी आ चौद स्वप्नोने जोइने जागे छे, ते चौद स्वप्नो आ प्रमाणे छे– "१ हाथी, २ बलद, ३ सिंह, ४ लक्ष्मीनो अभिषेक, ५ पुष्पमाळा, ६ चंद्र, ७ सूरज, ८ ध्वजा, ९ कुंभ, १० पद्मसरोवर, ११ समुद्र, १२ *विमान अथवा भवन, १३ रत्ननो ढगलो अने १४ अग्नि" वळी वासुदेवनी माताओ ज्यारे वासुदेव गर्भमां आवे त्यारे ए चौद महास्वप्नोमांना कोइ पण सात महास्वप्नो जोइने जागे छे. तथा बलदेवनी माताओ ज्यारे बलदेव गर्भमां प्रवेश करे त्यारे ए चौद महास्वप्नोमांना कोइ पण चार महास्वप्नोने जोइने जागे छे. मांडलिक राजानी माताओ ज्यारे मांडलिक राजा गर्भमां प्रवेश करे त्यारे ए चौद महास्वप्नोमांना कोइ एक महास्वप्न जोइने जागे

---

१३. * जो तीर्थंकर देवलोकथी आवीने उपजे तो तेनी माता स्वप्नमां विमान जुए अने नरकथी आवीने उपजे तो तेनी माता स्वप्नमां भवन जुए छे—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लाभो देवाणुप्पिए! पुत्तलाभो देवाणुप्पिए! रज्जलाभो देवाणुप्पिए! एवं खलु देवाणुप्पिए! पभावती देवी नवण्हं मासाणं बहुपडिपुन्नाणं जाव–वीतिक्कंताणं तुम्हं कुलकेउं जाव–पयाहिति। से वि य णं दारए उम्मुक्कबालभावे जाव–रज्जवई राया भविस्सइ, अणगारे वा भावियप्पा। तं ओराले णं देवाणुप्पिया! पभावतीए देवीए सुविणे दिट्ठे, जाव–आरोग्ग–तुट्ठि–दीहाउअ–कल्लाण० जाव–दिट्ठे।

२४. तए णं से बले राया सुविणलक्खणपाढगाणं अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० करयल० जाव–कट्टु ते सुविणलक्खणपाढगे एवं वयासी–'एवमेयं देवाणुप्पिया! जाव–से जहेयं तुब्भे वदह'त्ति कट्टु तं सुविणं सम्मं पडिच्छइ, तं० २–च्छित्ता सुविणलक्खणपाढए विउलेणं असण–पाण–खाइम–साइम–पुप्फ–वत्थ–गंध–मल्लालंकारेणं सक्कारेति, सम्माणेति, सक्कारेत्ता सम्माणेत्ता विउलं जीवियारिहं पीइदाणं दलयति, विउलं २–यित्ता पडिविसज्जेति, पडिविसज्जेत्ता सीहासणाओ अब्भुट्ठेइ, सी० २–त्ता जेणेव पभावती देवी तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता पभावतिं देविं ताहिं इट्ठाहिं कंताहिं जाव–संलवमाणे २ एवं वयासी–'एवं खलु देवाणुप्पिया! सुविणसत्थंसि बायालीसं सुविणा तीसं महासुविणा बावत्तरिं सव्वसुविणा दिट्ठा। तत्थ णं देवाणुप्पिए! तित्थगरमायरो वा चक्कवट्टिमायरो वा तं चेव जाव अन्नयरं एगं महासुविणं पासित्ता णं पडिबुज्झंति। इमे य णं तुमे देवाणुप्पिए! एगे महासुविणे दिट्ठे, तं ओराले णं तुमे देवी! सुविणे दिट्ठे, जाव–रज्जवई राया भविस्सइ, अणगारे वा भावियप्पा, तं ओराले णं तुमे देवी! सुविणे दिट्ठे, जाव–दिट्ठे, त्ति कट्टु पभावतिं देविं ताहिं इट्ठाहिं कंताहिं जाव–दोच्चं पि तच्चं पि अणुवूहइ।

२५. तए णं सा पभावती देवी बलस्स रन्नो अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० करयल० जाव–एवं वयासी–'एयमेयं देवाणुप्पिया! जाव–तं सुविणं सम्मं पडिच्छति, तं० २–च्छित्ता बलेणं रन्ना अब्भणुन्नाया समाणी नाणामणि–रयण–भत्तिचित्त० जाव अब्भुट्ठेति। अतुरियमचवल० जाव–गतीए जेणेव सए भवणे तेणेव उवागच्छइ, ते० २–च्छित्ता सयं भवणमणुपविट्ठा।

२६. तए णं सा पभावती देवी ण्हाया कयबलिकम्मा जाव–सव्वालंकारविभूसिया तं गब्भं णाइसीएहिं नाइउण्हेहिं नाइतित्तेहिं नाइकडुएहिं नाइकसाएहिं नाइअंबिलेहिं नाइमहुरेहिं उउभयमाणसुहेहिं भोयण–च्छायण–गंध–मल्लेहिं जं तस्स

छे. तो हे देवानुप्रिय! आ प्रभावती देवीए एक महास्वप्न जोयुं छे, हे देवानुप्रिय! प्रभावती देवीए उदार स्वप्न जोयुं छे, यावत् आरोग्य, तुष्टि यावत् मंगल करनार स्वप्न जोयुं छे. तेथी हे देवानुप्रिय! तमने अर्थलाभ थशे, भोगलाभ थशे, पुत्रलाभ थशे अने राज्यलाभ थशे. तथा हे देवानुप्रिय! ए प्रमाणे खरेखर प्रभावती देवी नव मास संपूर्ण थया पछी अने साडा सात दिवस वित्या पछी तमारा कुलमां ध्वज समान एवा यावत् पुत्रनो जन्म आपशे. अने ते पुत्र पण बाल्यावस्था मूकी मोटो थशे त्यारे ते यावद् राज्यनो पति राजा थशे, अथवा भावितात्मा साधु थशे. तेथी हे देवानुप्रिय! प्रभावती देवीए उदार स्वप्न जोयुं छे, यावत् आरोग्य, तुष्टि, दीर्घायुष तथा कल्याण करनार स्वप्न जोयुं छे.

२४. त्यार बाद ते बलराजा स्वप्नलक्षणपाठको पासेथी ए वातने सांभळी अने अवधारी हर्षित, अने संतुष्ट थयो, अने हाथ जोडी यावत् तेणे स्वप्नलक्षणपाठकोने आ प्रमाणे कह्युं–'हे देवानुप्रियो! आ ए प्रमाणे छे के, यावत् जे तमे कहो छो'–एम कही ते स्वप्नोनो सारी रीते स्वीकार करे छे. त्यार बाद स्वप्नलक्षणपाठकोनो पुष्कळ अशन, पान, खादिम, स्वादिम, पुष्प, वस्त्र, गंध, माला अने अलंकारो वडे सत्कार करे छे, सन्मान करे छे, तेम करीने जीविकाने उचित घणुं प्रीतिदान आपे छे; अने प्रीतिदान आपीने ते स्वप्नलक्षणपाठकोने रजा आपे छे. त्यार पछी पोताना सिंहासनथी उठे छे, उठीने ज्यां प्रभावती देवी छे त्यां आवी प्रभावती देवीने तेणे ते प्रकारनी इष्ट, मनोहर यावत् मधुर वाणीवडे संलाप करता करता आ प्रमाणे कह्युं–हे देवानुप्रिये! ए प्रमाणे खरेखर स्वप्नशास्त्रमां बेंताळीश साधारण स्वप्नो, अने त्रीश महास्वप्नो तथा बधा मळीने बहोंतेर स्वप्नो देखाड्या छे. तेमां हे देवानुप्रिये! तीर्थंकरनी माताओ के चक्रवर्तिनी माताओ–इत्यादि पूर्ववत् कहेवुं, यावत् कोइ एक महास्वप्नने जोइने जागे छे. हे देवानुप्रिये! तमे आ एक महास्वप्न जोयुं छे, हे देवी! तमे उदार स्वप्न जोयुं छे, यावद् ते राज्यनो पति राजा थशे के भावितात्मा अनगार थशे. हे देवि! तमे उदार स्वप्न जोयुं छे, यावत् मंगलकर स्वप्न जोयुं छे, एम कही प्रभावती देवीनी ते प्रकारनी इष्ट, कांत, प्रिय एवी यावद् मधुर वाणीवडे बे वार अने त्रण वार पण प्रशंसा करे छे.

२५. त्यार बाद ते प्रभावती देवी बल राजानी पासेथी ए वातने सांभळीने अवधारीने हर्षवाळी, अने संतुष्ट थइ यावत् हाथ जोडी आ प्रमाणे बोली–'हे देवानुप्रिय! ए ए प्रमाणे ज छे' यावद् एम कही यावत् ते स्वप्नने सारी रीते ग्रहण करे छे. त्यार पछी बल राजानी अनुमतिथी अनेक प्रकारना मणि अने रत्ननी कारीगरीथी युक्त तथा विचित्र एवा ते भद्रासनथी उठी त्वरारहित, अचपलपणे यावत् हंससमानगति वडे ज्यां पोतानुं भवन छे त्यां आवी तेणे पोताना भवनमां प्रवेश कर्यो.

२६. त्यार बाद ते प्रभावती देवी स्नान करी, बलिकर्म–देवपूजा करी, यावत् सर्व अलंकारथी विभूषित थइ ते गर्भने अतिशीत नहि, अतिउष्ण नहि, अति तिक्त नहि, अतिकटु नहि, अति तुरा नहि, अतिखाटा नहि, अने अतिमधुर नहि एवा, तथा दरेक ऋतुमां गर्भनुं रक्षण.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गब्भस्स हियं मितं पत्थं गब्भपोसणं तं देसे य काले य आहारमाहारेमाणी विवित्तमउएहिं सयणा–सणेहिं पइरिक्कसुहाए मणाणुकूलाए विहारभूमीए पसत्थदोहला संपुन्नदोहला सम्माणियदोहला अविमाणियदोहला वोच्छिन्नदोहला ववणीयदोहला ववगयरोग–मोह–भय–परित्तासा तं गब्भं सुहं–सुहेणं परिवहति । तए णं सा पभावती देवी नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणराइंदियाणं वीतिक्कंताणं सुकुमालपाणि–पायं अहीणपडिपुन्नपंचिंदियसरीरं लक्खण–वंजणगुणोववेयं जाव–ससिसो-माकारं कंतं पियदंसणं सुरूवं दारयं पयाया ।

२७. तए णं तीसे पभावतीए देवीए अंगपडियारियाओ पभावतिं देविं पसूयं जाणेत्ता जेणेव बले राया तेणेव उवागच्छन्ति, तेणेव उवागच्छित्ता करयल० जाव–बलं रायं जयेणं विजएणं वद्धावेंति, जएणं विजएणं वद्धावेत्ता एवं वयासी–'एवं खलु देवाणुप्पिया ! पभावतीपियट्ठयाए पियं निवेदेमो, पियं भे भवउ' । तए णं से बले राया अंगपडियारियाणं अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० जाव–धाराहयणीव० जाव–रोमकूवे तासिं अंगपडियारियाणं मउडवज्जं जहामालियं ओमोयं दलयति, दलयित्ता सेतं रययामयं विमलसलिलपुन्नं भिंगारं च गिण्हइ, गिण्हित्ता मत्थए धोवइ, मत्थए धोवित्ता विउलं जीवियारिहं पीइदाणं दलयति, पीइदाणं दलयित्ता सक्कारेति सम्माणेति ।

२८. तए णं से बले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी–'खिप्पामेव भो देवाणुप्पिया ! हत्थिणापुरे नयरे चारगसोहणं करेह, चारग० २–करेत्ता माणुम्माणवड्ढणं करेह, मा० करेत्ता २ हत्थिणापुरं नगरं सब्भितरबाहिरियं आसिय–संमज्जिओ–वलित्तं जाव–करेह कारवेह, करेत्ता य कारवेत्ता य जूयसहस्सं वा चक्कसहस्सं वा पूयामहामहिमसक्कारं वा उस्सवेह, २ ममेतमाणत्तियं पच्चप्पिणह' । तए णं ते कोडुंबियपुरिसा बलेणं रन्ना एवं वुत्ता० जाव–पच्चप्पिणंति । तए णं से बले राया जेणेव अट्टणसाला तेणेव उवागच्छति, तेणेव उवागच्छित्ता तं चेव जाव मज्जणघराओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता उस्सुकं उक्करं उक्किट्ठं अदिज्जं अमिज्जं अभडप्पवेसं अदंडकोडंडिमं अधरिमं गणियावरनाडइज्जकलियं अणेगतालाचराणुचरियं अणुद्धुयमुइंगं अमिलायमल्लदामं पमुइयपक्कीलियं सपुरजणजाणवयं दसदिवसे ठिइवडियं करेति । तए णं से बले राया दसाहियाए ठिइवडियाए वट्टमाणीए सइए य साहस्सिए य सयसाहस्सिए य जाए य दाए य भाए य दलमाणे य दवावेमाणे य, सए य साहस्सिए य सयसाहस्सिए य लंभे पडिच्छेमाणे पडिच्छावेमाणे एवं विहरइ । तए णं तस्स दारगस्स

भोगवतां सुखकारक एवा भोजन, आच्छादन, गंध अने माला वडे ते गर्भने हितकर, मित, पथ्य अने पोषणरूप छे तेवा आहारने योग्य देश अने योग्य काळे ग्रहण करती, तथा पवित्र अने कोमळ शयन अने आसनवडे एकान्तमां सुखरूप अने मनने अनुकूल एवी विहारभूमिवडे प्रशस्त दोहदवाळी, संपूर्ण दोहदवाळी, सन्मानित दोहदवाळी, जेनो दोहद तिरस्कार पाम्यो नथी एवी, दोहदरहित, दूर थयेला दोहदवाळी, तथा रोग, मोह, भय अने परित्रास रहित ते गर्भने सुखपूर्वक धारण करे छे. त्यार बाद ते प्रभावती देवीए नव मास पूर्ण थया पछी अने साडा सात दिवस वीत्या पछी सुकुमालहाथ–पगवाळा अने दोषरहित प्रतिपूर्णपंचेन्द्रिय युक्त शरीरवाळा, तथा
पुत्रजन्म. लक्षण, व्यंजन अने गुणथी युक्त, यावत् चंद्रसमानसौम्य आकारवाळा, कांत, प्रियदर्शन अने सुंदर रूपवाळा पुत्रने जन्म आप्यो.

२७. त्यार बाद ते प्रभावती देवीनी सेवा करनार दासीओए तेने प्रसव थयेलो जाणी ज्यां बल राजा छे त्यां आवी हाथ जोडी
वधामणी. यावत् बल राजाने जय अने विजयथी वधावीने आ प्रमाणे कह्युं–'हे देवानुप्रिय ! ए प्रमाणे खरेखर प्रभावती देवीनी प्रीति माटे आ (पुत्रजन्मरूप) प्रिय निवेदन करीए छीए, अने ते आपने प्रिय थाओ.' त्यार बाद ते बल राजा शरीरनी शुश्रूषा करनार दासीओ पासेथी ए वात सांभळी अवधारीने हर्षित अने संतुष्ट थइ यावद् मेघनी धाराथी सिंचायला कदंबकना पुष्पनी पेठे यावद् रोमांचित थइ ते अंगरक्षिका दासीओने मुकुट सिवाय पहेरेल सर्व अलंकार आपे छे. आपीने ते राजा श्वेत रजतमय अने निर्मल पाणीथी भरेला कलशने लइ ते दासीओना मस्तक धुए छे, मस्तकने धोइने तेओने जीविकाने उचित घणुं प्रीतिदान आपी सत्कार अने सन्मान करी विसर्जित करे छे.

पुत्रजन्मोत्सव. २८. त्यार बाद ते बल राजाए कौटुंबिक पुरुषोने बोलावी आ प्रमाणे कह्युं–'हे देवानुप्रिय ! तमे शीघ्र हस्तिनापुर नगरमां केदीओने मुक्त करो, मुक्त करीने मान (माप) अने उन्मानने (तोलाने) वधारो; त्यार बाद हस्तिनागपुर नगरनी बहार अने अंदरना भागमां छंटकाव करो, साफ करो, संमार्जित करो अने लींपो; तेम करी अने करावीने सहस्र यूपोनो अने सहस्र चक्रोनो पूजा, महामहिमा अने सत्कार करो, ए प्रमाणे करी मारी आ आज्ञा पाछी आपो. त्यार बाद ते बल राजाना कहेवा प्रमाणे करी ते कौटुंबिक पुरुषो तेनी आज्ञा पाछी आपे छे. त्यार पछी ते बल राजा ज्यां व्यायामशाला छे त्यां आवे छे, त्यां आवीने–इत्यादि पूर्ववत् कहेवुं. यावद् स्नानगृहथी बहार नीकळी जकात रहित, कररहित, प्रधान, [विक्रयनो निषेध करेलो होवाथी] आपवा योग्य वस्तु रहित, मापवा योग्य वस्तुरहित, मेयरहित, सुभटना प्रवेशरहित, दंड तथा कुदंडरहित, [ऋण मुक्त करेलुं होवाथी] अधरिमयुक्त–देवारहित, उत्तम गणिकाओ अने नाटकीयाओथी युक्त, अनेक तालानुचरो वडे युक्त, निरंतर वागतां मृंदगोसहित, ताजा पुष्पोनी माला युक्त, प्रमोद सहित, अने क्रीडा युक्त एवी स्थितिपतिता–पुत्रजन्ममहोत्सव पुर अने देशना लोको साथे मळीने दस दिवस सुधी करे छे. त्यार बाद दस दिवस सुधी स्थितिप-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अम्मा-पियरो पढमे दिवसे ठिइवडियं करेइ, तइए दिवसे चंदसूरदंसणियं करेइ, छट्ठे दिवसे जागरियं करेइ, एक्कारसमे दिवसे वीतिक्कंते निव्वत्ते असुइजायकम्मकरणे संपत्ते बारसाहदिवसे विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडाविंति, उवक्खडावेत्ता जहा सिवो जाव-खत्तिए य आमंतेति, आ० २ तओ पच्छा ण्हाया कय० तं चेव जाव सक्कारेंति सम्माणेंति, २ तस्सेव मित्त-णाति-जाव-राईण य खत्तियाण य पुरओ अज्जय-पज्जय-पिउपज्जयागयं बहुपुरिसपरंपरप्परूढं कुलाणुरूवं कुलसरिसं कुलसंताणतंतुवद्धणकरं अयमेयारूवं गोन्नं गुणनिप्फन्नं नामधेज्जं करेंति-'जम्हा णं अम्हं इमे दारए बलस्स रन्नो पुत्ते पभावतीए देवीए अत्तए, तं होउ णं अम्हं एयस्स दारगस्स नामधेज्जं महब्बले,' तए णं तस्स दारगस्स अम्मापियरो नामधेज्जं करेंति 'महब्बले'त्ति ।

२९. तए णं से महब्बले दारए पंचधाईपरिग्गहिए, तंजहा-खीरधाईए, एवं जहा दढपइन्ने, जाव-निवाय-निव्वाघायंसि सुहंसुहेणं परिवड्ढति । तए णं तस्स महब्बलस्स दारगस्स अम्मा-पियरो अणुपुव्वेणं ठितिवडियं वा चंदसूरदंसावणियं वा जागरियं वा नामकरणं वा परंगामणं वा पयचंकमणं वा जेमामणं वा पिंडवद्धणं वा पज्जपावणं वा कण्णवेहणं वा संवच्छरपडिलेहणं वा चोलोयणगं च उवणयणं च अन्नाणि य बहूणि गब्भाधाण-जम्मणमादियाइं कोउयाइं करेंति ।

३०. तए णं तं महब्बलं कुमारं अम्मापियरो सातिरेगट्ठवासगं जाणित्ता सोभणंसि तिहि-करण-नक्खत्त-मुहुत्तंसि० एवं जहा दढप्पइन्नो, जाव-अलं भोगसमत्थे जाए यावि होत्था । तए णं तं महब्बलं कुमारं उम्मुक्कबालभावं जाव-अलं भोगसमत्थं विजाणित्ता अम्मा-पियरो अट्ठ पासायवडेंसए करेंति, अब्भुग्गय-मूसिय-पहसिए इव वन्नओ जहा रायप्पसेणइज्जे, जाव-पडिरूवे, तेसि णं पासायवडेंसगाणं बहुमज्झदेसभागे एत्थ णं महेगं भवणं करेंति अणेगखंभसयसंनिविट्ठं, वन्नओ जहा रायप्पसेणइज्जे पेच्छाघरमंडवंसि जाव-पडिरूवे ।

तिता-उत्सव चालु हती त्यारे ते बल राजा सो रूपियाना, हजार रूपियाना अने लाख रूपियाना खर्चवाळा भागो, दानो अने द्रव्यना अमुक भागोने देतो अने देवरावतो तथा सो रूपियाना, हजार रूपियाना तथा लाख रूपियाना लाभने मेळवतो, मेळवावतो ए प्रमाणे रहे छे. त्यार बाद ते छोकराना मातापिता प्रथम दिवसे स्थितिपतिता-कुलनी मर्यादा प्रमाणे क्रिया करे छे; त्रीजे दिवसे चंद्र अने सूर्यनुं दर्शन करावे छे, छट्ठे दिवसे धर्मजागरण करे छे अने अग्यारमो दिवस वीत्या बाद अशुचि जातकर्म करवानुं निवृत्त थया पछी बारमे दिवसे पुष्कळ अशन, पान, खादिम अने स्वादिम पदार्थोने तैयार करावे छे, अने जेम *शिव राजा संबन्धे कह्युं तेम क्षत्रियोने आमंत्रे छे. त्यार पछी स्नान तथा बलिकर्म करी इत्यादि पूर्वोक्त यावत् सत्कार अने सन्मान करी तेज मित्र, ज्ञाति यावत् राजन्य अने क्षत्रियोनी समक्ष आर्या-पिता, पर्या-पितामह अने पिताना पण पितामहथी, घणा पुरुषोनी परंपराथी वधेलुं, कुलने योग्य, कुलने उचित अने कुलरूपसंतानतंतुने वधारनार आ आवा प्रकारनुं, गुणयुक्त अने गुणनिष्पन्न नाम पाडे छे. जेथी अमारो आ छोकरो बल राजानो पुत्र अने प्रभावती देवीनो आत्मज छे, माटे ते अमारा आ पुत्रनुं नाम 'महाबल' हो. त्यार बाद ते छोकराना माता पिता तेनुं 'महाबल' एवुं नाम करे छे. पुत्रनुं नाम पाडवुं.

२९. त्यार पछी ते महाबल नामे पुत्रनुं पांच धावो वडे पालन करायुं. ते पांच धावो आ प्रमाणे छे-†क्षीरधात्री, ए प्रमाणे बधुं ‡दृढप्रतिज्ञनी पेठे जाणवुं. यावत् ते कुमार वायुरहित अने निर्व्याघात-अडचणरहित स्थानमां अत्यंत सुखपूर्वक वृद्धि पामे छे. पछी ते महाबलना मातापिताए जन्मना दिवसथी मांडी अनुक्रमे स्थितिपतिता, सूर्यचंद्रनुं दर्शन, धर्मजागरण, नामकरण, भांखोडीया चालवुं, पगे चालवुं, जमाडवुं, कोळीआ वधारवा, बोलाववुं, कान विंधाववा, वर्षगांठ करवी, चूडा-शिखा रखाववी, उपनयन-शीखववुं ए बधां अने ए शिवाय बीजा घणां गर्भाधान, जन्म वगेरे कौतुको करे छे. पांच धावोवडे पुत्र पालन.

३०. त्यार पछी ते महाबल कुमारने तेना मातापिता आठ वरसथी अधिक उमरनो जाणी प्रशस्त तिथि, करण, नक्षत्र अने मुहूर्तमां [ कलाचार्य पासे भणवा मोकले छे ]-इत्यादि ए प्रमाणे बधुं ¶ दृढप्रतिज्ञनी पेठे कहेवुं, यावत् ते महाबल कुमार विषयोपभोगने समर्थ थयो. त्यार बाद ते महाबल कुमारनो बालभाव व्यतीत थयो जाणी, यावद् तेने विषयोपभोगने योग्य जाणी तेना माता पिता तेने माटे आठ श्रेष्ठ प्रासादो तैयार करावे छे, ते प्रासादो अतिशय उंचा अने [ श्वेत वर्णना होवाथी ] जाणे हसता होयनी-इत्यादि वर्णन§ राजप्रश्नीयसूत्रमां कह्या प्रमाणे जाणवुं. यावत् ते प्रासादो अत्यंत सुंदर छे, ते प्रासादोना बराबर मध्यभागमां एक मोटुं भवन तैयार करावे छे, ते भवन सेंकडो थांभला उपर रहेलुं छे-इत्यादि वर्णन $राजप्रश्नीय सूत्रमां कह्या प्रमाणे प्रेक्षागृह अने मंडपना वर्णननी पेठे जाणवुं, यावत् ते सुन्दर हतुं. महाबल कुमारने भणवा मोकलवो.

---

२८ * भग० श० ११ उ० ९ पृ० २२२.

२९ † पांच धावोना नामो आ प्रमाणे छे-१ क्षीरधात्री ( दूध पानारी ), २ मज्जनधात्री ( स्नान करावनारी ), ३ मंडनधात्री ( अलंकार पहेरावनारी ), ४ क्रीडा करावनार धात्री, अने ५ अंकधात्री-खोळामां बेसाडनार. ‡ जुओ दृढप्रतिज्ञसंबन्धे राजप्र० १४७-१,२.

३० ¶ जुओ राजप्र० प० १४७-२. § जुओ राजप्र० प० ८५-२. $ प्रेक्षागृह मंडपनुं वर्णन जुओ राजप्र० प० ३५-१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३१. तए णं तं महब्बलं कुमारं अम्मा-पियरो अन्नया कया वि सोभणंसि तिहि-करण-दिवस-नक्खत्त-मुहुत्तंसि ण्हायं कयबलिकम्मं कयकोउय-मंगलपायच्छित्तं सव्वालंकारविभूसियं पमक्खणग-ण्हाण-गीय-वाइय-पसाहण-ट्ठंगतिलग-कंकणअविहववहुउवणीयं मंगलसुजंपिएहि य वरकोउयमंगलोवयारकयसंतिकम्मं सरिसयाणं सरित्तयाणं सरिव्वयाणं सरिसलावन्न-रूव-जोव्वणगुणोववेयाणं विणीयाणं कयकोउय-मंगलपायच्छित्ताणं सरिसएहिं रायकुलेहिंतो आणिल्लियाणं अट्ठण्हं रायवरकन्नाणं एगदिवसेणं पाणिं गिण्हाविंसु।

३२. तए णं तस्स महाबलस्स कुमारस्स अम्मा-पियरो अयमेयारूवं पीइदाणं दलयंति, तं जहा—अट्ठ हिरन्नकोडीओ, अट्ठ सुवन्नकोडीओ, अट्ठ मउडे मउडप्पवरे, अट्ठ कुंडलजुए कुंडलजुयप्पवरे, अट्ठ हारे हारप्पवरे, अट्ठ अद्धहारे अद्धहारप्पवरे, अट्ठ एगावलीओ एगावलिप्पवराओ, एवं मुत्तावलीओ, एवं कणगावलीओ, एवं रयणावलीओ, अट्ठ कडगजोए कडगजोयप्पवरे, एवं तुडियजोए, अट्ठ खोमजुयलाइं खोमजुयलप्पवराइं, एवं वडगजुयलाइं, एवं पट्टजुयलाइं, एवं दुगुल्लजुयलाइं, अट्ठ सिरीओ, अट्ठ हिरीओ, एवं धिईओ, कित्तीओ, बुद्धीओ, लच्छीओ, अट्ठ नंदाइं, अट्ठ भद्दाइं, अट्ठ तले तलप्पवरे, सव्वरयणामए, णियगवरभवणकेऊ अट्ठ झए झयप्पवरे, अट्ठ वये वयप्पवरे, दसगोसाहस्सिएणं वएणं, अट्ठ नाडगाइं नाडगप्पवराइं बत्तीसबद्धेणं नाडएणं, अट्ठ आसे आसप्पवरे, सव्वरयणामए, सिरिघरपडिरूवए, अट्ठ हत्थी हत्थिप्पवरे, सव्वरयणामए सिरिघरपडिरूवए, अट्ठ जाणाइं जाणप्पवराइं, अट्ठ जुगाइं जुगप्पवराइं, एवं सिबियाओ, एवं संदमाणीओ, एवं गिल्लीओ, थिल्लीओ, अट्ठ वियडजाणाइं वियडजाणप्पवराइं, अट्ठ रहे पारिजाणिए, अट्ठ रहे संगामिए, अट्ठ आसे आसप्पवरे, अट्ठ हत्थी हत्थिप्पवरे, अट्ठ गामे गामप्पवरे, दसकुलसाहस्सिएणं गामेणं, अट्ठ दासे दासप्पवरे, एवं चेव दासीओ, एवं किंकरे, एवं कंचुइज्जे, एवं वरिसधरे, एवं महत्तरए, अट्ठ सोवन्निए ओलंबणदीवे, अट्ठ रुप्पामए ओलंबणदीवे, अट्ठ सुवन्नरुप्पामए ओलंबणदीवे, अट्ठ सोवन्निए उक्कंचणदीवे, अट्ठ पंजरदीवे, एवं चेव तिन्नि वि, अट्ठ सोवन्निए थाले, अट्ठ रुप्पमए थाले, अट्ठ सुवन्नरुप्पमए थाले, अट्ठ सोवन्नियाओ पत्तीओ ३, अट्ठ सोवन्नियाइं थासयाइं ३, अट्ठ सोवन्नियाइं मल्लगाइं ३, अट्ठ सोवन्नियाओ तलियाओ ३, अट्ठ सोवन्नियाओ कावइआओ ३, अट्ठ सोवन्निए अवएडए ३, अट्ठ सोवन्नियाओ अवयक्काओ ३, अट्ठ सोवण्णिए पायपीढए ३, अट्ठ सोवन्नियाओ भिसियाओ ३, अट्ठ सोवन्नियाओ करोडियाओ ३, अट्ठ सोवन्निए पल्लंके ३,

महाबलनुं पाणिग्रहण.

३१. त्यार पछी बीजा कोइ एक दिवसे शुभ तिथि, करण, दिवस, नक्षत्र अने मुहूर्तमां जेणे स्नान, बलिकर्म—पूजा, रक्षा आदि कौतुक अने मंगलरूप प्रायश्चित्त कर्युं छे एवा महाबल कुमारने सर्व अलंकारथी विभूषित करी अने सधवा स्त्रीओए करेला अभ्यंजन—विलेपन, स्नान, गीत, वादित्र, मंडन, आठ अंगमां तिलक अने कंकण पहेरावी मंगल अने आशीर्वादपूर्वक उत्तम रक्षा वगेरे कौतुकरूप अने सरसव वगेरे मंगलरूप उपचार वडे शांतिकर्म करी, योग्य, समानत्वचावाळी, समान उमरवाळी, समान लावण्य, रूप, यौवन अने गुणोथी युक्त, विनीत, जेणे कौतुक अने मंगलरूप प्रायश्चित्त करेलुं छे एवी, समान राजकुलथी आणेली एवी, उत्तम, राजानी आठ श्रेष्ठ कन्याओनुं एक दिवसे पाणिग्रहण कराव्युं.

प्रीतिदान.

३२. त्यार पछी ते महाबल कुमारना माता पिता एवा प्रकारनुं आ प्रीतिदान आपे छे, ते आ प्रमाणे—आठ कोटि हिरण्य, आठ कोड सोनैया, मुकुटोमां उत्तम एवा आठ मुकुट, कुंडलयुगलमां उत्तम एवी आठ कुंडलनी जोडी, हारोमां उत्तम एवा आठ हार, अर्धहारमां श्रेष्ठ एवा आठ अर्धहार, एकसरा हारमां उत्तम एवा आठ एकसरा हार, एज प्रमाणे मुक्तावलीओ, कनकावलीओ अने रत्नावलीओ जाणवी; कडा युगलमां उत्तम एवा आठ कडानी जोडी, ए प्रमाणे तुडिय—बाजुबंधनी जोडी, रेशमी वस्त्र युगलमां उत्तम एवा आठ रेशमी वस्त्रनी जोडी, ए प्रमाणे सूतराउ वस्त्रनी जोडीओमां उत्तम एवी आठ सूतराउ वस्त्रनी जोडीओ, ए प्रमाणे टसरनी जोडीओ, पट्टयुगलो, दुकूलयुगलो, आठ श्री, आठ ह्री, ए प्रमाणे धी, कीर्ति, बुद्धि, अने लक्ष्मी देवीओनी प्रतिमा जाणवी. आठ नंदो, आठ भद्रो, ताडमां उत्तम एवा आठ तालवृक्ष—ए सर्व रत्नमय जाणवा. पोताना भवनना केतु—चिह्नरूप ध्वजमां उत्तम एवा आठ ध्वजो, दस हजार गायोनुं एक व्रज—गोकुल थाय छे, तेवा गोकुलमां उत्तम एवा आठ गोकुलो, नाटकोमां उत्तम अने बत्रीश माणसोथी भजवी शकाय एवा आठ नाटको, घोडाओमां उत्तम एवा आठ घोडा, आ बधुं रत्नमय जाणवुं. भांडागार समान हाथीओमां उत्तम एवा आठ रत्नमय हाथीओ, भांडागार समान सर्वरत्नमय यानोमां श्रेष्ठ एवा आठ यानो, *युग्यमां उत्तम आठ युग्यो ( अमुक जातना वाहनो ), ए प्रमाणे शिबिका, स्यदंमानिका, ए प्रमाणे गिल्ली, ( हाथीनी उपरनी अंबाडी ), थिल्लिओ ( घोडाना आडा पलाणो ), विकट यानोमां ( उघाडा वाहनोमां ) प्रधान एवा आठ विकट यानो, आठ पारियानिक ( क्रीडाना ) रथो, संग्रामने योग्य एवा आठ रथो, अश्वोमां उत्तम एवा आठ अश्व, हाथीओमां उत्तम एवा आठ हाथीओ, ग्रामोमां उत्तम एवा आठ गामो, जेमां दस हजार कुलो रहे ते एक गाम कहेवाय छे. दासोमां उत्तम एवा आठ दासो, एज प्रमाणे दासीओ, ए प्रमाणे किंकरो, ए प्रमाणे कंचुकिओ, ए प्रमाणे वर्षधरो, ( अंतःपुरना रक्षक खोजाओ ) ए प्रभाणे महत्तरको ( वडाओ ), आठ सोनाना, आठ रुपाना तथा आठ सोना—रुपाना अवलंबन

---

३२ * युग्य—एक जातनुं वाहन, जेने गोल्लदेशमां जम्पान कहे छे—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अट्ठ सोवन्नियाओ पडिसेज्जाओ ३, अट्ठ हंसासणाइं, अट्ठ कोंचासणाइं, एवं गरुलासणाइं, उन्नयासणाइं, पणयासणाइं, दीहासणाइं, भद्दासणाइं, पक्खासणाइं, मगरासणाइं, अट्ठ पउमासणाइं, अट्ठ दिसासोवत्थियासणाइं, अट्ठ तेल्लसमुग्गे, जहा रायप्पसेणइज्जे, जाव–अट्ठ सरिसवसमुग्गे, अट्ठ खुज्जाओ, जहा उववाइए, जाव–अट्ठ पारिसीओ, अट्ठ छत्ते, अट्ठ छत्तधारिओ चेडीओ, अट्ठ चामराओ, अट्ठ चामरधारीओ चेडीओ, अट्ठ तालियंटे, अट्ठ तालियंटधारीओ चेडीओ, अट्ठ करोडियाधारीओ चेडीओ, अट्ठ खीरधातीओ, जाव–अट्ठ अंकधातीओ, अट्ठ अंगमद्दियाओ, अट्ठ उम्मद्दियाओ, अट्ठ ण्हावियाओ, अट्ठ पसाहियाओ, अट्ठ वन्नगपेसीओ, अट्ठ चुन्नगपेसीओ, अट्ठ कोट्ठागारीओ, अट्ठ दवकारीओ, अट्ठ उवत्थाणियाओ, अट्ठ नाडइज्जाओ, अट्ठ कोडुंबिणीओ, अट्ठ महाणसिणीओ, अट्ठ भंडागारिणीओ, अट्ठ अज्झाधारिणीओ, अट्ठ पुप्फधरणीओ, अट्ठ पाणिधरणीओ, अट्ठ बलिकारीओ, अट्ठ सेज्जाकारीओ, अट्ठ अब्भितरियाओ पडिहारीओ, अट्ठ बाहिरियाओ पडिहारीओ, अट्ठ मालाकारीओ, अट्ठ पेसणकारीओ, अन्नं वा सुबहुं हिरन्नं वा सुवन्नं वा कंसं वा दूसं वा विउलधण–कणग०जाव–संतसारसावएज्जं, अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं, पकामं भोत्तुं, पकामं परिभाएउं। तए णं से महब्बले कुमारे एगमेगाए भज्जाए एगमेगं हिरन्नकोडिं दलयति, एगमेगं सुवन्नकोडिं दलयति, एगमेगं मउडं मउडप्पवरं दलयति, एवं तं चेव सव्वं जाव–एगमेगं पेसणकारिं दलयति, अन्नं वा सुबहुं हिरन्नं वा जाव–परिभाएउं। तए णं से महब्बले कुमरे उप्पिं पासायवरगए जहा जमाली जाव–विहरति।

३३. तेणं कालेणं तेणं समएणं विमलस्स अरहओ पओप्पए धम्मघोसे नामं अणगारे जाइसंपन्ने, वन्नओ जहा केसिसामिस्स, जाव पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुग्गामं दूतिज्जमाणे जेणेव हत्थिणागपुरे

२७. [प्र०] पुढविकाइयत्ते पुच्छा । [उ०] अणंता । [प्र०] केवइया पुरेक्खडा ? [उ०] अणंता, एवं जाव–मणुस्सत्ते । वाणमंतर–जोइसिय–वेमाणियत्ते जहा नेरइयत्ते, एवं जाव–वेमाणियस्स वेमाणियत्ते, एवं सत्त वि पोग्गलपरियट्टा भाणियवा; जत्थ अत्थि तत्थ अतीता वि पुरेक्खडा वि अणंता भाणियवा, जत्थ नत्थि तत्थ दोऽवि नत्थि भाणियवा । जाव–[प्र०] वेमाणियाणं वेमाणियत्ते केवतिया आणापाणुपोग्गलपरियट्टा अतीया ? [उ०] अणंता । [प्र०] केवतिया पुरेक्खडा ? [उ०] अणंता ।

२८. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'ओरालियपोग्गलपरियट्टे ओरालियपोग्गलपरियट्टे' ? [उ०] गोयमा ! जण्णं जीवेणं ओरालियसरीरे वट्टमाणेणं ओरालियसरीरपायोग्गाइं दवाइं ओरालियसरीरत्ताए गहियाइं, बद्धाइं, पुट्ठाइं, कडाइं, पट्ठवियाइं, निविट्ठाइं, अभिनिविट्ठाइं, अभिसमन्नागयाइं, परियादियाइं, परिणामियाइं, निज्जिन्नाइं, निसिरियाइं, निसिट्ठाइं भवंति; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–'ओरालियपोग्गलपरियट्टे ओरालियपोग्गलपरियट्टे' । एवं वेउवियपोग्गलपरियट्टेऽवि, नवरं वेउवियसरीरे वट्टमाणेणं वेउवियसरीरप्पायोग्गाइं, सेसं तं चेव सवं, एवं जाव–आणापाणुपोग्गलपरियट्टे, नवरं आणापाणुपायोग्गाइं सवदवाइं आणापाणुत्ताए सेसं तं चेव ।

२९. [प्र०] ओरालियपोग्गलपरियट्टे णं भंते ! केवइकालस्स निवत्तिज्जइ ? [उ०] गोयमा ! अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं एवतिकालस्स निवत्तिज्जइ; एवं वेउवियपोग्गलपरियट्टे वि, एवं जाव–आणापाणुपोग्गलपरियट्टेऽवि ।

३०. [प्र०] एयस्स णं भंते ! ओरालियपोग्गलपरियट्टनिवत्तणाकालस्स, वेउवियपोग्गल०, जाव–आणापाणुपोग्गलपरियट्टनिवत्तणाकालस्स कयरे–कयरेहिंतो जाव–विसेसाहिया वा ? [उ०] गोयमा ! सवत्थोवे कम्मगपोग्गलपरियट्टनिवत्त-

२६. [प्र०] हे भगवन् ! नैरयिकोने नैरयिकपणामां केटला औदारिकपुद्गलपरिवर्तो व्यतीत थया छे ? [उ०] एक पण व्यतीत थयेल नथी. [प्र०] केटला थवाना छे ? [उ०] एक पण थवानो नथी. ए प्रमाणे यावत् स्तनितकुमारपणामां जाणवुं. — नैरयिकोने नैरयिकपणामां केटला औदारिकपुद्गलपरिवर्त व्यतीत थया छे ?

२७. [प्र०] पृथिवीकायिकपणामां प्रश्न. (नैरयिकोने पृथिवीकायिकपणामां केटला औदारिकपुद्गलपरिवर्तो व्यतीत थया छे ?) [उ०] अनन्ता व्यतीत थया छे. [प्र०] केटला थवाना छे ? [उ०] अनन्ता थवाना छे. ए प्रमाणे यावत्–मनुष्यपणामां जाणवुं. तथा जेम नैरयिकपणामां कह्युं छे तेम वानव्यन्तर, ज्योतिष्क अने वैमानिकपणामां कहेवुं. ए प्रमाणे यावत् वैमानिकने वैमानिकपणामां कहेवुं. ए रीते साते पुद्गलपरिवर्तो कहेवा; ज्यां होय छे त्यां अतीत–थयेला अने पुरस्कृत–भावी पण अनन्ता कहेवा, अने 'ज्यां नथी त्यां अतीत अने भावी बन्ने पण नथी–' एम कहेवुं. यावद्–[प्र०] वैमानिकोने वैमानिकपणामां केटला आनप्राणपुद्गलपरिवर्तो थयेला छे ? [उ०] अनन्ता थयेला छे. [प्र०] केटला थवाना छे ? [उ०] अनन्ता थवाना छे. — नैरयिकोने पृथिवीकायिकपणामां औदारिकपुद्गलपरिवर्त.

२८. [प्र०] हे भगवन् ! 'औदारिकपुद्गलपरिवर्त औदारिकपुद्गलपरिवर्त'–एम शा हेतुथी कहेवाय छे ? [उ०] हे गौतम ! औदारिकशरीरमां वर्तता जीवे औदारिकशरीरने योग्य द्रव्यो औदारिकशरीरपणे ग्रहण करेलां छे, स्पर्शेलां छे, करेलां छे, स्थिर करेलां छे, स्थापन करेलां छे, अभिनिविष्ट–सर्वथा लागेलां छे, सर्वथा प्राप्त थयेलां छे, सर्व अवयववडे ग्रहण करायेलां छे, परिणाम पामेलां छे, निर्जरायेलां छे, जीवप्रदेशथी नीकळेलां छे, अने जीवप्रदेशथी जूदा थयेलां छे, माटे ते हेतुथी हे गौतम ! एम 'औदारिकपुद्गलपरिवर्त औदारिकपुद्गलपरिवर्त' कहेवाय छे. ए प्रमाणे वैक्रियपुद्गलपरिवर्त पण जाणवो. परन्तु विशेष ए छे के, वैक्रियशरीरमां वर्तता जीवे वैक्रियशरीरने योग्य पुद्गलो कहेवां, बाकी बधुं तेज प्रमाणे कहेवुं. ए प्रमाणे यावद् आनप्राणपुद्गलपरिवर्त सुधी जाणवुं; विशेष ए छे के, त्यां 'आनप्राणयोग्य सर्व द्रव्यो आनप्राणपणे ग्रह्यां छे' इत्यादि कहेवुं, बाकी बधुं पूर्वेनी पेठेज जाणवुं. — औदारिकपुद्गलपरिवर्त शा हेतुथी कहेवाय ?

२९. [प्र०] हे भगवन् ! औदारिकपुद्गलपरिवर्त केटला काळे नीपजे ? [उ०] हे गौतम ! अनन्त उत्सर्पिणी अने अवसर्पिणीवडे–एटला काळे–औदारिकपुद्गलपरिवर्त नीपजे. ए प्रमाणे वैक्रियपुद्गलपरिवर्त पण जाणवो. ए प्रमाणे यावत् आनप्राणपुद्गलपरिवर्त पण जाणवो. — औदारिकपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ.

३०. [प्र०] हे भगवन् ! ए औदारिकपुद्गलपरिवर्तना निष्पत्तिकाळमां, वैक्रियपुद्गलपरिवर्तना निष्पत्तिकाळमां, यावद्–आनप्राणपुद्गलपरिवर्तना निष्पत्तिकाळमां कयो काळ कोनाथी (अल्प), यावत् विशेषाधिक छे ? [उ०] हे गौतम ! सर्वथी थोडो कार्मणपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ छे, तेनाथी अनन्तगुण तैजसपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ छे, तेनाथी अनन्तगुण औदारिकपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ छे, तेनाथी — औदारिकादिपुद्गलपरिवर्तकाळनुं अल्पबहुत्व.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णाकाले, तेयापोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे, ओरालियपोग्गल० अणंतगुणे, आणापाणुपोग्गल० अणंतगुणे, मणपोग्गल० अणंतगुणे, वइपोग्गल० अणंतगुणे, वेउव्वियपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे।

३१. [प्र०] एएसि णं भंते! ओरालियपोग्गलपरियट्टाणं जाव–आणापाणुपोग्गलपरियट्टाण य कयरे कयरेहिंतो जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवा वेउव्वियपोग्गलपरियट्टा, वइपो० अणंतगुणा, मणपो० अणंतगुणा, आणापाणुपो० अनंतगुणा, ओरालियपो० अणंतगुणा, तेयापो० अणंतगुणा, कम्मगपो० अणंतगुणा। 'सेवं भंते! सेवं भंते'! त्ति भगवं जाव–विहरइ।

## द्वादश शते चतुर्थ उद्देशक समाप्त.

आनप्राणपुद्गलनो निष्पत्तिकाळ अनन्तगुण छे, तेनाथी मनःपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ अनन्तगुण छे, तेनाथी वचनपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ अनन्तगुण छे, अने तेनाथी वैक्रियपुद्गलपरिवर्तनो निष्पत्तिकाळ अनन्तगुण छे.

पुद्गलपरिवर्तनुं अल्पबहुत्व.

३१. [प्र०] हे भगवन्! ए औदारिकपुद्गलपरिवर्त, यावद्–आनप्राणपुद्गलपरिवर्त–एओमां परस्पर कया पुद्गलपरिवर्त कोनाथी यावद्–विशेषाधिक छे? [उ०] हे गौतम! सौथी थोडा वैक्रियपुद्गलपरिवर्तो छे, तेनाथी अनन्तगुणा वचनपुद्गलपरिवर्तो छे, तेनाथी अनन्तगुणा मनःपुद्गलपरिवर्तो छे, तेनाथी अनन्तगुणा आनप्राणपुद्गलपरिवर्तो छे, तेनाथी अनन्तगुण औदारिकपुद्गलपरिवर्तो छे, तेनाथी अनन्तगुणा तैजसपुद्गलपरिवर्तो छे, अने तेनाथी अनन्तगुण कार्मणपुद्गलपरिवर्तो छे. 'हे भगवन्! ते ए प्रमाणे छे, हे भगवन्! ते ए प्रमाणे छे'–एम कही यावद्–भगवान् गौतम विहरे छे.

## द्वादश शते चतुर्थ उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पंचमो उद्देसओ।

**१. [प्र०] रायगिहे जाव-एवं वयासी-अह भंते! १ पाणाइवाए, २ मुसावाए, ३ अदिन्नादाणे, ४ मेहुणे, ५ परिग्गहे-एस णं कतिवन्ने, कतिगंधे, कतिरसे, कतिफासे पण्णत्ते?- [उ०] गोयमा! पंचवन्ने, दुगंधे, पंचरसे, चउफासे, पण्णत्ते॥**

**२. [प्र०] अह भंते! १ कोहे, २ कोवे, ३ रोसे, ४ दोसे, ५ अखमा, ६ संजलणे, ७ कलहे, ८ चंडिक्के, ९ भंडणे, १० विवादे-एस णं कतिवन्ने, जाव-कतिफासे पण्णत्ते? [उ०] गोयमा! पंचवन्ने, दुगंधे, पंचरसे, चउफासे पण्णत्ते॥**

**३. [प्र०] अह भंते! १ माणे, २ मदे, ३ दप्पे, ४ थंभे, ५ गब्वे, ६ अत्तुक्कोसे, ७ परपरिवाए, ८ उक्कासे, ९ अवक्कासे, १० उन्नते, ११ उन्नामे, १२ दुन्नामे-एस णं कतिवन्ने ४? [उ०] गोयमा! पंचवन्ने, जहा कोहे तहेव॥**

## पंचम उद्देशक.

प्राणातिपातवगेरे केटला वर्णादियुक्त छे?

१. [प्र०] राजगृह नगरमां [गौतम] यावद्-आ प्रमाणे बोल्यां के हे भगवन्! १ *प्राणातिपात, २ मृषावाद, ३ अदत्तादान, ४ मैथुन अने ५ परिग्रह-ए बधा केटला वर्णवाळा, केटला गन्धवाळा, केटला रसवाळा अने केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! ते पांच वर्णवाळा, बे गन्धवाळा, पांच रसवाळा अने चार स्पर्शवाळा कह्या छे.

क्रोधादि केटला वर्णादि सहित छे?

२. [प्र०] हे भगवन्! १ †क्रोध, २ कोप, ३ रोष, ४ दोष, ५ अक्षमा, ६ संज्वलन, ७ कलह, ८ चांडिक्य (रौद्राकार), ९ भंडन (दंडादिथी युद्ध करवुं) अने १० विवाद-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! पांच वर्णवाळा, बे गन्धवाळा, पांच रसवाळा अने चार स्पर्शवाळा कह्या छे.

मान वगेरे केटला वर्णादियुक्त छे?

३. [प्र०] हे भगवन्! १ ‡मान, २ मद, ३ दर्प, ४ स्तंभ, ५ गर्व, ६ अत्युत्क्रोश, ७ परपरिवाद, ८ उत्कर्ष, ९ अपकर्ष, १० उन्नत (उन्नय), ११ उन्नाम अने १२ दुर्नाम-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! पांच वर्णवाळा-इत्यादि जेम क्रोध संबन्धे कह्युं तेम अहिं जाणवुं.

---

१ * प्राणातिपात—जीवहिंसाथी उत्पन्न थयेलुं कर्म अथवा जीवहिंसाने उत्पन्न करनार चारित्रमोहनीय-कर्म उपचारथी प्राणातिपात कहेवाय छे. ए रीते मृषावादादि संबन्धे पण जाणवुं. अने ते कर्म पुद्गलरूप होवाथी तेने वर्णादिक होय छे, माटे तेने पांच वर्ण वगेरे कह्या छे—टीका.

२ † क्रोधना परिणामने उत्पन्न करनार कर्मने क्रोध कहे छे. तेमां १ क्रोध सामान्य नाम छे अने कोपादि तेना विशेषवाची नामो छे. २ क्रोधना उदयथी स्वभावथी चलित थवुं ते कोप, ३ क्रोधनी परंपरा ते रोष, ४ पोताने अथवा परने दूषण आपवुं ते दोष, अथवा अप्रीतिमात्र ते द्वेष, ५ बीजाए करेला अपराधने सहन न करवो ते अक्षमा, ६ वारंवार क्रोधथी बळवुं ते संज्वलन, ७ मोटेथी बूम पाडी परस्पर अनुचित बोलवुं ते कलह, ८ रौद्राकार धारण करवो ते चांडिक्य, ९ दंडादिथी युद्ध करवुं ते भंडन अने १० परस्पर विरोधथी उत्पन्न थयेला वचनो ते विवाद. अथवा आ बधा क्रोधना एकार्थक शब्दो छे—टीका.

३ ‡ मानना परिणामने उत्पन्न करनार कर्मने मान कहेवाय छे. तेमां १ मान सामान्य नाम छे अने मदादि तेना विशेषवाची नामो छे, २ मद-हर्ष, ३ दर्प-दृप्तपणुं, ४ स्तंभ-अनमनस्वभाव, ५ गर्व-अहंकार, ६ अत्युत्क्रोश-बीजाथी पोतानी उत्कृष्टता बतावबी, ७ परपरिवाद-परनिन्दा, ८ उत्कर्ष-मानथी पोतानी के परनी क्रियाने उत्कृष्ट करवी, अथवा अभिमानथी पोतानी समृद्धि वगेरेने प्रकट करवी, ९ अपकर्ष-अभिमानथी पोताना अथवा परना कोइ पण कार्यथी मन्द पडवुं, अथवा अभिमानथी अप्रकट रहेवुं, १० उन्नत-पूर्वे प्रवृत्त नमननो त्याग करवो, अथवा उन्नय-अभिमानथी नीतिनो त्याग करवो, ११ उन्नाम-नमेलाने अभिमानथी न नमवुं अने १२ दुर्नाम-मदथी दुष्टरीते नमवुं. अहिं स्तंभादिक मानना कार्य छे. अथवा आ बधा शब्दो मानना एकार्थवाचक छे-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४. [प्र०] अह भंते! १ माया, २ उवही, ३ नियडी, ४ वलये, ५ गहणे, ६ णूमे, ७ कक्के, ८ कुरूए, ९ जिम्हे, १० किब्बिसे, ११ आयरणया, १२ गूहणया, १३ वंचणया, १४ पलिउंचणया, १५ सातिजोगे य–एस णं कतिवन्ने ४ पन्नत्ते? [उ०] गोयमा! पंचवन्ने, जहेव कोहे।**

**५. [प्र०] अह भंते! १ लोभे, २ इच्छा, ३ मुच्छा, ४ कंखा, ५ गेही, ६ तण्हा, ७ भिज्झा, ८ अभिज्झा, ९ आसासणया, १० पत्थणया, ११ लालप्पणया, १२ कामासा, १३ भोगासा, १४ जीवियासा, १५ मरणासा, १६ नंदीरागे–एस णं कतिवन्ने ४? [उ०] जहेव कोहे।**

**६. [प्र०] अह भंते! पेज्जे, दोसे, कलहे, जाव–मिच्छादंसणसल्ले–एस णं कतिवन्ने? [उ०] जहेव कोहे तहेव चउफासे।**

**७. [प्र०] अह भंते! १ पाणाइवायवेरमणे, जाव–५ परिग्गहवेरमणे, ६ कोहविवेगे जाव–१८ मिच्छादंसणसल्लविवेगे–एस णं कतिवन्ने, जाव–कतिफासे पण्णत्ते? [उ०] गोयमा! अवन्ने, अगंधे, अरसे, अफासे पण्णत्ते।**

**८. [प्र०] अह भंते! १ उप्पत्तिया, २ वेणइया, ३ कम्मिया, ४ परिणामिया–एस णं कतिवन्ना? [उ०] तं चेव जाव–अफासा पन्नत्ता।**

माया. ४. [प्र०] हे भगवन्! १ *माया, २ उपधि, ३ निकृति, ४ वलय–वक्रताजननस्वभाव, ५ गहन, ६ नूम, ७ कल्क, ८ कुरूपा ९ जिह्मता, १० किल्बिष, ११ आदरणता (आचरणता), १२ गूहनता, १३ वंचनता, १४ प्रतिकुंचनता, १५ सातियोग–ए बधा केटला वर्णवाळा, यावत्–केटला स्पर्शवाळा छे? [उ०] हे गौतम! ए बधा पांच वर्णवाळा–इत्यादि क्रोधनी पेठे जाणवा.

लोभ. ५. [प्र०] हे भगवन्! १ †लोभ, २ इच्छा, ३ मूर्छा, ४ कांक्षा, ५ गृद्धि, ६ तृष्णा, ७ भिध्या, ८ अभिध्या, ९ आशंसना, १० प्रार्थना, ११ लालपनता, १२ कामाशा, १३ भोगाशा, १४ जीविताशा, १५ मरणाशा अने १६ नंदिराग–ए बधा केटला वर्णवाळा, यावत्–केटला स्पर्शवाळा छे? [उ०] हे गौतम! क्रोधनी पेठे (सू. २) जाणवुं.

राग द्वेष वगेरे केटला वर्णादियुक्त छे? ६. [प्र०] हे भगवन्! १ प्रेम–राग, २ द्वेष, ३ कलह, यावत्–८ मिथ्यादर्शनशल्य–ए बधा केटला वर्णवाळा, यावत्–केटला स्पर्शवाळा छे? [उ०] क्रोधनी पेठे ते बधा चार स्पर्शवाळा छे.

प्राणातिपातविरमणादि केटला वर्णादियुक्त छे? ७. [प्र०] हे भगवन्! १ ‡प्राणातिपातविरमण, यावद्–५ परिग्रहविरमण, ६ क्रोधनो त्याग, यावद्–१८ मिथ्यादर्शनशल्यनो त्याग–ए बधा केटला वर्णवाळा, यावत् केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! वर्ण विनाना, गंध विनाना, रस विनाना अने स्पर्श विनाना कह्या छे.

चारप्रकारनी मति. ८. [प्र०] हे भगवन्! १ ¶औत्पत्तिकी (स्वाभाविक उत्पन्न थयेली), २ वैनयिकी (गुरुना विनय–शास्त्राभ्यासद्वारा थयेली बुद्धि), ३ कार्मिकी (कर्मद्वारा थयेली) अने ४ पारिणामिकी (लांबा काल सुधी पूर्वापर अर्थना अवलोकनादिकथी उत्पन्न थयेली) बुद्धि–ए केटला वर्णवाळी, यावत्–केटला स्पर्शवाळी कही छे? [उ०] पूर्व प्रमाणे जाणवुं, यावद्–स्पर्शरहित कही छे.

---

४ * १ माया सामान्यवाचक नाम छे अने उपधिआदि तेना भेदो छे. २ उपधि–छेतरवा योग्य मनुष्यनी पासे जवाना कारणभूत भाव, ३ निकृति–आदर करवा वडे बीजाने छेतरवुं, अथवा पूर्वकृत मायाने ढांकवा बीजी माया करवी, ४ वलय–जे भाव वडे वलयनी पेठे वक्र वचन के चेष्टा प्रवर्ते ते भाव, ५ गहन–बीजाने छेतरवा माटे गहनना जेवी–न समजी शकाय तेवी–वचनजाल, ६ नूम–बीजाने ठगवा नीचतानो अथवा नीच स्थाननो आश्रय करवो, ७ कल्क–हिंसादिनिमित्ते परने छेतरवानो अभिप्राय, ८ कुरूप–निन्दिततरीते मोह पमाडनार अभिप्राय, ९ जिह्मता–बीजाने छेतरवानी बुद्धिथी कार्यमां मन्दतानुं अवलंबन कराय ते, १० किल्बिष–जे मायाथी अहिंज किल्बिषकना जेवो थाय ते, ११ आदरणता–(आचरणता) जे मायाविशेषथी कोइ पण वस्तुनो आदर करे ते आदरणता, अथवा बीजाने छेतरवा विविध क्रियानुं आचरण करवुं ते आचरणता, १२ गूहनता–पोताना स्वरूपने छूपाववुं, १३ वंचनता–परने छेतरवुं, १४ प्रतिकुंचनता–सरलपणे कहेला वचननुं खंडन करवुं, १५ सातियोग–उत्तम द्रव्यनी साथे हीन द्रव्यनो योग करवो. अथवा आ बधा मायाना एकार्थक शब्दो छे टीका.

५ † १ लोभ सामान्यवाची नाम छे अने इच्छादिक तेना विशेष भेदो छे, २ इच्छा–अभिलाष, ३ मूर्छा–संरक्षण करवानी निरन्तर अभिलाषा, ४. कांक्षा–अप्राप्त पदार्थनी इच्छा, ५ गृद्धि–प्राप्त अर्थमां आसक्ति, ६ तृष्णा–प्राप्त पदार्थनो व्यय न थाय तेवी इच्छा, ७ भिध्या–विषयोनुं ध्यान, एकाग्रता, ८ अभिध्या–अदृढ आग्रह, चलायमान चित्तनी स्थिति, ९ आशंसना–पोताने इष्ट अर्थनी इच्छा, १० प्रार्थना–बीजा माटे इष्ट अर्थनी मागणी, ११ लालपनता–अत्यन्त बोलवाथी प्रार्थना करवी, १२ कामाशा–इष्ट शब्द अने रूप प्राप्तिनी संभावना, १३ भोगाशा–इष्ट गंधादि प्राप्तिनी संभावना, १४ जीविताशा–जीवितव्यनी प्राप्तिनी संभावना, १५ मरणाशा–कोइक अवस्थामां मरण प्राप्तिनी संभावना, १६ नंदीराग–छती समृद्धिनो राग थवो–टीका.

७ ‡ प्राणातिपातविरमणादि जीवना उपयोगस्वरूप छे, अने जीवनो उपयोग अमूर्त होवाथी ते वर्णादिरहित कह्या छे.

८ ¶ १ उत्पत्ति एज जेनुं प्रयोजन छे, परन्तु जेने शास्त्र, कर्म अने अभ्यासादिनी अपेक्षा नथी ते औत्पत्तिकी बुद्धि कहेवाय छे. २ जेमां विनय–गुरुसेवा कारणभूत छे ते वैनयिकी बुद्धि, ते जीवनो स्वभाव होवाथी अमूर्त छे अने तेथी ते वर्णादिरहित छे. ए प्रमाणे अवग्रहादि अने उत्थानादि प्रतिपादक सूत्रो जाणवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५. [प्र०] मणुस्साणं पुच्छा। [उ०] ओरालिय-वेउव्विय-आहारग-तेयगाई पडुच्च पंचवन्ना, जाव-अट्ठफासा पण्णत्ता; कम्मगं जीवं च पडुच्च जहा नेरइयाणं, वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया। धम्मत्थिकाए, जाव-पोग्गलत्थिकाए-एए सव्वे अवन्ना, जाव-अफासा, नवरं पोग्गलत्थिकाए पंचवन्ने, पंचरसे, दुगंधे, अट्ठफासे पण्णत्ते। णाणावरणिज्जे, जाव-अंतराइए-एयाणि चउफासाणि।

१६. [प्र०] कण्हलेसा णं भंते! कइवन्ना-पुच्छा। [उ०] दव्वलेसं पडुच्च पंचवन्ना, जाव-अट्ठफासा पण्णत्ता, भावलेसं पडुच्च अवन्ना ४, एवं जाव सुक्कलेस्सा। सम्मद्दिट्ठि ३, चक्खुदंसणे ४, आभिणिबोहियणाणे ५ जाव-विब्भंगणाणे, आहारसन्ना, जाव-परिग्गहसन्ना-एयाणि अवन्नाणि ४। ओरालियसरीरे, जाव-तेयगसरीरे-एयाणि अट्ठफासाणि। कम्मगसरीरे चउफासे, मणजोगे, वयजोगे य चउफासे, कायजोगे अट्ठफासे। सागारोवओगे य अणागारोवओगे य अवन्ना।

१७. [प्र०] सव्वदव्वा णं भंते! कतिवन्ना-पुच्छा। [उ०] गोयमा! अत्थेगतिया सव्वदव्वा पंचवन्ना, जाव-अट्ठफासा पण्णत्ता, अत्थेगतिया सव्वदव्वा पंचवन्ना, चउफासा पण्णत्ता; अत्थेगतिया सव्वदव्वा एगवण्णा, एगगंधा, एगरसा, दुफासा पन्नत्ता, अत्थेगइया सव्वदव्वा अवन्ना, जाव-अफासा पन्नत्ता। एवं सव्वपएसा वि, सव्वपज्जवा वि, तीयद्धा अवन्ना, जाव-अफासा पण्णत्ता, एवं अणागयद्धा वि, एवं सव्वद्धा वि।

१८. [प्र०] जीवे णं भंते! गब्भं वक्कममाणे कतिवन्नं, कतिगंधं, कतिरसं, कतिफासं परिणामं परिणमइ? [उ०] गोयमा! पंचवन्नं, पंचरसं, दुगंधं, अट्ठफासं परिणामं परिणमइ।

१९. [प्र०] कम्मओ णं भंते! जीवे नो अकम्मओ विभत्तिभावं परिणमइ, कम्मओ णं जए नो अकम्मओ विभत्तिभावं परिणमइ? [उ०] हंता गोयमा! कम्मओ णं तं चेव जाव-परिणमइ, नो अकम्मओ विभत्तिभावं परिणमइ। 'सेवं भंते! सेवं भंते'त्ति।

मनुष्यो.

१५. [प्र०] हे भगवन्! मनुष्यो केटला वर्णवाळा कह्या छे?-इत्यादि. [उ०] औदारिक, वैक्रिय, आहारक अने तैजस पुद्गलोनी अपेक्षाए पांच वर्णवाळा, यावत्-आठ स्पर्शवाळा कह्या छे, कार्मणपुद्गल अने जीवनी अपेक्षाए नैरयिकोनी पेठे (सू० १३.) जाणवा. जेम नैरयिको कह्या तेम वानव्यंतर, ज्योतिष्क अने वैमानिको कहेवा. धर्मास्तिकाय अने यावत्-पुद्गलास्तिकाय-ए बधा वर्णरहित छे, यावत् स्पर्शरहित छे; पण विशेष ए छे के, पुद्गलास्तिकाय पांच वर्णवाळो, पांच रसवाळो, बे गंधवाळो अने आठ स्पर्शवाळो होय छे. १ ज्ञानावरणीय, यावद्-८ अंतराय कर्म-ए बधां चार स्पर्शवाळां छे.

वानव्यन्तरादि. धर्मास्तिकायादि. ज्ञानावरणादि.

कृष्णलेश्यादि. सम्यग्दृष्ट्यादि.

१६. [प्र०] हे भगवन्! कृष्णलेश्या केटला वर्णवाळी छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम *द्रव्यलेश्यानी अपेक्षाए पांच वर्णवाळी, यावद्-आठ स्पर्शवाळी कही छे अने भावलेश्यानी अपेक्षाए वर्णादिरहित छे. ए प्रमाणे यावत्-शुक्लेश्या सुधी जाणवुं. १ सम्यग्दृष्टि, २ मिथ्यादृष्टि, ३ सम्यग्मिथ्यादृष्टि, ४-७ चक्षुदर्शन वगेरे चार दर्शन, ८-१२ आभिनिबोधिक (मतिज्ञान) वगेरे पांच ज्ञान, यावद्-विभंगज्ञान, आहारसंज्ञा, यावत्-परिग्रहसंज्ञा-ए बधां वर्णादिरहित छे. औदारिक शरीर, यावत्-तैजस शरीर-ए बधां-आठ स्पर्शवाळां छे. कार्मणशरीर, मनोयोग अने वचनयोग चार स्पर्शवाळा छे, काययोग आठ स्पर्शवाळो छे, साकारोपयोग अने अनाकारोपयोग-ए बन्ने वर्णादिरहित छे.

औदारिकादि शरीर. साकारोपयोग अने अनाकारोपयोग.

सर्वद्रव्यो.

१७. [प्र०] हे भगवन्! बधां द्रव्यो केटला वर्णवाळां छे?-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! सर्व द्रव्योमांना केटलाक पांच वर्णवाळां, यावद्-आठ स्पर्शवाळां छे, अने केटलाक पांच वर्णवाळां अने चार स्पर्शवाळां छे. तथा सर्व द्रव्योमांना केटलाक एक वर्णवाळां, एक गंधवाळां, एक रसवाळां अने बे स्पर्शवाळां छे, वळी सर्व द्रव्योमांना केटलाक वर्णरहित, यावद्-स्पर्शरहित छे. ए प्रमाणे सर्व प्रदेशो, सर्व पर्यायो अने अतीतकाळ पण वर्णरहित, यावत् स्पर्शरहित कह्या छे. ए प्रमाणे भविष्यकाळ अने सर्वकाळ पण जाणवो.

गर्भमां उत्पन्न थतो जीव.

१८. [प्र०] हे भगवन्! गर्भमां उत्पन्न थतो जीव केटला वर्णवाळा, केटला गंधवाळा, केटला रसवाळा अने केटला स्पर्शवाळा परिणामवडे परिणमे? [उ०] हे गौतम! ते पांच वर्णवाळा, पांच रसवाळा, बे गंधवाळा अने आठ स्पर्शवाळा परिणामवडे परिणमे.

जीव अने जगत् कर्मथी विविधरूपे परिणमे छे?

१९. [प्र०] हे भगवन्! जीव कर्मवडे विविधरूपे-मनुष्य-तिर्यंचादि अनेकरूपे-परिणमे छे? कर्म शिवाय विविधरूपे परिणमतो नथी? तथा जगत् कर्मवडे विविधरूपे परिणमे छे? कर्म विना परिणमतुं नथी? [उ०] हा, गौतम! कर्मथी जीव अने जगत्-जीवनो समूह विविधरूपे परिणमे छे, कर्म विना परिणमतुं नथी. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही [भगवान् गौतम] यावद् विहरे छे.

## द्वादश शते पंचम उद्देशक समाप्त.

---

१६ * लेश्याना बे प्रकार छे-द्रव्य अने भाव. तेमां द्रव्यलेश्या बादरपुद्गलपरिणामरूप होवाथी तेने पांचवर्ण, यावत्-आठ स्पर्श होय छे, अने भावलेश्या आन्तरपरिणामरूप होवाथी वर्णादिरहित छे.-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## छट्ठओ उद्देसओ ।

१. रायगिहे जाव–एवं वयासी–बहुजणे णं भंते ! अन्नमन्नस्स एवमाइक्खति, जाव–एवं परूवेइ–'एवं खलु राहू चंदं गेण्हति, एवं०' २, से कहमेयं भंते ! एवं ? [उ०] गोयमा ! जन्नं से बहुजणे अन्नमन्नस्स० जाव–मिच्छं ते एवमाहंसु, अहं पुण गोयमा ! एवमाइक्खामि, जाव एवं परूवेमि–"एवं खलु राहू देवे महिड्डीए, जाव–महेसक्खे, वरवत्थधरे, वरमल्लधरे, वरगंधधरे, वराभरणधारी, राहुस्स णं देवस्स नव नामधेज्जा पण्णत्ता, तंजहा–सिंघाडए १, जडिलए २, खत्तए ३, खरए ४, दद्दुरे ५, मगरे ६, मच्छे ७, कच्छभे ८, कण्हसप्पे ९ । राहुस्स णं देवस्स विमाणा पंचवन्ना पण्णत्ता, तंजहा–किण्हा, नीला, लोहिया, हालिद्दा, सुकिल्ला । अत्थि कालए राहुविमाणे खंजणवन्नाभे पण्णत्ते, अत्थि नीलए राहुविमाणे लाउयवन्नाभे पन्नत्ते, अत्थि लोहिए राहुविमाणे मंजिट्ठवन्नाभे पन्नत्ते, अत्थि पीतए राहुविमाणे हालिद्दवन्नाभे पन्नत्ते, अत्थि सुकिल्लए राहुविमाणे भासरासिवन्नाभे पन्नत्ते । जया णं राहू आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदलेस्सं पुरत्थिमेणं आवरेत्ता णं पच्चत्थिमेणं वीतीवयइ तदा णं पुरत्थिमेणं चंदे उवदंसेति, पच्चत्थिमेणं राहू, जदा णं राहू आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदलेस्सं पच्चत्थिमेणं आवरेत्ता णं पुरत्थिमेणं वीतीवयति तदा णं पच्चत्थिमेणं चंदे उवदंसेति, पुरत्थिमेणं राहू, एवं जहा पुरत्थिमेणं पच्चत्थिमेण य दो आलावगा भणिया तहा दाहिणेण य उत्तरेण य दो आलावगा भाणियव्वा, एवं उत्तरपुरत्थिमेण दाहिणपच्चत्थिमेण य दो आलावगा भाणियव्वा, एवं दाहिणपुरत्थिमेणं उत्तरपच्चच्छिमेण य दो आलावगा भाणियव्वा, एवं चेव जाव–तदा णं उत्तरपच्चत्थिमेणं चंदे उवदंसेति, दाहिणपुरत्थिमेणं राहू । जदा णं राहू आग-

## षष्ठ उद्देशक.

१. [प्र०] राजगृह नगरमां (भगवान् गौतम) यावद्–आ प्रमाणे बोल्या–हे भगवन् ! घणा माणसो परस्पर ए प्रमाणे कहे छे, यावत्–ए प्रमाणे प्ररूपे छे के 'ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे, ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे'; हे भगवन् ! एवी रीते केम होय ? [उ०] हे गौतम ! बहु माणसो परस्पर जे कहे छे ते यावत् ए प्रमाणे मिथ्या–असत्य कहे छे. हे गौतम ! हुं तो आ प्रमाणे कहुं छुं, यावद्–आ प्रमाणे प्ररूपुं छुं–ए प्रमाणे खरेखर राहु महर्धिक, (महाऋद्धिवाळो) यावद्–महासुखवाळो, उत्तम वस्त्रो, उत्तम माला, उत्तम सुगंध अने उत्तम आभूषण धारण करनार देव छे, ते राहुदेवना नव नामो कह्या छे, ते आ प्रमाणे–१ शृंगाटक, २ जटिलक, ३ क्षत्रक, ४ खर, ५ दर्दुर, ६ मकर, ७ मत्स्य, ८ कच्छप अने ९ कृष्णसर्प. ते राहुदेवना विमानो पांच वर्णवाळा कह्या छे, ते आ प्रमाणे–१ काळा, २ नीला (लीला), ३ लाल, ४ पीळा अने ५ शुक्ल. तेमां राहुनुं जे काळुं विमान छे ते खंजन–काजळना जेवा वर्णवाळुं छे, जे नील (लीलुं) विमान छे ते काचा तुंबडाना वर्ण जेवुं छे, जे लाल वर्णनुं राहुनुं विमान छे ते मजिठना वर्ण जेवुं छे, जे पीळुं राहुनुं विमान छे ते हळदरना वर्ण जेवुं छे, अने जे धोळुं विमान छे ते राखना ढगलाना वर्ण जेवुं कह्युं छे. ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के काम–क्रीडा करतो राहु पूर्वमां रहेला चंद्रना प्रकाशने आवरीने पश्चिम तरफ जाय त्यारे पूर्वमां चंद्र पोताने देखाडे छे, अर्थात् चन्द्र पूर्वमां देखाय छे, अने पश्चिममां राहु पोताने देखाडे छे, अर्थात् राहु पश्चिममां देखाय छे. ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के काम–क्रीडा करतो राहु पश्चिममां चंद्रना प्रकाशने आवरीने पूर्व तरफ जाय त्यारे पश्चिममां चंद्र पोताने देखाडे छे, अने पूर्वमां राहु पोताने देखाडे छे. ए प्रमाणे जेम पूर्व अने पश्चिमना बे आलापक कह्या तेम दक्षिण अने उत्तरना बे आलापक कहेवा, ए प्रमाणे उत्तर–पूर्व (ईशान कोण) अने दक्षिण–पश्चिमना (नैर्ऋत कोणना) बे आलापक कहेवा. ए प्रमाणे दक्षिण–पूर्व (अग्निकोण) अने उत्तर–पश्चिमना (वायव्य कोणना) बे आलापक कहेवा. ए रीते यावत्–त्यारे उत्तर–पश्चिम–(वायव्य कोण) मां चन्द्र पोताने

राहु चन्द्रने ग्रसे छे ते संबन्धे प्रश्न.

राहु देवनुं वर्णन.

राहुना नामो.

राहुना विमानो.

राहु आवतो के जतो चन्द्रना प्रकाशने आवरे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदलेस्सं आवरेमाणे २ चिट्ठति तदा णं मणुस्सलोए मणुस्सा वदंति–'एवं खलु राहू चंदं गेण्हति, एवं०' २। जदा णं राहू आगच्छमाणे ४ चंदस्स लेस्सं आवरेत्ता णं पासेणं वीइवयइ तदा णं मणुस्सलोए मणुस्सा वदंति–'एवं खलु चंदेणं राहुस्स कुच्छी भिन्ना, एवं०' २। जदा णं राहू आगच्छमाणे वा ४ चंदस्स लेस्सं आवरेत्ता णं पच्चोसक्कइ तदा णं मणुस्सलोए मणुस्सा वदंति–'एवं खलु राहुणा चंदे वंते, एवं०' २। जदा णं राहू आगच्छमाणे वा ४ जाव–परियारेमाणे वा चंदलेस्सं अहे सपक्खि सपडिदिसिं आवरेत्ता णं चिट्ठति तदा णं मणुस्सलोए मणुस्सा वदंति–'एवं खलु राहुणा चंदे घत्थे एवं०' २।

२. [प्र०] कतिविहे णं भंते! राहू पन्नत्ते? [उ०] गोयमा! दुविहे राहू पन्नत्ते, तंजहा–धुवराहू य पव्वराहू य। तत्थ णं जे से धुवराहू से णं बहुलपक्खस्स पाडिवए पन्नरसतिभागेणं पन्नरसतिभागं चंदस्स लेस्सं आवरेमाणे २ चिट्ठति, तंजहा–पढमाए पढमं भागं, बितियाए बितियं भागं, जाव–पन्नरसेसु पन्नरसमं भागं, चरिमसमये चंदे रत्ते भवति, अवसेसे समये चंदे रत्ते य विरत्ते य भवति; तमेव सुक्कपक्खस्स उवदंसेमाणे २ चिट्ठति, पढमाए पढमं भागं, जाव–पन्नरसेसु पन्नरसमं भागं, चरिमसमये चंदे विरत्ते भवइ, अवसेसे समये चंदे रत्ते य विरत्ते य भवइ। तत्थ णं जे से पव्वराहू से जहन्नेणं छण्हं मासाणं उक्कोसेणं बायालीसाए मासाणं चंदस्स, अडयालीसाए संवच्छराणं सूरस्स।

३. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'चंदे ससी' २? [उ०] गोयमा! चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो मियंके विमाणे कंता देवा, कंताओ देवीओ, कंताइं आसण–सयण–खंभ–भंडमत्तोवगरणाइं, अप्पणा वि य णं चंदे जोइसिंदे जोइसराया सोमे कंते सुभए पियदंसणे सुरूवे, से तेणट्ठेणं जाव–ससी।

४. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'सूरे आइच्चे, सूरे० २' २? [उ०] गोयमा! सूरादिया णं समया इ वा आवलिया इ वा जाव–उस्सप्पिणी इ वा अवसप्पिणी इ वा, से तेणट्ठेणं जाव–आइच्चे।

देखाडे छे, अने दक्षिण–पूर्वमां (अग्निकोणमां) राहु पोताने देखाडे छे. वळी ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो राहु चंद्रनी ज्योत्स्नानुं आवरण करतो २ स्थिति करे, त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के, 'ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे.' ए प्रमाणे ज्यारे राहु आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो चंद्रना प्रकाशने आवरीने पासे थइने जाय त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के–'ए प्रमाणे खरेखर चंद्रे राहुनी कुक्षि भेदी' २, अर्थात् राहुनी कुक्षिमां प्रवेश कर्यो. ए प्रमाणे आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो राहु ज्यारे चंद्रनी लेश्याने ढांकीने पाछो वळे त्यारे मनुष्य लोकमां मनुष्यो कहे छे के, 'ए प्रमाणे खरेखर राहुए चंद्रने वम्यो'. वळी ए प्रमाणे ज्यारे राहु आवतो के यावत्–कामक्रीडा करतो चंद्रना प्रकाशने नीचेथी, चारे दिशाथी अने चारे विदिशाथी आवरीने–ढांकीने रहे त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के–'ए प्रमाणे खरेखर राहुए चंद्रने ग्रस्यो.'

राहुना प्रकार.

२. [प्र०] हे भगवन्! राहु केटला प्रकारना कह्या छे? [उ०] हे गौतम! राहु बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–ध्रुवराहु (नित्यराहु) अने पर्वराहु. तेमां जे ध्रुवराहु छे ते कृष्णपक्षना पडवाथी मांडीने [प्रतिदिवस] पोताना पन्नरमा भागवडे चन्द्रलेश्या–चंद्रबिम्बसंबन्धी पन्नरमा भागने ढांकतो २ रहे छे, ते आ प्रमाणे–एकमने दिवसे प्रथम भागने ढांके छे, बीजना दिवसे बीजा भागने ढांके छे, ए प्रमाणे यावद्–अमावास्याने दिवसे चंद्रना पंदरमा भागने ढांके छे; अने कृष्णपक्षने छेल्ले समये चंद्र रक्त–सर्वथा आच्छादित थाय छे अने बाकीना समये चंद्र रक्त–अंशथी आच्छादित अने विरक्त–अंशथी अनाच्छादित होय छे. शुक्लपक्षना प्रतिपदथी आरंभी (प्रतिदिवस) तेज चंद्रनी लेश्याना पंदरमा भागने देखाडतो २ रहे छे. ते आ प्रमाणे–पडवाने विषे पहेला भागने देखाडे छे, यावत् पूर्णिमाने विषे पंदरमा-भागने देखाडे छे. शुक्लपक्षना छेवटना समये चन्द्र विरक्त–राहुथी सर्वथा मुक्त होय छे, अने बाकीना समये चन्द्र रक्त–आच्छादित अने विरक्त–अनाच्छादित होय छे. तेमां जे पर्वराहु छे ते ओछामां ओछां छ मासे (चंद्रने के सूर्यने) ढांके छे. अने वधारेमां वधारे बेंतालीश–मासे चंद्रने अने वधारेमां वधारे अडतालीश वरसे सूर्यने ढांके छे.

राहु चन्द्रने अने सूर्यने क्यारे ढांके?

३. [प्र०] हे भगवन्! शा हेतुथी चन्द्रने 'ससी' सश्री–ए प्रमाणे कहेवाय छे? [उ०] हे गौतम! ज्योतिष्कना इंद्र अने ज्योतिष्कना राजा चंद्रना मृगांक (मृगना चिह्नवाळा) विमानमां मनोहर देवो, मनोहर देवीओ, मनोहर आसन, शयन, स्तंभ तथा सुंदर पात्र वगेरे उपकरणो छे, तथा ज्योतिष्कनो राजा अने ज्योतिषिक इंद्र चंद्र पोते पण सौम्य, कांत, सुभग, प्रियदर्शन अने सुरूप छे, ते माटे चंद्र ससी–सश्री–शोभासहित कहेवाय छे.

शा हेतुथी चन्द्रने ससी (सश्री) शोभायुक्त कहेवाय छे?

४. [प्र०] हे भगवन्! शा हेतुथी सूर्यने आदित्य (आदिमां थयेलो) एम कहेवाय छे? [उ०] हे गौतम! समयो, आवलिकाओ, यावत्–उत्सर्पिणीओ अने अवसर्पिणीओना आदिभूत–कारण सूर्य छे, माटे आदित्य–आदिमां थनार कहेवाय छे. [अर्थात् अहोरात्रादिक कालना समय–आवलिका अने मुहूर्तादि भेदो सूर्यनी अपेक्षाए थाय छे, माटे सूर्यने अहोरात्रादि कालनो आदिभूत होवाथी आदित्य कहेवाय छे.]

शा हेतुथी सूर्यने आदित्य कहेवाय छे?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. [प्र०] चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरन्नो कति अग्गमहिसीओ पण्णत्ताओ ? [उ०] जहा दसमसए जाव-णो चेव णं मेहुणवत्तियं । सूरस्स वि तहेव ।

६. [प्र०] चंदिम-सूरिया णं भंते ! जोइसिंदा जोइसरायाणो केरिसए कामभोगे पच्चणुब्भवमाणा विहरंति ? [उ०] गोयमा ! से जहानामए केइ पुरिसे पढमजोव्वणुट्ठाणबलत्थे पढमजोव्वणुट्ठाणबलत्थाए भारियाए सद्धिं अचिरवत्तविवाहकज्जे, अत्थगवेसणयाए सोलसवासविप्पवासिए, से णं तओ लद्धट्ठे, कयकज्जे, अणहसमग्गे पुणरवि नियगगिहं हव्वमागए, ण्हाए कयबलिकम्मे, कयकोउय-मंगलपायच्छित्ते, सव्वालंकारविभूसिए, मणुन्नं थालिपागसुद्धं अट्ठारसवंजणाकुलं भोयणं भुत्ते समाणे, तंसि तारिसगंसि वासघरंसि, वन्नओ महब्बले कुमारे, जाव-सयणोवयारकलिए ताए तारिसियाए भारियाए सिंगारागारचारुवेसाए जाव-कलियाए अणुरत्ताए अविरत्ताए मणाणुकूलाए सद्धिं इट्ठे सद्दे फरिसे जाव-पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणे विहरेज्जा, से णं गोयमा ! पुरिसे विउसमणकालसमयंसि केरिसयं सायासोक्खं पच्चणुब्भवमाणो विहरति ? ओरालं समणाउसो ! तस्स णं गोयमा ! पुरिसस्स कामभोगेहिंतो वाणमंतराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा, वाणमंतराणं देवाणं कामभोगेहिंतो असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा; असुरिंदवज्जियाणं भवणवासियाणं देवाणं कामभोगेहिंतो असुरकुमाराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा; असुरकुमाराणं देवाणं कामभोगेहिंतो गहगण-नक्खत्त-तारारूवाणं जोतिसियाणं देवाणं एत्तो अनंतगुणविसिट्ठतरा चेव कामभोगा; गहगण-नक्खत्त-जाव-कामभोगेहिंतो चंदिम-सूरियाणं जोतिसियाणं जोतिसराईणं एत्तो अणंतगुणविसिट्ठयरा चेव कामभोगा; चंदिम-सूरिया णं गोयमा ! जोतिसिंदा जोतिसरायाणो एरिसे कामभोगे पच्चणुब्भवमाणा विहरंति । 'सेवं भंते ! सेवं भंते' त्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव-विहरइ ।

## छट्ठओ उद्देसओ समत्तो ।

५. [प्र०] हे भगवन् ! ज्योतिषिकना इंद्र अने ज्योतिषिकना राजा चंद्रने केटली पट्टराणीओ कही छे? [उ०] हे गौतम ! जेम *दशम शतकमां कह्युं छे तेम अहीं जाणवुं, यावत्-[पोतानी राजधानीमां सिंहासन विषे जिनना अस्थिओनुं संनिधान होवाथी] 'मैथुन निमित्ते देवीओ साथे भोग भोगववा समर्थ नथी' त्यां सुधी जाणवुं, तथा सूर्य संबंधे पण तेज प्रमाणे जाणवुं। चन्द्रने अग्रमहिषीओ.

६. [प्र०] हे भगवन् ! ज्योतिष्कना इंद्र अने राजा, चंद्र अने सूर्य केवा प्रकारना कामभोगोने भोगवता विहरे छे ? [उ०] जेम प्रथम युवावस्थाना प्रारंभमां बलवान् कोइ एक पुरुषे प्रथम उगती युवावस्थामां बळवाळी भार्या साथे ताजोज विवाह कर्यो, अने पछी ते धन मेळववा माटे सोळवरस सुधी परदेश गयो, अने ते धनने मेळवी, कार्य समाप्त करी समस्त विघ्नरहितपणे पाछो पोताने घेर तुरत आव्यो, स्नान करी, बलिकर्म-पूजा करी, कौतुक अने मंगलरूप प्रायश्चित्त करी तथा सर्वालंकारथी विभूषित थई मनोज्ञ, अने स्थालीमां पाक करवा वडे शुद्ध तथा अढार प्रकारना व्यंजन-शाकादिथी युक्त भोजन कर्या बाद †महाबल उद्देशकमां वासगृहनुं वर्णन कर्युं छे तेवा प्रकारना-शयनोपचार युक्त वासगृहमां यावत्-तेवा प्रकारनी उत्तम शृंगारना गृहरूप सुंदर वेषवाळी, यावत्-कलित-कलायुक्त, अनुरक्त, अत्यन्त रागयुक्त, अने मनने अनुकूल एवी स्त्री साथे इष्ट शब्द, स्पर्श यावत्-पांच प्रकारना मनुष्य संबंधी कामभोगोने भोगवतो विहरे छे, हे गौतम ! हवे ते पुरुष वेदोपशमनना-विकार शांतिना-समये केवा प्रकारना सुखने भोगवे? हे आयुष्मन् श्रमण ! ते पुरुष उदार ‡सुखने अनुभवे. हे गौतम ! ते पुरुषना कामभोगो करतां वानव्यंतर देवोने अनंतगुण विशिष्टतर कामभोगो होय छे. वानव्यंतर देवोना कामभोगोथी असुरेन्द्र सिवायना भवनवासी देवोने अनन्तगुण विशिष्टतर कामभोगो होय छे, असुरेन्द्र सिवाय भवनवासी देवोना कामभोगो करतां असुरकुमार देवोना कामभोगो अनंतगुण विशिष्टतर होय छे, असुरकुमार देवोना कामभोगो करतां अनंतगुण विशिष्टतर कामभोगो ज्योतिषिक देवरूप ग्रहगण, नक्षत्र अने ताराओने होय छे. ज्योतिषिक देवरूप ग्रहगण, नक्षत्र अने ताराओना कामभोगो करतां अनंतगुण विशिष्टतर कामभोगो ज्योतिषिकना इन्द्र अने ज्योतिषिक देवोना राजा चन्द्र तथा सूर्यने होय छे. हे गौतम ! ज्योतिष्कना इन्द्र, अने ज्योतिष्कना राजा चंद्र अने सूर्य आवा प्रकारना कामभोगोने अनुभवता विहरे छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे' एम कही भगवान् गौतम श्रमण भगवंत महावीरने ( वांदी अने नमी ) यावद् विहरे छे. सूर्य अने चन्द्र केवा प्रकारना कामभोगो भोगवे छे ?

## द्वादश शते षष्ठ उद्देशक समाप्त.

५ * भग० खं० ३ श० १० उ० १० पृ० २०३ सू० २३.

६ † भग० खं० ३ श० ११ उ० ११ पृ० २३६ सू० १५.

‡ अहिं कामभोगोना सुखने-सुखाभासने उदार सुख तरीके कह्युं ते प्राकृत जननी दृष्टिए समजवुं, वास्तविक रीते तो ते दुःखरूप ज छे.—अनुवादक.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सत्तमो उद्देसओ।

१. [प्र०] तेणं कालेणं तेणं समएणं जाव–एवं वयासी–केमहालए णं भंते! लोए पन्नत्ते? [उ०] गोयमा! महतिमहालए लोए पन्नत्ते, पुरत्थिमेणं असंखेज्जाओ जोयणकोडाकोडीओ, दाहिणेणं असंखिज्जाओ एवं चेव, एवं पच्चत्थिमेण वि, एवं उत्तरेण वि, एवं उड्ढं पि, अहे असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयाम–विक्खंभेणं।

२. [प्र०] एयंसि णं भंते! एमहालगंसि लोगंसि अत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे, जत्थ णं अयं जीवे न जाए वा, न मए वा वि? [उ०] गोयमा! नो इणट्ठे समट्ठे। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'एयंसि णं एमहालगंसि लोगंसि नत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे, जत्थ णं अयं जीवे ण जाए वा, न मए वा वि'? [उ०] गोयमा! सेजहानामए–केइ पुरिसे अयासयस्स एगं महं अयावयं करेज्जा; से णं तत्थ जहन्नेणं एक्कं वा दो वा तिन्नि वा, उक्कोसेणं अयासहस्सं पक्खिवेज्जा, ताओ णं तत्थ पउरगोयराओ पउरपाणियाओ जहन्नेणं एगाहं वा दुयाहं वा तियाहं वा उक्कोसेणं छम्मासे परिवसेज्जा, अत्थि णं गोयमा! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्ते वि पएसे, जे णं तासिं अयाणं उच्चारेण वा पासवणेण वा खेलेण वा सिंघाणएण वा वंतेण वा पित्तेण वा पूएण वा सुक्केण वा सोणिएण वा चम्मेहिं वा रोमेहिं वा सिंगेहिं वा खुरेहिं वा नहेहिं वा अणक्कंतपुव्वे भवइ? णो तिणट्ठे समट्ठे, होज्जा वि णं गोयमा! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्ते वि पएसे, जे णं तासिं अयाणं उच्चारेण वा जाव–णहेहिं वा अणक्कंतपुव्वे, णो चेव णं एयंसि एमहालगंसि लोगंसि लोगस्स य सासयं भावं, संसारस्स य अणादिभावं, जीवस्स य णिच्चभावं, कम्मबहुत्तं, जम्मण–मरणबाहुल्लं च पडुच्च नत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे, जत्थ णं अयं जीवे न जाए वा न मए वा वि, से तेणट्ठेणं तं चेव जाव–न मए वा वि।

## सप्तम उद्देशक.

लोकनुं महत्त्व.

१. [प्र०] ते काले–ते समये यावद्–[भगवान् गौतम] आ प्रमाणे बोल्या के–हे भगवन्! लोक केटलो मोटो कह्यो छे? [उ०] हे गौतम! लोक अत्यन्त मोटो कह्यो छे; ते पूर्व दिशाए असंख्य कोटाकोटी योजन छे, दक्षिण दिशाए ए प्रमाणे असंख्याता कोटाकोटी योजन छे, ए प्रमाणे पश्चिम दिशाए अने उत्तर दिशाए छे. तथा एज प्रमाणे ऊर्ध्व–उपर अने नीचे पण असंख्य कोटाकोटि योजन आयाम–लंबाइ अने विष्कंभ–विस्तारथी छे.

२. [प्र०] हे भगवन्! आ एवडा मोटा लोकमां एवो कोइ परमाणुपुद्गलना जेटलो पण प्रदेश छे के, ज्यां आ जीव उत्पन्न थयो न होय, अने मरण पाम्यो पण न होय? [उ०] हे गौतम! ए अर्थ यथार्थ नथी. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के–'आ एवडा मोटा लोकमां एवो कोइ परमाणुपुद्गलमात्र पण प्रदेश नथी, के ज्यां आ जीव उत्पन्न थयो न होय अने मर्यो न होय'? [उ०] हे गौतम! जेम कोइ एक पुरुष सो बकरीने माटे एक मोटो अजाव्रज–बकरीनो वाडो–करे, तथा तेमां ओछामां ओछी एक, बे के त्रण अने वधारेमां वधारे एक हजार बकरीओ नांखे, अने ते वाडामां घणुं पाणी अने घणुं गोचर–चरवानुं स्थळ–होवाथी ते बकरीओ जघन्यथी एक दिवस, बे दिवस के त्रण दिवस अने उत्कृष्टथी छ मास सुधी रहे, तो हे गौतम! ते वाडानो एवो कोइ परमाणुपुद्गल मात्र प्रदेश होय के जे ते बकरीओनी लिंडिओथी, मूत्रथी, श्लेष्मथी, नाकनां मळथी, वमनथी, पित्तथी, शुक्रथी, लोहिथी, चामडाथी, रोमथी, शिंगडाथी, खरीथी अने नखथी पूर्वे स्पर्श न करायेलो होय? [हे भगवन्!] ए अर्थ यथार्थ नथी. हे गौतम! कदाच कोइ एक परमाणुपुद्गल मात्र प्रदेश होय के जे ते बकरीओनी लींडोओथी, यावत् नखोथी पूर्वे स्पर्श न करायेलो होय. तो पण आ एवडा मोटा लोकमां लोकना शाश्वत भावने लइने, संसारना अनादिपणाने लीधे, जीवना नित्य भावने आश्रयी, अने कर्मनी बहुलताने अने जन्म तथा मरणनी बहुलताने अपेक्षी एवो कोइ परमाणुपुद्गल मात्र प्रदेश नथी के ज्यां आ जीव न जन्म्यो होय के न मर्यो होय. माटे हे गौतम! ते हेतुथी पूर्वोक्त यावत्–'ते मर्यो न होय.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] कति णं भंते ! पुढवीओ पण्णत्ताओ ? [उ०] गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ, जहा पढमसए पंचमउद्देसए तहेव आवासा ठावेयव्वा, जाव–अणुत्तरविमाणेत्ति, जाव–अपराजिए सव्वट्ठसिद्धे ।

४. [प्र०] अयं णं भंते ! जीवे इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि पुढविकाइयत्ताए, जाव–वणस्सइकाइयत्ताए, नरगत्ताए, नेरइयत्ताए उववन्नपुव्वे ? [उ०] हंता गोयमा ! असइं, अदुवा अणंतखुत्तो ।

५. [प्र०] सव्वजीवा वि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरया० [उ०] तं चेव जाव–अणंतखुत्तो ।

६. [प्र०] अयन्नं भंते ! जीवे सक्करप्पभाए पुढवीए पणवीसा० [उ०] एवं जहा रयणप्पभाए तहेव दो आलावगा भाणियव्वा, एवं जाव–धूमप्पभाए ।

७. [प्र०] अयन्नं भंते ! जीवे तमाए पुढवीए पंचूणे निरयावाससयसहस्से एगमेगंसि० [उ०] सेसं तं चेव ।

८. [प्र०] अयन्नं भंते ! जीवे अहेसत्तमाए पुढवीए पंचसु अणुत्तरेसु महतिमहालएसु महानिरएसु एगमेगंसि निरयावासंसि० [उ०] सेसं जहा रयणप्पभाए ।

९. [प्र०] अयन्नं भंते ! जीवे चउसट्ठीए असुरकुमारावाससयसहस्सेसु एगमेगंसि असुरकुमारावासंसि पुढविकाइयत्ताए, जाव–वणस्सइकाइयत्ताए देवत्ताए देवित्ताए आसण–सयण–भंडमत्तोवगरणत्ताए उववन्नपुव्वे ? [उ०] हंता गोयमा ! जाव–अणंतखुत्तो । सव्वजीवा वि णं भंते ! एवं चेव, एवं जाव–थणियकुमारेसु । नाणत्तं आवासेसु, आवासा पुव्वभणिया ।

३. [प्र०] हे भगवन् ! पृथिवीओ केटली कही छे ? [उ०] हे गौतम ! सात पृथिवीओ कही छे, अहीं प्रथम शतकना पंचम *उद्देशकमां कह्या प्रमाणे नरकादिना आवासो कहेवा, ए प्रमाणे यावत्–अनुत्तरविमान, यावत्–अपराजित अने सर्वार्थसिद्ध सुधी जाणवुं. नरकपृथिवी.

४. [प्र०] हे भगवन् ! आ जीव आ रत्नप्रभा पृथिवीमां अने तेना त्रीश लाख नरकावासोमांना एक एक नरकावासमां पृथ्वीकायिकपणे, यावद्–वनस्पतिकायिकपणे, नरकपणे, नैरयिकपणे, पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] हा, गौतम ! अनेकवार अथवा अनंतवार पूर्वे उत्पन्न थएलो छे. आ जीव रत्नप्रभाना एक एक नरकावासमां पृथिवीकायिकादिपणे उत्पन्न थयो छे ?

५. [प्र०] हे भगवन् ! सर्वे जीवो पण आ रत्नप्रभा पृथिवीमां अने तेना त्रीस लाख नरकावासमांना [ एक एक नरकावासमां पृथिवीकायिकपणे, यावद्–वनस्पतिकायिकपणे यावत्–पूर्वे उत्पन्न थएला छे ? [उ०] पूर्वे कह्या प्रमाणे त्यां अनेकवार अथवा ] यावत्–अनंतवार पूर्वे उत्पन्न थएला छे. सर्वे जीवो.

६. [प्र०] हे भगवन् ! आ जीव शर्कराप्रभाना पचीस लाख नरकावासमांना एक एक नरकावासमां पृथिवीकायिकपणे यावत् वनस्पतिकायिकपणे यावत्–पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] जेम रत्नप्रभाना बे आलापक कह्या तेम शर्कराप्रभाना पण [एक जीव अने सर्व जीव आश्रयी ] बे आलापक कहेवा. ए प्रमाणे यावत्–धूमप्रभा सुधी आलापक कहेवा. शर्कराप्रभाना नरकावासमां पृथिवीकायिकादिपणे उत्पन्न थयो छे ?

७. [प्र०] हे भगवन् ! आ जीव तमापृथिवीमांना पांच न्यून एक लाख निरयावासमांना एक एक नरकावासमां [पृथिवीकायिकपणे यावत्–वनस्पतिकायिकपणे पूर्वे उत्पन्न थएलो छे ?] [उ०] बाकी बधुं पूर्वे प्रमाणे जाणवुं. तमा पृथिवी.

८. [प्र०] हे भगवन् ! आ जीव अधःसप्तम नरकपृथिवीना पांच अनुत्तर अने अत्यन्त म्होटा नरकावासोमांना एक एक नरकावासमां पूर्वे उत्पन्न थयो छे ? [उ०] बाकी बधुं रत्नप्रभानी पेठे जाणवुं. सप्तम पृथिवीमां पूर्वे उत्पन्न थयो छे ?

९. [प्र०] हे भगवन् ! आ जीव असुरकुमारोना चोसठ लाख असुरकुमारावासोमांना एक एक असुरकुमारावासमां पृथिवीकायिकपणे, यावत्–वनस्पतिकायिकपणे, देवपणे, देवीपणे, आसन, शयन अने पात्र वगेरे उपकरणपणे पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] हा, गौतम ! यावद्–अनंतवार उत्पन्न थएलो छे. सर्वे जीवो ए प्रमाणे जाणवा. ए प्रमाणें यावत्–'स्तनितकुमारो' सुधी जाणवुं, परन्तु तेओना आवासोनी संख्यामां भेद छे, अने ए आवासो पूर्वे कहेला छे. असुरकुमार.

३ * भग० खं० १ श० १ उ० ५ पृ० १४१–१४३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०. [प्र०] अयं णं भंते ! जीवे असंखेज्जेसु पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि पुढविकाइयत्ताए जाव–वणस्सइकाइयत्ताए उववन्नपुब्वे ? [उ०] हंता गोयमा ! जाव–अणंतखुत्तो । एवं सव्वजीवा वि, एवं जाव–वणस्सइकाइएसु ।

११. [प्र०] अयं णं भंते ! जीवे असंखेज्जेसु बेंदियावाससयसहस्सेसु एगमेगंसि बेंदियावासंसि पुढविकाइयत्ताए, जाव–वणस्सइकाइयत्ताए, बेइंदियत्ताए उववन्नपुब्वे ? [उ०] हंता गोयमा ! जाव–खुत्तो । सव्वजीवा वि णं एवं चेव, एवं जाव–मणुस्सेसु, नवरं तेंदियएसु जाव–वणस्सइकाइयत्ताए तेंदियत्ताए, चउरिंदिएसु चउरिंदियत्ताए, पंचिंदियतिरिक्खजोणिएसु पंचिंदियतिरिक्खजोणियत्ताए, मणुस्सेसु मणुस्सत्ताए, सेसं जहा बेंदियाणं, वाणमंतर–जोइसिय–सोहम्मी–साणाण य जहा असुरकुमाराणं ।

१२. [प्र०] अयं णं भंते ! जीवे सणंकुमारे कप्पे बारससु विमाणावाससयसहस्सेसु एगमेगंसि वेमाणियावासंसि पुढविकाइयत्ताए० [उ०]सेसं जहा असुरकुमाराणं जाव–अणंतखुत्तो, नो चेव णं देवित्ताए, एवं सव्वजीवा वि; एवं जाव–आणय–पाणएसु, एवं आरण–च्चुएसु वि ।

१३. [प्र०] अयन्नं भंते ! जीवे तिसु वि अट्ठारसुत्तरेसु गेविज्जविमाणावाससयेसु० [उ०] एवं चेव ।

१४. [प्र०] अयन्नं भंते ! जीवे पंचसु अणुत्तरविमाणेसु एगमेगंसि अणुत्तरविमाणंसि पुढवि० [उ०] तहेव जाव–अणंतखुत्तो, नो चेव णं देवत्ताए वा देवीत्ताए वा, एवं सव्वजीवा वि ।

१५. [प्र०] अयन्नं भंते ! जीवे सव्वजीवाणं माइत्ताए, पितित्ताए, भाइत्ताए, भगिणित्ताए, भज्जत्ताए, पुत्तत्ताए, धूयत्ताए, सुण्हत्ताए उववन्नपुब्वे ? [उ०] हंता गोयमा ! असइं, अदुवा अणंतखुत्तो ।

१६. [प्र०] सव्वजीवा वि णं भंते ! इमस्स जीवस्स माइत्ताए जाव–उववन्नपुव्वा ? [उ०] हंता गोयमा ! जाव–अणंतखुत्तो ।

पृथिवीकायिकावासमां पूर्वे उत्पन्न थयो छे?

१०. [प्र०] हे भगवन् ! आ जीव असंख्याता लाख पृथिवीकायिकावासमांना एक एक पृथिवीकायिकावासमां पृथिवीकायिकपणे यावद्–वनस्पतिकायिकपणे पूर्वे उत्पन्न थयो छे ? [उ०] हा, गौतम ! यावत्–अनंतवार उत्पन्न थएलो छे; ए प्रमाणे सर्वे जीवो पण जाणवा. ए प्रमाणे यावत्–वनस्पतिकायिकोमां पण जाणवुं.

बेइन्द्रियावासमां पूर्वे उत्पन्न थयो छे?

११. [प्र०] हे भगवन् ! आ जीव असंख्याता लाख बेइंद्रियावासमांना एक एक बेइंद्रियावासमां पृथिवीकायिकपणे, यावत्–वनस्पतिकायिकपणे अने बेइंद्रियपणे पूर्वे उत्पन्न थएलो छे? [उ०] हा, गौतम ! त्यां यावद्–अनंतवार उत्पन्न थएलो छे. सर्व जीवो पण ए प्रमाणे जाणवा, ए प्रमाणे यावद्–मनुष्योमां जाणवुं. परन्तु विशेष ए छे के, तेइंद्रियोमां यावद्–वनस्पतिकायिकपणे, यावत् तेइंद्रियपणे; चउरिंद्रियोमां चउरिंद्रियपणे, पंचेंद्रियतिर्यंचयोनिकोमां पंचेंद्रियतिर्यंचयोनिकपणे, अने मनुष्योमां मनुष्यपणे उत्पत्ति जाणवी. बाकी बधुं बेइंद्रियोनी पेठे जाणवुं. जेम असुरकुमारो संबंधे कह्युं तेम वानव्यंतर, ज्योतिष्क, सौधर्म अने ईशानमां पण जाणवुं.

सनत्कुमारकल्पमां.

१२. [प्र०] हे भगवन् ! आ जीव सनत्कुमार कल्पमां तेना बार लाख विमानावासमांना एक एक वैमानिकावासमां पृथिवीकायपणे, यावत्–पूर्वे उत्पन्न थयलो छे? [उ०] बाकीनुं बधुं असुरकुमारोनी पेठे (सू० ९) यावद्–'अनंतवार उत्पन्न थएलो छे' त्यां सुधी जाणवुं. पण त्यां देवीपणे उत्पन्न थयो नथी. ए प्रमाणे सर्वे जीवो संबन्धे पण जाणवुं. ए प्रमाणे यावत्–आनत अने प्राणतमां तथा आरण–अच्युतमां पण जाणवुं.

ग्रैवेयक विमानावासमां.

१३. [प्र०] हे भगवन् ! आ जीव त्रणसोने अढार ग्रैवेयक विमानावासमांना एक एक आवासमां पृथिवीकायिकपणे, यावद्–पूर्वे उत्पन्न थएलो छे? [उ०] ए प्रमाणे जाणवुं. (यावत्–अनंतवार उत्पन्न थएलो छे.)

अनुत्तर विमानावासमां.

१४. [प्र०] हे भगवन् ! आ जीव पांच अनुत्तर विमानोमांना एक एक अनुत्तर विमानमां पृथिवीकायिकपणे, (यावत्–पूर्वे उत्पन्न थएलो छे?) [उ०] ते प्रमाणे यावद्–अनंतवार उत्पन्न थएलो छे, पण देवपणे अने देवीपणे उत्पन्न थयो नथी. ए प्रमाणे सर्वे जीवो पण जाणवा.

आ जीव सर्व जीवोना माता पिता इत्यादि संबन्धरूपे उत्पन्न थयो छे?

१५. [प्र०] हे भगवन् ! आ जीव सर्वे जीवोना मातापणे, पितापणे, भाईपणे, बहेनपणे, स्त्रीपणे, पुत्रपणे, पुत्री अने पुत्रवधूपणे पूर्वे उत्पन्न थएलो छे? [उ०] हा, गौतम ! अनेकवार, अथवा अनंतवार उत्पन्न थयेलो छे.

सर्वे जीवो आ जीवना माता इत्यादि संबन्धरूपे उत्पन्न थया छे?

१६. [प्र०] हे भगवन् ! सर्वे जीवो पण आ जीवना मातापणे, यावत्–पूर्वे उत्पन्न थएला छे? [उ०] हा, गौतम ! यावद्–अनेकवार अथवा अनंतवार उत्पन्न थया छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१७. [प्र०] अयण्णं भंते ! जीवे सबजीवाणं अरित्ताए, वेरियत्ताए, घातगत्ताए, वहगत्ताए, पडिणीयत्ताए, पच्चामित्त-त्ताए उववन्नपुवे ? [उ०] हंता गोयमा ! जाव–अणंतखुत्तो ।

१८. [प्र०] सबजीवा वि णं भंते !० [उ०] एवं चेव ।

१९. [प्र०] अयन्नं भंते ! जीवे सबजीवाणं रायत्ताए, जुवरायत्ताए, जाव–सत्थवाहत्ताए उववन्नपुवे ? [उ०] हंता गोयमा ! असतिं, जाव–अणंतखुत्तो । सबजीवाणं एवं चेव ।

२०. [प्र०] अयन्नं भंते ! जीवे सबजीवाणं दासत्ताए, पेसत्ताए, भयगत्ताए, भाइल्लगत्ताए, भोगपुरिसत्ताए, सीसत्ताए, वेसत्ताए उववन्नपुवे ? [उ०] हंता गोयमा ! जाव–अणंतखुत्तो । एवं सबजीवा वि अणंतखुत्तो । 'सेवं भंते ! सेवं भंते'त्ति जाव–विहरइ ।

## सत्तमो उद्देसओ समत्तो ।

१७. [प्र०] हे भगवन् ! आ जीव सर्व जीवोना शत्रुपणे, वैरिपणे, घातकपणे, वधकपणे, प्रत्यनीकपणे अने शत्रुना मित्रपणे पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] हा, गौतम ! यावद्–अनंतवार उत्पन्न थयो छे. — आ जीव सर्व जीवना शत्रुरूपे उत्पन्न थयो छे ?

१८. [प्र०] हे भगवन् ! बधा य जीवो ( आ जीवना वैरिपणे यावत्–पूर्वे उत्पन्न थएला छे ? ) [उ०] ए प्रमाणे जाणवुं. — सर्व जीवो.

१९. [प्र०] हे भगवन् ! आ जीव सर्व जीवोना राजातरीके, युवराजतरीके यावत्–सार्थवाहतरीके पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] हा गौतम ! अनेकवार अथवा अनंतवार उत्पन्न थयो छे. ए प्रमाणे सर्व जीवो संबंधे पण जाणवुं. — आ जीव सर्व जीवना राजा तरीके उत्पन्न थयेल छे ?

२०. [प्र०] हे भगवन् ! आ जीव सर्व जीवोना दासपणे प्रेष्य–चाकरपणे, भृतकपणे, भागीदारपणे, भोगपुरुषपणे (बीजाए उपार्जेला धननो भोग करनारपणे), शिष्यपणे, अने शत्रुपणे पूर्वे उत्पन्न थएलो छे ? [उ०] हा गौतम ! यावत्–अनंतवार उत्पन्न थयो छे, ए प्रमाणे सर्व जीवो पण यावद् अनंतवार उत्पन्न थया छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.'–एम कही यावद्–विहरे छे. — आ जीव सर्व जीवोना दासरूपे उत्पन्न थयेल छे ? सर्व जीवो.

## द्वादश शते सप्तम उद्देशक समाप्त.

## अट्ठमो उद्देसओ

१. [प्र०] तेणं कालेणं तेणं समएणं जाव–एवं वयासी–देवे णं भंते! महिड्ढीए जाव–महेसक्खे अणंतरं चयं चइत्ता बिसरीरेसु नागेसु उववज्जेज्जा? [उ०] हंता गोयमा! उववज्जेज्जा।

२. [प्र०] से णं तत्थ अच्चिय–वंदिय–पूइय–सक्कारिय–सम्माणिए दिव्वे सच्चे सच्चोवाए संनिहियपाडिहेरे यावि भवेज्जा? [उ०] हंता, भवेज्जा।

३. [प्र०] से णं भंते! तओहिंतो अणंतरं उव्वट्टित्ता सिज्झेज्जा, बुज्झेज्जा, जाव–अंतं करेज्जा? [उ०] हंता सिज्झिज्जा, जाव–अंतं करेज्जा।

४. [प्र०] देवे णं भंते! महिड्ढीए एवं चेव जाव–बिसरीरेसु मणीसु उववज्जेज्जा। [उ०] एवं चेव जहा नागाणं।

५. [प्र०] देवे णं भंते! महिड्ढीए जाव–बिसरीरेसु रुक्खेसु उववज्जेज्जा? [उ०] हंता, उववज्जेज्जा एवं चेव, नवरं इमं नाणत्तं–जाव–सन्निहियपाडिहेरे लाउल्लोइयमहिते यावि भवेज्जा? हंता भवेज्जा, सेसं तं चेव जाव–अंतं–करेज्जा।

## अष्टम उद्देशक.

[म]हाऋद्धिवाळो देव [मरी]ने मात्र बेशरीर[वाळ]ा नागोमां उपजे?

१. [प्र०] ते काले, ते समये, [भगवान् गौतम] यावद्–आ प्रमाणे बोल्या के हे भगवन्! महाऋद्धिवाळो यावद्–महासुखवाळो देव च्यवीने–मरण पामीने तुरतज मात्र *बे शरीरनेज धारण करनारा नागोमां, (सर्प अथवा हाथीमां) उत्पन्न थाय? [उ०] हा गौतम! उत्पन्न थाय.

[न]ागना जन्ममां [व]ंदित पूजित थाय?

२. [प्र०] हे भगवन्! त्यां ते नागनां जन्ममां अर्चित, वंदित, पूजित, सत्कारित, सम्मानित, दिव्य, प्रधान, सत्य, सत्यावपातरूप (जेनी सेवा सफल छे एवो) ते संसारनो अन्त करे, अने पासे रहेला [पूर्वना संबन्धी देवोए] †जेनुं प्रतिहार कर्म कर्युं छे एवो थाय? [उ०] हा थाय.

३. [प्र०] ते त्यांथी मरण पामीने सिद्ध थाय, बुद्ध थाय, यावद्–संसारनो अन्त करे? [उ०] हा, सिद्ध थाय, यावद्–अन्त करे.

[बे] शरीरवाळा मणि[ओम]ां उत्पन्न थाय?

४. [प्र०] हे भगवन्! महर्धिक देव–ए प्रमाणे यावद्–बे शरीरवाळा मणिमां उत्पन्न थाय? [उ०] ए प्रमाणे नागनी पेठे जाणवुं.

[बे] शरीरवाळा वृक्षमां उत्पन्न थाय?

५. [प्र०] हे भगवन्! महर्धिक यावद्–महासौख्यवाळो देव बे शरीरनेज धारण करनारा वृक्षोमां उत्पन्न थाय? [उ०] हा, गौतम! उत्पन्न थाय–इत्यादि पूर्व प्रमाणे जाणवुं. परन्तु एटलो विशेष छे के 'जे वृक्षमां ते उत्पन्न थाय ते वृक्ष यावत्–समीपमां रहेला' देवकृत प्रातिहार्यवाळुं थाय, तथा [ते ‡वृक्ष] छाणथी लींपेल अने खडीथी धोळेल होय, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं, यावद्–'ते संसारनो अन्त करे.'

---

१ * जेओ नागनुं शरीर छोडीने मनुष्यशरीरने पामी मोक्ष प्राप्त करशे ते मात्र बे शरीरने धारण करनारा नागो कहेवाय छे.

५ † प्रतिहारकर्म–पासे रही तेनुं रक्षणादि कार्य करवुं.

‡ देवाधिष्ठित विशिष्ट वृक्षो बद्धपीठवाळा होय छे, तेथी तेनी पीठ–चोतरो छाणवगेरेथी लींपेल अने खडी वगेरेथी धोळेल होय छे–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. [प्र०] अह भंते ! गोलंगूलवसभे, कुक्कुडवसभे, मंडुक्कवसभे–एए णं निस्सीला निव्वया निग्गुणा निम्मेरा निप्पच्चक्खाण–पोसहोववासा कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसेणं सागरोवमट्ठितीयंसि नरगंसि नेरइयत्ताए उववज्जेज्जा ? [उ०] समणे भगवं महावीरे वागरेइ–'उववज्जमाणे उववन्ने'त्ति वत्तव्वं सिया ।

७. [प्र०] अह भंते ! सीहे वग्घे जहा उस्स( ओस )प्पिणीउद्देसए जाव–परस्सरे–एए णं निस्सीला० [उ०] एवं चेव जाव–वत्तव्वं सिया ।

८. [प्र०] अह भंते ! ढंके कंके विलए मग्गुए सिखी–एए णं निस्सीला० [उ०] सेसं तं चेव जाव–वत्तव्वं सिया । 'सेवं भंते ! सेवं भंते !' त्ति जाव–विहरइ ।

## अट्ठमो उद्देसो समत्तो ।

६. [प्र०] हे भगवन् ! वानरवृषभ–मोटो वानर, मोटो कुकडो, अने मोटो देडको–ए बधा शीलरहित, व्रतरहित, गुणरहित, मर्यादारहित, प्रत्याख्यान अने पौषधोपवासरहित मरणसमये काल करी आ रत्नप्रभा पृथिवीमां उत्कृष्टथी सागरोपमनी स्थितिवाळा नरकमां नैरयिकपणे उत्पन्न थाय ? [उ०] श्रमण भगवंत महावीर कहे छे के [हा नैरयिकरूपे उत्पन्न थाय,] कारण के *जे उपजतुं होय ते 'उत्पन्न थयुं' एम कहेवाय. वानर वगेरे जीवो रत्नप्रभामां उत्पन्न थाय ?

७. [प्र०] हे भगवन् ! सिंह, वाघ–वगेरे †अवसर्पिणी उद्देशकमां कह्या प्रमाणे यावत्–परासर–ए बधा शीलरहित–इत्यादि यावत् [उ०] पूर्व प्रमाणे जाणवुं. सिंह वगेरे पण नैरयिक पणे उपजे ?

८. [प्र०] हे भगवन् ! कागडो, गीध, वीलक, देडको अने मोर–ए बधा शीलरहित–इत्यादि प्रश्न. [उ०] उत्तर पूर्ववत् जाणवुं. हे भगवन् ! 'ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही यावद्–विहरे छे. काक वगेरे.

## द्वादशशते अष्टम उद्देशक समाप्त.

६ * जे समये वानरादि छे ते समये ते नारकरूपे नथी, माटे ते नारकरूपे केम उत्पन्न थाय ? आ प्रश्नना उत्तरमां भगवान् महावीर कहे छे के 'जे उपजतुं होय ते उत्पन्न थएलुं' एम कहेवाय, माटे वानरादि नारकरूपे जे उत्पन्न थवाना छे ते उत्पन्न थएला एम कहेवाय–टीका.

७ † जुओ भग० खं० ३ श० ७ उ० ६ पृ० २२ सू० २२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नवमो उद्देसो ।

१. [प्र०] कइविहा णं भंते ! देवा पण्णत्ता ? [उ०] गोयमा ! पंचविहा देवा पण्णत्ता, तंजहा–१ भवियदव्वदेवा, २ नरदेवा, ३ धम्मदेवा, ४ देवाहिदेवा, ५ भावदेवा ।

२. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–भवियदव्वदेवा भवियदव्वदेवा ? [उ०] गोयमा ! जे भविए पंचिंदियतिरिक्खजोणिए वा मणुस्से वा देवेसु उववज्जित्तए से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–'भवियदव्वदेवा २' ।

३. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'नरदेवा नरदेवा' ? [उ०] गोयमा ! जे इमे रायाणो चाउरंतचक्कवट्टी उप्पन्नसमत्तचक्करयणप्पहाणा नवनिहिपइणो समिद्धकोसा बत्तीसंरायवरसहस्साणुयातमग्गा सागरवरमेहलाहिवइणो मणुस्सिंदा, से तेणट्ठेणं जाव–'नरदेवा २' ।

४. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'धम्मदेवा धम्मदेवा' ? [उ०] गोयमा ! जे इमे अणगारा भगवंतो ईरियासमिया, जाव–गुत्तबंभयारी, से तेणट्ठेणं जाव–'धम्मदेवा २' ।

## नवम उद्देशक.

देवोना भव्यदेवादि प्रकार.

१. [प्र०] हे भगवन् ! देवो केटला प्रकारना कह्या छे ? [उ०] हे गौतम ! देवो पांच प्रकारना कह्या छे, ते आ प्रमाणे–१ *भव्यद्रव्यदेव, २ नरदेव, ३ धर्मदेव, ४ देवाधिदेव अने ५ भावदेव.

भव्यद्रव्यदेव कहेवानुं कारण.

२. [प्र०] हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी 'भव्यद्रव्यदेव' 'भव्यद्रव्यदेव'–एम कहो छो ? [उ०] हे गौतम ! जे पंचेंद्रियतिर्यंचयोनिक के मनुष्य देवोमां उत्पन्न थवाने भव्य–योग्य छे, ते माटे ते 'भव्यद्रव्यदेव' २ कहेवाय छे.

नरदेव.

३. [प्र०] हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी 'नरदेव' 'नरदेव'–एम कहो छो ? [उ०] हे गौतम ! जे आ राजाओ चार दिशाना अन्तना स्वामी चक्रवर्तीओ छे, जेने समस्त रत्नोमां प्रधान चक्ररत्न उत्पन्न थयुं छे एवा, नव निधिना स्वामिओ, समृद्ध भंडारवाळा, जेओनो मार्ग बत्रीस हजार राजाओ वडे अनुसराय छे एवा, महासागररूप उत्तम मेखलापर्यन्त पृथ्वीना पति अने मनुष्यना इंद्रो छे ते माटे 'नरदेवो' 'नरदेवो'–एम कहेवाय छे.

धर्मदेव.

४. [प्र०] हे भगवन् ! शा हेतुथी 'धर्मदेव' 'धर्मदेव'–एम कहो छो ? [उ०] हे गौतम ! जे आ अनगार भगवंतो, इर्यासमितिवाळा यावद्–गुप्त ब्रह्मचारी छे, माटे ते हेतुथी 'धर्मदेव' 'धर्मदेव'–एम कहेवाय छे.

---

१ * भव्यद्रव्यदेव—अहिं द्रव्यशब्द अप्राधान्यवाचक छे, भूतकाळमां देवत्वपर्यायने प्राप्त थयेला अथवा भविष्य काळमां देवपणाने पामनार, वर्तमानमां देवना गुणथी शून्य होवाथी अप्रधान एवा द्रव्यदेव कहेवाय छे, तेमां भविष्यमां देवपणाने प्राप्त थनार भव्यद्रव्यदेव कहेवाय छे. २ नरदेव—मनुष्योमां देवनी पेठे आराधवा लायक नरदेव कहेवाय छे. ३ धर्मदेव—श्रुतादि धर्मवडे देवो जेवा, अथवा जेने धर्म प्रधान छे एवा 'धार्मिक देवोने' धर्मदेव कहे छे. ४ देवाधिदेव—पारमार्थिक देवपणुं होवाथी सामान्य देवो करतां अधिक–श्रेष्ठ देवाधिदेव कहेवाय छे, अथवा देवातिदेव पण कहे छे. ५ भावदेव—देवगत्यादि कर्मना उदयथी देवपणानो अनुभव करनार भावदेव कहेवाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'देवाधिदेवा देवाधिदेवा' ? [उ०] गोयमा ! जे इमे अरिहंता भगवंतो उप्पन्न-नाण–दंसणधरा जाव–सव्वदरिसी, से तेणट्ठेणं जाव–'देवाधिदेवा' २।

६. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'भावदेवा भावदेवा' ? [उ०] गोयमा ! जे इमे भवणवइ–वाणमंतर–जोइस–वेमाणिया देवा देवगतिनामगोयाइं कम्माइं वेदेंति, से तेणट्ठेणं जाव–'भावदेवा' २।

७. [प्र०] भवियदव्वदेवा णं भंते ! कओहिंतो उववज्जंति, किं नेरइएहिंतो उववज्जंति, तिरिक्ख० मणुस्स० देवेहिंतो उववज्जंति ? [उ०] गोयमा ! नेरइएहिंतो उववज्जंति, तिरि० मणु० देवेहिंतो वि उववज्जंति, भेदो जहा वक्कंतीए सव्वेसु उववा-एयव्वा जाव–'अणुत्तरोववाइय'त्ति, नवरं असंखेज्जवासाउयअकम्मभूमगअंतरदीवगसव्वट्ठसिद्धवज्जं जाव–अपराजियदेवेहिंतो वि उववज्जंति, णो सव्वट्ठसिद्धदेवेहिंतो उववज्जंति।

८. [प्र०] नरदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं नेरतिए०–पुच्छा। [उ०] गोयमा ! नेरतिएहिंतो वि उवव-ज्जंति, नो तिरि०, नो मणु०, देवेहिंतो वि उववज्जंति।

९. [प्र०] जइ नेरइएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविनेरइएहिंतो उववज्जंति, जाव–अहेसत्तमपुढविनेरइएहिंतो उववज्जंति ? [उ०] गोयमा ! रयणप्पभापुढविनेरइएहिंतो उववज्जंति, नो सक्कर० जाव–नो अहेसत्तमपुढविनेरइएहिंतो उववज्जंति।

१०. [प्र०] जइ देवेहिंतो उववज्जंति किं भवणवासिदेवेहिंतो उववज्जंति, वाणमंतर० जोइसिय० वेमाणियदेवेहिंतो उववज्जंति ? [उ०] गोयमा ! भवणवासिदेवेहिंतो वि उववज्जंति, वाणमंतर०, एवं सव्वदेवेसु उववाएयव्वा, वक्कंतीभेदेणं जाव–सव्वट्ठसिद्धत्ति।

५. [प्र०] हे भगवन् ! एम शा हेतुथी 'देवाधिदेव' 'देवाधिदेव' कहेवाय छे ? [उ] हे गौतम ! जे आ अरहिंत–भगवंतो उत्पन्न थयेला ज्ञान अने दर्शनने धारण करनारा यावद्–सर्वदर्शी छे, ते हेतुथी यावद् 'देवाधिदेव' 'देवाधिदेव' कहेवाय छे. देवाधिदेव.

११. [प्र०] हे भगवन्! १ आग्नेयी दिशानी आदिमां शुं छे? २ ते क्यांथी नीकळे छे? ३ तेनी आदिमां केटला प्रदेशो छे? ४ ते केटला प्रदेशना विस्तारवाळी छे? ५ ते केटला प्रदेशनी छे? ६ तेने अन्ते शुं छे? ७ अने ते केवा आकारे छे? [उ०] हे गौतम! १ आग्नेयी दिशानी आदिमां रुचक छे, २ ते रुचक थकी नीकळे छे, ३ तेनी आदिमां एक प्रदेश छे, ४ ते एक प्रदेशना विस्तारवाळी छे, ५ ते उत्तरोत्तर वृद्धिरहित छे, अने लोकने आश्रयी असंख्यप्रदेशात्मक छे, अलोकने आश्रयी अनन्त प्रदेशात्मक छे, ६ लोकने आश्रयी आदि अने अन्त सहित छे, अने अलोकने आश्रयी सादि अने अनन्त छे. अने ७ ते तूटी गएली मोतीनी माळाना आकारे कहेली छे.

याम्या–दक्षिण. नैर्ऋती.

याम्या (दक्षिण) दिशा ऐन्द्री (पूर्व) दिशानी पेठे जाणवी. नैर्ऋती आग्नेयी दिशानी पेठे जाणवी–इत्यादि जेम ऐन्द्री दिशा कही, तेम चारे दिशाओ अने आग्नेयी दिशा कही तेम चारे विदिशाओ जाणवी.

ऊर्ध्वदिशा.

१२. [प्र०] हे भगवन्! विमला (ऊर्ध्व) दिशानी आदिमां शुं छे? इत्यादि आग्नेयीनी पेठे प्रश्न करवो. [उ०] हे गौतम! १ विमला दिशानी आदिमां रुचक छे, २ ते रुचक थकी नीकळे छे, ३ तेनी आदिमां चार प्रदेश छे, ४ ते बे प्रदेशना विस्तारवाळी छे, ५ उत्तरोत्तर वृद्धि रहित ते दिशा लोकने आश्रयी असंख्यातप्रदेशात्मक छे. बाकी बधुं आग्नेयी दिशाने विषे कह्युं छे तेम जाणवुं. परन्तु एटलो विशेष छे के ते रुचकने आकारे कहेली छे. ए प्रमाणे तमा (अधो) दिशा पण जाणवी.

तमादिशा.

१ * भग० खं० ३ श० १० उ० १ पृ० १८८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३. [प्र०] किमियं भंते ! लोएत्ति पवुच्चइ ? [उ०] गोयमा ! पंचत्थिकाया, एस णं एवतिए लोए त्ति पवुच्चइ, तंजहा—१ धम्मत्थिकाए, २ अहम्मत्थिकाए, जाव—५ पोग्गलत्थिकाए ।

१४. [प्र०] धम्मत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तति ? [उ०] गोयमा ! धम्मत्थिकाएणं जीवाणं आगमण—गमण—भासु—म्मेस—मणजोगा—वइजोगा—कायजोगा, जे यावन्ने तहप्पगारा चला भावा सव्वे ते धम्मत्थिकाए पवत्तंति, गइलक्खणे णं धम्मत्थिकाए ।

१५. [प्र०] अहम्मत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तति ? [उ०] गोयमा ! अहम्मत्थिकाएणं जीवाणं ठाण—निसीयण—तुयट्टण, मणस्स य एगत्तीभावकरणता, जे यावन्ने तहप्पगारा थिरा भावा सव्वे ते अहम्मत्थिकाए पवत्तंति, ठाणलक्खणे णं अहम्मत्थिकाए ।

१६. [प्र०] आगासत्थिकाएणं भंते ! जीवाणं अजीवाण य किं पवत्तति ? [उ०] गोयमा ! आगासत्थिकाएणं जीवदव्वाण य अजीवदव्वाण य भायणभूए । "एगेण वि से पुन्ने दोहि वि पुन्ने सयं पि माएज्जा । कोडिसएण वि पुन्ने कोडिसहस्सं पि माएज्जा ॥" अवगाहणालक्खणे णं आगासत्थिकाए ।

१७. [प्र०] जीवत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तति ? [उ०] गोयमा ! जीवत्थिकाएणं जीवे अणंताणं आभिणिबोहियनाणपज्जवाणं, अणंताणं सुयनाणपज्जवाणं—एवं जहा बितियसए अत्थिकायउद्देसए जाव—उवओगं गच्छति, उवओगलक्खणे णं जीवे ।

१८. [प्र०] पोग्गलत्थिकाए णं पुच्छा । [उ०] गोयमा ! पोग्गलत्थिकाएणं जीवाणं ओरालिय—वेउव्विय—आहारग—तेया—कम्मए सोइंदिय—चक्खिंदिय—घाणिंदिय—जिब्भिंदिय—फासिंदिय—मणजोग—वयजोग—कायजोग—आणापाणूणं च गहणं पवत्तति, गहणलक्खणे णं पोग्गलत्थिकाए ।

१३. [प्र०] हे भगवन् ! आ लोक केवो कहेवाय छे ? [उ०] हे गौतम ! आ लोक पंचास्तिकायरूप कहेवाय छे, ते आ प्रमाणे—१ धर्मास्तिकाय, २ अधर्मास्तिकाय, यावत्—[ ३ आकाशास्तिकाय ४ जीवास्तिकाय अने ] ५ पुद्गलास्तिकाय. लोक.

१४. [प्र०] धर्मास्तिकाय वडे जीवोनी शी प्रवृत्ति थाय ? [उ०] हे गौतम ! धर्मास्तिकाय वडे जीवोनुं आगमन, गमन, भाषा, उन्मेष (नेत्रनुं उघडवुं), मनोयोग, वचनयोग अने काययोग प्रवर्ते छे; ते शिवाय बीजा तेवा प्रकारना गमनशील भावो छे, ते सर्व धर्मास्तिकायथी प्रवर्ते छे; केमके गतिलक्षण धर्मास्तिकाय छे. ७अस्तिकाय-प्रवर्तनद्वार. धर्मास्तिकायवडे जीवोनुं प्रवर्तन.

१५. [प्र०] अधर्मास्तिकाय वडे जीवोनी शी प्रवृत्ति थाय ? [उ०] हे गौतम ! अधर्मास्तिकाय वडे जीवोनुं उभा रहेवुं, बेसवुं, सुवुं अने मनने स्थिर करवुं—वगेरे प्रवर्ते छे, ते शिवाय बीजा स्थिर भावो छे ते सर्वे अधर्मास्तिकाय थकी प्रवर्ते छे, केमके स्थितिलक्षण अधर्मास्तिकाय छे. अधर्मास्तिकायवडे प्रवर्तन.

१६. [प्र०] हे भगवन् ! आकाशास्तिकायवडे जीवोनी अने अजीवोनी शी प्रवृत्ति थाय ? [उ०] हे गौतम ! आकाशास्तिकाय जीव अने अजीव द्रव्यनो आश्रयरूप छे. अर्थात् तेथी जीव अने अजीवद्रव्यनो अवगाह प्रवर्त्ते छे. "एक—[परमाणु—]थी के बे—[परमाणु] थी पूर्ण एक आकाशप्रदेशनी अंदर सो परमाणुओ पण माय, अने सो क्रोड [परमाणुओ] वडे पूर्ण एक आकाशप्रदेशमां हजार क्रोड [परमाणुओ] पण *माय;" केमके अवगाहनालक्षण आकाशास्तिकाय छे. आकाशास्तिकायवडे प्रवर्तन.

१७. [प्र०] हे भगवन् ! जीवास्तिकायवडे जीवोनुं शुं प्रवर्त्ते ? [उ०] हे गौतम ! जीवास्तिकायवडे जीव अनन्त आभिनिबोधिक—मतिज्ञानना पर्यायो, अने अनन्त श्रुतज्ञानना पर्यायोना—इत्यादि जेम †बीजा शतकना अस्तिकाय उद्देशकमां कह्युं छे तेम अहिं कहेवुं, यावत्—ते [ज्ञान अने दर्शनना] उपयोगने प्राप्त थाय छे, केमके उपयोगलक्षण जीव छे. जीवास्तिकायवडे प्रवर्तन.

१८. [प्र०] हे भगवन् ! पुद्गलास्तिकाय वडे शुं प्रवर्ते ? [उ०] हे गौतम ! पुद्गलास्तिकायवडे जीवोने औदारिक, वैक्रिय, आहारक, तैजस, कार्मण, श्रोत्रेन्द्रिय, चक्षुइन्द्रिय, घ्राणेन्द्रिय, रसनेन्द्रिय, स्पर्शनेन्द्रिय, मनोयोग, वचनयोग, काययोग अने श्वासोच्छ्वासनुं ग्रहण प्रवर्ते छे. केमके ग्रहणलक्षण पुद्गलास्तिकाय छे. पुद्गलास्तिकायवडे प्रवर्तन.

---

१६ * जेम एक ओरडानो आकाश एक दीवाना प्रकाशथी भराय, अने बीजो दीवो करीए तो तेनो प्रकाश पण त्यांज समाय, एम सो के सहस्र दीवानो प्रकाश पण त्यां ज समाय, पण बहार न नीकळे तेम पुद्गलनो परिणाम विचित्र होवाथी एक, बे, संख्याता, असंख्याता के अनन्त परमाणुथी पूर्ण एक आकाश प्रदेशमां एकथी मांडीने अनन्त परमाणुओ सुधी त्यां समाय.

१७ † भग० ख० १ श० २ उ० १० पृ० ३०९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९. [प्र०] एगे भंते! धम्मत्थिकायपदेसे केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! जहन्नपदे तिहिं, उक्कोसपदे छहिं। [प्र०] केवतिएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! जहन्नपए चउहिं, उक्कोसपए सत्तहिं। [प्र०] केवतिएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! सत्तहिं। [प्र०] केवतिएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! अणंतेहिं। [प्र०] केवतिएहिं पोग्गलत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! अणंतेहिं। [प्र०] केवतिएहिं अद्धासमएहिं पुट्ठे? [उ०] सिय पुट्ठे सिय नो पुट्ठे, जइ पुट्ठे नियमं अणंतेहिं।

२०. [प्र०] एगे भंते! अहम्मत्थिकायपएसे केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! जहन्नपए चउहिं, उक्कोसपए सत्तहिं। [प्र०] केवतिएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] जहन्नपए तिहिं, उक्कोसपए छहिं, सेसं जहा धम्मत्थिकायस्स।

२१. [प्र०] एगे भंते! आगासत्थिकायपएसे केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] गोयमा! सिय पुट्ठे सिय नो पुट्ठे, जइ पुट्ठे जहन्नपदे एक्केण वा दोहिं वा तीहिं वा चउहिं वा, उक्कोसपए सत्तहिं। एवं अहम्मत्थिकायप्पएसेहि वि।

८ अस्तिकायप्रदेश स्पर्शनाद्वार. धर्मास्तिकायनो एक प्रदेश धर्मास्तिकायादि द्रव्यना केटला प्रदेशो वडे स्पर्शाय?

१९. [प्र०] हे भगवन्! धर्मास्तिकायनो एक प्रदेश केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शायेलो होय? [उ०] हे गौतम! *जघन्यपदे त्रण प्रदेशोवडे, अने उत्कृष्टपदे छ प्रदेशोवडे स्पर्शायलो होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शायलो होय? [उ०] हे गौतम! जघन्यपदे †चार, अने उत्कृष्ट पदे सात अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शायलो होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्शायलो होय? [उ०] हे गौतम! आकाशास्तिकायना सात प्रदेशोवडे स्पर्शायलो होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्शायलो होय? [उ०] हे गौतम! ‡जीवास्तिकायना अनन्त प्रदेशोवडे स्पर्शायलो होय. [प्र०] केटला पुद्गलास्तिकायना प्रदेशोवडे स्पर्शायलो होय? [उ०] हे गौतम! पुद्गलास्तिकायना अनन्तप्रदेशोवडे स्पर्शायलो होय. [प्र०] केटला ¶अद्धा–काल–ना समयोवडे स्पर्शायलो होय? [उ०] कदाचित् कालना समयोवडे स्पर्शायलो होय अने कदाचित् स्पर्शायलो न होय. जो स्पर्श करायलो होय तो अवश्य अनन्तसमयोवडे स्पर्श करायेलो होय.

अधर्मास्तिकायनो एक प्रदेश.

२०. [प्र०] हे भगवन्! अधर्मास्तिकायनो एक प्रदेश केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शायेलो होय? [उ०] हे गौतम! जघन्यपदे $चार, अने उत्कृष्टपदे सात धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेलो होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेलो होय? [उ०] हे गौतम! जघन्यपदे त्रण अने उत्कृष्टपदे छ प्रदेशोवडे स्पर्श करायेलो होय. बाकी बधुं धर्मास्तिकायना प्रदेशनी पेठे कहेवुं.

आकाशास्तिकायनो एक प्रदेश.

२१. [प्र०] हे भगवन्! आकाशास्तिकायनो एक प्रदेश केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेलो होय? [उ०] हे गौतम! ‖कदाचित् [लोकने आश्रयी] स्पर्श करायेलो होय अने कदाचित् [अलोकने आश्रयी] स्पर्श करायेलो न होय. जो स्पर्श करायेलो होय

---

१९ * अहिं जघन्यपद लोकान्तना कोणने विषे होय छे, ते भूमिने नजीक ओरडाना कोणनी पेठे जाणवुं. [स्थापना]—  त्यां धर्मास्तिकायना एक प्रदेशने उपरना एक प्रदेश अने पासेना बे प्रदेशो–एम धर्मास्तिकायना त्रण प्रदेशोनी स्पर्शना होय छे. अने उत्कृष्टपदे चार दिशाना चार प्रदेशो अने ऊर्ध्व तथा अधोदिशाना एक एक प्रदेश मळीने छ प्रदेशनी स्पर्शना होय छे. स्थापना— 

† धर्मास्तिकायना एक प्रदेशने जघन्यपदे जेम धर्मास्तिकायना त्रण प्रदेशनी स्पर्शना कही छे, तेवी रीते अधर्मास्तिकायना त्रण प्रदेशनी स्पर्शना तथा धर्मास्तिकायना एक प्रदेशने स्थाने रहेला अधर्मास्तिकायना एक प्रदेशनी स्पर्शना-मळीने चार प्रदेशनी स्पर्शना होय छे. अने उत्कृष्टपदे छ दिशाना छ प्रदेशो अने धर्मास्तिकायना प्रदेशने स्थाने रहेला एक अधर्मास्तिकायनी प्रदेशनी एम सात प्रदेशनी स्पर्शना होय छे. लोकान्ते पण अलोकाकाश होवाथी पूर्वोक्त सात आकाशास्तिकायना प्रदेशनी स्पर्शना होय छे.

‡ एक धर्मास्तिकायना प्रदेशने विषे अने तेनी पासे अनन्तजीवना अनन्त प्रदेशो विद्यमान होवाथी ते जीवना अनन्त प्रदेशो वडे स्पर्शायेल होय. ए प्रमाणे पुद्गलास्तिकायना अनन्त प्रदेशोवडे पण स्पर्शायलो होय.

¶ अद्धासमय मात्र समयक्षेत्र–अढी द्वीपमां होय छे, तेनी बाहेर नथी, केमके समयादिक काल सूर्यनी गतिद्वारा निष्पन्न थाय छे, तेथी कदाचित् धर्मास्तिकायनो एक प्रदेश स्पर्शायेल होय अने कदाचित् न होय. जो स्पर्शायेल होय तो अनन्त अद्धासमयो वडे स्पर्शायेल होय, केमके ते अनादि होवाथी तेने अनन्त समयनी स्पर्शना होय छे. अथवा वर्तमानसमयविशिष्ट अनन्त द्रव्यो ते अनन्त समय कहेवाय छे, माटे अनन्त समयोवडे स्पृष्ट कहेवाय छे.

२० $ अधर्मास्तिकायना एक प्रदेशनी बाकीना द्रव्योना प्रदेशोनी साथे स्पर्शना धर्मास्तिकायप्रदेशनी स्पर्शनाने अनुसारे जाणवी.

२१ ‖ आकाशास्तिकायनो एक प्रदेश लोकने आश्रयी धर्मास्तिकायना प्रदेश वडे स्पृष्ट होय छे, अने अलोकने आश्रयी स्पृष्ट होतो नथी. जो स्पृष्ट होय तो जघन्य पदे १ लोकान्तमां वर्तमान धर्मास्तिकायना एक प्रदेश वडे अलोकाकाशना अग्रभागमां वर्ततो एक आकाश प्रदेश स्पृष्ट होय, २ वक्रगत आकाशप्रदेश धर्मास्तिकायना बे प्रदेश वडे स्पृष्ट होय, ३ जे अलोकाकाशना प्रदेशनी आगळ, नीचे अने उपर धर्मास्तिकायना प्रदेशो छे ते धर्मास्तिकायना त्रण प्रदेशो वडे स्पृष्ट होय. ४ लोकान्तने विषे खुणामां रहेलो आकाशप्रदेश ते तदाश्रित प्रदेश, उपरना के नीचेना अने बे दिशामां रहेला बे प्रदेश–ए रीते चार धर्मास्तिकायना प्रदेशो वडे स्पृष्ट होय. ५ जे आकाशनो प्रदेश उपरना, नीचेना, बे दिशाना अने त्यांज रहेलां धर्मास्तिकायना प्रदेशथी स्पृष्ट होय ते पांच प्रदेशो वडे स्पर्शाय. ६ जे उपर, नीचे, त्रण दिशा अने त्यांज रहेला धर्मास्तिकायना प्रदेशो वडे स्पर्शाय ते छ प्रदेशो वडे स्पृष्ट होय. ७ अने जे उपर, नीचे, चार दिशामां अने त्यां रहेला प्रदेशो वडे स्पर्शाय ते धर्मास्तिकायना सात प्रदेशो वडे स्पृष्ट होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशो वडे स्पर्शना जाणवी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[प्र०] केवतिएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ? [उ०] छहिं। [प्र०] केवतिएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ? [उ०] सिय पुट्ठे सिय नो पुट्ठे, जइ पुट्ठे नियमं अणंतेहिं। एवं पोग्गलत्थिकायपएसेहि वि, अद्धासमएहि वि।

२२. [प्र०] एगे भंते ! जीवत्थिकायपएसे केवतिएहिं धम्मत्थिकाय–पुच्छा। [उ०] जहन्नपदे चउहिं, उक्कोसपए सत्तहिं। एवं अहम्मत्थिकायपएसेहि वि। [प्र०] केवतिएहिं आगासत्थिकाय–पुच्छा। [उ०] सत्तहिं। [प्र०] केवतिएहिं जीवत्थि० ? [उ०] सेसं जहा धम्मत्थिकायस्स।

२३. [प्र०] एगे भंते ! पोग्गलत्थिकायपएसे केवतिएहिं धम्मत्थिकायपएसेहिं० ? [उ०] एवं जहेव जीवत्थिकायस्स।

२४. [प्र०] दो भंते ! पोग्गलत्थिकायप्पएसा केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ? [उ०] गोयमा ! जहन्नपए छहिं, उक्कोसपए बारसहिं। एवं अहम्मत्थिकायपएसेहि वि। [प्र०] केवतिएहिं आगासत्थिकाय० ? [उ०] बारसहिं, सेसं जहा धम्मत्थिकायस्स।

२५. [प्र०] तिन्नि भंते ! पोग्गलत्थिकायपएसा केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ? [उ०] जहन्नपए अट्ठहिं, उक्कोसपए सत्तरसहिं। एवं अहम्मत्थिकायपएसेहि वि। [प्र०] केवतिएहिं आगासत्थि० ? [उ०] सत्तरसहिं, सेसं जहा धम्म-

तो जघन्यपदे एक, बे, त्रण के चार धर्मास्तिकायना प्रदेशवडे स्पर्श करायेलो होय, अने उत्कृष्टपदे सात प्रदेशोवडे स्पर्श करायेलो होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशोनी साथे पण स्पर्श जाणवो. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] हे गौतम ! छ प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] कदाचित् स्पर्श करायेलो होय अने कदाचित् स्पर्श न करायेलो पण होय. जो स्पर्श करायेलो होय तो अवश्य अनन्त प्रदेशोवडे स्पर्श करायेलो होय. ए प्रमाणे पुद्गलास्तिकायना प्रदेशोवडे अने अद्धा–कालना समयोवडे पण स्पर्शना जाणवी.

२२. [प्र०] हे भगवन् ! जीवास्तिकायनो एक प्रदेश केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेलो होय–ए प्रश्न. [उ०] जघन्यपदे चार अने उत्कृष्टपदे सात प्रदेशोवडे स्पर्श करायेलो होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशोवडे पण स्पर्श करायेल होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] सात प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं. जीवास्तिकायनो एक प्रदेश.

२३. [प्र०] हे भगवन् ! पुद्गलास्तिकायनो एक प्रदेश केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] जेम जीवास्तिकायना एक प्रदेश संबन्धे कह्युं तेम अहिं जाणवुं. पुद्गलास्तिकायनो एक प्रदेश.

२४. [प्र०] हे भगवन् ! पुद्गलास्तिकायना बे प्रदेशो केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेला होय ? [उ०] हे गौतम ! जघन्यपदे *छ प्रदेशोवडे, अने उत्कृष्टपदे बार प्रदेशोवडे स्पर्श करायेला होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशोवडे पण स्पर्शना जाणवी. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेला होय ? [उ०] बार प्रदेशोवडे स्पर्श करायेला होय. बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं. पुद्गलास्तिकायना बे प्रदेशो.

२५. [प्र०] हे भगवन् ! त्रण पुद्गलास्तिकायना प्रदेशो केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेला होय ? [उ०] जघन्यपदे †आठ, अने उत्कृष्टपदे सत्तर प्रदेशोवडे स्पर्श करायेला होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशोवडे पण स्पर्श करायेला होय. [प्र०] केटला पुद्गलास्तिकायना त्रण प्रदेशो.

२४ * अहिं चूर्णिकारनुं आवा प्रकारनुं व्याख्यान छे—"लोकान्ते द्विप्रदेशिक स्कन्ध एक प्रदेशने अवगाहीने रहेलो छे, तो पण ते प्रदेशने 'प्रतिद्रव्यनी अवगाहना होय छे' ए नयमतनी विवक्षाथी अवगाह प्रदेश एक छतां पण भिन्न मानवाथी ते बे प्रदेशो वडे स्पर्शायेलो छे, तथा जे तेनी उपरनो के नीचेनो प्रदेश छे ते पण नयना मतथी बे प्रदेशथी स्पर्शायेलो छे, अने पासेना बे अणुओ एक एक प्रदेशनो स्पर्श करे छे–आ प्रमाणे धर्मास्तिकायना छ प्रदेशो वडे द्व्यणुक स्कन्धनो स्पर्श थाय छे. नयना मतनो आश्रय न करीए तो द्व्यणुक स्कन्धने चार प्रदेशनी जघन्य स्पर्शना होय छे." वृत्तिकार आ प्रमाणे कहे छे– "अहिं जे बे बिंदुओ छे ते बे परमाणुओ जाणवा, तेमां आ तरफनो परमाणु आ तरफना धर्मास्तिकायना प्रदेश वडे स्पर्श करायेल होय, अने पेली तरफनो परमाणु पेली तरफना धर्मास्तिकायप्रदेश वडे स्पृष्ट होय–ए प्रमाणे बे प्रदेशो, तथा जे बे प्रदेशोमां बे परमाणुओ स्थापित करेला छे तेनी आगळना बे प्रदेशोवडे स्पर्श करायेला होय–ए प्रमाणे चार थया, अने बे अवगाढ प्रदेशनी स्पर्शना होय–एम छ प्रदेशनी स्पर्शना होय. उत्कृष्ट बार प्रदेशनी स्पर्शना होय छे, ते आ प्रमाणे— द्विपदेशावगाढ होवाथी बे प्रदेश, बे उपरना अने बे नीचेना, पासेना बब्बे, अने उत्तर दक्षिणनो एक एक मळीने बार प्रदेशनी स्पर्शना होय छे.





२५ † पुद्गलास्तिकायना त्रण प्रदेशने एक प्रदेशावगाढ छतां पूर्वोक्त नयना मतथी अवगाढ त्रण प्रदेश, नीचेना के उपरना त्रण प्रदेश अने पासेना बे प्रदेश–ए प्रमाणे धर्मास्तिकायना आठ प्रदेशनी स्पर्शना होय छे. अहिं बधा जघन्य पदे विवक्षित परमाणुथी बमणा करी अने बे अधिक करीए एटला प्रदेशोनी स्पर्शना होय छे. अने उत्कृष्टपदे विवक्षित परमाणुथी पांचगुणा करी बे अधिक करीए एटला प्रदेशनी स्पर्शना होय छे. तेमां एक परमाणुने बमणा करीए अने बे सहित करीए एटले जघन्यपदे चार प्रदेशनी स्पर्शना होय, अने उत्कृष्टपदे एक परमाणुने पांच गुणा करीए अने बे सहित करीए एटले सात प्रदेशनी स्पर्शना होय छे. ए प्रमाणे द्व्यणुक–त्र्यणुकादिने विषे जाणवुं—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्थिकायस्स । एवं एएणं गमेणं भाणियव्वं जाव-दस, नवरं जहन्नपदे दोन्नि पक्खिवियव्वा, उक्कोसपए पंच । चत्तारि पोग्गलत्थिकायस्स० जहन्नपए दसहिं, उक्कोसपए बावीसाए। पंच पुग्गल०, जहन्नपए बारसहिं, उक्कोसपए सत्तावीसाए। छ पोग्गल० जहन्नपए चोद्दसहिं, उक्कोसपए बत्तीसाए । सत्त पोग्गल० जहन्नेणं सोलसहिं, उक्कोसपए सत्ततीसाए । अट्ठ पोग्गल० जहन्नपए अट्ठारसहिं, उक्कोसेणं बायालीसाए । नव पोग्गल० जहन्नपए वीसाए, उक्कोसपदे सीयालीसाए । दस पोग्गल० जहन्नपए बावीसाए, उक्कोसपए बावन्नाए । आगासत्थिकायस्स सव्वत्थ उक्कोसगं भाणियव्वं ।

२६. [प्र०] संखेज्जा भंते ! पोग्गलत्थिकायपएसा केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ? [उ०] जहन्नपदे तेणेव संखेज्जएणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं। [प्र०] केवतिएहिं अधम्मत्थिकाय पएसेहिं ? [उ०] एवं चेव । [प्र०] केवतिएहिं आगासत्थिकाय० ? [उ०] तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं । [प्र०] केवइएहिं जीवत्थिकाय० ? [उ०] अणंतेहिं । [प्र०] केवइएहिं पोग्गलत्थिकाय० ? [उ०] अणंतेहिं । [प्र०] केवइएहिं अद्धासमएहिं ? [उ०] सिय पुट्ठे, सिय नो पुट्ठे, जाव-अणंतेहिं ।

२७. [प्र०] असंखेज्जा भंते ! पोग्गलत्थिकायप्पएसा केवतिएहिं धम्मत्थिकायपदेसेहिं० ? [उ०] जहन्नपए तेणेव असंखेज्जएणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपदे तेणेव असंखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं, सेसं जहा संखेज्जाणं जाव-नियमं अणंतेहिं।

२८. [प्र०] अणंता भंते ! पोग्गलत्थिकायपएसा केवतिएहिं धम्मत्थिकाय० ? [उ०] एवं जहा असंखेज्जा तहा अणंता वि निरवसेसं ।

आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेला होय ? [उ०] सत्तर प्रदेशोवडे स्पर्श करायेला होय. बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं. ए प्रमाणे आ पाठ वडे यावत्-दश प्रदेशो सुधी कहेवुं. परन्तु एटलो विशेष छे के जघन्यपदे बेनो अने उत्कृष्टपदे पांचनो प्रक्षेप करवो. चार पुद्गलास्तिकायना प्रदेशो जघन्यपदे दश अने उत्कृष्टपदे बावीश प्रदेशोवडे स्पर्श करायेला होय. पुद्गलास्तिकायना पांच प्रदेशो जघन्यपदे बार अने उत्कृष्टपदे सत्तावीश प्रदेशोवडे स्पर्श करायेला होय. पुद्गलास्तिकायना छ प्रदेशो जघन्यपदे चौद अने उत्कृष्टपदे बत्रीश प्रदेशोवडे स्पर्श करायेला होय. पुद्गलास्तिकायना सात प्रदेशो जघन्यपदे सोळ अने उत्कृष्टपदे साडत्रीश प्रदेशोवडे स्पर्श करायेला होय. पुद्गलास्तिकायना आठ प्रदेशो जघन्यपदे अढार अने उत्कृष्टपदे बेंतालीश प्रदेशोवडे स्पर्शायेला होय. पुद्गलास्तिकायना नव प्रदेशो जघन्यपदे वीश अने उत्कृष्टपदे सुडतालीश प्रदेशोवडे स्पर्शायेला होय. पुद्गलास्तिकायना दश प्रदेशो जघन्यपदे बावीश अने उत्कृष्टपदे बावन प्रदेशोवडे स्पर्शायेला होय. आकाशास्तिकायनुं सर्वत्र *उत्कृष्टपद कहेवुं.

पुद्गलास्तिकायना संख्याता प्रदेशो.

२६. [प्र०] हे भगवन् ! †संख्याता पुद्गलास्तिकायना प्रदेशो केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शायेला होय ? [उ०] जघन्यपदे तेज संख्याता प्रदेशने बमणा करी बे रूप अधिक करीए, अने उत्कृष्टपदे तेज संख्याता प्रदेशने पांच गुणा करी बे रूप अधिक करीए. [तेटला प्रदेशोवडे स्पर्शायेला होय.] [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्शाय ? [उ०] ए प्रमाणे [ धर्मास्तिकायनी पेठे ] जाणवुं. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्शायेला होय ? [उ०] तेज संख्याताने पांचगुणा करी बे रूप अधिक करीए [ तेटला प्रदेशोवडे स्पर्श करायेल होय.] [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] अनन्त प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला पुद्गलास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय ? [उ०] अनन्त प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला अद्धासमयोवडे स्पर्श करायेल होय ? [उ०] कदाच स्पर्श करायेल होय, अने कदाच स्पर्श न करायेल होय, यावत्-अनन्त समयोवडे स्पर्श करायेल होय.

पुद्गलास्तिकायना असंख्य प्रदेशो.

२७. [प्र०] हे भगवन् ! पुद्गलास्तिकायना असंख्याता प्रदेशो केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श कराय ? [उ०] जघन्यपदे तेज असंख्याताने बमणा करीए अने बे रूप अधिक करीए तेटला प्रदेशोवडे स्पर्श कराय, अने उत्कृष्टपदे तेज असंख्याताने पांच गुणा करीए, अने बे रूप अधिक करीए एटला प्रदेशोवडे स्पर्श कराय. बाकी बधुं जेम संख्यातासंबन्धे कह्युं तेम अहिं जाणवुं, यावत्-'अवश्य अनन्त समयोवडे स्पर्श कराय' त्यां सुधी जाणवुं.

पुद्गलास्तिकायना अनन्त प्रदेशो.

२८. [प्र०] हे भगवन् ! पुद्गलास्तिकायना अनन्त प्रदेशो केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श कराय ? [उ०] ए प्रमाणे जेम असंख्याता प्रदेश संबन्धे कह्युं तेम अनन्ता प्रदेश संबन्धे पण समग्र ‡जाणवुं.

---

२५ * आकाशास्तिकायनुं उत्कृष्टपद छे, पण जघन्यपद नथी, कारण के आकाश सर्व स्थळे विद्यमान छे.—टीका.

२६ † दशथी उपरांत संख्यानी गणना संख्यातामां ज थाय छे. जेमके वीश प्रदेशनो एक स्कन्ध लोकान्तना एक प्रदेशने विषे रहेलो छे, अने ते अमुक नयना अभिप्रायथी वीश अवगाढ प्रदेशोवडे, अने तेज नयना मतथी उपरना के नीचेना वीश प्रदेशो वडे तथा पासेना बे प्रदेशो वडे—ए प्रमाणे जघन्यपदे बेंतालीश प्रदेशोवडे स्पर्शाय. उत्कृष्टपदे निरुपचरित ( वास्तविक) वीश अवगाढ प्रदेशोवडे, वीश नीचेना अने वीश उपरना प्रदेशोवडे अने पूर्व अने पश्चिम, ए बन्ने दिशाए वीश वीश प्रदेशोवडे, तथा उत्तर अने दक्षिण बाजु एक एक प्रदेशवडे-सर्व मळी एकसो बे प्रदेशोवडे स्पर्शाय.-टीका.

२८ ‡ अहिं एटली विशेषता छे के जेम जघन्यपदने विषे उपरना के नीचेना अवगाढ प्रदेशो औपचारिक छे, तेम उत्कृष्ट पदने विषे पण जाणवुं, केमके अवगाहथी निरुपचरित अनन्त आकाश प्रदेशो होता नथी, पण असंख्याता होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२९. [प्र०] एगे भंते! अद्धासमए केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे? [उ०] सत्तहिं। [प्र०] केवतिएहिं अहम्मत्थि०? [उ०] एवं चेव, एवं आगासत्थिकाएहि वि। [प्र०] केवतिएहिं जीवत्थिकाय०? [उ०] अणंतेहिं, एवं जाव–अद्धासमएहिं।

३०. [प्र०] धम्मत्थिकाए णं भंते! केवतिएहिं धम्मत्थिकायप्पएसेहिं पुट्ठे? [उ०] नत्थि एक्केण वि। [प्र०] केवतिएहिं अधम्मत्थिकायप्पएसेहिं? [उ०] असंखेज्जेहिं। [प्र०] केवतिएहिं आगासत्थिकायपदेसेहिं०? [उ०] असंखेज्जेहिं। [प्र०] केवतिएहिं जीवत्थिकायपएसेहिं०? [उ०] अणंतेहिं। [प्र०] केवतिएहिं पोग्गलत्थिकायपएसेहिं०? [उ०] अणंतेहिं। [प्र०] केवतिएहिं अद्धासमएहिं? [उ०] सिय पुट्ठे, सिय नो पुट्ठे, जइ पुट्ठे नियमा अणंतेहिं।

३१. [प्र०] अहम्मत्थिकाए णं भंते! केवइएणं धम्मत्थिकाय०? [उ०] असंखेज्जेहिं। [प्र०] केवतिएहिं अहम्मत्थि०? [उ०] णत्थि एक्केण वि, सेसं जहा धम्मत्थिकायस्स। एवं एएणं गमएणं सव्वे वि सट्ठाणए नत्थि एक्केण वि पुट्ठा। परट्ठाणए आदिल्लएहिं तिहिं असंखेज्जेहिं भाणियव्वं, पच्छिल्लएसु 'अणंता' भाणियव्वा, जाव-अद्धासमयो त्ति, जाव–[प्र०] केवतिएहिं अद्धासमएहिं पुट्ठे? [उ०] नत्थि एक्केण वि।

३२. [प्र०] जत्थ णं भंते! एगे धम्मत्थिकायपएसे ओगाढे, तत्थ केवतिया धम्मत्थिकायप्पएसा ओगाढा? [उ०] नत्थि एक्को वि। [प्र०] केवतिया अहम्मत्थिकायप्पएसा ओगाढा? [उ०] एक्को। [प्र०] केवतिया आगासत्थिकायपदेसा०?

२९. [प्र०] हे भगवन्! अद्धा-कालनो एक समय केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] *अद्धासमय सात प्रदेशोवडे स्पर्श करायेलो होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] उपर प्रमाणे जाणवुं. ए प्रमाणे आकाशास्तिकायना प्रदेशोवडे पण स्पर्शना जाणवी. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] अनन्त प्रदेशोवडे स्पर्श करायेल होय. ए प्रमाणे †यावत्–[अनन्त] अद्धासमयोवडे स्पर्शना जाणवी. — कालनो एक समय.

३०. [प्र०] हे भगवन्! धर्मास्तिकायद्रव्य केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] एक पण प्रदेशवडे स्पर्श करायेल न होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] असंख्याता प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] असंख्यात प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] अनन्ता प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला पुद्गलास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] अनन्त प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला अद्धासमयोवडे स्पर्श करायेल होय? [उ०] कदाच स्पर्श करायेल होय अने कदाच स्पर्श करायेल न होय. जो स्पर्श करायेल होय तो अवश्य अनन्त समयोवडे स्पर्श करायेल होय. — धर्मास्तिकायद्रव्य.

३१. [प्र०] हे भगवन्! अधर्मास्तिकाय केटला धर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] असंख्याता प्रदेशोवडे स्पर्श करायेल होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशोवडे स्पर्श करायेल होय? [उ०] एक पण प्रदेशवडे स्पर्श करायेल न होय. बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं. ए प्रमाणे ए पाठ वडे सर्वे पण ‡स्वस्थानके एक पण प्रदेशवडे स्पर्श करायेल नथी, परस्थानके–आदिना त्रण स्थानके–धर्मास्तिकाय, अधर्मास्तिकाय अने आकाशास्तिकाय ए त्रण स्थळे असंख्याता प्रदेशो वडे स्पर्श करायेल होय एम कहेवुं. अने पछीना त्रण स्थळे 'अनन्त प्रदेशोवडे स्पर्श करायेल होय'–एम यावत्–अद्धा समय सुधी कहेवुं. यावत्–[प्र०] केटला अद्धा समयोवडे स्पर्श करायेल होय? [उ०] एक पण समयवडे स्पर्श करायेल न होय. — अधर्मास्तिकाय.

३२. [प्र०] हे भगवन्! ज्यां धर्मास्तिकायनो एक प्रदेश अवगाढ–रहेलो होय त्यां बीजा केटला धर्मास्तिकायना प्रदेशो अवगाढ होय — १ अवगाढद्वार.

---

२९ * अहिं वर्तमानसमयविशिष्ट समयक्षेत्रमां रहेलो परमाणु अद्धासमय तरीके जाणवो, अन्यथा अद्धासमयने धर्मास्तिकायना सात प्रदेश साथे स्पर्शना न होय. अहिं जघन्यपद नथी, केमके अद्धासमय मनुष्यक्षेत्रना मध्यवर्ती छे. जघन्यपदनो तो लोकान्तने विषे संभव छे, अने लोकान्तने विषे काल नथी. अद्धासमयविशिष्ट परमाणुद्रव्य एक धर्मास्तिकायना प्रदेशने विषे अवगाढ छे, अने बीजा तेनी छ दिशाए धर्मास्तिकायना छ प्रदेशो रहेला छे–ए प्रमाणे तेने सात प्रदेशोनी स्पर्शना होय छे.

† अहिं यावत्शब्दथी एक अद्धासमय अनन्त पुद्गलास्तिकायप्रदेशोवडे अने अनन्त अद्धासमयोवडे स्पर्श करायेल होय, ते आ प्रमाणे—अद्धासमयविशिष्ट अणुद्रव्य अद्धासमय कहेवाय छे, ते एक अद्धासमय पुद्गलास्तिकायना अनन्त प्रदेशोवडे अने अनन्त अद्धासमय—अद्धासमयविशिष्ट अनन्त परमाणुओवडे स्पर्श कराय छे.

३१ ‡ ज्यां केवल धर्मास्तिकायादि द्रव्यनो तेना प्रदेशोनी साथे स्पर्शनानो विचार थाय ते स्वस्थानक कहेवाय, बीजा द्रव्यना प्रदेशोनी साथे स्पर्शनानो विचार थाय ते परस्थानक कहेवाय. तेमां स्वस्थानके एक पण प्रदेशवडे स्पृष्ट नथी, अने परस्थानके धर्मास्तिकायादि त्रण सूत्रने विषे असंख्य प्रदेशोवडे स्पृष्ट होय छे, केमके धर्मास्तिकाय, अधर्मास्तिकाय अने तत्संबद्ध आकाशना असंख्य प्रदेशो छे. जीवादि त्रण सूत्रने विषे अनन्त प्रदेशो वडे स्पृष्ट होय छे. केमके तेओना अनन्त प्रदेशो छे. यावत् एक अद्धासमय केटला अद्धासमयो वडे स्पर्श करायेल होय? एक पण अद्धासमय वडे स्पर्श करायेल नथी, कारण के निरुपचरित अद्धासमय एक ज होवाथी तेनी समयान्तरनी साथे स्पर्शना नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[उ०] एक्को। [प्र०] केवतिया जीवत्थिकायपदेसा? [उ०] अणंता। [प्र०] केवतिया पोग्गलत्थिकायपदेसा०? [उ०] अणंता। [प्र०] केवतिया अद्धासमया? [उ०] सिय ओगाढा सिय नो ओगाढा, जइ ओगाढा अणंता।

३३. [प्र०] जत्थ णं भंते! एगे अहम्मत्थिकायपएसे ओगाढे तत्थ केवतिया धम्मत्थिकायपदेसा ओगाढा? [उ०] एक्को। [प्र०] केवतिया अहम्मत्थि०? [उ०] नत्थि एक्को वि। सेसं जहा धम्मत्थिकायस्स।

३४. [प्र०] जत्थ णं भंते! एगे आगासत्थिकायपएसे ओगाढे तत्थ केवतिया धम्मत्थिकायपदेसा ओगाढा? [उ०] सिय ओगाढा सिय नो ओगाढा, जइ ओगाढा एक्को, एवं अहम्मत्थिकायपएसा वि। [प्र०] केवइया आगासत्थिकाय०? [उ०] नत्थि एक्को वि। [प्र०] केवतिया जीवत्थि०? [उ०] सिय ओगाढा सिय नो ओगाढा, जइ ओगाढा अणंता, एवं जाव-अद्धासमया।

३५. [प्र०] जत्थ णं भंते! एगे जीवत्थिकायपएसे ओगाढे तत्थ केवतिया धम्मत्थि०? [उ०] एक्को, एवं अहम्मत्थिकायपदेसा वि। एवं आगासत्थिकायपएसा वि। [प्र०] केवतिया जीवत्थि०? [उ०] अणंता, सेसं जहा धम्मत्थिकायस्स।

३६. [प्र०] जत्थ णं भंते! एगे पोग्गलत्थिकायपएसे ओगाढे तत्थ केवतिया धम्मत्थिकाय०? [उ०] एवं जहा जीवत्थिकायपएसे तहेव निरवसेसं।

३७. [प्र०] जत्थ णं भंते! दो पोग्गलत्थिकायपदेसा ओगाढा तत्थ केवतिया धम्मत्थिकाय०? [उ०] सिय एक्को सिय दोन्नि, एवं अहम्मत्थिकायस्स वि, एवं आगासत्थिकायस्स वि, सेसं जहा धम्मत्थिकायस्स।

३८. [प्र०] जत्थ णं भंते! तिन्नि पोग्गलत्थिकायपदेसा तत्थ केवइया धम्मत्थिकाय०? [उ०] सिय एक्को, सिय

ज्यां धर्मास्तिकायनो एक प्रदेश अवगाढ होय त्यां बीजा धर्मास्तिकायादिना केटला प्रदेश अवगाढ होय?

छे? [उ०] एक पण प्रदेश अवगाढ नथी. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशो अवगाढ-रहेला होय? [उ०] एक अधर्मास्तिकायनो प्रदेश रहेलो होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेश अवगाढ होय? [उ०] एक प्रदेश अवगाढ होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] अनन्त प्रदेशो अवगाढ होय. [प्र०] केटला पुद्गलास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] अनन्ता प्रदेशो अवगाढ होय. [प्र०] केटला अद्धासमयो अवगाढ होय? [उ०] अद्धासमयो कदाच अवगाढ होय अने कदाच अवगाढ न होय; जो अवगाढ होय तो अनन्त अद्धासमयो अवगाढ होय.

अधर्मास्तिकायनो एक प्रदेश.

३३. [प्र०] हे भगवन्! ज्यां अधर्मास्तिकायनो एक प्रदेश अवगाढ-रहेलो होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] त्यां धर्मास्तिकायनो एक प्रदेश अवगाढ होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] एक पण नथी. बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं.

आकाशास्तिकायनो एक प्रदेश.

३४. [प्र०] हे भगवन्! ज्यां आकाशास्तिकायनो एक प्रदेश अवगाढ होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] त्यां धर्मास्तिकायना प्रदेशो कदाच अवगाढ-रहेला होय, अने कदाच न अवगाढ होय. जो अवगाढ होय तो एक प्रदेश अवगाढ होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशो पण जाणवा. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] एक पण न होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] कदाच अवगाढ होय अने कदाच न अवगाढ होय. जो अवगाढ होय तो अनन्त प्रदेशो अवगाढ होय. ए प्रमाणे यावत्-अद्धासमय सुधी जाणवुं.

जीवास्तिकायनो एक प्रदेश.

३५. [प्र०] हे भगवन्! ज्यां जीवास्तिकायनो एक प्रदेश अवगाढ होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] त्यां एक प्रदेश अवगाढ होय. ए प्रमाणे अधर्मास्तिकायना प्रदेशो पण जाणवा. आकाशास्तिकायना प्रदेशो पण ए रीते जाणवा. [प्र०] जीवास्तिकायना केटला प्रदेशो अवगाढ होय? [उ०] अनन्ता प्रदेशो अवगाढ होय. बाकी बधुं धर्मास्तिकायनी पेठे जाणवुं.

पुद्गलास्तिकायनो एक प्रदेश.

३६. [प्र०] हे भगवन्! ज्यां पुद्गलास्तिकायनो एक प्रदेश अवगाढ होय त्यां धर्मास्तिकायना केटला प्रदेशो अवगाढ होय? [उ०] ए प्रमाणे जेम जीवास्तिकायना प्रदेश संबन्धे कह्युं तेम बधुं कहेवुं.

पुद्गलास्तिकायना बे प्रदेशो.

३७. [प्र०] हे भगवन्! ज्यां पुद्गलास्तिकायना बे प्रदेशो अवगाढ होय त्यां धर्मास्तिकायना केटला प्रदेशो अवगाढ-रहेला होय? [उ०] कदाच एक प्रदेश अवगाढ होय, अने कदाच बे प्रदेशो अवगाढ होय. ए प्रमाणे अधर्मास्तिकाय संबन्धे पण जाणवुं. ए प्रमाणे आकाशास्तिकाय संबंधे पण जाणवुं. बाकी बधुं [जीवास्तिकाय, पुद्गलास्तिकाय अने अद्धासमय संबन्धे] जेम धर्मास्तिकायना प्रदेशनी वक्तव्यतामां कह्युं छे तेम पुद्गलास्तिकायना बे प्रदेशनी वक्तव्यताने विषे पण कहेवुं. [अर्थात् तेओना अनन्त प्रदेशो अवगाढ होय छे.]

पुद्गलास्तिकायना त्रण प्रदेशो.

३८. [प्र०] हे भगवन्! ज्यां पुद्गलास्तिकायना त्रण प्रदेशो अवगाढ-रहेला छे त्यां केटला धर्मास्तिकायना प्रदेशो अवगाढ होय? [उ०] कदाच एक, कदाच बे अने कदाच त्रण प्रदेशो अवगाढ होय. [कारणके ज्यारे पुद्गलास्तिकायना त्रण प्रदेशो एक आकाशास्ति-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोन्नि, सिय तिन्नि, एवं अहम्मत्थिकायस्स वि, एवं आगासत्थिकायस्स वि, सेसं जहेव दोण्हं, एवं एक्केक्को वड्ढियव्वो पएसो आइल्लएहिं तिहिं अत्थिकाएहिं, सेसेहिं जहेव दोण्हं जाव–दसण्हं सिय एक्को, सिय दोन्नि, सिय तिन्नि, जाव–सिय दस। संखेज्जाणं सिय एक्को, सिय दोन्नि, जाव–सिय दस, सिय संखेज्जा। असंखेज्जाणं सिय एक्को, जाव–सिय संखेज्जा, सिय असंखेज्जा। जहा असंखेज्जा एवं अणंता वि।

३९. [प्र०] जत्थ णं भंते! एगे अद्धासमए ओगाढे तत्थ केवतिया धम्मत्थि०? [उ०] एक्को। [प्र०] केवतिया अहम्मत्थि०? [उ०] एक्को। [प्र०] केवतिया आगासत्थि०? [उ०] एक्को। [प्र०] केवइया जीवत्थि०? [उ०] अणंता, एवं जाव–अद्धासमया।

४०. [प्र०] जत्थ णं भंते! धम्मत्थिकाए ओगाढे तत्थ केवतिया धम्मत्थिकायपदेसा ओगाढा? [उ०] नत्थि एक्को वि। [प्र०] केवतिया अहम्मत्थिकाय०? [उ०] असंखेज्जा। [प्र०] केवतिया आगासत्थि०? [उ०] असंखेज्जा। [प्र०] केवतिया जीवत्थिकाय०? [उ०] अणंता। एवं जाव–अद्धासमया।

४१. [प्र०] जत्थ णं भंते! अहम्मत्थिकाए ओगाढे तत्थ केवतिया धम्मत्थिकाय०? [उ०] असंखेज्जा। [प्र०] केवतिया अहम्मत्थि०? [उ०] नत्थि एक्को वि। सेसं जहा धम्मत्थिकायस्स, एवं सव्वे, सट्ठाणे नत्थि एक्को वि भाणियव्वं, परट्ठाणे आदिल्लगा तिन्नि असंखेज्जा भाणियव्वा, पच्छिल्लगा तिन्नि अणंता भाणियव्वा जाव–अद्धासमओ त्ति। जाव–[प्र०] केवतिया अद्धासमया ओगाढा? [उ०] नत्थि एक्को वि।

कायना प्रदेशने अवगाहीने रहे त्यारे तेने विषे एक धर्मास्तिकायनो प्रदेश अवगाहीने रहे, ज्यारे बे आकाशास्तिकायना प्रदेशने अवगाहीने रहे त्यारे त्यां बे धर्मास्तिकायना प्रदेशो रहे, अने ज्यारे त्रण आकाशास्तिकायना प्रदेशोने अवगाहीने रहे त्यारे त्यां त्रण धर्मास्तिकायना प्रदेशो रहे.] ए प्रमाणे अधर्मास्तिकाय अने आकाशास्तिकायना संबन्धे कहेवुं. बाकी जीवास्तिकाय, पुद्गलास्तिकाय अने अद्धासमयने आश्रयी जेम बे पुद्गलप्रदेशसंबन्धे कह्युं तेम त्रण पुद्गलप्रदेश संबन्धे पण कहेवुं. [अर्थात्–त्रण पुद्गल प्रदेशने स्थाने अनन्त जीवप्रदेशो, अनन्त पुद्गलपरमाणुओ अने अनन्त अद्धासमय अवगाढ होय.] ए प्रमाणे आदिना त्रण अस्तिकायने विषे एक एक प्रदेश वधारवो, बाकीनाने विषे जेम बे पुद्गलास्तिकायना प्रदेशसंबन्धे कह्युं तेम यावत्–दश प्रदेश संबन्धे पण कहेवुं. एटले ज्यां पुद्गलास्तिकायना दश प्रदेशो अवगाढ होय त्यां धर्मास्तिकायनो कदाचित् एक प्रदेश, कदाचित् बे प्रदेश, कदाचित् त्रण प्रदेश, यावत्–कदाचित् दश प्रदेशो अवगाढ होय. ज्यां संख्याता पुद्गलास्तिकायना प्रदेशो अवगाढ होय त्यां धर्मास्तिकायनो कदाचित् एक प्रदेश, कदाचित् बे प्रदेश, यावत्–कदाचित् दश प्रदेशो, यावत्–संख्याता प्रदेशो अवगाढ होय. असंख्याता पुद्गलास्तिकायना प्रदेशो ज्यां अवगाढ–रहेला होय त्यां धर्मास्तिकायनो एक प्रदेश, यावत्–कदाचित् संख्याता प्रदेशो, अने कदाचित् असंख्याता प्रदेशो अवगाढ होय. जेम असंख्याता पुद्गलास्तिकायना प्रदेशो माटे कह्युं तेम अनन्त प्रदेशो माटे पण जाणवुं. [अर्थात् ज्यां पुद्गलास्तिकायना अनन्त प्रदेशो अवगाढ होय त्यां धर्मास्तिकायना कदाचित् एक, यावत्–संख्याता अने यावत्–असंख्याता प्रदेशो रहेला होय.]

३९. [प्र०] हे भगवन्! ज्यां एक अद्धासमय अवगाढ होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] एक प्रदेश रहेलो होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] एक प्रदेश रहेलो होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] एक प्रदेश रहेलो होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] अनन्त प्रदेशो रहेला होय. ए प्रमाणे यावत् अद्धासमय सुधी जाणवुं. [अर्थात् पुद्गलास्तिकाय अने अद्धासमयो अनन्ता रहेला होय.] एक अद्धासमय.

४०. [प्र०] हे भगवन्! ज्यां एक धर्मास्तिकाय अवगाढ होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] त्यां धर्मास्तिकायनो एक पण प्रदेश रहेलो न होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] असंख्याता प्रदेशो रहेला होय. [प्र०] केटला आकाशास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] असंख्याता प्रदेशो रहेला होय. [प्र०] केटला जीवास्तिकायना प्रदेशो होय? [उ०] अनन्ता होय. ए प्रमाणे यावत्–अद्धासमय सुधी जाणवुं. एक धर्मास्तिकाय.

४१. [प्र०] हे भगवन्! ज्यां एक अधर्मास्तिकाय अवगाढ–रहेलो होय त्यां केटला धर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] असंख्याता प्रदेशो रहेला होय. [प्र०] केटला अधर्मास्तिकायना प्रदेशो रहेला होय? [उ०] एक पण प्रदेश न होय. बाकी [आकाशास्तिकाय, पुद्गलास्तिकाय अने अद्धासमयने] धर्मास्तिकायनी पेठे जाणवुं. सर्वे धर्मास्तिकायादि द्रव्यने 'स्वस्थानके एक पण प्रदेश नथी'– ए प्रमाणे कहेवुं, अने परस्थानके आदिना त्रण द्रव्यने (धर्मास्तिकाय, अधर्मास्तिकाय अने आकाशास्तिकायने) 'असंख्याता' कहेवा, अने पाछळना त्रण द्रव्यने 'अनन्ता' यावत्–अद्धासमय सुधी कहेवा. यावत्–[प्र०] केटला अद्धासमय अवगाढ होय? [उ०] एक पण नथी. एक अधर्मास्तिकाय.

४१ भ० सू०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४२. [प्र०] जत्थ णं भंते ! एगे पुढविक्काइए ओगाढे तत्थ णं केवतिया पुढविक्काइया ओगाढा ? [उ०] असंखेज्जा । [प्र०] केवतिया आउक्काइया ओगाढा ? [उ०] असंखेज्जा । [प्र०] केवइया तेउकाइया ओगाढा ? [उ०] असंखेज्जा । [प्र०] केवइया वाउकाइआ ओगाढा ? [उ०] असंखेज्जा । [प्र०] केवतिया वणस्सइकाइया ओगाढा ? [उ०] अणंता ।

४३. [प्र०] जत्थ णं भंते ! एगे आउक्काइए ओगाढे तत्थ णं केवतिया पुढवि० ? [उ०] असंखेज्जा । [प्र०] केवतिया आउ० ? [उ०] असंखेज्जा । एवं जहेव पुढविक्काइयाणं वत्तव्वता तहेव सव्वेसिं निरवसेसं भाणियव्वं जाव-वणस्सइकाइयाणं, जाव- [प्र०] केवतिया वणस्सइकाइया ओगाढा ? [उ०] अणंता ।

४४. [प्र०] एयंसि णं भंते ! धम्मत्थिकाय-अधम्मत्थिकाय-आगासत्थिकायंसि चक्किया केई आसइत्तए वा चिट्ठित्तए वा निसीयत्तए वा तुयट्टित्तए वा ? [उ०] नो इणट्ठे समट्ठे, अणंता पुण तत्थ जीवा ओगाढा । [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'एतंसि णं धम्मत्थि० जाव-आगासत्थिकायंसि णो चक्किया केई आसइत्तए वा जाव-ओगाढा' ? [उ०] गोयमा ! से जहानामए-कूडागारसाला सिया, दुहओ लित्ता, गुत्ता, गुत्तदुवारा, जहा रायप्पसेणइज्जे, जाव-दुवारवयणाइं पिहेइ, दु० २ पिहेत्ता तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए जहन्नेणं एको वा दो वा तिन्नि वा उक्कोसेणं पदीवसहस्सं पलीवेज्जा, से नूणं गोयमा ! ताओ पदीवलेस्साओ अन्नमन्नसंबद्धाओ अन्नमन्नपुट्ठाओ जाव-अन्नमन्नघडत्ताए चिट्ठंति ? हंता चिट्ठंति । चक्किया णं गोयमा ! केई तासु पदीवलेस्सासु आसइत्तए वा जाव-तुयट्टित्तए वा ? भगवं ! णो तिणट्ठे समट्ठे । अणंता पुण तत्थ जीवा ओगाढा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-जाव-'ओगाढा' ।

४५. [प्र०] कहि णं भंते ! लोए बहुसमे ? कहिणं भंते ! लोए सव्वविग्गहिए पण्णत्ते ? [उ०] गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डागपयरेसु एत्थ णं लोए बहुसमे, एत्थ णं लोए सव्वविग्गहिए पण्णत्ते ।

पृथिवीकायिक.

४२. [प्र०] हे भगवन् ! ज्यां एक पृथिवीकायिक जीव अवगाढ होय त्यां बीजा केटला पृथिवीकायिक जीवो रहेला होय? [उ०] असंख्याता पृथिवीकायिको रहेला होय. [प्र०] केटला अप्कायिक जीवो अवगाढ होय? [उ०] असंख्याता जीवो अवगाढ होय. [प्र०] केटला तेजःकायिक जीवो रहेला होय? [उ०] असंख्याता रहेला होय. [प्र०] केटला वायुकायिक जीवो रहेला होय? [उ०] असंख्याता रहेला होय. [प्र०] केटला वनस्पतिकायिको रहेला होय? [उ०] अनन्ता वनस्पतिकायिको रहेला होय.

अप्कायिक.

४३. [प्र०] हे भगवन् ! ज्यां एक अप्कायिक रहेलो होय त्यां केटला पृथिवीकायिक जीवो रहेला होय? [उ०] असंख्याता रहेला होय. [प्र०] केटला अप्कायिको रहेला होय? [उ०] असंख्याता रहेला होय. ए प्रमाणे जेम पृथिवीकायिकनी वक्तव्यता कही, तेम सर्वेनी सघळी वक्तव्यता यावत्-वनस्पतिकाय सुधी कहेवी. यावत्-[प्र०] केटला वनस्पतिकायिको रहेला होय? [उ०] अनन्ता रहेला होय.

११ अस्तिकाय-निषदनद्वार. धर्मास्तिकायादि त्रण द्रव्यमां बेसवाने समर्थ थाय ?

४४. [प्र०] हे भगवन् ! आ धर्मास्तिकाय, अधर्मास्तिकाय, अने आकाशास्तिकायने विषे कोइ पुरुष बेसवाने, उभो रहेवाने, नीचे बेसवाने अने आळोटवाने शक्तिमान् होय? [उ०] हे गौतम ! आ अर्थ यथार्थ नथी, परन्तु ते स्थाने तो अनन्ता जीवो अवगाढ-रहेला छे. [प्र०] हे भगवन् ! शा हेतुथी एम कहो छो के आ 'धर्मास्तिकाय, यावत्-आकाशास्तिकायने विषे कोइ पुरुष बेसवाने शक्तिमान् नथी'-इत्यादि यावत्-त्यां अनन्ता जीवो अवगाढ-रहेला छे? [उ०] हे गौतम ! जेम कोइ कूटागारशाला होय, तेने अंदर ने बहार लींपी होय, चारे तरफथी ढांकेली होय, अने तेनां बारणां पण बन्ध कर्यां होय-इत्यादि* राजप्रश्नीय सूत्रमां कह्या प्रमाणे तेनुं वर्णन जाणवुं, यावत्-ते कूटागार शालाना द्वारना कमाडने बंध करी, ते कूटागार शालाना बराबर मध्यभागमां जघन्यथी एक, बे, त्रण अने उत्कृष्टथी एक हजार दीवाओ सळगावे. हे गौतम ! खरेखर ते दीवाओनुं तेज परस्पर मळीने, परस्पर स्पर्श करीने, यावत् एक बीजा साथे एकरूपे थइने रहे? हा, भगवन् ! रहे, हे गौतम ! कोइ पण पुरुष ते दिवाओना तेजमां बेसवाने यावत्-अथवा आळोटवाने शक्तिमान् थाय? हे भगवन् ! ए अर्थ योग्य नथी, पण अनन्ता जीवो त्यां अवगाढ-रहेला होय छे. ते माटे हे गौतम ! एम कहेवाय छे के यावत्-'अनन्ता जीवो त्यां अवगाढ होय छे.'

१२ बहुसमद्वार.

४५. [प्र०] हे भगवन् ! लोकनो बराबर सम-(प्रदेशनी वृद्धि-हानिरहित) भाग क्यां कहेलो छे? हे भगवन् ! लोकनो सर्वथी संक्षिप्त-सांकडो भाग क्यां कहेलो छे? [उ०] हे गौतम ! आ रत्नप्रभा पृथिवीना उपर अने नीचेना क्षुद्र (लघु) प्रतरने विषे अहिं लोकनो बराबर †समभाग कहेलो छे, अने अहिंज लोकनो सर्वथी संक्षिप्त ( सांकडो ) भाग कहेलो छे.

४४ * कूटागारशालानुं वर्णन जुओ-राजप्रश्नीय पृ० १३४.

४५ † आ बन्ने क्षुद्र प्रतरोथी आरंभीने उपर अने नीचे प्रतरनी वृद्धि थाय छे-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४६. [प्र०] कहि णं भंते ! विग्गहविग्गहिए लोए पण्णत्ते ? [उ०] गोयमा ! विग्गहकंडए एत्थ णं विग्गहविग्गहिए लोए पण्णत्ते ।

४७. [प्र०] किंसंठिए णं भंते ! लोए पण्णत्ते ? [उ०] गोयमा ! सुपइट्ठियसंठिए लोए पण्णत्ते, हेट्ठा विच्छिन्ने, मज्झे जहा सत्तमसए पढमुद्देसे जाव–'अंतं करेंति' ।

४८. [प्र०] एयस्स णं भंते ! अहेलोगस्स, तिरियलोगस्स, उड्ढलोगस्स य कयरे कयरेहिंतो जाव–विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवे तिरियलोए, उड्ढलोए असंखेज्जगुणे, अहेलोए विसेसाहिए । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति ।

## तेरसमसए चउत्थो उद्देसो समत्तो ।

४६. [प्र०] हे भगवन् ! क्यां विग्रहविग्रहिक–लोकरूप शरीरनो वक्रतायुक्त भाग छे ? [उ०] हे गौतम ! ज्यां विग्रहकंडक–वक्रतायुक्त अवयव छे ( अर्थात् लोकरूप शरीरनो ब्रह्मदेवलोकरूप कोणीनो भाग छे, त्यां प्रदेशनी वृद्धि–हानि होवाथी वक्र अवयव छे ) त्यां लोकरूपशरीर वक्रतायुक्त छे. लोकनो वक्रभाग.

४७. [प्र०] हे भगवन् ! लोकनुं संस्थान केवा प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! लोकनुं सुप्रतिष्ठक–( उंधा वाळेला शरावना उपर मूकेला शरावसंपुट )ने आकारे आ लोक कह्यो छे. नीचे विस्तीर्ण, मध्यमां संक्षिप्त–इत्यादि जेम *सातमा शतकना प्रथम उद्देशकमां कह्या प्रमाणे यावत्–'संसारनो अन्त करे छे'–त्यां सुधी जाणवुं. ११ संस्थानद्वार.

४८. [प्र०] हे भगवन् ! आ अधोलोक, तिर्यग्लोक, अने ऊर्ध्वलोकमां कयो लोक कोनाथी यावत्–विशेषाधिक छे ? [उ०] सर्वथी थोडो तिर्यग्लोक छे, तेथी असंख्यातगुण ऊर्ध्वलोक छे अने तेथी विशेषाधिक अधोलोक छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.'

## त्रयोदश शतके चतुर्थ उद्देशक समाप्त.

४७ * भग० खं० ३ श० ७ उ० १ पृ० ३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पंचमो उद्देसो।

१. [प्र०] नेरइया णं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ? [उ०] गोयमा ! नो सचित्ताहारा, अचित्ताहारा, नो मीसाहारा। एवं असुरकुमारा, पढमो नेरइयउद्देसओ निरवसेसो भाणियव्वो। 'सेवं भंते ! सेवं भंते'! त्ति।

### तेरसमसए पंचमो उद्देसओ समत्तो।

## पंचम उद्देशक.

१. [प्र०] हे भगवन्! नैरयिको शुं सचित्ताहारी छे, अचित्ताहारी छे के मिश्राहारी (सचित्त अने अचित्त उभय आहारवाळा) छे? [उ०] हे गौतम! तेओ सचित्ताहारी नथी, मिश्राहारी नथी, परन्तु अचित्ताहारी छे. असुरकुमारो ए प्रमाणे जाणवा. अहीं ['प्रज्ञापना'सूत्रना अठ्यावीशमा आहारपदनो] *प्रथम नैरयिक उद्देशक समग्र कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.'—एम कही भगवान् गौतम यावद्—विहरे छे.

### त्रयोदश शतके पंचम उद्देशक समाप्त.

## छट्ठो उद्देसो।

१. [प्र०] रायगिहे जाव—एवं वयासी—संतरं भंते ! नेरतिया उववज्जंति, निरंतरं नेरइया उववज्जंति ? [उ०] गोयमा ! संतरं पि नेरइया उववज्जंति, निरंतरं पि नेरइया उववज्जंति। एवं असुरकुमारा वि, एवं जहा गंगेये तहेव दो दंडगा जाव—'संतरं पि वेमाणिया चयंति, निरंतरं पि वेमाणिया चयंति'।

## षष्ठ उद्देशक.

१. [प्र०] राजगृह नगरमां [भगवान् गौतम] यावत्—आ प्रमाणे बोल्या के—हे भगवन्! नारको सांतर—समयादिकना अंतर सहित उपजे, के निरन्तर—समयादिकना अंतर रहित उपजे? [उ] हे गौतम! नैरयिको सांतर पण उपजे छे, अने निरन्तर पण उपजे छे. असुरकुमारो पण ए प्रमाणे जाणवा, ए प्रमाणे †जेम गांगेय उद्देशकमां कह्युं छे तेम उत्पाद अने उद्वर्तना संबंधे बे दंडको यावत्—'वैमानिको सांतर पण च्यवे छे, अने निरन्तर पण च्यवे छे'—त्यां सुधी कहेवा.

---

१ * प्रज्ञा० पद २८ प० ४९८-२.   १ † जुओ भग० खं० ३ श० ९ उ० ३२ पृ० १५८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. [प्र०] कहिणं भंते ! चमरस्स असुरिंदस्स असुररन्नो चमरचंचा नामं आवासे पण्णत्ते ? [उ०] गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं तिरियमसंखेज्जे दीवसमुद्दे-एवं जहा बितियसए सभाउद्देसए वत्तव्वया सच्चेव अपरिसेसा नेयव्वा, नवरं इमं नाणत्तं-जाव-तिगिच्छकूडस्स उप्पायपव्वयस्स चमरचंचाए रायहाणीए चमरचंचस्स आवासपव्वयस्स अन्नेसिं च बहूणं सेसं तं चेव जाव-तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिया परिक्खेवेणं। तीसे णं चमरचंचाए रायहाणीए दाहिणपच्चच्छिमेणं छक्कोडिसए पणपन्नं च कोडीओ पणतीसं च सयसहस्साइं पन्नासं च सहस्साइं अरुणोदगसमुद्दं तिरियं वीइवइत्ता एत्थ णं चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो चमरचंचे नामं आवासे पण्णत्ते, चउरासीइं जोयणसहस्साइं आयामविक्खंभेणं, दो जोयणसयसहस्सा पन्नट्ठिं च सहस्साइं छच्च बत्तीसे जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं। से णं एगेणं पागारेणं सव्वओ समंता संपरिक्खित्ते। से णं पागारे दिवड्ढं जोयणसयं उड्ढं उच्चत्तेणं, एवं चमरचंचाए रायहाणीए वत्तव्वया भाणियव्वा सभाविहूणा, जाव-चत्तारि पासायपंतीओ।

३. [प्र०] चमरे णं भंते ! असुरिंदे असुरकुमारराया चमरचंचे आवासे वसहिं उवेति ? [उ०] नो तिणट्ठे समट्ठे। [प्र०] से केणं खाइ अट्ठेणं भंते ! एवं वुच्चइ-'चमरचंचे आवासे० ? [उ०] गोयमा ! से जहानामए-इहं मणुस्सलोगंसि उवगारियलेणाइ वा, उज्जाणियलेणाइ वा, णिज्जाणियलेणाइ वा, वारिधारियलेणाइ वा, तत्थ णं बहवे मणुस्सा य मणुस्सीओ य आसयंति, सयंति-जहा रायप्पसेणइज्जे जाव-कल्लाणफलवित्तिविसेसं पच्चणुब्भवमाणा विहरंति, अन्नत्थ पुण वसहिं उवेंति, एवामेव गोयमा ! चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो चमरचंचे आवासे केवलं किड्डा-रतिपत्तियं, अन्नत्थ पुण वसहिं उवेंति, से तेणट्ठेण जाव-आवासे। 'सेवं भंते ! सेवं भंते'! त्ति जाव-विहरइ। तए णं समणे भगवं महावीरे अन्नया कयाइ रायगिहाओ नगराओ गुणसिलाओ जाव-विहरइ।

२. [प्र०] हे भगवन् ! असुरकुमारना इन्द्र अने असुरकुमारना राजा चमरनो चमरचंचा नामे आवास क्यां कह्यो छे? [उ०] हे गौतम ! जंबूद्वीप नामे द्वीपमां मेरु पर्वतनी दक्षिणे तिर्यग् असंख्याता द्वीपसमुद्रो उल्लंघीने [अरुणवर द्वीपनी बाह्य वेदिकाना अन्तथी अरुणवर समुद्रमां बेंतालीश लाख योजन गया बाद चमरेन्द्रनो तिगिच्छककूटनामे *उत्पातपर्वत आवे छे, तेनी दक्षिण दिशाए ६५५ क्रोड, ३५ लाख अने पचास हजार योजन अरुणोदक समुद्रमां तीर्छा गया बाद नीचे रत्नप्रभा पृथिवीनी अंदर चालीश हजार योजन जइए एटले चमरेन्द्रनी चमरचंचा नामे राजधानी आवे छे-इत्यादि] बीजा शतकनां आठमा †सभा उद्देशकमां-जे वक्तव्यता कही छे ते समग्र अहिं कहेवी, परंतु तेमां आ विशेष छे के तिगिच्छककूट नामे उत्पात पर्वत, चमरचंचानामे राजधानी, चमरचंच नामे आवासपर्वत, अने बीजा घणाना-इत्यादि बधुं ते प्रमाणे कहेवुं, यावत्-त्रण लाख, सोळ हजार, बसो सत्यावीश योजन [त्रण गाउ, बसो अठ्यावीश धनुष अने कंइक विशेषाधिक] साडा तेर अंगुल-एटली चमरचंचानी परिधि छे. ते चमरचंचा राजधानीथी दक्षिण-पश्चिम दिशाए (नैर्ऋत्य कोणने विषे, छसो पंचावन क्रोड, पांत्रीश लाख, अने पचास हजार योजन अरुणोदक समुद्रमां तिर्च्छा गया बाद अहिं असुरकुमारना इंद्र अने असुरकुमारना राजा चमरनो चमरचंच नामे आवास कह्यो छे. ते लंबाइ अने पहोळाइमां चोराशी हजार योजन छे. तेनी परिधि बे लाख, पांसठ हजार अने छसो बत्रीश योजनथी कंइक विशेषाधिक छे. ते आवास एक प्राकारथी (किल्लाथी) चोतरफ विंटाएलो छे. ते प्राकार उंचो-उंचाइमां दोढसो योजन छे. ए प्रमाणे चमरचंचा राजधानीनी बधी वक्तव्यता यावत्-"चार प्रासाद पंक्तिओ छे"-त्यां सुधी कहेवी, परन्तु [१ सुधर्मासभा, २ उपपातसभा, ३ अभिषेकसभा, ४ अलंकारसभा अने ५ व्यवसायसभा-] ए पांच सभा न कहेवी. असुरकुमारना चमरेन्द्रनो चमरचंच नामे आवास.

३. [प्र०] हे भगवन् ! असुरेंद्र असुरकुमारना राजा चमर चमरचंच नामे आवासमां रहे छे ? [उ०] ए अर्थ यथार्थ नथी. [प्र०] हे भगवन् ! एम शा हेतुथी कह्यो छो के, चमरचंच नामे आवासमां-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! जेमके आ मनुष्यलोकमां उपकारक-पीठबद्ध घरो, उद्यानमां रहेला लोकने उपकारक (नगरप्रवेश गृहो) घरो, नगरनिर्गम-नगरथी बहार नीकळतां प्राप्त थतां घरो अने वारिधारायुक्त (फुवारायुक्त) घरो होय, त्यां घणा पुरुषो अने स्त्रीओ बेसे, सुवे-इत्यादि ‡राजप्रश्नीय सूत्रमां कह्या प्रमाणे यावत्-'कल्याणरूप फळ अने वृत्तिविशेषने अनुभवतां रहे छे' त्यां सुधी कहेवुं, पण त्यां रहेठाण करता नथी, अर्थात् पोतानो निवास तो बीजे स्थळे करे छे, ए प्रमाणे हे गौतम ! असुरेन्द्र असुरकुमारना राजा चमरनो चमरचंच नामे आवास केवळ क्रीडा अने रति निमित्ते छे, अने बीजे स्थळे ते पोतानो वास करे छे; ते हेतुथी एम कह्युं छे के चमरचंच आवासने विषे ते पोतानो वास करतो नथी.' 'हे भगवन् ! ते ए प्रमाणे छे, हे भगवन् ! ते ए प्रमाणे छे'-एम कही यावद् विहरे छे. त्यारबाद श्रमण भगवंत महावीर अन्य कोइ दिवसे राजगृह नगरथकी अने गुणसिलक चैत्यथकी यावद्-विहार करे छे. चमरेन्द्र चमरचंच नामे आवासमां रहे छे?

२ * चमरेन्द्रने तिर्यग्लोकमां जवुं होय त्यारे आ पर्वत उपर आवी उत्पतन करे छे माटे ते पर्वतने उत्पातपर्वत कहेवामां आवे छे.-टीका.

† जुओ भग० खं० १ श० २ उ० ८ पृ० २९७. ३ ‡ राजप्र० प० ७६ सू० ३२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. तेणं कालेणं तेणं समएणं चंपा नामं नयरी होत्था, वन्नओ। पुन्नभद्दे चेइए, वन्नओ। तए णं समणे भगवं महावीरे अन्नया कदाइ पुव्वाणुपुव्विं चरमाणे जाव-विहरमाणे जेणेव चंपा नगरी जेणेव पुन्नभद्दे चेतिए तेणेव उवागच्छइ, ते० २-च्छित्ता जाव-विहरइ। तेणं कालेणं तेणं समएणं सिंधूसोवीरेसु जणवएसु वीतीभए नामं नगरे होत्था, वन्नओ। तस्स णं वीतीभयस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थ णं मियवणे नामं उज्जाणे होत्था, सव्वोउय० वन्नओ। तत्थ णं वीतीभए नगरे उदायणे नामं राया होत्था, महया० वन्नओ। तस्स णं उदायणस्स रन्नो पभावती नामं देवी होत्था, सुकुमाल० वन्नओ। तस्स णं उदायणस्स रन्नो पुत्ते पभावतीए देवीए अत्तए अभीतिनामं कुमारे होत्था, सुकुमाल० जहा सिवभद्दे, जाव-'पच्चुवेक्खमाणे विहरति'। तस्स णं उदायणस्स रन्नो नियए भाइणिज्जे केसीनामं कुमारे होत्था, सुकुमाल० जाव-सुरूवे। से णं उदायणे राया सिंधूसोवीरप्पामोक्खाणं सोलसण्हं जणवयाणं, वीतीभयप्पामोक्खाणं तिण्हं तेसट्ठीणं नगरागरसयाणं, महसेणप्पामोक्खाणं दसण्हं राईणं बद्धमउडाणं विदिन्नछत्त-चामर-वालवीयणाणं, अन्नेसिं च बहूणं राई-सर-तलवर० जाव-सत्थवाहप्पभिईणं आहेवच्चं पोरेवच्चं जाव-कारेमाणे, पालेमाणे समणोवासए अभिगयजीवाजीवे जाव-विहरइ।

५. तए णं से उदायणे राया अन्नया कयाइ जेणेव पोसहसाला तेणेव उवागच्छइ, जहा संखे जाव-विहरइ। तए णं तस्स उदायणस्स रन्नो पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरमाणस्स अयमेयारूवे अब्भत्थिए जाव-समुप्पज्जित्था-"धन्ना णं ते गामा-गर-नगर-खेड-कब्बड-मडंब-दोणमुह-पट्टणा-सम-संवाहसन्निवेसा, जत्थ णं समणे भगवं महावीरे विहरइ, धन्ना णं ते राईसर-तलवर० जाव-सत्थवाहप्पभिईओ, जे णं समणं भगवं महावीरं वंदंति नमंसंति, जाव-पज्जुवासंति। जइ णं समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं जाव-विहरमाणे इहमागच्छेज्जा, इह समोसरेज्जा, इहेव वीतीभयस्स नगरस्स बहिया मियवणे उज्जाणे अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा जाव-विहरेज्जा, तो णं अहं समणं भगवं महावीरं वंदेज्जा, नमंसेज्जा, जाव-पज्जुवासेज्जा। तए णं समणे भगवं महावीरे उदायणस्स रन्नो अयमेयारूवं अब्भत्थियं जाव-समुप्पन्नं वियाणित्ता चंपाओ नगरीओ पुन्नभद्दाओ चेइयाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणु० जाव-विहरमाणे जेणेव सिंधूसोवीरे जणवए जेणेव वीतीभये णगरे, जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ, ते० २-च्छित्ता

चंपानगरी. पूर्णभद्र चैत्य. सिन्धूसौवीरदेश. वीतभय. उदायन राजा. प्रभावती देवी.

४. ते काले ते समये चंपा नामनी नगरी हती. वर्णन. पूर्णभद्र चैत्य हतुं. वर्णन. त्यारबाद श्रमण भगवंत महावीर अन्य कोइ दिवसे अनुक्रमे गमन करता, यावत्-विहार करता ज्यां चंपा नगरी छे, अने ज्यां पूर्णभद्र चैत्य छे त्यां आवे छे, त्यां आवीने यावद्-विहरे छे. ते काले ते समये सिंधुसौवीर देशने विषे वीतिभय नामे नगर हतुं. ते वीतभय नगरनी बहार उत्तरपूर्व दिशाए (ईशान कोणने विषे) मृगवन नामनुं उद्यान हतुं. ते सर्व ऋतुना पुष्पादिकथी समृद्ध हतुं-इत्यादि वर्णन जाणवुं. ते वीतभय नगरने विषे उदायन नामे राजा हतो, ते महाहिमवान् जेवो-इत्यादि वर्णन जाणवुं. ते उदायन राजाने प्रभावती नामनी देवी (राणी) हती, ते सुकुमालहाथपगवाळी-इत्यादि वर्णन जाणवुं. ते उदायन राजाने प्रभावती देवीथी थयेलो अभीचि नामे कुमार हतो. ते सुकुमाल-इत्यादि वर्णन *शिवभद्रनी पेठे जाणवुं, यावत्-ते राज्यनी चिंता करतो विहरे छे. ते उदायन राजाने पोतानो भाणेज केशी नामे कुमार हतो, ते सुकुमालहाथपगवाळो अने यावत्-सुरूप हतो. ते उदायन राजा सिंधूसौवीर प्रमुख सोळ देश, वीतभयप्रमुख त्रणसोने त्रेसठ नगर अने आकरनुं (सुवर्णादि खाणोनुं) तथा जेने छत्र चामर अने वालव्यजन-(विंजणो) आपेला छे एवा महासेन प्रमुख दश मुकुटबद्ध राजाओ, अने एवा बीजा घणा राजा, युवराज, तलवर (कोटवाल) यावत्-सार्थवाह प्रमुखनुं अधिपतिपणुं करतो, राज्यनुं पालन करतो, जीवाजीव तत्त्वने जाणतो, श्रमणोनो उपासक थईने यावत्-विहरे छे.

५. त्यारबाद ते उदायन राजा अन्य कोइ दिवसे ज्यां पोषधशाला छे त्यां आवे छे, अने †शंख श्रमणोपासकनी पेठे यावत्-विहरे छे. त्यारबाद ते उदायन राजाने मध्यरात्रीने समये धर्मजागरण करता आवा प्रकारनो आ संकल्प यावत्-उत्पन्न थयो-"ते गाम, आकर, नगर, खेड, कर्बट, मंडब, द्रोणमुख, पट्टन, आश्रम, संबाध अने सन्निवेश धन्य छे, ज्यां श्रमण भगवंत महावीर विचरे छे, ते राजा, शेठ, तलवर यावद्-सार्थवाह प्रमुख धन्य छे, जेओ श्रमण भगवंत महावीरने वंदन-नमस्कार करे छे अने यावत्-पर्युपासना करे छे. जो श्रमण भगवंत महावीर अनुक्रमे विचरता एक गामथी बीजे गाम जता, यावद्-विहार करता अहिं आवे, अहिं समोसरे, अने आ वीतभय नगरनी बहार मृगवन नामे उद्यानमां यथायोग्य अवग्रहने ग्रहण करी संयम अने तपवडे आत्माने भावित करता यावद्-विचरे तो हुं श्रमण भगवंत महावीरने वंदन करुं, अने नमस्कार करुं, यावत्-तेमनी पर्युपासना करुं. त्यारबाद श्रमण भगवंत महावीर उदायन राजाना आवा प्रकारना उत्पन्न थएला आ संकल्पने जाणीने चंपा नगरीथी अने पूर्णभद्र चैत्य थकी नीकळे छे, नीकळीने

४ * भग० खं० ३ श० ११ उ० ९ पृ० २२१.

५ † भग० खं० ३ श० १२ उ० १ पृ० २५३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाव–विहरति। तए णं वीतीभये नगरे सिंघाडग० जाव–परिसा पज्जुवासइ। तए णं से उदायणे राया इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठ० कोडुंबियपुरिसे सद्दावेति, को० २–त्ता एवं वयासी–"खिप्पामेव भो देवाणुप्पिया! वीयीभयं नगरं सब्भिंतरबाहिरियं जहा कूणिओ उववाइए जाव–'पज्जुवासति'। पभावतीपामोक्खाओ देवीओ तहेव जाव–पज्जुवासंति। धम्मकहा। तए णं से उदायणे राया समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठ–तुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठा० २–त्ता समणं भगवं महावीरं तिक्खुत्तो जाव–नमंसित्ता एवं वयासी–'एवमेयं भंते! तहमेयं भंते! जाव–से जहेयं तुज्झे वदह'त्ति कट्टु जं नवरं देवाणुप्पिया! अभीयिकुमारं रज्जे ठावेमि, तए णं अहं देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता जाव–पव्वयामि। 'अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं'। तए णं से उदायणे राया समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ–तुट्ठे समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता तमेव आभिसेक्कं हत्थिं दूरूहति, दुरूहित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ मियवणाओ उज्जाणाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता जेणेव वीतीभये नगरे तेणेव पहारेत्थ गमणाए।

६. तए णं तस्स उदायणस्स रन्नो अयमेयारूवे अब्भत्थिए जाव–समुप्पज्जित्था–"एवं खलु अभीयीकुमारे ममं एगे पुत्ते इट्ठे कंते, जाव–किमंग पुण पासणयाए? तं जदी णं अहं अभीयीकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता जाव–पव्वयामि, तो णं अभीयीकुमारे रज्जे य रट्ठे य जाव–जणवए य माणुस्सएसु य कामभोगेसु मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववन्ने, अणादीयं, अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टिस्सइ, तं नो खलु मे सेयं अभीयीकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ महावीरस्स जाव–पव्वइत्तए, सेयं खलु मे णियगं भाइणेज्जं केसिं कुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ जाव–पव्वइत्तए'–एवं संपेहेइ, एवं संपेहेत्ता जेणेव वीतीभये नगरे तेणेव उवागच्छइ, ते० २–गच्छित्ता वीतीभयं नगरं मज्झंमज्झेणं जेणेव सए गेहे जेणेव बाहिरिया उवट्ठाणसाला, तेणेव उवागच्छइ, ते० २–च्छित्ता आभिसेक्कं हत्थिं ठवेति, आभि० २–वेत्ता आभिसेक्काओ हत्थीओ पच्चोरुभइ, आ० २–भित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छति, ते० २–च्छित्ता

अनुक्रमे गमन करता, एक गामथी बीजे गाम यावत्–विहरता, ज्यां सिंधुसौवीर देश छे, ज्यां वीतभय नगर छे, अने ज्यां मृगवन नामे उद्यान छे त्यां आवे छे, त्यां आवीने यावद्–विहरे छे. ते समये वीतभय नगरमां शृंगाटक–शींगोडाना जेवा त्रिकोण (आकारवाळा)–इत्यादि मार्गोमां [ घणा माणसो परस्पर कहे छे के 'अहिं मृगवन उद्यानमां भगवान् महावीर पधार्या छे' एम सांभळीने घणा क्षत्रियो वगेरे वंदन करवा नीकळे छे इत्यादि ] यावद्–परिषद् पर्युपासना करे छे. त्यार पछी भगवान् महावीर आव्यानी आ वातथी विदित थयेला ते उदायन राजाए हर्षित अने संतुष्ट थई कौटुंबिक पुरुषोने बोलावी आ प्रमाणे कह्युं के–"हे देवानुप्रियो! तमे शीघ्र वीतभय नगरने अंदर अने बहार साफ करावो"–इत्यादि बधुं *औपपातिक सूत्रमां कूणिक संबन्धे कह्युं छे तेम अहिं पण कहेवुं. यावत्–ते पर्युपासना करे छे. तथा प्रभावती प्रमुख देवीओ पण तेज प्रमाणे यावत्–पर्युपासना करे छे. त्यारबाद [ भगवंते ] धर्म कथा कही. पछी ते उदायन राजा श्रमण भगवंत महावीरनी पासे धर्मने सांभळी, अवधारी हर्षित अने संतुष्ट थई उठी उभो थाय छे, उभो थइने श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करी यावत्–नमस्कार करीने आ प्रमाणे बोल्यो–'हे भगवन्! ए ए प्रमाणे ज छे, हे भगवन्! ते ते प्रकारे छे'–यावत्–जे प्रकारे आ तमे कहो छो, परन्तु एटलो विशेष छे के, हे देवानुप्रिय! अभीचिकुमारने राज्यने विषे स्थापन करुं, अने त्यारबाद हुं देवानुप्रिय एवा आपनी पासे मुंड थईने यावत्–प्रव्रज्यानो स्वीकार करुं. [ भगवंते कह्युं के ] 'हे देवानुप्रिय! जेम सुख थाय तेम करो, प्रतिबंध न करो.' त्यार बाद श्रमण भगवंत महावीरे उदायन राजाने ए प्रमाणे कह्युं एटले ते हर्षित अने संतुष्ट थई श्रमण भगवंत महावीरने वंदन अने नमस्कार करे छे, वंदन अने नमस्कार करीने ते अभिषेकने योग्य (पट्ट) हस्ती उपर चढी श्रमण भगवंत महावीरनी पासेथी अने मृगवन नामना उद्यानथी नीकळीने ज्यां वीतभय नामे नगर छे ते तरफ जवानो तेणे विचार कर्यो.

६. त्यार पछी ते उदायन राजाने आवा प्रकारनो आ संकल्प यावत्–उत्पन्न थयो के 'ए प्रमाणे खरेखर अभीचिकुमार मारे एक पुत्र छे अने ते मने इष्ट अने प्रिय छे, यावत्–तेनुं नाम श्रवण पण दुर्लभ छे, तो पछी तेनुं दर्शन दुर्लभ होय तेमां शुं कहेवुं? ते माटे जो हुं अभीचिकुमारने राज्यने विषे स्थापीने श्रमण भगवंत महावीरनी पासे मुंड थई यावत्–प्रव्रज्या ग्रहण करुं, तो अभीचिकुमार राज्य, राष्ट्र, यावत्–जनपदमां अने मनुष्यसंबंधी कामभोगोमां मूर्छित, गृद्ध, ग्रथित अने तल्लीन थई अनादि अनंत अने दीर्घमार्गवाळा चारगतिरूप संसार अटवीने विषे परिभ्रमण करशे, ते माटे अभीचिकुमारने राज्यने विषे स्थापन करी श्रमण भगवंत महावीरनी पासे यावत्–प्रव्रज्या लेवी ए श्रेयरूप नथी, परंतु मारे मारा भाणेज केशीकुमारने राज्यने विषे स्थापन करीने श्रमण भगवंत महावीरनी पासे प्रव्रज्या लेवी श्रेयरूप छे'–ए प्रमाणे विचार करे छे. एम विचारीने ज्यां वीतभय नगर छे, त्यां आवी वीतभय नगरनी वच्चे ज्यां पोतानुं घर छे, अने ज्यां बाहेरनी उपस्थानशाळा छे त्यां आवे छे, त्यां आवीने अभिषेकने योग्य–पट्ट हस्तीने उभो राखीने तेना उपरथी नीचे उतरे छे, नीचे उतरीने ज्यां सिंहासन छे, त्यां आवी उत्तम सिंहासन उपर पूर्व दिशासन्मुख बेसे छे, बेसीने कौटुंबिक पुरुषोने बोलावी तेणे ए प्रमाणे

पोताना भाणेज केशी कुमारने राज्याभिषेक करवानो उदायननो संकल्प.

५ * जुओ–औप० प० ६३–२ पं० १२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सीहासणवरंसि पुरत्थाभिमुहे निसीयति, निसीइत्ता कोडुंबियपुरिसे सद्दावेति; को० २–वेत्ता एवं वयासी–'खिप्पामेव भो देवाणुप्पिया! वीतीभयं नगरं सब्भिंतरबाहिरियं०'जाव–पच्चप्पिणंतिं। तए णं से उदायणे राया दोच्चं पि कोडुंबियपुरिसे सद्दावेति, सद्दावेत्ता एवं वयासी–'खिप्पामेव भो देवाणुप्पिया! केसिस्स कुमारस्स महत्थं ३–एवं रायाभिसेओ जहा सिवभद्दस्स कुमारस्स तहेव भाणियव्वो जाव–'परमाउं पालयाहि, इट्ठजणसंपरिवुडे सिंधूसोवीरपामोक्खाणं सोलसण्हं जणवयाणं वीतीभयपामोक्खाणं तिन्नि तेसट्ठीणं नगरा–गरसयाणं महसेणपामोक्खाणं दसण्हं राईणं अन्नेसिं च बहूणं राईसर० जाव–कारेमाणे, पालेमाणे विहराहि'त्ति कट्टु जयजयसद्दं पउंजंति। तए णं से केसी कुमारे राया जाए, महया० जाव–विहरति।

७. तए णं से उदायणे राया केसिं रायाणं आपुच्छइ। तए णं से केसी राया कोडुंबियपुरिसे सद्दावेति–एवं जहा जमालिस्स तहेव सब्भिंतरबाहिरियं तहेव जाव–निक्खमणाभिसेयं उवट्ठवेति। तए णं से केसी राया अणेगगणणायग० जाव–संपरिवुडे उदायणं रायं सीहासणवरंसि पुरत्थाभिमुहे निसीयावेति, निसीयावेत्ता अट्ठसएणं सोवन्नियाणं० एवं जहा जमालिस्स जाव–एवं वयासी–'भण सामी! किं देमो, किं पयच्छामो, किणा वा ते अट्ठो'? तए णं से उदायणे राया केसिं रायं एवं वयासी–'इच्छामि णं देवाणुप्पिया! कुत्तियावणाओ०'–एवं जहा जमालिस्स, नवरं पउमावती अग्गकेसे पडिच्छइ पियविप्पयोगदूसहा। तए णं से केसी राया दोच्चं पि उत्तरावक्कमणं सीहासणं रयावेति, दो० २ रयावेत्ता, उदायणं रायं सेयापीतएहिं कलसेहिं० सेसं जहा जमालिस्स, जाव–सन्निसन्ने, तहेव अम्मधाती, नवरं पउमावती हंसलक्खणं पडसाडगं गहाय सेसं तं चेव, जाव–सीयाओ पच्चोरुभति, सी० २–भित्ता, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, ते० २–च्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो वंदति नमंसति, वंदित्ता नमंसित्ता उत्तरपुरच्छिमं दिसीभागं अवक्कमति, उ० २–अवक्कमित्ता सयमेव आभरणमल्लालंकारं तं चेव पउमावती पडिच्छति, जाव–'घडियव्वं सामी! जाव–नो पमादेयव्वं'ति कट्टु केसी राया पउमावती य समणं भगवं महावीरं वंदंति नमंसंति, वंदित्ता, नमंसित्ता जाव–पडिगया। तए णं से उदायणे राया सयमेव पंचमुट्ठियं लोयं० सेसं जहा उसभदत्तस्स, जाव–सव्वदुक्खप्पहीणे।

कह्युं–'हे देवानुप्रियो! शीघ्र वीतभय नगरने बहार अने अंदरथी साफ करावो'–इत्यादि यावत्–तेओ तेम करीने आज्ञा पाछी आपे छे. त्यारपछी ते उदायन राजाए बीजीवार कौटुंबिक पुरुषोने बोलावीने आ प्रमाणे कह्युं–'हे देवानुप्रियो! शीघ्र केशीकुमारनो महाअर्थवाळो ३ विपुल राज्याभिषेक करो'. ए प्रमाणे जेम *शिवभद्रकुमारनो राज्याभिषेक कह्यो छे तेम अहिं 'दीर्घायुषी थाओ'–त्यां सुधी कहेवो. हवे ते यावत्–इष्टजनथी परिवृत थइ सिंधूसौवीर प्रमुख सोळ देशो, वीतभय प्रमुख त्रणसो त्रेसठ नगरो अने खाणोनुं तथा महासेन प्रमुख दश राजाओ, अन्य बीजा घणा राजा अने युवराज वगेरेनुं स्वामिपणुं यावत्–करतो, पालन करतो विहर' एम कही 'जय जय' शब्द बोले छे. त्यारे ते केशीकुमार राजा थयो अने ते मोटा हिमवान् पर्वतना जेवो–इत्यादि वर्णन जाणवुं, यावद्–ते विहरे छे.

७. त्यारबाद उदायन राजा केशी राजा पासे [दीक्षा लेवानी] रजा मागे छे, त्यार पछी ते केशीराजा कौटुंबिक पुरुषोने बोलावे छे–इत्यादि †जेम जमालि संबन्धे कह्युं छे तेम नगरनी बहार अने अंदर साफ करावो–इत्यादि यावद्–निष्क्रमणाभिषेक–दीक्षाभिषेक करे छे. त्यारपछी अनेक गणनायक वगेरेना परिवार युक्त ते केशी राजा उदायन राजाने उत्तम सिंहासन उपर पूर्वदिशा सन्मुख बेसाडीने एकसो आठ सोनाना कळशो वडे अभिषेक करे छे–इत्यादि जेम †जमालि संबंधे कह्युं छे तेम कहेवुं, यावत्–ते केशी राजाए ए प्रमाणे कह्युं के–'हे स्वामिन्! अमे शुं दइए, अमे शुं आपीए, अने तमारे शेनुं प्रयोजन छे? पछी ते उदायन राजाए केशी राजाने ए प्रमाणे कह्युं–'हे देवानुप्रिय! कुत्रिकापणथी [हुं एक रजोहरण अने एक पात्र] मंगाववा इच्छुं छुं.–इत्यादि जेम ‡जमालि संबन्धे कह्युं तेम अहिं जाणवुं. परन्तु एटलो विशेष छे के जेने प्रियनो वियोग दुःसह छे एवी पद्मावती अग्रकेशोने ग्रहण करे छे. त्यार बाद केशी राजा बीजीवार पण उत्तर दिशा तरफ सिंहासन गोठवावीने उदायन राजानो श्वेत अने पीत (सोना–रुपाना) कळशो वडे अभिषेक करे छे. बाकी बधुं जमालिनी पेठे जाणवुं, यावत्–ते शिबिकामां बेठो. ते प्रमाणे धात्रमाता संबन्धे जाणवुं, परंतु एटलो विशेष छे के अहिं पद्मावती हंसना चिह्नवाळा रेशमी पटने ग्रहण करी–इत्यादि बाकी बधुं ते प्रमाणे जाणवुं, यावत्–ते उदायन राजा शिबिका थकी उतरीने ज्यां श्रमण भगवंत महावीर छे, त्यां आवीने श्रमण भगवंत महावीरने त्रणवार वंदन अने नमस्कार करी उत्तर–पूर्व दिशा–ईशान कोण तरफ जईने पोते ज आभरण, माला अने अलंकारने मूके छे–इत्यादि पूर्व प्रमाणे कहेवुं, यावत्–पद्मावती तेने ग्रहण करे छे, अने यावत्–[ते बोली के–] 'हे स्वामिन्! संयमने विषे प्रयत्न करजो, यावत्–प्रमाद न करशो'–एम कही केशी राजा अने पद्मावती श्रमण भगवंत महावीरने वंदन अने नमस्कार करे छे. वंदन अने नमस्कार करीने तेओ पोताने स्थानके गया पछी उदायन राजा पोतानी मेळे पंच मुष्टिक लोच करे छे–बाकीनुं वृतांत ¶ऋषभदत्तनी पेठे जाणवुं, यावत्–ते सर्व दुःखथी रहित थाय छे.

६ * जुओ शिवभद्रकुमारना राज्याभिषेक संबंधे भग० खं० ३ श० ११ उ० ९ पृ० २२२.

७ † जुओ–भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १७३. ‡ जुओ–भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १७३. ¶ जुओ–भग० खं० ३ श० ९ उ० ३३ पृ० १६५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. तए णं तस्स अभीयिस्स कुमारस्स अन्नदा कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अब्भत्थिए जाव-समुप्पज्जित्था-'एवं खलु अहं उदायणस्स पुत्ते पभावतीए देवीए अत्तए, तए णं से उदायणे राया ममं अवहाय नियगं भाइणिज्जं केसिकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ जाव-पव्वइए'-इमेणं एयारूवेणं महया अप्पत्तिएणं मणोमाणसिएणं दुक्खेणं अभिभूए समाणे अंतेउरपरियालसंपरिवुडे सभंडमत्तोवगरणमायाए वीतीभयाओ नयराओ निग्गच्छति, निग्गच्छित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव चंपा नयरी, जेणेव कूणिए राया, तेणेव उवागच्छइ, ते० २-च्छित्ता कूणियं रायं उवसंपज्जित्ता णं विहरइ। तत्थ वि णं से विउलभोगसमितिसमन्नागए यावि होत्था। तए णं से अभीयीकुमारे समणोवासए यावि होत्था, अभिगय० जाव-विहरइ, उदायणंमि रायरिसिंमि समणुबद्धवेरे यावि होत्था। तेणं कालेणं तेणं समएणं इमीसे रयणप्पभाए पुढवीए निरयपरिसामंतेसु चोसट्ठिं असुरकुमारावाससयसहस्सा पन्नत्ता। तए णं से अभीयीकुमारे बहूइं वासाइं समणोवासगपरियागं पाउणति, पाउणित्ता अद्धमासियाए संलेहणाए तीसं भत्ताइं अणसणाए छेएइ, छेएत्ता तस्स ठाणस्स अणालोइय-पडिक्कंते कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए निरयपरिसामंतेसु चोयट्ठीए आयावा० जाव-सहस्सेसु अन्नयरंसि आयावाअसुरकुमारावासंसि आतावाअसुरकुमारदेवत्ताए उववन्नो। तत्थ णं अत्थेगइयाणं आयावगाणं असुरकुमाराणं देवाणं एगं पलिओवमं ठिई पन्नत्ता, तत्थ णं अभीयिस्स वि देवस्स एगं पलिओवमं ठिई पण्णत्ता। [प्र०] से णं भंते! अभीयीदेवे ताओ देवलोगाओ आउक्खएणं ३ अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिति, कहिं उववज्जिहिति? [उ०] गोयमा! महाविदेहे वासे सिज्झिहिति, जाव-अंतं काहिति। 'सेवं भंते! सेवं भंते'! त्ति।

## तेरसमस्सए छट्ठो उद्देसो समत्तो।

८. त्यार पछी अन्य कोई दिवसे अभीचिकुमारने मध्यरात्रिने समये कुटुंबजागरण करतां आवा प्रकारनो आ विचार उत्पन्न थयो-'ए प्रमाणे खरेखर हुं उदायन राजानो पुत्र अने प्रभादेवीनी कुक्षिथी उत्पन्न थयो छुं, अने ते उदायन राजाए मने छोडी पोताना भाणेज केशिकुमारने राज्य उपर बेसाडी श्रमण भगवंत महावीरनी पासे यावत्-प्रव्रज्या लीधी'-आवा प्रकारना आ मोटा अप्रीतिरूप मानसिक आंतर दुःखथी पीडित थएलो ते अभीचिकुमार पोताना अंतःपुरना परिवारसहित पोतानुं भांडमात्रोपकरण-पात्र वगेरे सामग्री लईने नीकळे छे, नीकळी अनुक्रमे जतां-एक गामथी बीजे गाम जतां ज्यां चंपा नगरी छे, अने ज्यां कूणिक राजा छे त्यां आवी कूणिकनो आश्रय करी विहरे छे. अने त्यां पण तेने विपुल भोगनी सामग्री प्राप्त थई. पछी ते अभीचिकुमार श्रावक पण थयो, अने जीवाजीवतत्त्वनो ज्ञाता थई यावत्-विहरे छे, तो पण ते अभीचिकुमार उदायन राजर्षिने विषे वैरना अनुबन्धथी युक्त हतो. ते काले, ते समये आ रत्नप्रभा पृथिवीना नरकावासोनी पासे चोसठ लाख असुरकुमारोना आवासो कह्या छे, हवे ते अभीचिकुमार घणा वर्षो सुधी श्रमणोपासक पर्यायने पाळी अर्ध मासिक संलेखनाथी त्रीश भक्तो अनशनपणे व्यतीत करी, ते पाप स्थानकनी आलोचना अने प्रतिक्रमण कर्या सिवाय मरणसमये काळधर्म पामी आ रत्नप्रभा पृथिवीना नरकावासोनी पासे चोसठ लाख आयाव (आतप-प्रकाशरूप) असुरकुमारावासोमांना कोइ एक आयावरूप असुरकुमारावासमां आतावरूप असुरकुमार देवपणे उत्पन्न थयो. त्यां केटलाक आयावरूप असुरकुमार देवोनी एक पल्योपम स्थिति कही छे, अने त्यां अभीचिदेवनी पण एक पल्योपमनी स्थिति कही छे. [प्र०] हे भगवन्! ते अभीचिदेव आयुःक्षय थया पछी तथा भवक्षय थया पछी मरण पामी क्यां जशे-क्यां उत्पन्न थशे? [उ०] हे गौतम! महाविदेह क्षेत्रने विषे सिद्ध थशे, यावत्-सर्व दुःखोनो अंत करशे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही भगवान् गौतम यावत्-विहरे छे.

## त्रयोदश शते षष्ठ उद्देशक समाप्त.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सत्तमो उद्देसो।

१. [प्र०] रायगिहे जाव-एवं वयासी-आया भंते! भासा, अन्ना भासा? [उ०] गोयमा! नो आया भासा, अन्ना भासा।

२. [प्र०] रूविं भंते! भासा, अरूविं भासा? [उ०] गोयमा! रूविं भासा, नो अरूविं भासा।

३. [प्र०] सचित्ता भंते! भासा, अचित्ता भासा? [उ०] गोयमा! नो सचित्ता भासा, अचित्ता भासा।

४. [प्र०] जीवा भंते! भासा, अजीवा भासा? [उ०] गोयमा! नो जीवा भासा, अजीवा भासा।

५. [प्र०] जीवाणं भंते! भासा, अजीवाणं भासा? [उ०] गोयमा! जीवाणं भासा, नो अजीवाणं भासा।

६. [प्र०] पुव्विं भंते! भासा, भासिज्जमाणी भासा, भासासमयवीतिकंता भासा? [उ०] गोयमा! नो पुव्विं भासा, भासिज्जमाणी भासा, णो भासासमयवीतिकंता भासा।

७. [प्र०] पुव्विं भंते! भासा भिज्जति, भासिज्जमाणी भासा भिज्जति, भासासमयवीतिकंता भासा भिज्जति? [उ०] गोयमा! नो पुव्विं भासा भिज्जति, भासिज्जमाणी भासा भिज्जइ, नो भासासमयवीतिकंता भासा भिज्जति।

## सप्तम उद्देशक.

भाषा. भाषा आत्मस्वरूप छे के तेथी अन्य छे?

१. [प्र०] राजगृह नगरमां भगवान् गौतम यावत्-आ प्रमाणे बोल्या के, हे भगवन्! *भाषा ए आत्मा-जीवस्वरूप छे के तेथी अन्य छे? [उ०] हे गौतम! भाषा ए आत्मा नथी, पण तेथी अन्य (पुद्गलस्वरूप) भाषा छे.

रूपी के अरूपी?

२. [प्र०] हे भगवन्! भाषा रूपी-रूपवाळी छे के अरूपी-रूप विनानी छे? [उ०] हे गौतम! भाषा (पुद्गलमय होवाथी) रूपी छे, पण रूप विनानी नथी.

सचित्त के अचित्त?

३. [प्र०] हे भगवन्! भाषा सचित्त-सजीव छे के अचित्त-अजीव छे? [उ०] हे गौतम! भाषा सचित्त नथी, पण अचित्त छे.

जीवस्वरूप के अजीवस्वरूप?

४. [प्र०] हे भगवन्! भाषा जीवरूप-प्राणधारणरूप छे के अजीवस्वरूप छे? [उ०] हे गौतम! भाषा जीवरूप नथी, पण अजीवरूप छे.

जीवोने भाषा के अजीवोने भाषा होय?

५. [प्र०] हे भगवन्! जीवोने भाषा होय छे के अजीवोने भाषा होय छे? [उ०] हे गौतम! जीवोने भाषा होय छे, पण अजीवोने भाषा नथी होती.

भाषा क्यारे कहेवाय?

६. [प्र०] हे भगवन्! शुं [बोलाया] पूर्वे भाषा कहेवाय, बोलाती होय त्यारे भाषा कहेवाय, के बोलाया पछी भाषा कहेवाय? [उ०] हे गौतम! बोलाया पहेलां भाषा न कहेवाय, तेमज बोलाया पछी पण भाषा न कहेवाय, पण बोलाती होय त्यारे भाषा कहेवाय.

भाषा क्यारे भेदाय?

७. [प्र०] हे भगवन्! शुं बोलाया पहेलां भाषा भेदाय, बोलाती भाषा भेदाय, के बोलाया पछी भाषा भेदाय? [उ०] हे गौतम! बोलाया पहेलां भाषा न भेदाय, तेमज बोलाया पछी भाषा न भेदाय, पण बोलाती होय त्यारे भाषा भेदाय.

---

१ * जीवथी प्रयोजाय छे, जीवना बन्ध अने मोक्षनुं कारण थाय छे माटे जीवनो धर्म होवाथी भाषा 'आत्मा-जीव'-एम कही शकाय? अथवा भाषा जीवस्वरूप नथी-एम पण कहेवाय? केमके ते श्रोत्रेन्द्रियग्राह्य होवाथी मूर्तपणावडे जीव करतां भिन्न छे, माटे शंकाथी आ प्रश्न थाय छे. उत्तर-भाषा पुद्गलमय होवाथी ते आत्मस्वरूप नथी.-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. [प्र०] कतिविहा णं भंते! भासा पण्णत्ता? [उ०] गोयमा! चउव्विहा भासा पण्णत्ता, तंजहा—१ सच्चा, २ मोसा, ३ सच्चामोसा, ४ असच्चामोसा।

९. [प्र०] आया भंते! मणे, अन्ने मणे? [उ०] गोयमा! नो आया मणे, अन्ने मणे। जहा भासा तहा मणे वि, जाव—नो अजीवाणं मणे।

१०. [प्र०] पुव्विं भंते! मणे, मणिज्जमाणे मणे? [उ०] एवं जहेव भासा।

११. [प्र०] पुव्विं भंते! मणे भिज्जति, मणिज्जमाणे मणे भिज्जति, मणसमयवीतिकंते मणे भिज्जति? [उ०] एवं जहेव भासा।

१२. [प्र०] कतिविहे णं भंते! मणे पण्णत्ते? [उ०] गोयमा! चउव्विहे मणे पन्नत्ते, तंजहा—१ सच्चे, जाव—४ असच्चामोसे।

१३. [प्र०] आया भंते! काये, अन्ने काये? [उ०] गोयमा! आया वि काये, अन्ने वि काये।

१४. [प्र०] रूविं भंते! काये, अरूविं काये?—पुच्छा। [उ०] गोयमा! रूविं पि काये, अरूविं पि काए, एवं एकेके पुच्छा। गोयमा! सचित्ते वि काये, अचित्ते वि काए। जीवे वि काए, अजीवे वि काए, जीवाण वि काए, अजीवाण वि काए।

१५. [प्र०] पुव्विं भंते! काये?—पुच्छा। [उ०] गोयमा! पुव्विं पि काए, कायिज्जमाणे वि काए, कायसमयवीतिकंते वि काये।

१६. [प्र०] पुव्विं भंते! काये भिज्जति?—पुच्छा। [उ०] गोयमा! पुव्विं पि काए भिज्जति, जाव—काए भिज्जति।

८. [प्र०] हे भगवन्! भाषा केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! भाषा चार प्रकारनी कही छे, ते आ प्रमाणे—१ सत्य, २ मृषा—असत्य, ३ सत्यमृषा—सत्य अने असत्य मिश्र, अने ४ असत्यामृषा—सत्य पण नहि तेम असत्य पण नहि. भाषाना प्रकार.

९. [प्र०] मन ए आत्मा छे, के तेथी अन्य मन छे? [उ०] हे गौतम! मन ए आत्मा नथी, पण मन अन्य छे—इत्यादि जेम भाषा संबन्धे कह्युं, तेम मनसंबन्धे पण जाणवुं, यावत्—अजीवोने मन नथी. मन. मन आत्मा छे के तेथी अन्य छे?

१०. [प्र०] हे भगवन्! [मननथी] पूर्वे मन होय, मनन समये मन होय, के मननसमय वीत्या पछी मन होय? [उ०] जेम भाषासंबन्धे कह्युं तेम जाणवुं. मन क्यारे होय?

११. [प्र०] हे भगवन्! मननथी पूर्वे मन भेदाय, मननसमये मन भेदाय, के मननसमय वीत्या पछी मन भेदाय? [उ०] जेम भाषासंबन्धे कह्युं छे तेम अहिं जाणवुं. मन क्यारे भेदाय?

१२. [प्र०] हे भगवन्! मन केटला प्रकारनुं कह्युं छे? [उ०] हे गौतम! मन चार प्रकारनुं कह्युं छे, ते आ प्रमाणे—१ सत्य, २ असत्य, [३ मिश्र] यावत्—४ असत्यामृषा—सत्य पण नहि अने असत्य पण नहि. मनना प्रकार.

१३. [प्र०] हे भगवन्! काय—शरीर आत्मा छे के तेथी अन्य—आत्माथी *भिन्न—काय छे? [उ०] हे गौतम! काय आत्मा पण छे, अने आत्माथी भिन्न पण काय छे. काय आत्मा छे के तेथी अन्य?

१४. [प्र०] हे भगवन्! काय रूपी छे के अरूपी छे? [उ०] हे गौतम! काय रूपी पण छे अने काय अरूपी पण छे. ए प्रमाणे पूर्ववत् एक एक प्रश्न करवो. हे गौतम! काय सचित्त पण छे अने अचित्त पण छे, काय जीवरूप पण छे अने अजीवरूप पण छे, तथा काय जीवोने होय छे, तेम अजीवोने पण होय छे रूपी के अरूपी?

१५. [प्र०] हे भगवन्! पूर्वे काय होय?—इत्यादि [पूर्ववत्] प्रश्न. [उ०] हे गौतम! काय—शरीर [जीवनो संबन्ध थया] पूर्वे पण होय, चीयमान—पुद्गलोना ग्रहण समये पण काय होय, अने कायसमय—पुद्गल ग्रहण समय वीत्या पछी पण काय होय. काय क्यारे होय?

१६. [प्र०] हे भगवन्! काय [जीवे ग्रहण कर्या] पूर्वे भेदाय?—इत्यादि प्रश्न. [उ०] हे गौतम! पूर्वे पण काय भेदाय, यावत्—[पुद्गल ग्रहण समय वीत्या बाद] पण यावत्—भेदाय. काय क्यारे भेदाय?

---

१३ * काय-आत्मस्वरूप छे, केमके काये करेला कर्मनो अनुभव आत्माने थाय छे, अथवा काय आत्माथी भिन्न छे, केमके कायना एक अंशनो छेद थवा छतां पण आत्मानो छेद थतो नथी, माटे आ प्रश्न उपस्थित थाय छे. उत्तर—कथंचित् काय आत्मस्वरूप पण छे, केमके शरीरने स्पर्श थता तेनो आत्माने अनुभव थाय छे, तेमज कथंचिद् आत्माथी भिन्न पण छे, जो अत्यंत अभिन्न होय तो शरीरनो नाश थतां आत्मानो नाश पण थाय—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१७. [प्र०] कइविहे णं भंते ! काये पन्नत्ते ? [उ०] गोयमा ! सत्तविहे काये पन्नत्ते, तंजहा-१ ओराले, २ ओरालियमीसए, ३ वेउव्विए, ४ वेउव्वियमीसए, ५ आहारए, ६ आहारगमीसए, ७ कम्मए ।

१८. [प्र०] कतिविहे णं भंते ! मरणे पन्नत्ते ? [उ०] गोयमा ! पंचविहे मरणे पण्णत्ते, तंजहा-१ आवीचियमरणे, २ ओहिमरणे, ३ आदिंतियमरणे, ४ बालमरणे, ५ पंडियमरणे ।

१९. [प्र०] आवीचियमरणे णं भंते ! कतिविहे पण्णत्ते ? [उ०] गोयमा ! पंचविहे पण्णत्ते, तंजहा-१ दव्वावीचियमरणे, २ खेत्तावीचियमरणे, ३ कालावीचियमरणे, ४ भवावीचियमरणे, ५ भावावीचियमरणे ।

२०. [प्र०] दव्वावीचियमरणे णं भंते ! कतिविहे पण्णत्ते ? [उ०] गोयमा ! चउव्विहे पण्णत्ते, तंजहा-१ नेरइयदव्वावीचियमरणे, २ तिरिक्खजोणियदव्वावीचियमरणे, ३ मणुस्सदव्वावीचियमरणे, ४ देवदव्वावीचियमरणे । [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'नेरइयदव्वावीचियमरणे नेरइयदव्वावीचियमरणे' ? [उ०] गोयमा ! जण्णं नेरइया नेरइए दव्वे वट्टमाणा जाइं दव्वाइं नेरइयाउयत्ताए गहियाइं, बद्धाइं, पुट्ठाइं, कडाइं, पट्ठवियाइं, निविट्ठाइं, अभिनिविट्ठाइं, अभिसमन्नागयाइं भवंति ताइं दव्वाइं आवीचीयमणुसमयं निरंतरं मरंति त्ति कट्टु से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-'नेरइयदव्वावीचियमरणे,' एवं जाव-देवदव्वावीचियमरणे ।

२१. [प्र०] खेत्तावीचियमरणे णं भंते ! कतिविहे पण्णत्ते ? [उ०] गोयमा ! चउव्विहे पण्णत्ते, तंजहा-१ 'नेरइयखेत्तावीचियमरणे, जाव-४ देवखेत्तावीचियमरणे' ।

२२. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'नेरइयखेत्तावीचियमरणे नेर० २' ? [उ०] गोयमा ! जण्णं नेरइया नेरइयखेत्ते वट्टमाणा जाइं दव्वाइं नेरइयाउयत्ताए०-एवं जहेव दव्वावीचियमरणे तहेव खेत्तावीचियमरणे वि । एवं जाव-भावावीचियमरणे ।

कायना प्रकार.

१७. [प्र०] हे भगवन् ! काय केटला प्रकारे कहेल छे? [उ०] हे गौतम ! काय सात प्रकारे कहेल छे, ते आ प्रमाणे-१ औदारिक, २ औदारिकमिश्र, ३ वैक्रिय, ४ वैक्रियमिश्र, ५ आहारक, ६ आहारकमिश्र, ७ कार्मण.

मरणना प्रकार.

१८. [प्र०] हे भगवन् ! मरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! मरण पांच प्रकारनुं कह्युं छे, ते आ प्रमाणे-१ *आवीचिकमरण, २ अवधिमरण, ३ आत्यंतिकमरण, ४ बालमरण, ५ पंडितमरण.

आवीचिकमरणना प्रकार.

१९. [प्र०] हे भगवन् ! आवीचिकमरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! आवीचिकमरण पांच प्रकारे कह्युं छे, ते आ प्रमाणे-१ द्रव्यावीचिकमरण, २ क्षेत्रावीचिकमरण, ३ कालावीचिकमरण, ४ भवावीचिकमरण, अने ५ भावावीचिकमरण.

द्रव्यावीचिकमरणना प्रकार.

नैरयिकद्रव्यावीचिकमरण.

२०. [प्र०] हे भगवन् ! द्रव्यावीचिकमरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! चार प्रकारे कह्युं छे, ते आ प्रमाणे-१ नैरयिकद्रव्यावीचिकमरण, २ तिर्यंचयोनिकद्रव्यावीचिकमरण, ३ मनुष्यद्रव्यावीचिकमरण अने ४ देवद्रव्यावीचिकमरण. [प्र०] हे भगवन् ! एम शा हेतुथी नैरयिकद्रव्यावीचिकमरणने नैरयिकद्रव्यावीचिकमरण कहो छो? [उ०] हे गौतम ! नारकजीवपणे वर्तता नारकोए जे द्रव्योने नैरयिकआयुषपणे [स्पर्शथकी] ग्रह्यां छे, [बंधनथी] बांधेलां छे, [प्रदेशथी] पुष्ट कर्यां छे, [विशिष्टरसथी] करेलां छे, [स्थितिवडे] प्रस्थापित कर्यां छे, [जीवप्रदेशोमां] निविष्ट-प्रवेशेलां छे, अभिनिविशिष्ट-अत्यंत गाढ प्रवेशेलां छे, अने अभिसमन्वागत-उदयाभिमुख थयेलां छे, ते द्रव्योने आवीचिक-निरंतर प्रतिसमय मरे छे-छोडे छे, माटे ते हेतुथी हे गौतम ! नैरयिक द्रव्यावीचिकमरण नैरयिकद्रव्यावीचिकमरण कहेवाय छे. ए प्रमाणे [तिर्यंचयोनिकद्रव्यावीचिकमरण, मनुष्यद्रव्यावीचिकमरण अने] यावत्-देवद्रव्यावीचिकमरण जाणवुं.

क्षेत्रावीचिकमरण.

२१. [प्र०] हे भगवन् ! क्षेत्रावीचिकमरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! चार प्रकारे कह्युं छे, ते आ प्रमाणे-नैरयिकक्षेत्रावीचिकमरण, २ तिर्यंचयोनिकक्षेत्रावीचिकमरण, यावत्-४ देवक्षेत्रावीचिकमरण.

नारकक्षेत्रावीचिकमरण.

२२. [प्र०] हे भगवन् ! ते ए प्रमाणे शा हेतुथी नारकक्षेत्रावीचिकमरण नारकक्षेत्रावीचिकमरण कहेवाय छे? [उ०] हे गौतम ! नारकक्षेत्रमां वर्तता नारक जीवोए जे द्रव्योने पोते नारकायुषपणे ग्रहण करेलां छे, अने तें [द्रव्योने प्रतिसमय निरंतर मूके छे]-इत्यादि द्रव्यावीचिकमरण संबंधे कहेलुं छे ते अहिं कहेवुं, ते माटे नैरयिकक्षेत्रावीचिकमरण कहेवाय छे. अने ए प्रमाणे यावत्-[कालावीचिकमरण, भवावीचिकमरण, तथा] भावावीचिकमरण पण जाणवुं.

---

१८ * १ आ-समन्तात्, वीचि-तरंगनी पेठे प्रतिसमय अनुभवाता आयुषकर्मपुद्गलोनो अन्य अन्य आयुषना दलिकना उदय थवा साथे क्षय थवो ते आवीचिमरण; २ अवधि-मर्यादासहित मरण, अर्थात् नरकादि भवना हेतुभूत जे वर्तमान आयुषकर्मना पुद्गलोनो अनुभव करीने मरण पामे, अने पुनः तेज आयुषकर्मना पुद्गलोने आगामी भवमां ग्रहण करीने मरण पामशे ते अवधिमरण कहेवाय छे; कारण के ते द्रव्यनी अपेक्षाए पुनः ते पुद्गलोने ग्रहण करे त्यां सुधी जीव मरण पामेलो छे, वळी परिणामना विचित्रपणाथी ग्रहण करीने छोडेला पुद्गलोनुं पुनः ग्रहण पण संभवे छे; ३ जे नारकादिआयुषकर्मना दलिक भोगवी मरण पामे, अने मरण पामी वळी तेज आयुषकर्मना पुद्गलोनो अनुभव कर्या शिवाय मरण पामशे एवुं जे मरण ते द्रव्यनी अपेक्षाए अत्यन्ताभावीपणाथी आत्यन्तिकमरण कहेवाय छे; ४ अविरतिनुं मरण ते बालमरण; ५ अने सर्वविरतिनुं मरण ते पंडितमरण कहेवाय छे.-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२३. [प्र०] ओहिमरणे णं भंते ! कतिविहे पण्णत्ते ? [उ०] गोयमा ! पंचविहे पण्णत्ते, तंजहा–१ दव्वोहिमरणे, २ खेत्तोहिमरणे, जाव–५ भावोहिमरणे ।

२४. [प्र०] दव्वोहिमरणे णं भंते ! कतिविहे पण्णत्ते ? [उ०] गोयमा ! चउव्विहे पण्णत्ते, तंजहा–१ नेरइयदव्वोहिमरणे, जाव–४ देवदव्वोहिमरणे ।

२५. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइयदव्वोहिमरणे २ ? [उ०] गोयमा ! जण्णं नेरइया नेरइयदव्वे वट्टमाणा जाइं दव्वाइं संपयं मरंति, तेणं नेरइया ताइं दव्वाइं अणागए काले पुणो वि मरिस्संति, से तेणट्ठेणं गोयमा ! जाव–दव्वोहिमरणे । एवं तिरिक्खजोणिय०, मणुस्स०, देवदव्वोहिमरणे वि । एवं एएणं गमेणं खेत्तोहिमरणे वि, कालोहिमरणे वि, भवोहिमरणे वि, भावोहिमरणे वि ।

२६. [प्र०] आइंतियमरणे णं भंते ! पुच्छा । [उ०] गोयमा ! पंचविहे पन्नत्ते, तंजहा–१ दव्वाइंतियमरणे, २ खेत्ताइंतियमरणे, जाव–५ भावाइंतियमरणे ।

२७. [प्र०] दव्वाइंतियमरणे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] गोयमा ! चउव्विहे पन्नत्ते, तंजहा–१ नेरइयदव्वाइंतियमरणे, जाव–४ देवदव्वाइंतियमरणे ।

२८. [प्र०] से केणट्ठेणं भंते एवं वुच्चइ–'नेरइयदव्वाइंतियमरणे नेर० २' ? [उ०] गोयमा ! जण्णं नेरइया नेरइयदव्वे वट्टमाणा जाइं दव्वाइं संपयं मरंति, तेणं नेरइया ताइं दव्वाइं अणागए काले नो पुणो वि मरिस्संति, से तेणट्ठेणं जाव–मरणे । एवं तिरिक्ख०, मणुस्स०, देवाइंतियमरणे, एवं खेत्ताइंतियमरणे वि, एवं जाव–भावाइंतियमरणे वि ।

२९. [प्र०] बालमरणे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] गोयमा ! दुवालसविहे पन्नत्ते, तंजहा–१ वलयमरणं, जहा खंदए, जाव–१२ गद्धपट्ठे ।

२३. [प्र०] हे भगवन् ! अवधिमरण केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! पांच प्रकारे कह्युं छे, ते आ प्रमाणे–१ द्रव्यावधिमरण, २ क्षेत्रावधिमरण, [३ कालावधिमरण, ४ भवावधिमरण] यावत्–अने ५ भावावधिमरण. अवधिमरण.

२४. [प्र०] हे भगवन् ! द्रव्यावधिमरण केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! चार प्रकारे कह्युं छे. ते आ प्रमाणे–१ नैरयिकद्रव्यावधिमरण, २ यावत्–[तिर्यञ्चयोनिकद्रव्यावधिमरण, ३ मनुष्यद्रव्यावधिमरण] अने ४ देवद्रव्यावधिमरण. द्रव्यावधिमरण.

२५. [प्र०] हे भगवन् ! नैरयिकद्रव्यावधिमरण शा माटे कहेवाय छे ? [उ०] हे गौतम ! नारकपणे वर्तता नारक जीवो जे द्रव्योने सांप्रत काले मूके छे, अने वळी ते नारको थइने तेज द्रव्योने भविष्यकाळे फरीथी [ग्रहण करीने] पण छोडशे, ते माटे हे गौतम ! नैरयिकद्रव्यावधिमरण कहेवाय छे. ए प्रमाणे तिर्यंचयोनिकद्रव्यावधिमरण, मनुष्यद्रव्यावधिमरण अने देवद्रव्यावधिमरण पण जाणवुं. तथा ए पाठवडे क्षेत्रावधिमरण, कालावधिमरण, भवावधिमरण अने भावावधिमरण जाणवुं. नैरयिकद्रव्यावधिमरण शा हेतुथी कहेवाय छे ?

२६. [प्र०] हे भगवन् ! आत्यंतिकमरण केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! पांच प्रकारे कह्युं छे, ते आ प्रमाणे–१ द्रव्यात्यंतिकमरण, २ क्षेत्रात्यंतिकमरण, यावत्–५ भावात्यंतिकमरण. आत्यन्तिक मरण.

२७. [प्र०] हे भगवन् ! द्रव्यात्यन्तिकमरण केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! चार प्रकारे कह्युं छे, ते आ प्रमाणे–१ नैरयिकद्रव्यात्यन्तिकमरण, अने यावत्–४ देवद्रव्यात्यंतिकमरण. द्रव्यात्यन्तिकमरण.

२८. [प्र०] हे भगवन् ! शा हेतुथी 'नैरयिकद्रव्यात्यंतिकमरण' २ कहेवाय छे ? [उ०] हे गौतम ! नारकपणे वर्तता जे नारक जीवो जे द्रव्योने सांप्रत काळे छोडे छे, ते नैरयिको ते द्रव्योने भविष्यकाले फरी वार नहि छोडे, हे गौतम ! ते हेतुथी 'नैरयिकद्रव्यात्यंतिकमरण' २ कहेवाय छे. ए प्रमाणे तिर्यंचयोनिकद्रव्यात्यंतिकमरण, मनुष्यद्रव्यात्यन्तिकमरण, अने देवद्रव्यात्यन्तिकमरण पण जाणवुं, तथा ए प्रमाणे क्षेत्रात्यन्तिकमरण, यावत्–[कालात्यंतिकमरण, भवात्यंतिकमरण अने] भावात्यंतिकमरण जाणवुं. नैरयिकद्रव्यात्यन्तिकमरण शाथी कहेवाय छे ?

२९. [प्र०] हे भगवन् ! बालमरण केटला प्रकारे कह्युं छे ? [उ०] हे गौतम ! बार प्रकारे कह्युं छे, ते आ प्रमाणे–१ *वलयमरण,–इत्यादि †स्कन्दकना अधिकारमां कह्या प्रमाणे यावत्–१२ गृध्रस्पृष्टमरण जाणवुं. बालमरणना प्रकार.

२९ * १ वलयमरण–अत्यन्त क्षुधाथी वलवलता मरण पामवुं, अथवा संयमथी भ्रष्ट थयेलानुं मरण ते वलन्मरण के वलयमरण कहेवाय छे, १२ गृध्रस्पृष्ट मरण–गीध पक्षीओए अथवा शिकारी पशुओए स्पृष्ट–विदारण करवाथी जे मरण थाय ते. † जुओ भग० खं० १ श० २ उ० १ पृ० २३७.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३०. [प्र०] पंडियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? [उ०] गोयमा ! दुविहे पण्णत्ते, तंजहा–१ पाओवगमणे य २ भत्तपच्चक्खाणे य ।

३१. [प्र०] पाओवगमणे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] गोयमा ! दुविहे पन्नत्ते, तंजहा–णीहारिमे य अनीहारिमे य, जाव–नियमं अपडिकम्मे ।

३२. [प्र०] भत्तपच्चक्खाणे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] एवं तं चेवं, नवरं नियमं सपडिकम्मे । 'सेवं भंते ! सेवं भंते !'त्ति ।

## तेरसमसए सत्तमो उद्देसो समत्तो ।

पंडितमरण. ३०. [प्र०] हे भगवन् ! पंडितमरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! बे प्रकारे कह्युं छे, ते आ प्रमाणे–१ पादपोपगमन (पडेला पादप–वृक्षनी पेठे हाल्या चाल्या शिवाय एकज स्थितिमां उपगमन–रहेवुं), २ भक्तप्रत्याख्यान (आहार पाणिनो त्याग करवो).

पादपोपगमन. ३१. [प्र०] हे भगवन् ! पादपोपगमन मरण केटला प्रकारे कह्युं छे? [उ०] हे गौतम ! बे प्रकारनुं कह्युं छे, ते आ प्रमाणे–१ निर्हारिम (वसतिना एक भागमां पादपोपगमन कराय के ज्यांथी मृत कलेवरने बहार काढवुं पडे ते निर्हारिम पादपोपगमन) २ अनिर्हारिम (पर्वतनी गुफामां के तेवा बीजा स्थळे पादपोपगमन करे के ज्यांथी तेनुं मृत कलेवर बहार न काढवुं पडे ते) यावत्–आ बंने प्रकारनुं पादपोप गमन मरण अवश्य अप्रतिकर्म (शरीरसंस्काररहित) होय छे.

भक्तप्रत्याख्यान. ३२. [प्र०] हे भगवन् ! भक्तप्रत्याख्यानरूप मरण केटला प्रकारे कह्युं छे? [उ०] ए प्रमाणे पूर्वे कह्या प्रमाणे तेना (निर्हारिम अने अनिर्हारिम ए बे भेद जाणवा) पण विशेष ए छे के आ बन्ने प्रकारनुं भक्तप्रत्याख्यानरूप मरण अवश्य सप्रतिकर्म–शरीरसंस्कारसहित होय छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही विहरे छे.

## त्रयोदशशते सप्तम उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अट्ठमो उद्देसो।

१. [प्र०] कति णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ? [उ०] गोयमा! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, एवं बंधट्ठिइ-उद्देसो भाणियव्वो निरवसेसो जहा पन्नवणाए। 'सेवं भंते! सेवं भंते!' त्ति।

### तेरसमसए अट्ठमो उद्देसो समत्तो।

## अष्टम उद्देशक.

१. [प्र०] हे भगवन्! कर्मनी केटली प्रकृतिओ कही छे? [उ०] हे गौतम! कर्मनी आठ प्रकृतिओ कही छे, अहिं प्रज्ञापना सूत्रनो *बंधस्थिति नामे संपूर्ण उद्देशक कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही यावत्-विहरे छे. कर्मप्रकृति.

### त्रयोदशशते अष्टम उद्देशक समाप्त.

## नवमो उद्देसो।

१. रायगिहे जाव-एवं वयासी-[प्र०] से जहानामए केइ पुरिसे केयाघडियं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा केयाघडियाकिच्चहत्थगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा? [उ०] गोयमा! हंता, उप्पएज्जा।

२. [प्र०] अणगारे णं भंते! भावियप्पा केवतियाइं पभू केयाघडियाहत्थकिच्चगयाइं रूवाइं विउव्वित्तए? [उ०] गोयमा! से जहानामए जुवतिं जुवाणे हत्थेणं हत्थे-एवं जहा तइयसए पंचमुद्देसए जाव-'नो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्विंति वा विउव्विस्संति वा'।

## नवम उद्देशक.

१. [प्र०] राजगृहमां [भगवान् गौतम] यावत्-आ प्रमाणे बोल्या के हे भगवन्! जेम कोइ एक पुरुष दोरडाथी बांधेली घटिकाने लइने गमन करे, ए प्रमाणे भावितात्मा साधु दोरडाथी बांधेली घटिकानुं कार्य हस्तगत करी [वैक्रियलब्धिथी एवुं रूप धारण करी] पोते ऊंचे आकाशमां उडे? [उ०] हा गौतम! उडे. वैक्रियशक्तिथी कोई दोरडाथी बांधेली घटिका लेइने एवा रूपे गमन करे?

२. [प्र०] हे भगवन्! भावितात्मा अनगार दोरडाथी बांधेली घटिकाने हाथमां धारण करवारूप केटलां रूपो विकुर्वी शकवाने समर्थ होय? [उ०] हे गौतम! 'जेम कोइ एक युवान पुरुष युवति स्त्रीने हाथ वडे आलिंगे'-इत्यादि ए प्रकारे †तृतीयशतकना पांचमा उद्देशकमां कह्या प्रमाणे यावत्-संप्राप्ति (संपादन) करवावडे तेवां रूपो विकुर्व्यां नथी, विकुर्वता नथी अने विकुर्वशे पण नहि. केटलां रूपो विकुर्वी शके?

---

१ * प्रज्ञा० पद २४ प० ४९१-२. २ † भग० श० ३ उ० ५ प० १९०-१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] से जहानामए केइ पुरिसे हिरन्नपेलं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा हिरण्णपेलहत्थकिच्चगएणं अप्पाणेणं० ? [उ०] सेसं तं चेव, एवं सुवन्नपेलं, एवं रयणपेलं, वइरपेलं, वत्थपेलं, आभरणपेलं, एवं वियलकिड्डं, सुंबकिड्डं, चम्मकिड्डं, कंबलकिड्डं, एवं अयभारं, तंबभारं, तउयभारं, सीसगभारं, हिरन्नभारं, सुवन्नभारं, वइरभारं।

४. [प्र०] से जहानामए वग्गुली सिया, दो वि पाए उल्लंबिया २ उड्ढंपादा अहोसिरा चिट्ठेज्जा; एवामेव अणगारे वि भावियप्पा वग्गुलीकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं० ? [उ०] एवं जन्नोवइयवत्तव्वया भाणियव्वा, जाव-विउव्विस्संति वा।

५. [प्र०] से जहानामए जलोया सिया, उदगंसि कायं उव्विहिया २ गच्छेज्जा, एवामेव०? [उ०] सेसं जहा वग्गुलीए।

६. [प्र०] से जहाणामए बीयंबीयगसउणे सिया, दो वि पाए समतुरंगेमाणे २ गच्छेज्जा, एवामेव अणगारे० ? [उ०] सेसं तं चेव।

७. [प्र०] से जहाणामए पक्खिविरालए सिया, रुक्खाओ रुक्खं डेवेमाणे २ गच्छेज्जा, एवामेव अणगारे० ? [उ०] सेसं तं चेव।

८. [प्र०] से जहानामए जीवंजीवगसउणे सिया, दो वि पाए समतुरंगेमाणे २ गच्छेज्जा, एवामेव अणगारे० ? [उ०] सेसं तं चेव।

९. [प्र०] से जहाणामए हंसे सिया, तीराओ तीरं अभिरममाणे २ गच्छेज्जा, एवामेव अणगारे हंसकिच्चगएणं अप्पाणेणं०? [उ०] तं चेव।

१०. [प्र०] से जहानामए समुद्दवायसए सिया, वीईओ वीइं डेवेमाणे २ गच्छेज्जा, एवामेव० ? [उ०] तहेव।

हिरण्यनी पेटी लइने गमन करे?

३. [प्र०] जेम कोइ एक पुरुष हिरण्यनी पेटीने लइने गमन करे, ए प्रमाणे भावितात्मा अनगार पण हिरण्यनी पेटीना कृत्यने हस्तगत करी (एवुं रूप विकुर्वी) पोते गगनमां उडे? [उ०] बाकी बधुं पूर्ववत् जाणवुं. ए प्रकारे सुवर्णनी पेटी, रत्ननी पेटी, वज्रनी पेटी, वस्त्रनी पेटी अने घरेणांनी पेटीने लइने [आकाशमां गमन करे?] ए प्रमाणे विदलकट-वांसनी सादडी, शुंबकट-घासनी सादडी, चर्मकट, चामडाथी भरेल खाटली वगेरे, अने कांबल्कट-पाथरवाना उननां कांबळा, तथा लोढाना भारने, तांबाना भारने, कलइना भारने, सीसाना भारने, हिरण्यना-रूपाना भारने, सुवर्णना भारने अने वज्रना भारने लइने पण गमन करे.

वडवागुलीनी पेठे गमन करे?

४. [प्र०] हे भगवन्! जेम कोइ एक वडवागुली होय अने ते पोताना बन्ने पग [वृक्षादिक साथे] उंचा लटकावी, उंचा पग अने माथुं नीचे राखीने रहे, ए प्रमाणे भावितात्मा अनगार पण वागुलीना कृत्यने प्राप्त थयेलो [अर्थात् वागुलीनी पेठे] पोते आकाशमां उंचे उडे? [उ०] हा, उडे. एज प्रमाणे यज्ञोपवीतनी (जनोइनी) वक्तव्यता पण कहेवी. [जेम कोइ ब्राह्मण गळामां जनोइ नाखी गमन करे तेम भावितात्मा अनगार तेवुं रूप विकुर्वे-इत्यादि], परन्तु (संप्राप्तिवडे तेवां रूपो) विकुर्वशे नहि.

जळोकानी पेठे गमन करे?

५. [प्र०] हे भगवन्! जेम कोइ एक जळो होय अने ते पोताना शरीरने पाणीमां प्रेरी प्रेरीने गमन करे, ए प्रमाणे भावितात्मा अनगार तेवुं रूप विकुर्वी आकाशमां गमन करे? [उ०] बाकी बधुं वागुलीनी पेठे जाणवुं.

बीजंबीजक पक्षीनी पेठे गमन करे?

६. [प्र०] हे भगवन्! जेम कोइ एक बीजंबीजक पक्षी होय, अने ते पोताना बन्ने पगने घोडानी पेठे साथे उपाडतुं गमन करे, ए प्रमाणे भावितात्मा अनगार [तेवा आकारे आकाशमां उडे? [उ०] हा, उडे.] बाकी बधुं पूर्वनी पेठे जाणवुं.

बिडालक पक्षीनी पेठे गमन करे?

७. [प्र०] जेम कोइ एक बिलाडक नामे पक्षी होय, अने ते एक वृक्षथी बीजा वृक्षे जतुं, बीजा वृक्षथी त्रीजा वृक्षे जतुं गति करे, ए प्रमाणे भावितात्मा अनगार [तेवा आकारे गमन करे? [उ०] हा गमन करे.] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं.

जीवंजीवक पक्षीना जेम गमन करे?

८. [प्र०] जेम कोइ एक जीवंजीवक नामे पक्षी होय, अने ते पण पोताना बन्ने पगने घोडानी पेठे साथे उपाडतुं गति करे, एज प्रमाणे भावितात्मा अनगार पण पोते तेवा आकारे आकाशमां उडे? [उ०] बाकी बधुं पूर्व पेठे जाणवुं.

हंस पेठे गति करे?

९. [प्र०] जेम कोइ एक हंस होय अने ते आ कांठेथी बीजे कांठे रमतो रमतो गति करे, ए प्रमाणे भावितात्मा अनगार पण हंस कृत्यने प्राप्त करी पोते गगनमां [हंसने आकारे उडे?] [उ०] पूर्ववत् जाणवुं.

समुद्रवायसना आकारे गति करे?

१०. [प्र०] जेम कोइ एक समुद्रवायस (समुद्रनो कागडो) होय, अने ते एक तरंगथी बीजा तरंगे जतो गति करे, ए प्रमाणे [भावितात्मा साधु पोते एवा आकारे गगनमां गति करे?] [उ०] ते प्रमाणे जाणवुं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. [प्र०] से जहानामए केइ पुरिसे चक्कं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा चक्कहत्थकिच्चगएणं अप्पाणेणं० ? [उ०] सेसं जहा केयाघडियाए; एवं छत्तं, एवं चमरं।

१२. [प्र०] से जहानामए केइ पुरिसे रयणं गहाय गच्छेज्जा, एवं चेव, एवं वइरं, वेरुलियं, जाव-रिट्ठं, एवं उप्पल-हत्थगं, पउमहत्थगं, कुमुदहत्थगं; एवं जाव-से जहानामए केइ पुरिसे सहस्सपत्तगं गहाय गच्छेज्जा० ? [उ०] एवं चेव;

१३. [प्र०] से जहानामए केइ पुरिसे भिसं अवद्दालिय २ गच्छेज्जा, एवामेव अणगारे वि भिसकिच्चगएणं अप्पाणेणं०? [उ०] तं चेव।

१४. [प्र०] से जहानामए मुणालिया सिया, उदगंसि कायं उम्मज्जिय २ चिट्ठिज्जा, एवामेव० ? [उ०] सेसं जहा वग्गुलीए।

१५. [प्र०] से जहानामए वणसंडे सिया, किण्हे, किण्होभासे, जाव-निकुरुंबभूए, पासादीए ४, एवामेव अणगारे वि भावियप्पा वणसंडकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? [उ०] सेसं तं चेव।

१६. [प्र०] से जहानामए पुक्खरणी सिया, चउक्कोणा, समतीरा, अणुपुव्वसुजाय० जाव-सद्दुन्नइयमहुरसरणादिया पासादीया ४, एवामेव अणगारे वि भावियप्पा पोक्खरणीकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? [उ०] हंता उप्पएज्जा।

१७. [प्र०] अणगारे णं भंते ! भावियप्पा केवतियाइं पभू पोक्खरणीकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ? [उ०] सेसं तं चेव जाव-विउव्विस्संति वा।

१८. [प्र०] से भंते ! किं मायी विउव्वति, अमायी विउव्वति ? [उ०] गोयमा ! मायी विउव्वइ, नो अमायी विउव्वइ। मायी णं तस्स ठाणस्स अणालोइय० एवं जहा तइयसए चउत्थुद्देसए जाव-'अत्थि तस्स आराहणा'। 'सेवं भंते ! सेवं भंते !'त्ति विहरइ।

## तेरसमसए नवमो उद्देसो समत्तो।

**चक्रहस्त पुरुषनी जेम गति करे?**

११. [प्र०] जेम कोइ एक पुरुष चक्रने लइने गति करे, एज प्रमाणे भावितात्मा अनगार पोते चक्रकृत्यने हस्तगत करीने [एवा आकारे आकाशमां उडे?] [उ०] बाकी बधुं पूर्वे कहेली दोरडाथी बांधेल घटिकानी पेठे (सू० १) जाणवुं. एज प्रमाणे छत्र तथा चामरने लइने गमन करे.

**रत्नहस्त पुरुषनी पेठे गति करे?**

१२ [प्र०] जेम कोइ एक पुरुष रत्नने लइने गमन करे, ए प्रमाणे वज्र, वैडुर्य, यावत्-रिष्ट (श्यामरत्न), ए प्रमाणे उत्पलने हस्तगत करी, पद्मने हस्तगत करी, ए प्रमाणे यावत्-कोइ एक पुरुष सहस्रपत्रने लइने गति करे, तेम भावितात्मा अनगार पोते एवा आकारे आकाशमां गति करे? [उ०] ए प्रमाणे जाणवुं.

**बिस.**

१३. [प्र०] हे भगवन् ! जेम कोइ एक पुरुष बिसनी-कमळनी डांडलीने तोडी तोडीने गति करे, ते प्रमाणे अनगार पण पोते बिसकृत्यने प्राप्त करी-[एवा प्रकारे] पोते गगनमां गमन करे? [उ०] पूर्ववत् जाणवुं.

**मृणालिका.**

१४. [प्र०] जेम कोइ एक मृणालिका-कमलनो छोड पाणीमां कायने-पोताना शरीरने डुबाडी डुबाडी [मुख बहार राखी] रहे, ए प्रमाणे भावितात्मा अनगार पोते एवा आकारे गगनमां उडे? [उ०] बाकी बधुं वागुलीनी पेठे जाणवुं.

**वनखंड.**

१५. [प्र०] जेम कोइ एक वनखंड होय, अने ते काळो, काळा प्रकाशवाळो, यावत्-मेघना समूहरूप, प्रसन्नता देनार अने [दर्शनीय] होय, ए ज प्रमाणे भावितात्मा अनगार पण पोते वनखंडना कृत्यने प्राप्त करी अर्थात् एवा आकारे पोते गगनमां उडे? [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं.

**पुष्करिणीना आकारे आकाशमां गमन करे?**

१६. [प्र०] जेम कोइ एक पुष्करिणी-वाव होय, अने ते चोखंडी, समान कांठावाळी, जेने अनुक्रमे सुशोभित वप्र-वंडी छे एवी, पोपट वगेरे पक्षीओना मोटा शब्दवाळी, तेओना मधुर स्वरवाळी अने प्रसन्नता आपनार होय, ए प्रमाणे भावितात्मा अनगार पण पुष्करिणीना कृत्यने प्राप्त करी-एवा आकारने विकुर्वी पोते आकाशमां उडे? [उ०] हा उडे.

**केटलां रूपो विकुर्वे?**

१७. [प्र०] हे भगवन् ! भावितात्मा अनगार पुष्करिणीना कृत्यने प्राप्त-एवा आकारवाळां केटलां रूपो विकुर्ववाने समर्थ थाय? [उ०] बाकी पूर्व प्रमाणे जाणवुं, पण ते संप्राप्तिथी यावत्-विकुर्वशे नहि.

**मायासहित के मायारहित विकुर्वे?**

१८. [प्र०] हे भगवन् ! [पूर्वोक्त रूपो] मायावाळो विकुर्वे के मायारहित (अनगार) विकुर्वे? [उ०] हे गौतम ! मायावाळो विकुर्वे, पण मायारहित साधु न विकुर्वे. मायावाळो साधु विकुर्वणारूप प्रमाद स्थानकनी आलोचना अने प्रतिक्रमण कर्या शिवाय काळ करे-इत्यादि *तृतीय शतकना चोथा उद्देशकमां कह्या प्रमाणे जाणवुं, यावत्-'तेने आराधना थाय छे-' त्यां सुधी कहेवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'-एम कही [भगवान् गौतम !] यावद्-विहरे छे.

## त्रयोदशशते नवम उद्देशक समाप्त.

* भग० खं० २ श० ३ उ० ४ पृ० ९३.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दसमो उद्देसो।

१. [प्र०] कति णं भंते! छाउमत्थियसमुग्घाया पन्नत्ता? [उ०] गोयमा! छ छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तंजहा-१ वेयणासमुग्घाए, एवं छाउमत्थियसमुग्घाया नेयव्वा, जहा पन्नवणाए, जाव-आहारगसमुग्घायेत्ति। 'सेवं भंते! सेवं भंते!' त्ति जाव-विहरति।

तेरसमसए दसमो उद्देसो समत्तो।

तेरसमं सयं समत्तं।

## दशम उद्देशक

समुद्घात.

१. [प्र०]-हे भगवन्! छाद्मस्थिक समुद्घातो केटला कह्या छे? [उ०] हे गौतम! छाद्मस्थिक छ समुद्घातो कह्या छे, ते आ प्रमाणे-१ वेदनासमुद्घात-इत्यादि ए प्रमाणे छाद्मस्थिक समुद्घातो *प्रज्ञापनासूत्रना समुद्घात पदमां कह्या प्रमाणे यावत्-आहारसमुद्घात सुधी जाणवा. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही [भगवान् गौतम] यावद्-विहरे छे.

त्रयोदशशते दशम उद्देशक समाप्त

त्रयोदशशतक समाप्त.

---

१ * प्रज्ञा० पद ३६ प० ५५८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# चोद्दसमं सयं ।

१. १ चर २ उम्माद ३ सरीरे ४ पोग्गल ५ अगणी तहा ६ किमाहारे ।
७ संसिट्ठ ८ मंतरे खलु ९ अणगारे १० केवली चेव ॥

## पढमो उद्देसो ।

२. [प्र०] रायगिहे जाव–एवं वयासी–अणगारे णं भंते ! भावियप्पा चरमं देवावासं वीतिक्कंते, परमं देवावासम-संपत्ते, एत्थ णं अंतरा कालं करेज्जा, तस्स णं भंते ! कहिं गती, कहिं उववाए पन्नत्ते ? [उ०] गोयमा ! जे से तत्थ परियस्सओ तल्लेसा देवावासा, तहिं तस्स गई, तहिं तस्स उववाए पन्नत्ते । से य तत्थ गए विराहेज्जा कम्मलेस्सामेव पडिपडति, से य तत्थ गए नो विराहेज्जा, तामेव लेस्सं उवसंपज्जित्ता णं विहरति ।

# चतुर्दश शतक.

१. [उद्देशक संग्रह–] १ चरमशब्दसहित होवाथी चरमनामे प्रथम उद्देशक, २ उन्मादना अर्थनो प्रतिपादक होवाथी उन्मादनामे बीजो उद्देशक, ३ शरीरशब्दसहित होवाथी शरीरनामे त्रीजो उद्देशक, ४ पुद्गल–पुद्गलार्थ प्रतिपादित करवाथी पुद्गलनामे चोथो उद्देशक, ५ अग्निशब्दसहित होवाथी अग्निनामे पंचम उद्देशक, ६ किमाहार–( कई दिशाना आहारवाळो होय छे? ) ए प्रश्नयुक्त होवाथी किमाहार-नामे षष्ठ उद्देशक, ७ *'चिरसंसिट्ठो सि गोयमा' !–आ पदमां आवेला संश्लिष्टशब्दसहित होवाथी सातमो संश्लिष्ट उद्देशक, ८ नरकपृथिवीना अन्तरने प्रतिपादन करवाथी आठमो अन्तर उद्देशक, ९ प्रारंभमां 'अनगार'–पद होवाथी नवमो अनगार उद्देशक, अने १० आरंभमां 'केवली'–ए पद होवाथी दशमो केवली उद्देशक–[ए प्रमाणे चौदमां शतकमां दश उद्देशको कहेवामां आवशे.]

## प्रथम उद्देशक.

२. [प्र०] राजगृह नगरमां [भगवान् गौतम] यावद्–आ प्रमाणे बोल्या के, हे भगवन् ! भावितात्मा अनगार (साधु) जेणे चरम–छेल्ला देवावासनुं उल्लंघन कर्युं छे, अने हजी परम–आगळना देवावासने प्राप्त थयो नथी, आ अवसरे ते काळ करे–मरण पामे तो हे भगवन् ! तेनी क्यां गति थाय अने तेनो क्यां उत्पाद थाय ? [उत्तरोत्तर प्रशस्त अध्यवसायस्थानने विषे वर्तमान अनगार चरम–सौधर्मादिदेवलोकना आ छेड़े वर्तमान देवावासनी स्थित्यादिना बन्धने योग्य अध्यवसायस्थानने ओळंगी गयो छे, अने परम–उपर रहेला सनत्कुमारादि देवलोकना स्थित्यादिना बन्धने योग्य अध्यवसायने प्राप्त थयो नथी, आ अवसरे काळ करे तो ते क्यां उपजे ?] [उ०] हे गौतम ! चरम देवावास अने परम देवावासनी पासे ते लेश्यावाळा देवावासो छे त्यां तेनी गति अने त्यां तेनो उत्पाद कहेलो छे. [सौधर्मादिदेवलोक अने सनत्कुमारादि देवलोकनी पासे ईशानादि देवलोकमां जे लेश्याए साधु मरण पामे ते लेश्यावाळा देवावासोने विषे तेनी गति अने तेनो उत्पाद थाय छे.] ते साधु त्यां जइने पोतानी पूर्व लेश्याने विराधे–छोडे तो ते कर्मलेश्या–†भावलेश्याथी पडे छे, अने जो ते त्यां जइने न विराधे तो तेज लेश्यानो आश्रय करी विहरे छे.

भावितात्मा अनगार जेणे चरम देवावासनुं उल्लंघन कर्युं छे अने परम देवावासने प्राप्त थयो नथी ते मरीने क्यां उपजे ?

---

१ * हे गौतम ! तुं लांबा काळथी [मारी साथे] संबन्धवाळो छे.

२ † देव अने नारको द्रव्य लेश्याथी पडता नथी, भावलेश्याथी पडे छे, कारण के तेने द्रव्यलेश्या अवस्थित होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] अणगारे णं भंते ! भावियप्पा चरमं असुरकुमारावासं वीतिक्कंते, परमं असुर० [उ०] एवं चेव, एवं जाव-थणियकुमारावासं, जोइसियावासं, एवं वेमाणियावासं, जाव-विहरति ।

४. [प्र०] नेरइयाणं भंते ! कहं सीहा गती, कहं सीहे गतिविसए पण्णत्ते ? [उ०] गोयमा ! से जहानामए-केइ पुरिसे तरुणे बलवं जुगवं जाव-निउणसिप्पोवगए आउट्टियं बाहं पसारेज्जा, पसारियं वा बाहं आउंटेज्जा, विक्खिण्णं वा मुट्ठिं साहरेज्जा, साहरियं वा मुट्ठिं विक्खिरेज्जा, उन्निमिसियं वा अच्छिं णिम्मिसेज्जा, निम्मिसियं वा अच्छिं उम्मिसेज्जा, भवे एयारूवे ? णो तिणट्ठे समट्ठे, नेरइया णं एगसमएण वा दुसमएण वा तिसमएण वा विग्गहेणं उववज्जंति; नेरइयाणं गोयमा ! तहा सीहा गती, तहा सीहे गतिविसए पण्णत्ते; एवं जाव-वेमाणियाणं, नवरं एगिंदियाणं चउसमइए विग्गहे भाणियव्वे । सेसं तं चेव ।

५. [प्र०] नेरइया णं भंते ! किं अणंतरोववन्नगा, परंपरोववन्नगा, अणंतरपरंपरअणुववन्नगा ? [उ०] गोयमा ! नेरइया अणंतरोववन्नगा वि, परंपरोववन्नगा वि, अणंतरपरंपरअणुववन्नगा वि [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-जाव-अणंतरपरंपरअणुववन्नगा वि ? [उ०] गोयमा ! जे णं नेरइया पढमसमयोववन्नगा ते णं नेरइया अणंतरोववन्नगा, जे णं नेरइया अपढम-

असुरकुमारावास.

३. [प्र०] हे भगवन् ! भावितात्मा अनगार चरम-आ तरफ छेल्ला असुरकुमारावासने ओळंगी गयो छे अने परम असुरकुमारावासने प्राप्त थयो नथी, ते जो आ अवसरे मरण पामे तो ते क्यां उपजे ? [उ०] ए प्रमाणे जाणवुं. ए रीते यावत्-स्तनितकुमारावास, ज्योतिषिकावास अने वैमानिकावासपर्यन्त यावत्-'विहरे छे' त्यां सुधी जाणवुं.

नारकोनी शीघ्र गति.

४. [प्र०] हे भगवन् ! नैरयिकोनी केवा प्रकारनी शीघ्र गति कही छे, अने तेओनो केवा प्रकारनी शीघ्र गतिनो विषय (समय) कह्यो छे ? [उ०] हे गौतम ! जेम कोइ एक पुरुष तरुण, बलिष्ठ, युगवाळो (विशिष्ट बलवाळा सुषमादिकाळमां उत्पन्न थयेलो) अने यावत्-निपुण शिल्पशास्त्रनो ज्ञाता होय; ते पोताना संकुचित हाथने (त्वराथी) पसारे अने पसारेला हाथने संकुचित करे, पसारेली मुठिने संकुचित करे, अने संकोचेली मुठीने पसारे-उघाडे, उघाडेली आंखने मींची दे अने मींचेली आंखने उघाडे, हे गौतम ! (नारकोनी) आवा प्रकारनी-शीघ्रगति अथवा शीघ्र गतिनो विषय होय ? आ अर्थ समर्थ-यथार्थ नथी. नारको एक समयनी (ऋजुगतिवडे) अने बे समय के त्रण समयनी *विग्रहगतिवडे उत्पन्न थाय छे. हे गौतम ! तेवा प्रकारे (एक समय, बे समय के त्रण समयनी) नैरयिकोनी शीघ्रगति अथवा शीघ्रगतिनो विषय कह्यो छे. ए प्रमाणे यावद्-वैमानिको सुधी जाणवुं. परन्तु विशेष ए छे के, †एकेन्द्रियोने (उत्कृष्ट) चार समयनी विग्रहगति कहेवी. बाकी (पृथिवीकायिकादि दंडकने विषे) बधुं पूर्व प्रमाणे जाणवुं.

नारको अनन्तरोपपन्न, परंपरोपपन्न के अनन्तरपरंपरानुपपन्न छे ?

५. [प्र०] हे भगवन् ! शुं नैरयिको अनन्तरोपपन्न (जेओनी उत्पत्तिमां समयादिकनुं अन्तर नथी, अर्थात् नारकभवना प्रथम समये उत्पन्न थयेला एवा) छे, परंपरोपपन्न (जेओनी उत्पत्तिने बे-त्रण-इत्यादि समयनी परंपरा थयेली छे तेवा) छे, अनन्तरपरंपरानुपपन्न (जेओनी अनन्तर अने परम्पर-ए बन्ने प्रकारनी उत्पत्ति थयेली नथी एवा) छे ? [उ०] हे गौतम ! नैरयिको अनन्तरोपपन्न छे, परंपरोपपन्न छे अने अनन्तरपरंपरानुपपन्न पण छे. [प्र०] हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी कहो छो के, नैरयिको यावत्-अनन्तरपरंपरानुपपन्न छे ? [उ०] हे गौतम ! जे नैरयिको प्रथम समये उत्पन्न थया छे तेओ 'अनन्तरोपपन्न' कहेवाय छे, जे नैरयिकोनी उत्पत्तिमां प्रथम समय शिवाय द्वितीयादि समयो व्यतीत थया छे तेओ 'परंपरोपपन्न' कहेवाय छे अने जे नैरयिको विग्रहगतिने प्राप्त थया छे ते 'अनन्तरपरंपरानुपपन्न' कहेवाय छे,

---

४ * अहिं एक भवथी भवान्तरमां गमनकरवारूप गति जाणवी. नारको नरकगतिमां एक समय, बे समय अने त्रण समयनी गतिवडे उत्पन्न थाय छे. तेमां ऋजुगति एक समयनी होय छे, अने विग्रहगति बे अथवा त्रण समयनी होय छे ते शीघ्रगति कहेवाय छे. बाहुप्रसारणादि गतिनो काल असंख्य समयनो छे, तेथी तेवा प्रकारनी गतिने शीघ्रगति न कहेवाय. ज्यारे जीव समश्रेणिए आवेला उत्पत्ति स्थानके जइने उपजे छे त्यारे तेने ऋजुगति एक समयनी होय छे, पण ज्यारे उत्पत्तिस्थानक समश्रेणिमां होतुं नथी त्यारे विग्रहगति बे के त्रण समयनी होय छे; अने एकेन्द्रिय जीवने उत्कृष्ट चार समयनी विग्रहगति होय छे; तेमां बे समयनी विग्रहगति आ प्रमाणे-ज्यारे कोइ जीव भरतक्षेत्रनी पूर्व दिशाथी नरकमां पश्चिम दिशाए उत्पन्न थाय, त्यारे प्रथम समये नीचे आवे, बीजे समये तिर्छो उत्पत्तिस्थानके जाय. ए रीते बे समयनी विग्रहगति जाणवी. त्रण समयनी विग्रहगति आ प्रमाणे-ज्यारे कोइ जीव भरतनी पूर्व दिशाथी नरकमां वायव्य दिशा तरफ उपजे त्यारे ते एक समये समश्रेणिद्वारा नीचे आवे, बीजे समये तिर्यग् पश्चिम दिशाए जाय, त्रीजा समये तिर्यग् वायव्य दिशाने विषे उत्पत्तिस्थानके जइने उपजे. ए प्रमाणे नारकोनो शीघ्रगतिकाल अथवा आवा प्रकारनी शीघ्रगति कही.

† एकेन्द्रियोने चार समयनी विग्रहगति आ प्रमाणे होय छे-एक समयमां त्रसनाडीथी बहार अधोलोकनी विदिशाथी दिशा तरफ जाय, केमके जीवनी गति श्रेणिने अनुसारे होय छे. बीजा समये लोकना मध्यभागमां प्रवेश करे, त्रीजा समये उंचे (ऊर्ध्वलोकमां) जाय, अने चोथे समये त्रसनाडीथी नीकळी दिशाने विषे व्यवस्थित उत्पत्तिस्थाने जाय. आ वात सामान्यरीते घणा जीवने आश्रयी कही. अन्यथा एकेन्द्रियने पांच समयनी विग्रहगति संभवे छे. ते आ प्रमाणे—१ त्रसनाडीथी बहार अधोलोकनी विदिशाथी दिशा तरफ जाय, २ बीजा समये लोकमां प्रवेश करे, ३ त्रीजा समये ऊर्ध्वलोकमां जाय, ४ चोथा समये त्यांथी दिशा तरफ जाय, अने ५ पांचमा समये विदिशामां रहेला उत्पत्तिस्थानके जाय. एम पांच समयनी विग्रहगति कही.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समयोववन्नगा ते णं नेरइया परंपरोववन्नगा, जे णं नेरइया विग्गहगइसमावन्नगा ते णं नेरइया अणंतरपरंपरअणुववन्नगा, से तेणट्ठेणं जाव–अणुववन्नगा वि, एवं निरंतरं जाव–वेमाणिया।

६. [प्र०] अणंतरोववन्नगा णं भंते! नेरइया किं नेरइयाउयं पकरेंति, तिरिक्ख०, मणुस्स०, देवाउयं पकरेंति? [उ०] गोयमा! नो नेरइयाउयं पकरेंति, जाव–नो देवाउयं पकरेंति।

७. [प्र०] परंपरोववन्नगा णं भंते! नेरइया किं नेरइयाउयं पकरेंति, जाव-देवाउयं पकरेंति? [उ०] गोयमा! नो नेरइयाउयं पकरेंति, तिरिक्खजोणियाउयं पि पकरेंति, मणुस्साउयं पि पकरेंति, नो देवाउयं पकरेंति।

८. [प्र०] अणंतरपरंपरअणुववन्नगा णं भंते! नेरइया किं नेरइयाउयं पकरेंति-पुच्छा। [उ०] नो नेरइयाउयं पकरेंति, जाव–नो देवाउयं पकरेन्ति, एवं जाव–वेमाणिया, नवरं पंचिंदियतिरिक्खजोणिया मणुस्सा य परंपरोववन्नगा चत्तारि वि आउयाइं पकरेंति, सेसं तं चेव।

९. [प्र०] नेरइया णं भंते! किं अणंतरनिग्गया, परंपरनिग्गया, अणंतरपरंपरअनिग्गया? [उ०] गोयमा! नेरइया णं अणंतरनिग्गया वि, जाव–अणंतरपरंपरनिग्गया वि। [प्र०] से केणट्ठेणं जाव–अणिग्गया वि? [उ०] गोयमा! जे णं नेरइया पढमसमयनिग्गया ते णं नेरइया अणंतरनिग्गया, जे णं नेरइया अपढमसमयनिग्गया ते णं नेरइया परंपरनिग्गया, जे णं नेरइया विग्गहगतिसमावन्नगा ते णं नेरइया अणंतरपरंपरअणिग्गया, से तेणट्ठेणं गोयमा! जाव–अणिग्गया वि, एवं जाव–वेमाणिया।

१० [प्र०] अणंतरनिग्गया णं भंते! नेरइया किं नेरइयाउयं पकरेंति, जाव–देवाउयं पकरेंति? [उ०] गोयमा! नो नेरइयाउयं पकरेंति, जाव–नो देवाउयं पकरेंति।

माटे ते हेतुथी हे गौतम! नैरयिको पूर्व प्रमाणे यावत्–*'अनन्तरपरम्परानुपपन्न छे–'त्यां सुधी कहेवुं. ए प्रमाणे निरन्तर यावत्–वैमानिको सुधी कहेवुं.

६. [प्र०] हे भगवन्! अनन्तरोपपन्न (प्रथम समये उत्पन्न थयेला) नैरयिको शुं नैरयिकनुं आयुष बांधे, तिर्यंचनुं आयुष बांधे, मनुष्यनुं आयुष बांधे, के देवनुं आयुष बांधे? [उ०] हे गौतम! तेओ नैरयिकनुं आयुष न बांधे, यावद्–देवनुं आयुष पण न †बांधे. *(अनन्तरोपपन्न नारको आश्रयी आयुषनो बन्ध.)*

७. [प्र०] हे भगवन्! परंपरोपपन्न नैरयिको शुं नैरयिकनुं आयुष बांधे, यावद्–देवनुं आयुष बांधे? [उ०] हे गौतम! तेओ नैरयिकनुं आयुष बांधता नथी, तिर्यंचनुं आयुष बांधे छे, मनुष्यनुं आयुष पण बांधे छे, देवनुं आयुष बांधता नथी. *(परंपरोपपन्न नैरयिकोने आयुषनो बन्ध.)*

८. [प्र०] हे भगवन्! अनन्तरपरंपरानुपपन्न (विग्रहगतिने प्राप्त थयेला) नैरयिको शुं नैरयिकनुं आयुष बांधे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! तेओ नैरयिकनुं आयुष न बांधे, यावत्–देवायुष पण न बांधे. ए प्रमाणे यावद् वैमानिको सुधी जाणवुं. परन्तु एटलो विशेष छे के परंपरोपपन्न पंचेन्द्रियतिर्यंचयोनिको अने मनुष्यो चारे प्रकारना आयुष बांधे छे. बाकी बधुं पूर्व प्रमाणे कहेवुं. *(अनन्तरपरंपरानुपपन्न नैरयिको.)*

९. [प्र०] हे भगवन्! शुं नैरयिको अनन्तरनिर्गत (नरकादिथी नीकळी भवान्तर प्राप्त थयेला जेओने प्रथम समय वर्ते छे, समयादिना अन्तरनो अभाव छे)–परंपरनिर्गत (नरकादिथी नीकळी भवान्तरने प्राप्त थयेला जेओने बे–त्रण–इत्यादि समयोनुं अन्तर छे) अने अनन्तर–परम्परानिर्गत (जेओ नरकथी नीकळी विग्रहगतिमां वर्तता होय छे, अने ज्यां सुधी उत्पत्ति क्षेत्रने प्राप्त न थाय त्यांसुधी ते अनन्तरभावे अने परंपरभावे अनिर्गत एवा) छे? [उ०] हे गौतम! नारको अनन्तरनिर्गत पण होय छे, यावत्–अनन्तरपरम्परानिर्गत पण होय छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के यावत्–'नारको अनन्तरपरम्परानिर्गत छे'? [उ०] हे गौतम! जे नैरयिको नरकथी प्रथम समये नीकळेला छे तेओ अनन्तरनिर्गत, जेओ प्रथमसमय व्यतिरिक्त द्वितीयादि समयथी निकळेला छे तेओ परंपरनिर्गत, अने जेओ विग्रहगतिने प्राप्त थयेला छे तेओ अनन्तरपरंपरानिर्गत छे. माटे ते हेतुथी हे गौतम! एम कहेवाय छे के नैरयिको यावत्–अनन्तरपरम्परानिर्गत छे. ए प्रमाणे यावद्–वैमानिको सुधी [ए त्रण त्रण आलापको] कहेवा. *(अनन्तरनिर्गतादि नैरयिको.)* *(नारको अनन्तरनिर्गतादि केम कहेवाय छे?)*

१०. [प्र०] हे भगवन्! अनन्तरनिर्गत नारको शुं नरकायुष बांधे, के यावद्–देवायुष बांधे, [उ०] हे गौतम! तेओ नारकायुष न बांधे, यावत्–देवायुष न बांधे. *(अनन्तरनिर्गतादिने आश्रयी आयुषनो बन्ध)*

---

५ * जेओनी अनन्तर अने परम्पर–ए बन्ने प्रकारनी उत्पत्ति नथी एवा विग्रहगतिमां वर्तमान जीवो 'अनन्तरपरंपरानुपपन्न' कहेवाय छे, केमके अनन्तर उत्पत्ति भवना प्रथमसमये होय छे, परंपरोत्पत्ति द्वितीयादि समये होय छे, अने विग्रहगतिमां बन्ने प्रकारनी उत्पत्तिनो अभाव छे.

६ † अहिं अनन्तरोपपन्न अने अनन्तरपरंपरानुपपन्न नैरयिको चारे प्रकारना आयुषनो बन्ध करता नथी, केमके ते अवस्थामां तेवा प्रकारना अध्यवसायना अभावे सर्व जीवोने आयुषनो बन्ध थतो नथी. पोताना आयुषना तृतीय भागादि बाकी होय त्यारे आयुषनो बन्ध थाय छे; तेथी परंपरोपपन्न नैरयिको पोताना आयुषना छ मास बाकी होय त्यारे अने मतान्तरे उत्कृष्टथी छ मास अने जघन्यथी अन्तर्मुहूर्त बाकी होय त्यारे भवनिमित्तक तिर्यंच अने मनुष्यायुष बांधे छे, ते सिवाय देव अने नारकना आयुषनो बन्ध करता नथी.–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. [प्र०] परंपरनिग्गया णं भंते ! नेरइया किं नेरइयाउयं०-पुच्छा । [उ०] गोयमा ! नेरइयाउयं पि पकरेंति, जाव- देवाउयं पि पकरेंति ।

१२. [प्र०] अणंतरपरंपरअणिग्गया णं भंते ! नेरइया-पुच्छा । [उ०] गोयमा ! नो नेरइयाउयं पकरेंति, जाव-नो देवाउयं पकरेंति, एवं निरवसेसं जाव-वेमाणिया ।

१३. [प्र०] नेरइया णं भंते ! किं अणंतरखेदोववन्नगा, परंपरखेदोववन्नगा, अणंतरपरंपरखेदाणुववन्नगा ? [उ०] गोयमा ! नेरइया०, एवं एएणं अभिलावेणं तं चेव चत्तारि दंडगा भाणियव्वा । 'सेवं भंते ! सेवं भंते !'त्ति जाव-विहरइ ।

## चोद्दसमसए पढमो उद्देसो समत्तो ।

परंपरनिर्गत.

११. [प्र०] हे भगवन् ! परंपरनिर्गत नारको शुं नारकायुष बांधे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! तेओ नारकायुष पण बांधे, यावद्-देवायुष पण बांधे.

अनन्तरपरंपरानिर्गत.

१२. [प्र०] हे भगवन् ! अनन्तरपरंपरानिर्गत नारको शुं नारकायुष बांधे ?-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! तेओ नरकायुष न बांधे, यावद्-देवायुष पण न बांधे. [कारण के अनन्तरपरंपरानिर्गत नारको विग्रहगतिने विषे होय छे अने त्यां आयुषनो बन्ध थतो नथी.] ए प्रमाणे समग्र यावद्-वैमानिको सुधी जाणवुं.

अनन्तरखेदोपपन्न-वगेरे.

१३. [प्र०] हे भगवन् ! नैरयिको शुं अनन्तरखेदोपपन्न (समयादिना अन्तररहित-प्रथम समये जेओनो दुःखयुक्त उत्पाद छे एवा) छे, परंपरखेदोपपन्न (जेओना खेदयुक्त उत्पादमां बे-त्रण इत्यादि समयो थयेला छे एवा) छे के अनन्तरपरंपरखेदानुपपन्न (जेओनी उत्पत्ति अनन्तर-तुरतज अने परम्पर खेदवडे नथी तेवा) छे? [उ०] हे गौतम ! ए नैरयिको अनन्तरखेदोपपन्न-इत्यादि त्रणे प्रकारना छे. ए प्रमाणे ए अभिलापथी पूर्व प्रमाणे *चार दंडको कहेवा 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे,' एम कही [भगवान् गौतम] यावद्-विहरे छे.

## चतुर्दशशतके प्रथम उद्देशक समाप्त.

---

१३ * १ खेदोपपन्न दंडक, २ खेदोपपन्नने आश्रयी आयुषना बन्धनो दंडक, ३ खेदनिर्गतदंडक, अने ४ खेदनिर्गतने आश्रयी आयुषना बंधनो दंडक-ए प्रमाणे चार दंडक जाणवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बीओ उद्देसो।

१. [प्र०] कतिविहे णं भंते! उम्मादे पण्णत्ते? [उ०] गोयमा! दुविहे उम्मादे पण्णत्ते, तंजहा–जक्खावेसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं। तत्थ णं जे से जक्खाएसे से णं सुहवेयणतराए चेव सुहविमोयणतराए चेव। तत्थ णं जे से मोहणिज्जस्स कम्मस्स उदएणं से णं दुहवेयणतराए चेव दुहविमोयणतराए चेव।

२. [प्र०] नेरइयाणं भंते! कतिविहे उम्मादे पण्णत्ते? [उ०] गोयमा! दुविहे उम्मादे पण्णत्ते, तंजहा–जक्खावेसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'नेरइयाणं दुविहे उम्मादे पण्णत्ते, तंजहा–जक्खावेसे य मोहणिज्जस्स जाव–उदएणं'? [उ०] गोयमा! देवे वा से असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं उम्मादं पाउणेज्जा, मोहणिज्जस्स वा कम्मस्स उदएणं मोहणिज्जं उम्मायं पाउणेज्जा, से तेणट्ठेणं जाव–उम्माए।

३. [प्र०] असुरकुमाराणं भंते! कतिविहे उम्मादे पण्णत्ते? [उ०] एवं जहेव नेरइयाणं, नवरं देवे वा से महिड्ढीयतराए असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं उम्मादं पाउणेज्जा, मोहणिज्जस्स वा, सेसं तं चेव, से तेणट्ठेणं जाव–उदएणं, एवं जाव–थणियकुमाराणं। पुढविक्काइयाणं जाव–मणुस्साणं एएसिं जहा नेरइयाणं, वाणमंतर–जोइस–वेमाणियाणं जहा असुरकुमाराणं।

## द्वितीय उद्देशक.

१. [प्र०] हे भगवन्! केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! बे प्रकारनो [1]*उन्माद कह्यो छे, ते आ प्रमाणे–१ यक्षना आवेशरूप, अने २ मोहनीयकर्मना उदयथी थयेलो. तेमां जे यक्षावेशरूप उन्माद छे ते सुखपूर्वक वेदी शकाय अने सुखपूर्वक मूकी शकाय तेवो छे, अने तेमां जे मोहनीयकर्मना उदयथी थयेलो उन्माद छे ते दुःखपूर्वक वेदवा लायक अने दुःखपूर्वक मूकी शकाय तेवो छे. उन्मादना प्रकार.

२. [प्र०] हे भगवन्! नैरयिकोने केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! तेओने बे प्रकारनो उन्माद होय छे, ते आ प्रमाणे–१ यक्षावेशरूप उन्माद अने २ मोहनीयकर्मना उदयथी थयेलो उन्माद. [प्र०] हे भगवन्! आप एम शा हेतुथी कहो छो के, 'नैरयिकोने एक यक्षावेशरूप अने बीजो मोहनीयकर्मजन्य एम बे प्रकारनो उन्माद होय छे'? [उ०] हे गौतम! देव ते नैरयिकना उपर अशुभ पुद्गलोनो प्रक्षेप करे अने ते अशुभ पुद्गलोना प्रक्षेपथी ते नारक यक्षावेशरूप उन्मादने प्राप्त थाय; अने मोहनीय कर्मना उदयथी मोहनीयजन्य उन्मादने पामे; माटे हे गौतम! ते हेतुथी यावत्–'मोहनीयजन्य उन्माद कह्यो छे.' नारकोनो उन्माद. नारकोने शा हेतुथी उन्माद होय?

३. [प्र०] हे भगवन्! असुरकुमारोने केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! नैरयिकनी पेठे यावत् बे प्रकारनो उन्माद कह्यो छे. परन्तु विशेष ए छे के तेनाथी महर्द्धिक–महासामर्थ्यवाळो देव ते [असुरकुमारो उपर] अशुभ पुद्गलोनो प्रक्षेप करे, अने ते अशुभ पुद्गलोना प्रक्षेप करवाथी ते यक्षावेशरूप उन्मादने प्राप्त थाय. अथवा मोहनीयकर्मना उदयथी मोहनीयजन्य उन्मादने प्राप्त थाय. बाकी बधुं पूर्वप्रमाणे 'ते हेतुथी यावत्–मोहनीयजन्य उन्माद कह्यो छे' त्यां सुधी जाणवुं. ए प्रमाणे यावत्–स्तनितकुमार सुधी जाणवुं. पृथिवीकायिकथी आरंभी यावत् मनुष्योने नैरयिकनी पेठे जाणवुं. जेम असुरकुमारोने कह्युं तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे पण कहेवुं. असुरकुमारोने उन्माद.

---

१ * उन्माद–स्पष्ट चेतनानो (विवेकज्ञाननो) भ्रंश, तेना बे प्रकार छे–१–यक्ष–देवविशेषना प्रवेश करवाथी चेतनानो भ्रंश थाय ते यक्षावेशरूप उन्माद, अने मोहनीयकर्मना उदयथी आत्मा पारमार्थिक सद्–असद्ना विवेकथी भ्रष्ट थाय ते मोहनीयजन्य उन्माद. २ मोहनीयजन्य उन्मादना बे भेद छे–१ मिथ्यात्वमोहनीयजन्य अने २ चारित्रमोहनीय जन्य. मिथ्यात्वमोहनीयना उदयथी प्राणी अतत्त्वने तत्त्व माने अने तत्त्वने अतत्त्व माने छे; चारित्रमोहनीयना उदयथी विषयादिनुं स्वरूप जाणतां छतां पण तेमां अज्ञानीनी पेठे वर्ते छे. अथवा वेदमोहनीयना उदयथी हिताहितनुं भान भूली उन्मत्त थाय छे. टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. [प्र०] अत्थि णं भंते ! पज्जन्ने कालवासी वुट्ठिकायं पकरेति ? [उ०] हंता अत्थि।

५. [प्र०] जाहे णं भंते ! सक्के देविंदे देवराया वुट्ठिकायं काउकामे भवति से कहमियाणिं पकरेति ? [उ०] गोयमा ! ताहे चेव णं से सक्के देविंदे देवराया अब्भितरपरिसाए देवे सद्दावेति, तए णं ते अब्भितरपरिसगा देवा सद्दाविया समाणा मज्झिमपरिसए देवे सद्दावेंति, तए णं ते मज्झिमपरिसगा देवा सद्दाविया समाणा वाहिरपरिसए देवे सद्दावेंति, तए णं ते बाहिरपरिसगा देवा सद्दाविया समाणा बाहिरबाहिरगे देवे सद्दावेंति, तए णं ते बाहिरबाहिरगा देवा सद्दाविया समाणा आभिओगिए देवे सद्दावेंति, तए णं ते जाव-सद्दाविया समाणा वुट्ठिकाइए देवे सद्दावेंति, तए णं ते वुट्ठिकाइया देवा सद्दाविया समाणा वुट्ठिकायं पकरेंति, एवं खलु गोयमा ! सक्के देविंदे देवराया वुट्ठिकायं पकरेति ।

६. [प्र०] अत्थि णं भंते ! असुरकुमारा वि देवा वुट्ठिकायं पकरेंति ? [उ०] हंता अत्थि। [प्र०] किंपत्तियं णं भंते ! असुरकुमारा देवा वुट्ठिकायं पकरेंति ? [उ०] गोयमा ! जे इमे अरहंता भगवंता एएसि णं जम्मणमहिमासु वा निक्खमणमहिमासु वा णाणुप्पायमहिमासु वा परिनिव्वाणमहिमासु वा एवं खलु गोयमा ! असुरकुमारा वि देवा वुट्ठिकायं पकरेंति. एवं नागकुमारा वि, एवं जाव-थणियकुमारा। वाणमंतर-जोइसिय-वेमाणिया एवं चेव।

७. [प्र०] जाहे णं भंते ! ईसाणे देविंदे देवराया तमुकायं काउकामे भवति से कहमियाणिं पकरेति ? [उ०] गोयमा ! ताहे चेव णं से ईसाणे देविंदे देवराया अब्भितरपरिसाए देवे सद्दावेति, तए णं ते अब्भितरपरिसगा देवा सद्दाविया समाणा एवं जहेव सक्कस्स जाव-तए णं ते आभिओगिया देवा सद्दाविया समाणा तमुकाइए देवे सद्दावेंति, तए णं ते तमुकाइया देवा सद्दाविया समाणा तमुकायं पकरेंति, एवं खलु गोयमा ! ईसाणे देविंदे देवराया तमुकायं पकरेति ।

८. [प्र०] अत्थि णं भंते ! असुरकुमारा वि देवा तमुकायं पकरेंति ? [उ०] हंता अत्थि। [प्र०] किं पत्तियं णं भंते ! असुरकुमारा देवा तमुकायं पकरेंति ? [उ०] गोयमा ! किड्डा-रतिपत्तियं वा पडिणीयविमोहणट्ठयाए वा गुत्तीसारक्खणहेउं वा अप्पणो वा सरीरपच्छायणट्ठयाए, एवं खलु गोयमा ! असुरकुमारा वि देवा तमुकायं पकरेंति, एवं जाव-वेमाणिया। 'सेवं भंते ! सेवं भंते !' त्ति जाव-विहरइ।

## बीओ उद्देसो समत्तो.

इन्द्र वृष्टि करे ?

४. [प्र०] हे भगवन् ! शुं एम छे के काले वरसनार पर्जन्य (मेघ) वृष्टिकाय (जलसमूह)ने वरसावे ? [अथवा जिन जन्ममहोत्सवादिकाले वृष्टि करनार पर्जन्य-इन्द्र वृष्टि करे ? [उ०] हा, गौतम ! वृष्टि करे.

इन्द्र वृष्टि केवी रीते करे ?

५. [प्र०] हे भगवन् ! ज्यारे देवेन्द्र अने देवनो राजा शक्र वृष्टि करवानी इच्छावाळो होय त्यारे ते वृष्टि केवी रीते करे ? [उ०] हे गौतम ! [ज्यारे ते वृष्टि करवानी इच्छावाळो होय] त्यारे देवेन्द्र अने देवनो राजा शक्र अभ्यन्तर परिषदना देवोने बोलावे छे, अने बोलावेला ते अभ्यन्तर परिषदना देवो मध्यम परिषदना देवोने बोलावे छे, मध्यम परिषदना बोलावेला ते देवो बहारनी परिषदना देवोने बोलावे छे, त्यार पछी बहारनी परिषदना बोलावेला ते देवो बहारबहारना देवोने बोलावे छे, अने बोलावेला ते बहार बहारना देवो आभियोगिक देवोने बोलावे छे, अने बोलावेला ते आभियोगिक देवो वृष्टिकायिक (वृष्टि करनारा) देवोने बोलावे छे, पछी ते बोलावेला वृष्टिकायिक देवो वृष्टि करे छे. ए प्रमाणे हे गौतम ! देवेन्द्र देवनो राजा शक्र वृष्टिकाय करे छे.

शुं असुरकुमार देवो वृष्टि करे छे ?

६. [प्र०] हे भगवन् ! असुरकुमार देवो पण शुं वृष्टि करे छे ? [उ०] हे गौतम ! हा, करे छे. [प्र०] हे भगवन् ! असुरकुमार देवो शा हेतुथी वृष्टि करे छे ? [उ०] हे गौतम ! जे आ अरिहंत भगवंतो छे, एओना जन्मोत्सवनिमित्ते, दीक्षोत्सवनिमित्ते, ज्ञानोत्पत्तिनिमित्ते अने निर्वाणना उत्सवनिमित्ते ए प्रमाणे असुरकुमार देवो वृष्टि करे छे. ए प्रमाणे नागकुमारो अने यावत्-स्तनितकुमारो सुधी जाणवुं, वानव्यंतर ज्योतिषिक अने वैमानिक संबन्धे पण ए प्रमाणे जाणवुं.

ईशानेन्द्रादि तमस्काय करे ?

७. [प्र०] हे भगवन् ! देवेन्द्र अने देवना राजा ईशान ज्यारे तमस्कायने करवाने इच्छे त्यारे ते तेने केवी रीते करे ? [उ] हे गौतम ! त्यारे देवेन्द्र अने देवना राजा ईशान अभ्यन्तर परिषदना देवोने बोलावे छे, त्यार बाद बोलावेला ते अभ्यन्तर परिषदना देवो-इत्यादि पूर्वोक्त बधुं शक्रनी पेठे यावत्-बोलावेला ते आभियोगिक देवो तमस्कायिक (तमस्काय करनार) देवोने बोलावे छे, अने त्यार पछी बोलावेला ते तमस्कायिक देवो तमस्काय करे छे. हे गौतम ! ए प्रमाणे देवेंद्र अने देवना राजा ईशान तमस्काय करे छे.

असुरकुमार तमस्काय करे ? शा हेतुथी तमस्काय करे ?

८. [प्र०] हे भगवन् ! शुं एम छे के असुरकुमार देवो पण तमस्कायने करे ? [उ०] हे गौतम ! हा, करे छे [प्र०] हे भगवन् ! असुरकुमार देवो शा हेतुथी तमस्काय करे छे ? [उ०] हे गौतम ! क्रीडा के रतिनिमित्ते, शत्रुने मोहपमाडवा निमित्ते, छूपावेला द्रव्यने साचववा निमित्ते अथवा पोताना शरीरने ढांकी देवा निमित्ते हे गौतम ! ते असुरकुमार देवो पण तमस्काय करे छे. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'-एम कही यावद् [भगवान् गौतम] विहरे छे.

## चतुर्दशशतके द्वितीय उद्देशक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तईओ उद्देसो।

१. देवे णं भंते ! महाकाए महासरीरे अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा? [उ०] गोयमा ! अत्थेगइए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा। [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'अत्थेगतिए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा'? [उ०] गोयमा ! दुविहा देवा पण्णत्ता, तंजहा-मायीमिच्छादिट्ठीउववन्नगा य अमायीसम्मदिट्ठीउववन्नगा य, तत्थ णं जे से मायीमिच्छद्दिट्ठीउववन्नए देवे से णं अणगारं भावियप्पाणं पासइ, पासित्ता नो वंदति, नो नमंसति, नो सक्कारेति, नो सम्माणेइ, नो कल्लाणं मंगलं देवयं चेइयं जाव-पज्जुवासति, से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा। तत्थ णं जे से अमायीसम्मद्दिट्ठिउववन्नए देवे से णं अणगारं भावियप्पाणं पासइ, पासित्ता वंदति, नमंसति, जाव-पज्जुवासति। से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं नो वीयीवएज्जा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-जाव-नो वीइवएज्जा।

२. [प्र०] असुरकुमारे णं भंते ! महाकाये महासरीरे-? [उ०] एवं चेव, एवं देवदंडओ भाणियव्वो जाव-वेमाणिए।

३. [प्र०] अत्थि णं भंते ! नेरइयाणं सक्कारे ति वा, सम्माणे ति वा, किइकम्मे इ वा अब्भुट्ठाणे इ वा, अंजलिपग्गहे ति वा; आसणाभिग्गहे ति वा, आसणाणुप्पदाणे ति वा, इंतस्स पच्चुग्गच्छणया, ठियस्स पज्जुवासणया, गच्छतंस्स पडिसंसाहणया? [उ०] नो तिणट्ठे समट्ठे।

४. [प्र०] अत्थि णं भंते ! असुरकुमाराणं सक्कारे ति वा, सम्माणे ति वा, जाव-पडिसंसाहणया वा? [उ०] हंता अत्थि, एवं जाव-थणियकुमाराणं। पुढविकाइयाणं जाव-चउरिंदियाणं एएसिं जहा नेरइयाणं।

## तृतीय उद्देशक.

१. [प्र०] हे भगवन् ! महाकाय-मोटा परिवारवाळो अने मोटा शरीरवाळो देव भावितात्मा अनगारनी वच्चे थईने जाय? [उ०] हे गौतम ! केटला एक देव जाय, अने केटला एक देव न जाय. [प्र०] हे भगवन् ! आप एम शा हेतुथी कहो छो के, 'केटला एक देव जाय अने केटला एक न जाय'? [उ०] हे गौतम ! देवो बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-१ मायीमिथ्यादृष्टिउपपन्न अने २ अमायीसम्यग्दृष्टिउपपन्न; तेमां जे मायीमिथ्यादृष्टिउपपन्न देवो छे ते भावितात्मा अनगारने जुए छे अने जोइने वांदतो नथी, नमतो नथी, सत्कार करतो नथी, सन्मान करतो नथी, अने कल्याणरूप अने मंगलभूत देवचैत्यनी पेठे यावत्-तेनी पर्युपासना करतो नथी, तेथी ते देव भावितात्मा अनगारनी वच्चे थईने जाय. तेमां जे अमायीसम्यग्दृष्टिउपपन्न देवो छे, ते भावितात्मा अनगारने जुए छे, जोइने वांदे छे, नमे छे, यावत्-तेनी पर्युपासना करे छे, तेथी ते भावितात्मा अनगारनी वच्चे थईने न जाय, माटे ते हेतुथी हे गौतम ! एम कह्युं छे के, 'कोइ जाय अने कोइ न जाय.' महाकाय देव भावितात्मा अनगारनी वच्चे थईने जाय?

२. [प्र०] हे भगवन् ! घणा परिवारवाळा अने महाशरीरवाळा असुरकुमारो [भावितात्मा अनगारनी वच्चे थइने जाय?] इत्यादि प्रश्न. [उ०] पूर्ववत् जाणवुं. ए प्रमाणे *देवदंडक यावत्-वैमानिको सुधी कहेवो. महाकाय असुरकुमार भावितात्मा अनगारनी वच्चे थईने जाय?

३. [प्र०] हे भगवन् ! नारकोमां सत्कार (विनय करवाने योग्य व्यक्तिनो आदर करवो), सन्मान (तथाविध सेवा करवी) कृतिकर्म (वंदन), अभ्युत्थान (गौरव करवाने लायक व्यक्तिने जोता आसननो त्याग करी उभा थवुं), अञ्जलिकरण (बन्ने हाथ जोडवा), आसनाभिग्रह (आसन आपवुं), आसनानुप्रदान-गौरवने योग्य व्यक्तिमाटे आसनने एक स्थानथी बीजे स्थाने लाववुं, गौरव योग्य मनुष्यनी सामा जवुं, बेठेलानी सेवा करवी, अने जाय त्यारे तेनी पाछळ जवुं-इत्यादि विनय छे? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ-युक्त नथी. अर्थात्-नैरयिकोने सत्कारादि विनय नथी. नारकोमां सत्कारादि विनय होय छे?

४. [प्र०] हे भगवन् ! असुरकुमारोमां सत्कार, सन्मान यावत्-जनारनी पाछळ जवुं-वगेरे विनय छे? [उ०] हे गौतम ! हा छे. ए प्रमाणे यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. जेम नैरयिकोने कह्युं तेम पृथिवीकायिकथी आरंभी यावत्-चतुरिन्द्रिय जीवो संबन्धे पण जाणवुं. असुरकुमारोमां सत्कारादि विनय.

२ * नारक अने पृथिवीकायिकादि जीवोने उपरना कार्यनो असंभव होवाथी अने मात्र देवोने ज संभव होवाथी आ प्रसंगे मात्र देवदंडक कहेलो छे—टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. [प्र०] अत्थि णं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं सक्कारे इ वा, जाव–पडिसंसाहणया वा ? [उ०] हंता अत्थि, नो चेव णं आसणाभिग्गहे इ वा, आसणाणुप्पयाणे इ वा। मणुस्साणं जाव–वेमाणियाणं जहा असुरकुमाराणं।

६. [प्र०] अप्पड्डीए णं भंते ! देवे महड्डियस्स देवस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? [उ०] नो तिणट्ठे समट्ठे।

७. [प्र०] महड्डीए णं भंते ! देवे समड्डियस्स देवस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? [उ०] णो इणट्ठे समट्ठे, पमत्तं पुण वीइवएज्जा।

८. [प्र०] से णं भंते ! किं सत्थेणं अक्कमित्ता पभू, अणक्कमित्ता पभू ? [उ०] गोयमा। अक्कमित्ता पभू, नो अणक्कमित्ता पभू।

९. [प्र०] से णं भंते ! किं पुव्विं सत्थेणं अक्कमित्ता पच्छा वीयीवएज्जा, पुव्विं वीईवएज्जा पच्छा सत्थेणं अक्कमेज्जा ? [उ०] एवं एएण अभिलावेणं जहा दसमसए आइड्डीउद्देसए तहेव निरवसेसं चत्तारि दंडगा भाणियव्वा जाव–'महड्डिया वेमाणिणी अप्पड्डियाए वेमाणिणीए०'।

१०. [प्र०] रयणप्पभापुढविनेरइया णं भंते ! केरिसयं पोग्गलपरिणामं पच्चणुब्भवमाणा विहरंति ? [उ०] गोयमा ! अणिट्ठं, जाव–अमणामं, एवं जाव–अहेसत्तमापुढविनेरइया, एवं वेदणापरिणामं, एवं जहा जीवाभिगमे बितिए नेरइयउद्देसए जाव–[प्र०] अहेसत्तमापुढविनेरइया णं भंते ! केरिसयं परिग्गहसन्नापरिणामं पच्चणुब्भवमाणा विहरंति ? [उ०] गोयमा ! अणिट्ठं, जाव–अमणामं। 'सेवं भंते ! सेवं भंते'! त्ति।

## चोद्दसमसए तईओ उद्देसो समत्तो।

पंचेन्द्रिय तिर्यंचोमां सत्कारादि विनय होय छे ?

५. [प्र०] हे भगवन् ! पंचेन्द्रियतिर्यंचयोनिकोमां सत्कार, यावत्–जनारनी पाछळ वळावा जवुं–इत्यादि विनय होय छे ? [उ०] हे गौतम ! हा, होय छे. परन्तु आसनाभिग्रह–आसन आपवुं, आसनानुप्रदान–आसनने एक स्थानथी बीजे स्थानके लाववुं–इत्यादि विनय होतो नथी. मनुष्यो अने यावद्–वैमानिकोने जेम असुरकुमारने कह्युं तेम कहेवुं.

अल्पऋद्धिवाळो देव महाऋद्धिवाळा देवनी वच्चे थईने जाय ?

६. [प्र०] हे भगवन् ! अल्पऋद्धिवाळो देव महाऋद्धिवाळा देवनी वच्चे थइने जाय ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ–यथार्थ नथी.

समानऋद्धिवाळो देव समानऋद्धिवाळा देवनी वच्चे थईने जाय ?

७. [प्र०] हे भगवन् ! समानऋद्धिवाळो देव समानऋद्धिवाळा देवनी वच्चे थईने जाय ? [उ०] हे गौतम ! ए अर्थ यथार्थ नथी. पण जो ते [समानऋद्धिवाळो देव] प्रमत्त होय तो तेनी वच्चे थईने जाय.

वच्चे थईने जनार देव शस्त्रप्रहार करीने जाय के कर्या शिवाय जाय ?

८. [प्र०] हे भगवन् ! (वच्चे थईने जनार ते देव) शुं शस्त्रथी प्रहार करीने जवा समर्थ थाय के प्रहार कर्या शिवाय जवा समर्थ थाय ? [उ०] हे गौतम ! शस्त्रप्रहार करीने जवा समर्थ थाय, पण प्रहार कर्या शिवाय जवा समर्थ न थाय.

प्रथम शस्त्रप्रहार कर्या पछी जाय के गया पछी शस्त्रप्रहार करे ?

९. [प्र०] हे भगवन् ! शुं ते [देव] प्रथम शस्त्रप्रहार करे अने पछी जाय के पहेलां जाय अने पछी शस्त्रप्रहार करे ? [उ०] इत्यादि आ प्रकारना अभिलापथी *दशम शतकना आइड्डिअनामे (आत्मर्द्धिक) उद्देशकमां कह्या प्रमाणे समग्रपणे †चार दंडको (‡त्रण आलापकसहित) कहेवा, यावद् 'मोटी ऋद्धिवाळी वैमानिक देवी अल्पऋद्धिवाळी वैमानिक देवीनी वच्चे थईने जाय.'

नारको केवा प्रकारना पुद्गलपरिणामने अनुभवे छे ?

१०. [प्र०] हे भगवन् ! रत्नप्रभापृथिवीना नारको केवा प्रकारना पुद्गलपरिणामने अनुभवता विहरे छे ? [उ०] हे गौतम ! तेओ अनिष्ट, यावत्–मनने नहि गमता पुद्गलपरिणामने अनुभवता विहरे छे. ए प्रमाणे यावत्–सातमी नरकपृथिवीना नारको सुधी जाणवुं. ए रीते यावत्–वेदनापरिणामने पण अनुभवे छे–इत्यादि जेम जीवाभिगम सूत्रना बीजा ¶नैरयिक उद्देशकमां कह्युं छे ते प्रमाणे अहिं कहेवुं. यावत्–[प्र०] हे भगवन् ! सातमी नरकपृथिवीना नैरयिको केवा प्रकारना परिग्रहसंज्ञापरिणामने अनुभवे छे ? [उ०] हे गौतम ! तेओ अनिष्ट, यावत्–मनने नहि गमता परिग्रहसंज्ञापरिणामनो अनुभव करता विहरे छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही [भगवान् गौतम] यावद् विहरे छे.

## चतुर्दशशते तृतीय उद्देशक समाप्त.

---

९ * भग० खं० ३ श० १० उ० ३ पृ० १९३.

† अल्पर्द्धिक अने महर्द्धिकनो प्रथम आलापक, समर्द्धिक अने समर्द्धिकनो बीजो आलापक, तथा महर्द्धिक अने अल्पर्द्धिकनो त्रीजो आलापक. तेमां अल्पर्द्धिक अने महर्द्धिकनो आलापक तथा समर्द्धिकालापक–ए बे आलापक साक्षात् कह्या छे, केवल समर्द्धिकालापकने अन्ते बाकीना सूत्रनो अंश आ प्रमाणे जाणवो–"प्रथम शस्त्रथी हणीने जाय, पण पूर्वे जईने पछी न हणे. हे भगवन् ! महर्द्धिक देव अल्पर्द्धिक देवना मध्यमां थईने जाय ? हा जाय. ते महर्द्धिक देव शस्त्रथी हणीने जवा समर्थ होय के हण्या शिवाय जवा समर्थ होय ? हे गौतम ! हणीने पण जवा समर्थ होय अने हण्या शिवाय पण जवा समर्थ होय. हे भगवन् ! पूर्वे शस्त्रवडे हणीने पछी जाय के पूर्वे जईने पछी हणे ? हे गौतम ! पूर्वे शस्त्रवडे हणीने पछी जाय, अथवा पूर्वे जईने पछी शस्त्रवडे हणे."

‡ १ देव अने देवनो प्रथमदंडक, २ देव अने देवी संबन्धे बीजो दंडक, ३ देवी अने देव संबन्धे त्रीजो दंडक, अने ४ देवी अने देवी संबंधे चोथो दंडक–ए रीते चार दंडक जाणवा.

१० ¶ नैरयिकसंबंधे हकीकत जीवाभिगमसूत्र प्रति० ३ उ० १-२-३ प० ८९-१२९ सुधीमां छे, परन्तु उपरना सूत्रने लगतो थोडो पाठ मात्र प्रति० ३ नैरयिक उ० ३ प० १२९ मां छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## चउत्थो उद्देसो।

१. [प्र०] एस णं भंते! पोग्गले तीतमणंतं सासयं समयं लुक्खी, समयं अलुक्खी, समयं लुक्खी वा अलुक्खी वा? पुव्विं च णं करणेणं अणेगवन्नं अणेगरूवं परिणामं परिणमति? अह से परिणामे निज्जिन्ने भवति, तओ पच्छा एगवन्ने एगरूवे सिया? [उ०] हंता गोयमा! एस णं पोग्गले तीतं तं चेव जाव–एगरूवे सिया।

२. [प्र०] एस णं भंते! पोग्गले पडुप्पन्नं सासयं समयं०? [उ०] एवं चेव, एवं अणागयमणंतं पि।

३. [प्र०] एस णं भंते! खंधे तीतमणंतं०? [उ०] एवं चेव, खंधे वि जहा पोग्गले।

४. [प्र०] एस णं भंते! जीवे तीतमणंतं सासयं समयं दुक्खी, समयं अदुक्खी, समयं दुक्खी वा अदुक्खी वा? पुव्विं च णं करणेणं अणेगभावं अणेगभूयं परिणामं परिणमइ? अह से वेयणिज्जे निज्जिन्ने भवति, तओ पच्छा एगभावे एगभूए सिया? [उ०] हंता गोयमा! एस णं जीवे जाव–एगभूए सिया, एवं पडुप्पन्नं सासयं समयं, एवं अणागयमणंतं सासयं समयं।

## चतुर्थ उद्देशक.

पुद्गलपरिणाम. अतीतकालने विषे एक समयमां पुद्गलनो परिणाम.

१. [प्र०] हे भगवन्! आ पुद्गल [परमाणु के स्कन्ध] अनन्त–अपरिमित अने शाश्वत अतीतकाळने विषे एक समय सुधी रुक्षस्पर्शवाळो, एक समय सुधी अरुक्ष–स्निग्धस्पर्शवाळो, तथा एक समय सुधी रुक्ष अने स्निग्ध–बन्ने प्रकारना स्पर्शवाळो हतो? अने पूर्वे करण–प्रयोगकरण अने विस्रसाकरणथी अनेक वर्णवाळा अने [अनेक गन्ध, रस, स्पर्श अने संस्थानना भेदथी] अनेकरूपवाळा परिणामरूपे परिणत थयो हतो? [परमाणुनो भिन्न भिन्न समये अनेक वर्णादिरूपे परिणाम थाय छे, अने स्कन्धनो एकसमये अनेक वर्णादिरूपे परिणाम थाय छे.] हवे ते अनेक वर्णादिपरिणाम क्षीण थाय त्यार पछी ते पुद्गल एकवर्णवाळो अने एकरूपवाळो हतो? [उ०] हा, गौतम! आ पुद्गल अतीतकाळने विषे–इत्यादि यावत्–'एकरूपवाळो हतो'–त्यां सुधी समग्र पाठ कहेवो.

वर्तमानकाले पुद्गलपरिणाम. अनागतकाल.

२. [प्र०] हे भगवन्! आ पुद्गल (परमाणु के स्कन्ध) शाश्वत वर्तमान काळने विषे (एक समय सुधी रूक्षस्पर्शवाळो, स्निग्धस्पर्शवाळो, तथा स्निग्ध अने रूक्ष–बन्ने स्पर्शवाळो होय? अने प्रयोग अने विस्रसाथी अनेक वर्णादिरूपे परिणत थाय? ते परिणामना क्षीण थया बाद एकवर्णवाळो अने एकरूपवाळो होय?) [उ०] पूर्वप्रमाणे उत्तर जाणवो, ए प्रमाणे अनागतकाल संबन्धे पण जाणवुं.

पुद्गलस्कन्ध.

३. [प्र०] हे भगवन्! अनन्त–अपरिमित अने शाश्वत अतीतकाळने विषे पुद्गलस्कन्ध (एक समय सुधी रूक्षस्पर्शवाळो, स्निग्धस्पर्शवाळो तथा स्निग्ध अने रूक्ष–ए बन्ने स्पर्शवाळो हतो? अने अनेकवर्ण अने अनेकरूपवाळा परिणामरूपे परिणत थयो हतो? पछी ते परिणामना क्षीण थवाथी तेनो एकवर्णवाळो अने एकरूपवाळो परिणाम थयो हतो?) [उ०] ए प्रमाणे जेम पुद्गलसंबन्धे कह्युं तेम स्कन्धसंबन्धे पण जाणवुं.

अतीत, वर्तमान अने अनागतकाले जीवपरिणाम.

४. [प्र०] हे भगवन्! आ जीव अनन्त–अपरिमित अने शाश्वत अतीतकाळने विषे एक समय (दुःखना हेतुथी) दुःखी, एक समय (सुखना हेतुथी) अदुःखी–सुखी, तथा *एक समय [सुख अने दुःखना हेतुथी] दुःखी के सुखी हतो? अने पूर्वे करणथी–कालस्वभावादि कारणवडे शुभाशुभकर्मबंधना हेतुभूत क्रियाथी–अनेक प्रकारना सुखिपणुं अने दुःखिपणुं–इत्यादि भाववाळा, अने अनेकरूपवाळा परिणामरूपे परिणत थयो हतो? त्यारपछी वेदवा लायक ज्ञानावरणादि कर्मनी निर्जरा थया बाद जीव एकभाववाळो अने एकरूपवाळो हतो? [उ०] हा, गौतम! आ जीव यावत्–एक रूपवाळो हतो. ए प्रमाणे शाश्वत एवा वर्तमानसमयसंबन्धे तथा अनन्त अने शाश्वत भविष्यकाळ संबन्धे पण जाणवुं.

---

४ * सुख अने दुःखना कारणो एकसमये विद्यमान होय छे, परन्तु सुख अने दुःखनुं वेदन एकसमये होतुं नथी, कारण के जीवने एकसमये एकज उपयोग होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं सासए, असासए ? [उ०] गोयमा ! सिय सासए, सिय असासए। [उ०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'सिय सासए, सिय असासए' ? [उ०] गोयमा ! दव्वट्ठयाए सासए, वन्नपज्जवेहिं, जाव–फ़ासपज्जवेहिं असासए, से तेणट्ठेणं जाव–सिय सासए, सिय असासए।

६. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं चरिमे, अचरिमे ? [उ०] गोयमा ! दव्वादेसेणं नो चरिमे, अचरिमे, खेत्तादेसेणं सिय चरिमे, सिय अचरिमे, कालादेसेणं सिय चरिमे, सिय अचरिमे, भावादेसेणं सिय चरिमे, सिय अचरिमे।

७. [प्र०] कइविहे णं भंते ! परिणामे पण्णत्ते ? [उ०] गोयमा ! दुविहे परिणामे पण्णत्ते, तंजहा–जीवपरिणामे य अजीवपरिणामे य। एवं परिणामपयं निरवसेसं भाणियव्वं। 'सेवं भंते ! सेवं भंते' ! त्ति जाव–विहरति।

## चोद्दसमसए चउत्थो उद्देसो समत्तो।

परमाणुपुद्गल शाश्वत के अशाश्वत ?

५. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गल शाश्वत छे के अशाश्वत छे? [उ०] हे गौतम ! ते कथंचित् शाश्वत छे अने कथंचित् अशाश्वत छे. [प्र०] हे भगवन् ! आप एम शा हेतुथी कहो छो के 'कथंचित् शाश्वत छे अने कथंचित् अशाश्वत छे' ? [उ०] हे गौतम ! द्रव्यार्थरूपे ते परमाणुपुद्गल शाश्वत छे, अने वर्णपर्यायवडे यावत्–स्पर्शपर्यायवडे अशाश्वत छे, माटे ते हेतुथी हे गौतम ! एम कह्युं छे के 'परमाणुपुद्गल कथंचित् शाश्वत छे अने कथंचित् अशाश्वत छे.'

परमाणु चरम के अचरम ?

६. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल चरम छे के अचरम छे? [उ०] हे गौतम ! (परमाणुपुद्गल) द्रव्यनी अपेक्षाए *चरम नथी, पण अचरम छे. क्षेत्रादेशथी कदाचित् चरम छे अने कदाचित् अचरम छे. कालादेशथी कदाचित् चरम छे अने कदाचित् अचरम छे. भावादेशथी कथंचित् चरम अने कथंचित् अचरम छे.

सामान्य परिणाम.

७. [प्र०] हे भगवन् ! †परिणाम केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम ! परिणाम बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–जीवपरिणाम अने अजीवपरिणाम. ए प्रमाणे अहिं [प्रज्ञापना सूत्रनुं] परिणामपद संपूर्ण कहेवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही [भगवान् गौतम] यावद् विहरे छे.

## चतुर्दशशतके चतुर्थ उद्देशक समाप्त.

---

६ * जे परमाणु विवक्षित परिणामथी रहित थईने पुनः ते परिणामने पामशे नहि ते परमाणु ते परिणामनी अपेक्षाए चरम कहेवाय छे, अने जे परमाणु पुनः ते परिणामने पामशे ते अपेक्षाए ते अचरम कहेवाय छे. द्रव्यनी अपेक्षाए परमाणु चरम नथी, पण अचरम छे, कारणके द्रव्यथी–परमाणुपरिणामथी रहित थयेलो परमाणु संघातपरिणामने पामी कालान्तरे पुनः परमाणुपरिणामने पामशे. क्षेत्रनी अपेक्षाए परमाणु कथंचित् चरम अने कथंचित् अचरम छे, ते आ प्रमाणे—जे क्षेत्रमां केवलज्ञानी समुद्घातने प्राप्त थयेला छे, अने त्यां जे परमाणु रहेलो छे, हवे समुद्घातने प्राप्त थयेला तेकेवलज्ञानीना संबन्धविशिष्ट ते परमाणु कोइ पण समये ते क्षेत्रनो आश्रय नहि करे, केमके ते केवलीनुं निर्वाण थवाथी ते क्षेत्रमां पुनः कदि आववाना नथी, माटे ए प्रमाणे क्षेत्रथी परमाणु चरम कहेवाय छे, विशेषणरहित क्षेत्रनी अपेक्षाए परमाणु फरी ते क्षेत्रमां अवगाढ थशे, माटे 'अचरम' कहेवाय छे. कालनी अपेक्षाए कथंचित् चरम छे अने कथंचित् अचरम छे, ते आ प्रमाणे–जे पूर्वाह्णादि कालने विषे जे केवलीए समुद्घात कर्यो, ते कालने विषे जे परमाणु रहेलो छे ते परमाणु ते केवलिसमुद्घातविशिष्ट ते काळने कदि पण प्राप्त नहि करे, कारण के ते केवलज्ञानी मोक्षे जवाथी पुनः समुद्घात करवाना नथी, माटे तेनी अपेक्षाए कालथी चरम, अने विशेषणरहित कालनी अपेक्षाए परमाणु अचरम छे. भावनी अपेक्षाए परमाणु चरम अने अचरम छे. ते आ प्रमाणे–केवलिसमुद्घातने अवसरे जे परमाणु वर्णादिभावविशेषने प्राप्त थयो हतो ते परमाणु विवक्षित केवलिसमुद्घातविशिष्ट वर्णादिपरिणामनी अपेक्षाए चरम छे, कारण के केवलज्ञानीना निर्वाण थवाथी पुनः ते परमाणु विशिष्ट परिणामने प्राप्त नहि थाय. आ व्याख्यान चूर्णिकारना मतने अनुसरी करेलुं छे.–टीका.

७ † द्रव्यनी अवस्थान्तरप्राप्ति ते परिणाम, कह्युं छे के–"परिणाम–अर्थान्तरप्राप्ति, द्रव्यनुं सर्वथा एकरूपे अवस्थित रहेवुं, तेमज तेनो सर्वथा नाश थवो ते परिणाम नथी." तेमां जीवपरिणाम दश प्रकारनो छे–१ गति, २ इन्द्रिय, ३ कषाय, ४ लेश्या, ५ योग, ६ उपयोग, ७ ज्ञान, ८ दर्शन, ९ चारित्र, अने १० वेद. अजीवपरिणाम पण दश प्रकारनो छे–१ बन्धन, २ गति, ३ संस्थान, ४ भेद, ५ वर्ण, ६ गन्ध, ७ रस, ८ स्पर्श, ९ अगुरुलघु अने १० शब्दपरिणाम.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पंचमो उद्देसो।

१. [प्र०] नेरइए णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? [उ०] गोयमा ! अत्थेगतिए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा। [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- 'अत्थेगइए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा ?' [उ०] गोयमा ! नेरइया दुविहा पण्णत्ता, तंजहा–विग्गहगतिसमावन्नगा य अविग्गहगतिसमावन्नगा य, तत्थ णं जे से विग्गहगतिसमावन्नए नेरतिए से णं अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा। [प्र०] से णं तत्थ झियाएज्जा ? [उ०] णो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ। तत्थ णं जे से अविग्गहगइसमावन्नए नेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं णो वीइवएज्जा, से तेणट्ठेणं जाव–'नो वीइवएज्जा'।

२. [प्र०] असुरकुमारे णं भंते ! अगणिकायस्स पुच्छा। [उ०] गोयमा ! अत्थेगतिए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा। [प्र०] से केणट्ठेणं जाव–नो वीइवएज्जा ? [उ०] गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तंजहा–विग्गहगइसमावन्नगा य अविग्गहगइसमावन्नगा य। तत्थ णं जे से विग्गहगइसमावन्नए असुरकुमारे से णं–एवं जहेव नेरतिए जाव–'कमति'। तत्थ णं जे से अविग्गहगइसमावन्नए असुरकुमारे से णं अत्थेगतिए अगणिकायस्स मज्झंमज्झेणं वीतीवएज्जा, अत्थेगतिए नो वीए-

## पंचम उद्देशक.

१. [प्र०] हे भगवन् ! नारक अग्निकायना मध्यभागमां थईने जाय? [उ०] हे गौतम ! कोइ एक नारक जाय अने कोइ एक नारक न जाय. [प्र०] ए प्रमाणे आप शा हेतुथी कहो छो के, 'कोइ एक नारक जाय अने कोइ एक नारक न जाय'? [उ०] हे गौतम ! नैरयिको बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–विग्रहगतिने प्राप्त थयेला, अने अविग्रहगतिसमापन्न–उत्पत्तिक्षेत्रने प्राप्त थयेला. तेमां जे विग्रहगतिने प्राप्त थयेल नारक छे ते अग्निकायना मध्यमां थईने जाय. [प्र०] ते त्यां बळे? [उ०] आ अर्थ यथार्थ नथी, केमके तेने *अग्निरूप शस्त्र असर करतुं नथी. तेमां जे †अविग्रहगतिने प्राप्त थयेल नारक छे ते अग्निकायनी मध्यमां थईने न जाय. माटे हे गौतम ! ते हेतुथी एम कह्युं के, 'कोइ एक नारक जाय अने कोइ एक न जाय.'

नारक अग्निकायना मध्यभागमां गमन करे?

२. [प्र०] हे भगवन् ! असुरकुमारो अग्निकायनी वच्चे थईने जाय?–ए प्रश्न. [उ०] हे गौतम ! कोइ एक ‡( असुरकुमार ) जाय अने कोइ एक न जाय. [प्र०] हे भगवन् ! एम आप शा हेतुथी कहो छो के, 'कोइ एक जाय अने कोइ एक न जाय'? [उ०] हे गौतम ! असुरकुमारो बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–विग्रहगतिने प्राप्त थयेला अने अविग्रहगतिने प्राप्त थयेला. तेमां जे विग्रहगतिने प्राप्त असुरकुमारो छे–इत्यादि बधुं नारकनी पेठे जाणवुं. यावत्–'तेने ( अग्नि वगेरे ) शस्त्र असर करतुं नथी.' तेमां जे अविग्रहगति प्राप्त असुरकुमारो छे तेमांना कोइ एक अग्निनी वच्चे थईने जाय अने कोइ एक न जाय. [प्र०] जे अग्नि वच्चे थईने जाय ते त्यां बळे? [उ०] ए

असुरकुमारो.

---

१. * विग्रहगतिने प्राप्त थयेलो जीव कार्मणशरीरयुक्त होवाथी अने ते सूक्ष्म होवाथी तेने अग्निवगेरे शस्त्र असर करतुं नथी.–टीका.

† अविग्रहगतिसमापन्न–उत्पत्ति क्षेत्रने प्राप्त थयेलो नारक समजवो, 'परन्तु ऋजुगतिने प्राप्त थयेलो'–ए अर्थ अहिं विवक्षित नथी, कारण के तेनो अहिं अधिकार नथी, उत्पत्तिक्षेत्रने प्राप्त थयेलो नारक अग्निकाय मध्ये थईने जतो नथी, केमके नारक क्षेत्रने विषे बादर अग्निकायनो अभाव छे, अने मनुष्यक्षेत्रने विषेज बादर अग्निकायनो सद्भाव छे.–टीका.

२ ‡ विग्रहगति प्राप्त असुरकुमार विग्रहगति प्राप्त नारकनी पेठे जाणवो, अविग्रहगति प्राप्त–उत्पत्तिक्षेत्रने प्राप्त थयेल असुरकुमार, के जे मनुष्यलोकमां आवे ते अग्निनी वच्चे थईने जाय, जे ( मनुष्यलोकमां ) न आवे ते अग्निकायनी वच्चे थईने न जाय, जे वच्चे थईने जाय छे ते पण बळे नहि, कारण के वैक्रिय शरीर सूक्ष्म छे अने तेनी गति अति शीघ्र छे.–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वएज्जा। [प्र०] जे णं वीतीवएज्जा से णं तत्थ झियाएज्जा? [उ०] नो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमति, से तेणट्ठेणं०, एवं-जाव थणियकुमारे। एगिंदिया जहा नेरइया।

३. [प्र०] बेइंदिया णं भंते! अगणिकायस्स मज्झंमज्झेणं०? [उ०] जहा असुरकुमारे तहा बेइंदिएवि, नवरं-[प्र०] जे णं वीयीवएज्जा से णं तत्थ झियाएज्जा? [उ०] हंता झियाएज्जा, सेसं तं चेव, एवं जाव-चउरिंदिए।

४. [प्र०] पंचिंदियतिरिक्खजोणिए णं भंते! अगणिकाय-पुच्छा। [उ०] गोयमा! अत्थेगतिए वीइवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा। [प्र०] से केणट्ठेणं०? [उ०] गोयमा! पंचिंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तंजहा-विग्गहगतिसमावन्नगा य अविग्गहगइसमावन्नगा य। विग्गहगइसमावन्नए जहेव नेरइए, जाव-'नो खलु तत्थ सत्थं कमइ'। अविग्गहगइसमावन्नगा पंचिंदियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता, तंजहा-इड्ढिप्पत्ता य अणिड्ढिप्पत्ता य। तत्थ णं जे से इड्ढिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिए से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीयीवएज्जा, अत्थेगइए नो वीयीवएज्जा। [प्र०] जे णं वीयीवएज्जा से णं तत्थ झियाएज्जा? [उ०] नो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ। तत्थ णं जे से अणिड्ढिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिए से णं अत्थेगतिए अगणिकायस्स मज्झंमज्झेणं वीयीवएज्जा, अत्थेगतिए नो वीइवएज्जा। [प्र०] जे णं वीयीवएज्जा से णं तत्थ झियाएज्जा? [उ०] हंता झियाएज्जा, से तेणट्ठेणं जाव-'नो वीयीवएज्जा' एवं मणुस्से वि। वाणमंतर-जोइसिय-वेमाणिए जहा असुरकुमारे।

५. नेरतिया दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा-१ अणिट्ठा सद्दा, २ अणिट्ठा रूवा, ३ अणिट्ठा गंधा, ४ अणिट्ठा रसा, ५ अणिट्ठा फासा, ६ अणिट्ठा गती, ७ अणिट्ठा ठिती, ८ अणिट्ठे लावन्ने, ९ अणिट्ठे जसो-कित्ती, १० अणिट्ठे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसक्कारपरक्कमे।

अर्थ यथार्थ नथी. केमके तेने अग्नि वगेरे शस्त्र असर करतुं नथी. ते हेतुथी हे गौतम! एम कह्युं छे के 'कोइ एक [असुरकुमार] जाय अने कोइ एक न जाय.' ए प्रमाणे यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. एकेन्द्रियो *संबन्धे नैरयिकनी पेठे जाणवुं.

एकेन्द्रियो.

बेइन्द्रिय.

३. [प्र०] हे भगवन्! बेइन्द्रिय जीवो अग्निकायनी मध्यमां थईने जाय? [उ०] जेम असुरकुमारो संबन्धे कह्युं तेम बेइन्द्रिय संबन्धे कहेवुं. परन्तु विशेष ए छे के, [प्र०] 'जे बेइन्द्रिय अग्नि वच्चे थईने जाय, ते त्यां बळे? [उ०] हा, ते त्यां बळे'-एम कहेवुं. अने बाकी बधुं पूर्वे कह्या प्रमाणे यावत्-चउरिन्द्रिय सुधी जाणवुं.

पंचेन्द्रिय तिर्यंच अग्निनी वच्चे थईने जाय?

४. [प्र०] हे भगवन्! पंचेन्द्रिय तिर्यग्योनिक जीव अग्निनी वच्चे थईने जाय?-ए प्रश्न. [उ०] हे गौतम! कोइ एक जाय अने कोइ एक न जाय. [प्र०] हे भगवन्! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'कोइ एक जाय अने कोइ एक न जाय'? [उ०] हे गौतम! पंचेन्द्रियतिर्यंचयोनिको बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-विग्रहगतिने प्राप्त थयेला अने अविग्रहगतिने प्राप्त थयेला. तेमां जे विग्रहगतिने प्राप्त थयेला पंचेन्द्रियतिर्यंचयोनिको छे ते नैरयिकनी पेठे जाणवा, यावत्-'तेने शस्त्र असर करतुं नथी.' जे पंचेन्द्रियतिर्यंचो अविग्रहगतिने प्राप्त थयेला छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-ऋद्धिप्राप्त (वैक्रियलब्धियुक्त) अने ऋद्धिने अप्राप्त (वैक्रियलब्धिरहित). तेमां जे पंचेन्द्रियतिर्यंचो ऋद्धिने प्राप्त थयेला छे, तेमांथी कोइ एक अग्निनी वच्चे थइने जाय अने कोइ एक अग्निनी वच्चे थईने न जाय. [प्र०] जे अग्निनी वच्चे थईने जाय छे ते त्यां बळे? [उ०] ए अर्थ समर्थ-यथार्थ नथी, केमके तेने शस्त्र असर करतुं नथी. तेमां जे पंचेन्द्रिय तिर्यंचो ऋद्धिने प्राप्त थयेला नथी तेमांथी कोइ एक अग्निनी वच्चे थईने जाय अने कोइ एक न जाय. [प्र०] जे जाय ते बळे? [उ०] हा, बळे; माटे हे गौतम! ते हेतुथी एम कह्युं छे के, यावत्-'कोइ एक अग्निनी वच्चे थइने जाय अने कोइ एक न जाय' ए प्रमाणे मनुष्य संबन्धे पण जाणवुं. जेम असुरकुमारो संबन्धे कह्युं, तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे पण कहेवुं.

नारको दश स्थानोने अनुभव करे छे.

५. नारको दश स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ अनिष्ट शब्द, २ अनिष्ट रूप, ३ अनिष्ट गंध, ४ अनिष्ट रस, ५ अनिष्ट स्पर्श; ६ †अनिष्ट गति, ७ अनिष्ट स्थिति, ८ अनिष्ट लावण्य, ९ अनिष्ट यशःकीर्ति अने १० अनिष्ट उत्थान, कर्म, बल, वीर्य तथा पुरुषकारपराक्रम.

---

२ * विग्रहगतिप्राप्त एकेन्द्रिय जीवो अग्नि वच्चे थईने जाय, अने सूक्ष्म होवाथी ते बळे नहि. अविग्रहगतिप्राप्त एकेन्द्रियो अग्नि वच्चे थईने जता नथी, कारण के तेओ स्थावर छे. तेजः (अग्नि) अने वायु गतित्रस होवाथी तेनुं अग्निमध्यमां थईने जवुं संभवे छे, परन्तु ते अहिं विवक्षित नथी, अहिं तो स्थावरपणानी विवक्षा छे अने तेथी तेओमां गतिनो अभाव छे. तथा वाय्वादिनी प्रेरणाथी पृथिव्यादिनुं अग्निमध्यमां गमन संभवित छे, परन्तु अहिं स्वातन्त्र्यकृत गमन विवक्षित होवाथी तेनुं स्वतंत्रपणे अग्निने विषे गमन संभवित नथी-टीका.

५ † अनिष्टगति-नारकोनी अप्रशस्तविहायोगतिरूप के नरकगतिरूप अनिष्ट गति, नरकमां रहेवारूप अथवा नरकायुरूप अनिष्ट स्थिति, अनिष्ट लावण्य-शरीरनो बेडोळ आकारविशेष, अपयश अने अपकीर्तिरूप अनिष्ट यशःकीर्ति, वीर्यान्तरायना क्षयोपशमादिथी उत्पन्न थयेल उत्थानादिवीर्यविशेष अनिष्ट-निन्दित छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. असुरकुमारा दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–१ इट्ठा सद्दा, २ इट्ठा रूवा, जाव–इट्ठे उट्ठाण–कम्म–बल–वीरिय–पुरिसक्कारपरक्कमे, एवं जाव–थणियकुमारा।

७. पुढविकाइया छ ट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा–इट्ठाणिट्ठा फासा, इट्ठाणिट्ठा गती, एवं जाव–परक्कमे एवं जाव–वणस्सइकाइया।

८. बेइंदिया सत्त ट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठाणिट्ठा रसा, सेसं जहा एगिंदियाणं।

९. तेंदिया अट्ठ ट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरन्ति, तं जहा–इट्ठाणिट्ठा गंधा, सेसं जहा बेंदियाणं।

१०. चउरिंदिया नव ट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठाणिट्ठा रूवा, सेसं जहा तेंदियाणं।

११. पंचिंदियतिरिक्खजोणिया दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठाणिट्ठा सद्दा, जाव–परक्कमे, एवं मणुस्सा वि, वाणमंतर–जोइसिय–वेमाणिया जहा असुरकुमारा।

१२. [प्र०] देवे णं भंते! महिड्ढीए जाव–महेसक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू, तिरियपव्वयं वा तिरियभित्तिं वा उल्लंघेत्तए वा पल्लंघेत्तए वा? [उ०] गोयमा! णो तिणट्ठे समट्ठे।

१३. [प्र०] देवे णं भंते! महिड्ढीए जाव–महेसक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू, तिरिय० जाव–पल्लंघेत्तए वा? [उ०] हंता पभू। 'सेवं भंते! सेवं भंते'त्ति।

## चोद्दसमसए पंचमो उद्देसो समत्तो.

६. असुरकुमारो दश स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ इष्ट शब्द, २ इष्ट रूप, यावत्–१० इष्ट उत्थान, कर्म, बल, वीर्य अने पुरुषकार पराक्रम–ए प्रमाणे यावत्–स्तनितकुमारो सुधी जाणवुं. असुरकुमारो.

७. पृथिविकायिको छ स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ *इष्टानिष्ट स्पर्श, २ इष्टानिष्ट गति, यावत्–६ 'इष्टानिष्ट पुरुषकार–पराक्रम'–ए प्रमाणे यावत्–वनस्पतिकायिक सुधी जाणवुं. पृथिवीकायिको.

८. बेइन्द्रिय जीवो सात स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ इष्टानिष्ट रस–इत्यादि समग्र एकेन्द्रियोनी पेठे अहिं कहेवुं. बेइन्द्रियो.

९. तेइन्द्रिय जीवो आठ स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ इष्टानिष्ट गन्ध–इत्यादि बाकी बधुं बेइन्द्रियोनी पेठे कहेवुं. तेइन्द्रियो.

१०. चउरिन्द्रिय जीवो नव स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ इष्टानिष्ट रूप–इत्यादि बाकी बधुं तेइन्द्रिय जीवोनी पेठे जाणवुं. चतुरिन्द्रिय जीवो.

११. पंचेन्द्रियतिर्यंचयोनिको दश स्थानकोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ इष्टानिष्ट शब्द–इत्यादि यावत्–पराक्रम सुधी कहेवुं. ए प्रमाणे मनुष्यो पण जाणवा. जेम असुरकुमार संबन्धे कह्युं तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे कहेवुं. पंचेन्द्रिय तिर्यंचो.

१२. [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्–मोटा सुखवाळो देव बहारना–भवधारणीय शरीर व्यतिरिक्त पुद्गलोने ग्रहण कर्या शिवाय तिर्छा पर्वतने के तिर्छी [प्राकारनी] भींतने उल्लंघवा के वारंवार उल्लंघवा समर्थ थाय? [उ०] हे गौतम! ए अर्थ यथार्थ नथी, [अर्थात् भवधारणीय शरीर व्यतिरिक्त बीजा बहारना पुद्गलोने ग्रहण कर्या शिवाय पर्वतादिने उल्लंघवानुं सामर्थ्य प्रवर्ततुं नथी.] महर्द्धिक देव बहारना पुद्गलोने ग्रहण कर्या शिवाय पर्वतादिने उल्लंघी शके?

१३. [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्–मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण करी तिर्छा [पर्वतने के तिर्छी प्राकारनी भींतने उल्लंघवा समर्थ छे? [उ०] हा, गौतम! समर्थ छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'–एम कही [भगवान् गौतम यावद् विहरे छे.] बहारना पुद्गलोने ग्रहण करी पर्वतादिने उलंघवा समर्थ छे.

## चतुर्दश शतके पंचम उद्देशक समाप्त.

---

७ * एकेन्द्रियोनी शुभाशुभ क्षेत्रमां उत्पत्ति थवानो संभव होवाथी तेने साता अने असाताना उदयनो संभव छे माटे तेने इष्टानिष्ट स्पर्शादि होय छे. यद्यपि तेओ स्थावर छे तेथी तेने स्वभावथी गमनरूप गतिनो संभव नथी तो पण तेओमां परप्रेरित गति होय छे, अने ते शुभाशुभरूप होवाथी 'इष्टानिष्ट' कहेवाय छे. इष्टानिष्ट लावण्य मणि अने पत्थरने विषे जाणवुं. स्थावर होवाथी एकेन्द्रियने विषे उत्थानादि होता नथी, परन्तु पूर्वभवमां अनुभवेला उत्थानादिना संस्कारनिमित्ते तेनुं इष्टानिष्टपणुं जाणवुं.–टीका.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## छट्ठओ उद्देसो।

१. [प्र०] रायगिहे जाव-एवं वयासी-नेरइया णं भंते ! किमाहारा, किंपरिणामा, किंजोणीया, किंठितीया पण्णत्ता ? [उ०] गोयमा ! नेरइया णं पोग्गलाहारा, पोग्गलपरिणामा, पोग्गलजोणिया; पोग्गलट्ठितीया, कम्मोवगा, कम्मनियाणा, कम्मट्ठितीया, कम्मुणामेव विप्परियासमेंति, एवं जाव-वेमाणिया ।

२. [प्र०] नेरइया णं भंते ! किं वीयीदव्वाइं आहारेंति अवीचिदव्वाइं आहारेंति ? [उ०] गोयमा ! नेरतिया वीचिदव्वाइं पि आहारेंति, अवीचिदव्वाइं पि आहारेंति । [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'नेरतिया वीचि० तं चेव जाव-आहारेंति' ? [उ०] गोयमा ! जे णं नेरइया एगपएसूणाइं पि दव्वाइं आहारेंति, ते णं नेरतिया वीचिदवाइं आहारेंति, जे णं नेरतिया पडिपुन्नाइं दव्वाइं आहारेंति ते णं नेरइया अवीचिदव्वाइं आहारेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-जाव-आहारेंति, एवं जाव-वेमाणिया आहारेंति ।

३. [प्र०] जाहे णं भंते ! सक्के देविंदे देवराया दिव्वाइं भोगभोगाइं भुंजिउंकामे भवति से कहमियाणिं पकरेंति ? [उ०] गोयमा ! ताहे चेव णं से सक्के देविंदे देवराया एगं महं नेमिपडिरूवगं विउव्वति, एगं जोयणसयसहस्सं आयाम-विक्खंभेणं, तिन्नि जोयणसयसहस्साइं, जाव-अद्धंगुलं च किंचिविसेसाहियं परिक्खेवेणं । तस्स णं नेमिपडिरूवगस्स उवरिं बहुसमरमणिज्जे भूमिभागे पन्नत्ते, जाव-मणीणं फासे, तस्स णं नेमिपडिरूवगस्स बहुमज्झदेसभागे तत्थ णं महं एगं पासायवडेंसगं विउव्वति पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं, अब्भुग्गय-मूसिय० वन्नओ जाव-पडिरूवं ।

## षष्ठ उद्देशक.

नारकोने आहार परिणाम, योनि, स्थिति वगेरे.

१. [प्र०] राजगृहमां [भगवान् गौतम] आ प्रमाणे बोल्या के हे भगवन् ! नारको शो आहार करे, अने ते [आहारनो] शो परिणाम थाय, तेनी योनि ( उत्पत्तिस्थानक ) केवी होय, अने तेनी स्थिति-अवस्थानुं कारण शुं छे ? [उ०] हे गौतम ! नारको पुद्गलनो आहार करे, अने तेनो पुद्गलरूपे परिणाम थाय, [शीत अने उष्ण स्पर्शवाळा] पुद्गलो एज तेनी योनि-उत्पत्तिस्थानक छे, [ आयुषकर्मना] पुद्गलो ए तेनी नरकमां स्थितिनुं कारण छे. तथा ते [बन्धद्वारा] कर्मने प्राप्त थयेला छे, ते नारकपणानुं निमित्तभूतकर्मवाळा छे, कर्मपुद्गलथी तेओनी स्थिति छे, अने कर्मने लीधे अन्य पर्यायने प्राप्त थाय छे. ए प्रमाणे यावद्-वैमानिको सुधी जाणवुं.

नारको वीचि अने अवीचिद्रव्यनो आहार करे छे.

२. [प्र०] हे भगवन् ! नारको वीचिद्रव्योनो आहार करे छे के अवीचि द्रव्योनो आहार करे छे ? [उ०] हे गौतम नारको *वीचिद्रव्योनो पण आहार करे छे अने अवीचिद्रव्योनो पण आहार करे छे. [प्र०] हे भगवन् ! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के, 'नारको वीचिद्रव्यो अने अवीचिद्रव्योनो पण आहार करे छे' ? [उ०] हे गौतम ! जे नारको एक प्रदेश पण न्यून द्रव्योनो आहार करे छे तेओ वीचिद्रव्योनो आहार करे छे, अने जे नैरयिको परिपूर्ण द्रव्योनो आहार करे छे तेओ अवीचि द्रव्योनो आहार करे छे, ते हेतुथी हे गौतम ! एम कह्युं छे के, 'नारको वीचि तथा अवीचि ए बन्ने प्रकारना द्रव्योनो आहार करे छे.' ए प्रमाणे यावद्-'वैमानिको आहार करे छे' त्यां सुधी जाणवुं.

ज्यारे इन्द्र भोग भोगववा इच्छे त्यारे ते शुं करे ?

३. [प्र०] हे भगवन् ! देवोनो इन्द्र अने देवोनो राजा शक्र ज्यारे भोगववा योग्य दिव्य [मनोज्ञ स्पर्शादिक] भोगोने भोगववाने इच्छे त्यारे ते तेने ते वखते केवी रीते भोगवे ? [उ०] हे गौतम ! त्यारे ते देवोनो इन्द्र अने देवोनो राजा शक्र एक मोटुं चक्रना जेवुं (वृत्ताकार ) स्थान †विकुर्वे छे, तेनी लंबाइ अने पहोळाइ एक लाख योजननी अने तेनी परिधि त्रण लाख [ सोळ हजार बसो सत्यावीश योजन त्रण क्रोश, एकसो अठ्यावीश धनुष अने कंइक अधिक साडातेर] आंगुल छे. ते चक्रना आकारवाळा स्थाननी उपर बरोबर सम अने रमणीय

---

२ * जेटला पुद्गलद्रव्यना समुदायथी संपूर्ण आहार थाय ते अवीचिद्रव्य, अने संपूर्ण आहारथी एकादिप्रदेश न्यून आहार ते वीचिद्रव्य.

३ †अहिं शक्रने सुधर्मासभा भोगस्थान छे, तो पण ते चक्रना आकारवाळु स्थान विकुर्वे छे ते जिननी आशातनानो त्याग करवा माटे छे. कारण के सुधर्मा सभामां माणवक स्तम्भने विषे डाभडामां जिनना अस्थिओ छे, अने तेनी पासे ( मैथुननिमित्त ) विषयोपभोग करवामां जिननी आशातना थाय, माटे मैथुन निमित्तक विषयोपभोगमाटे चक्रना आकारवाळुं बीजुं स्थान विकुर्वे छे.-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तस्स पासायवडिंसगस्स उल्लोए पउमलयाभत्तिचित्ते, जाव–पडिरूवे। तस्स णं पासायवडेंसगस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे, जाव–मणीणं फासो, मणिपेढिया अट्ठजोयणिया जहा वेमाणियाणं। तीसे णं मणिपेढियाए उवरिं महं एगे देवसयणिज्जे विउव्वइ, सयणिज्जवन्नओ, जाव–पडिरूवे। तत्थ णं से सक्के देविंदे देवराया अट्ठहिं अग्गमहिसीहिं सपरिवाराहिं, दोहि य अणिएहिं नट्टाणिएण य गंधव्वाणिएण य सद्धिं महयाहयनट्ट० जाव–दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ।**

**४. [प्र०] जाहे ईसाणे देविंदे देवराया दिव्वाइं० ? [उ०] जहा सक्के तहा ईसाणे वि निरवसेसं, एवं सणंकुमारे वि, नवरं पासायवडेंसओ छ जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, तिन्नि जोयणसयाइं विक्खंभेणं, मणिपेढिया तहेव अट्ठजोयणिया। तीसे णं मणिपेढियाए उवरिं एत्थ णं महेगं सीहासणं विउव्वइ सपरिवारं भाणियव्वं। तत्थ णं सणंकुमारे देविंदे देवराया बावत्तरीए सामाणियसाहस्सीहिं जाव–चउहिं बावत्तरीहिं आयरक्खदेवसाहस्सीहि य बहूहिं सणंकुमारकप्पवासीहिं वेमाणिएहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे महया० जाव–विहरइ। एवं जहा सणंकुमारे तहा जाव–पाणओ अच्चुओ, नवरं जो जस्स परिवारो सो तस्स भाणियव्वो, पासायउच्चत्तं जं सएसु २ कप्पेसु विमाणाणं उच्चत्तं, अद्धद्धं वित्थारो, जाव–अच्चुयस्स नवजोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अद्धपंचमाइं जोयणसयाइं विक्खंभेणं, तत्थ णं गोयमा ! अच्चुए देविंदे देवराया दसहिं सामाणियसाहस्सीहिं जाव–विहरइ, सेसं तं चेव। 'सेवं भंते ! सेवं भंते' ! त्ति।**

## चोद्दसमसए छट्ठओ उद्देसो समत्तो।

भूमिभाग कहेलो छे. [तेनुं वर्णन] यावत्–'मनोज्ञ स्पर्श होय छे' त्यां सुधी जाणवुं. ते चक्राकारवाळा ते स्थाननी बरोबर मध्यभागे एक मोटो प्रासादावतंसक–भूषणरूप सुन्दर प्रासाद विकुर्वे छे. ते उंचाइमां पांचसे योजन उंचो अने तेनो विष्कंभ–विस्तार अढीसो योजननो छे. ते प्रासाद अभ्युद्गत–अत्यन्त उंचो [अने प्रभाना पुंजवडे व्याप्त होवाथी जाणे हसतो होयनी !]–इत्यादि *प्रासादवर्णन जाणवुं, यावत्–ते प्रतिरूप–सुंदर अने दर्शनीय छे. तथा ते प्रासादावतंसकनो उल्लोच–उपरनो भाग पद्म अने लताओना चित्रामणथी विचित्र अने यावद्–दर्शनीय छे. वळी ते प्रासादावतंसकनो अंदरनो भाग बराबर सम अने रमणीय छे, यावत्–'त्यां मणिओनो स्पर्श होय छे'–त्यां सुधी वर्णन जाणवुं. वळी त्यां आठ योजन उंची एक मणिपीठिका छे, अने ते वैमानिकोनी मणिपीठिका जेवी जाणवी. ते मणिपीठिकानी उपर एक मोटी देवशय्या विकुर्वे छे, ते देवशय्यानुं वर्णन यावत् 'प्रतिरूप' छे त्यां सुधी कहेवुं. त्यां देवनो इन्द्र अने देवनो राजा शक्र पोतपोताना परिवारयुक्त आठ पट्टराणीओ साथे गन्धर्वानीक अने नाट्यानीक ए बे प्रकारना अनीकनी साथे मोटेथी आहत–वगाडेला नाट्य, गीत अने वादित्रना शब्दवडे यावत्–भोगववा योग्य दिव्य भोगोने भोगवतो विहरे छे.

४. [प्र०] हे भगवन् ! देवेन्द्र अने देवनो राजा ईशान दिव्य भोगोने भोगववा इच्छे त्यारे ते केवी रीते भोगवे ? [उ०] जेम शक्र संबन्धे कह्युं तेम ईशान संबन्धे पण समग्र कहेवुं. ए प्रमाणे सनत्कुमारने विषे पण जाणवुं, परन्तु विशेष ए छे के, ए प्रासादावतंसक उंचाईमां छसो योजन अने पहोळाइमां त्रणसो योजन छे. तथा ते मणिपीठिकानी उपर एक मोटुं †सिंहासन सपरिवार–पोताना परिवारने योग्य आसनो सहित विकुर्वे छे–इत्यादि कहेवुं. तेमां देवेन्द्र अने देवनो राजा सनत्कुमार बहोंतेर हजार सामानिक देवो साथे, यावत्–बे लाख अठ्याशी हजार आत्मरक्षक देवो साथे, अने सनत्कुमार कल्पमां रहेनारा घणा वैमानिक देवो अने देवीओ साथे ‡परिवृत थइ [मोटा गीत अने वादित्रना] शब्दोवडे यावत्–विहरे छे. ए प्रमाणे जेम सनत्कुमार संबन्धे कह्युं, तेम यावत्–प्राणत तथा अच्युत देवलोक सुधी जाणवुं. परन्तु विशेष ए छे के, जेनो जेटलो परिवार होय तेनो तेटलो अहिं कहेवो. पोत पोताना कल्पना विमानोनी उंचाइना जेटली प्रासादनी ¶उंचाइ जाणवी, अने उंचाइना अडधा भाग जेटलो तेनो विस्तार जाणवो, यावत्–अच्युत देवलोकनो प्रासादावतंसक नवसो योजन उंचो छे, अने साडा चारसो योजन पहोळो छे. तेमां हे गौतम ! देवेन्द्र देवराज अच्युत दश हजार सामानिक देवो साथे यावद्–विहरे छे. बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही यावद्–[भगवान् गौतम] विहरे छे.

**ईशानेन्द्र भोग भोगववा इच्छे त्यारे ते केवी रीते भोगवे ?**

## चतुर्दश शतके षष्ठ उद्देशक समाप्त.

३ * प्रासादवर्णन संबन्धे जुओ–भग० खं० १ पृ० ३००.

४ † सनत्कुमारेन्द्र मात्र सिंहासन विकुर्वे छे, परन्तु शक्र अने ईशाननी पेठे देवशय्या विकुर्वतो नथी, कारण के ते स्पर्शमात्रथी विषयोपभोग करतो होवाथी तेने शय्यानुं प्रयोजन नथी.

‡ सनत्कुमारेन्द्रनो परिवार कह्यो छे, माहेन्द्रने सीत्तेर हजार सामानिक देवो अने बे लाख एंशी हजार अंगरक्षक देवो होय छे, ब्रह्मदेवलोकने साठ हजार, लान्तकने पचास हजार, शुक्रने चाळीश हजार, सहस्रारने त्रीश हजार, आणत–प्राणतने वीश हजार अने आरण–अच्युतने दश हजार सामानिक देवो होय छे, अने तेथी चारगुणा आत्मरक्षक देवो जाणवा.

¶ सनत्कुमार अने माहेन्द्र देवलोकना विमान छसो योजन उंचा छे, माटे तेना प्रासादनी उंचाइ पण छसो योजन जाणवी, ब्रह्म अने लान्तकने विषे सातसो योजन, शुक्र अने सहस्रारने विषे आठसो योजन, आनत–प्राणत अने आरण–अच्युतेन्द्रना प्रासादो नवसो योजन उंचा छे, अने तेनो विस्तार तेथी अरधो छे. यावत्–अच्युतनो नवसो योजन प्रासाद उंचो छे, अने तेनो विस्तार साडा चारसो योजन छे. आ अच्युत देवलोकने विषे अच्युतेन्द्र दश हजार सामानिक देवोनी साथे यावत् विहरे छे. अहिं एटलो विशेष छे के सनत्कुमारादि इन्द्रो सामानिकादि देवोना परिवार सहित चक्रना आकारवाळा स्थानने विषे जाय छे, कारण के तेओना समक्ष स्पर्शादि विषयोनो उपभोग करवो अविरुद्ध छे, शक्र अने ईशानेन्द्र परिवार सहित त्यां जता नथी, कारण के ते कायसेवी होवाथी तेओना समक्ष कायप्रतिचारणा ( कायद्वारा विषयोपभोग ) सेववो लज्जनीय अने अनुचित छे.—टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सत्तमो उद्देसो।

१. [प्र०] रायगिहे जाव-परिसा पडिगया। 'गोयमा'! दी समणे भगवं महावीरे भगवं गोयमं आमंतेत्ता एवं वयासी-'चिर संसिट्ठोऽसि मे गोयमा! चिरसंथुओऽसि मे गोयमा! चिरपरिचिओऽसि मे गोयमा! चिरजुसिओऽसि मे गोयमा! चिराणुगओऽसि मे गोयमा! चिराणुवत्ती सि मे गोयमा! अणंतरं देवलोए अणंतरं माणुस्सए भवे, किं परं? मरणा कायस्स भेदा, इओ चुत्ता दो वि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो।

२. [प्र०] जहा णं भंते! वयं एयमट्ठं जाणामो, पासामो, तहा णं अणुत्तरोववाइया वि देवा एयमट्ठं जाणंति, पासंति? [उ०] हंता गोयमा! जहा णं वयं एयमट्ठं जाणामो, पासामो तहा अणुत्तरोववाइया वि देवा एयमट्ठं जाणंति, पासंति। [प्र०] से केणट्ठेणं जाव-पासंति? [उ०] गोयमा! अणुत्तरोववाइयाणं अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ, पत्ताओ, अभिसमन्नागयाओ भवंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-जाव-'पासंति'।

३. [प्र०] कइविहे णं भंते! तुल्लए पण्णत्ते? [उ०] गोयमा! छव्विहे तुल्लए पण्णत्ते, तंजहा-१ दव्वतुल्लए, २ खेत्त-तुल्लए, ३ कालतुल्लए, ४ भवतुल्लए, ५ भावतुल्लए, ६ संठाणतुल्लए।

## सप्तम उद्देशक.

केवळज्ञाननी अप्राप्तिथी खिन्न थयेला गौतम स्वामीने आश्वासन.

१. राजगृहमां यावत्-परिषद् वांदीने पाछी गई. [भगवान् श्री महावीर स्वामी केवलज्ञाननी अप्राप्तिथी खिन्न थयेला गौतम स्वामीने आश्वासन आपवा माटे पोतानो तेमनी साथेनो लांबा कालनो परिचय बतावी भविष्यमां पोतानी साथे तेमनी तुल्यता बतावे छे-] श्रमण भगवंत महावीरे 'हे गौतम!' एम भगवान् गौतमने बोलावी आ प्रमाणे कह्युं-"हे गौतम! तुं मारी साथे घणा काळ सुधी स्नेहथी बंधायेल छे, हे गौतम! तें घणा लांबा काळथी [स्नेहने लीधे] मारी प्रशंसा करी छे, हे गौतम! तारो मारी साथे घणा लांबा काळथी परिचय छे, हे गौतम! तें घणा लांबा काळथी मारी सेवा करी छे, हे गौतम! तुं घणा लांबा काळथी मने अनुसर्यो छे, हे गौतम! तुं घणा लांबा काळथी मारी साथे अनुकूलपणे वर्त्यो छे, हे गौतम! अनन्तर (तुरतना) देवभवमां अने तुरतना मनुष्यभवमां [ए प्रमाणे तारी साथे संबन्ध छे,] वधारे शुं? पण मरण पछी शरीरनो नाश थया बाद अहींथी च्यवी आपणे बन्ने सरखा, एकार्थ-एकप्रयोजनवाळा, (अथवा एक सिद्धिक्षेत्रमां रहेवावाळा) विशेषता अने भेदरहित थईशुं.

अनुत्तरौपपातिक देवो जाणे छे अने जुए छे?

२. [प्र०] हे भगवन्! जेम आपणे बन्ने आ (पूर्वोक्त) अर्थने *जाणीए छीए अने जोइए छीए, तेम अनुत्तरौपपातिक देवो पण ए वातने जाणे छे अने जुए छे? [उ०] हा, गौतम! जेम आपणे बन्ने पूर्वोक्त वातने जाणीए छीए अने जोइए छीए तेम अनुत्तरौपपातिक देवो पण ए वातने जाणे छे अने जुए छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'जेम आपणे जाणीए छीए तेम अनुत्तरौपपातिक देवो पण जाणे छे अने जुए छे'? [उ०] हे गौतम! अनुत्तरौपपातिक देवोए मनोद्रव्यनी अनंत वर्गणाओ (अवधिज्ञाननी लब्धिथी) [ज्ञेयरूपे] मेळवी छे, प्राप्त करी छे, अने [गुण-पर्यायना ज्ञानथी] व्याप्त करी छे, माटे हे गौतम! एम कहेवाय छे के ते (अनुत्तरौपपातिक देवो) जाणे छे अने जुए छे.

तुल्यता.

३. [प्र०] हे भगवन्! केटला प्रकारे तुल्य कहेल छे? [उ०] हे गौतम! तुल्य छ प्रकारे कहेलुं छे, ते आ प्रमाणे-१ द्रव्यतुल्य, २ क्षेत्रतुल्य, ३ कालतुल्य, ४ भवतुल्य, ५ भावतुल्य अने ६ संस्थानतुल्य.

---

२ * गौतमस्वामी महावीर भगवंतने कहे छे-"हुं भविष्यकाळमां आपना तुल्य थइश" एम आप केवलज्ञानथी जाणो छो, अने ते वात हुं आपना उपदेशथी जाणुं छुं, तेम अनुत्तरौपपातिक देवो पण आ वात जाणे छे अने जुए छे?-ए प्रश्नो आशय छे-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रा. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.



४. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'दव्वतुल्लए' २? [उ०] गोयमा! परमाणुपोग्गले परमाणुपोग्गलस्स दव्वओ तुल्ले, परमाणुपोग्गले परमाणुपोग्गलवइरित्तस्स दव्वओ णो तुल्ले, दुपएसिए खंधे दुपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, दुपएसिए खंधे दुपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले, एवं जाव–दसपएसिए, तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले, एवं तुल्लअसंखेज्जपएसिए वि, एवं तुल्लअणंतपएसिए वि, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'दव्वतुल्लए' २।

५. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'खेत्ततुल्लए' २? [उ०] गोयमा! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स खेत्तओ तुल्ले, एगपएसोगाढे पोग्गले एगपएसोगाढवइरित्तस्स पोग्गलस्स खेत्तओ णो तुल्ले, एवं जाव–दसपएसोगाढे, तुल्लसंखेज्जपएसोगाढे तुल्लसंखेज्ज०, एवं तुल्लअसंखेज्जपएसोगाढे वि, से तेणट्ठेणं जाव–'खेत्ततुल्लए' २।

६. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'कालतुल्लए' २? [उ०] गोयमा! एगसमयठितीए पोग्गले एगसमयठितियस्स य पोग्गलस्स कालओ तुल्ले, एगसमयठितीए पोग्गले एगसमयठितीयवइरित्तस्स पोग्गलस्स कालओ णो तुल्ले, एवं जाव–दससमयट्ठितीए, तुल्लसंखेज्जसमयठितीए एवं चेव, एवं तुल्लअसंखेज्जसमयट्ठितीए वि, से तेणट्ठेणं जाव–'कालतुल्लए' २।

७. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'भवतुल्लए' २? [उ०] गोयमा! नेरइए नेरइयस्स भवट्ठयाए तुल्ले, नेरइयवइरित्तस्स भवट्ठयाए नो तुल्ले, तिरिक्खजोणिए एवं चेव, एवं मणुस्से, एवं देवे वि, से तेणट्ठेणं जाव–'भवतुल्लए' २।

८. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'भावतुल्लए' २? [उ०] गोयमा! एगगुणकालए पोग्गले एगगुणकालस्स पोग्गलस्स भावओ तुल्ले, एगगुणकालए पोग्गले एगगुणकालगवइरित्तस्स पोग्गलस्स भावओ णो तुल्ले, एवं जाव–दसगुणकालए, एवं तुल्लसंखेज्जगुणकालए पोग्गले, एवं तुल्लअसंखेज्जगुणकालए वि, एवं तुल्लअणंतगुणकालए वि, जहा कालए एवं नीलए, लोहि-

४. [प्र०] हे भगवन्! द्रव्यतुल्य ए 'द्रव्यतुल्य' एम केम कहेवाय? [उ०] हे गौतम! एक परमाणुपुद्गल बीजा परमाणुपुद्गलनी साथे द्रव्यथी तुल्य छे, पण परमाणुपुद्गल परमाणुपुद्गल शिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी; ए प्रमाणे द्विप्रदेशिक स्कन्ध (बीजा) द्विप्रदेशिक स्कन्धनी साथे द्रव्यथी तुल्य छे, पण द्विप्रदेशिक स्कन्ध द्विप्रदेशिक स्कन्ध सिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी. ए प्रमाणे यावत्–दशप्रदेशिक स्कन्ध सुधी कहेवुं. तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध (तेना) तुल्यसंख्यातप्रदेशिक स्कन्धनी साथे द्रव्यथी तुल्य छे, पण तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध शिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी, ए प्रमाणे तुल्यअसंख्यात प्रदेशिक स्कन्ध तथा तुल्यअनन्तप्रदेशिक स्कन्ध संबन्धे पण जाणवुं. माटे हे गौतम! ते कारणथी द्रव्यतुल्य ए 'द्रव्य-तुल्य' कहेवाय छे. द्रव्यतुल्य.

५. [प्र०] हे भगवन्! क्षेत्रतुल्य ए 'क्षेत्रतुल्य' शा कारणथी कहेवाय छे? [उ०] हे गौतम! आकाशना एक प्रदेशावगाढ–एक प्रदेशमां रहेल पुद्गल द्रव्य एक प्रदेशमां रहेल पुद्गलद्रव्यनी साथे क्षेत्रथी तुल्य कहेवाय छे; पण एक प्रदेशमां रहेल पुद्गलद्रव्य शिवायना द्रव्य साथे क्षेत्रथी तुल्य नथी. ए प्रमाणे यावत्–दशप्रदेशावगाढ–दश प्रदेशमां रहेल पुद्गल द्रव्य संबन्धे पण जाणवुं. तथा तुल्यसंख्यातप्रदेशावगाढ स्कन्धनी साथे तुल्यसंख्यातप्रदेशावगाढ स्कन्ध तुल्य होय, ए प्रमाणे तुल्यअसंख्यातप्रदेशावगाढ स्कन्ध संबन्धे पण जाणवुं. माटे हे गौतम! ते हेतुथी क्षेत्रतुल्य ए 'क्षेत्रतुल्य' कहेवाय छे. क्षेत्रतुल्य.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुंभकारीए कुंभकारावणस्स दुवारवयणाइं अवगुणंति, अवगुणित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं सुरभिणा गंधोदएणं ण्हाणेंति, तं चेव जाव–महया इड्डि–सक्कारसमुदएणं गोसालस्स मंखलिपुत्तस्स सरीरस्स नीहरणं करेंति।

३५. तए णं समणे भगवं महावीरे अन्नया कदायि सावत्थीओ नगरीओ कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ। तेणं कालेणं तेणं समएणं मेंढियगामे नामं नगरे होत्था, वन्नओ। तस्स णं मेंढियगामस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थ णं साण(ल)कोट्ठए नामं चेइए होत्था, वन्नओ, जाव–पुढविसिलापट्टओ। तस्स णं साण(ल)कोट्ठगस्स णं चेइयस्स अदूरसामंते एत्थ णं महेगे मालुयाकच्छए यावि होत्था, किण्हे किण्होभासे, जाव–निकुरंबभूए, पत्तिए, पुप्फिए, फलिए, हरियगरेरिज्जमाणे, सिरीए अतीव २ उवसोभेमाणे चिट्ठति। तत्थ णं मेंढियगामे नगरे रेवती नामं गाहावइणी परिवसति, अड्ढा, जाव–अपरिभूया। तए णं समणे भगवं महावीरे अन्नया कदायि पुव्वाणुपुव्विं चरमाणे जाव–जेणेव मेंढियगामे नगरे जेणेव साण(ल)कोट्ठए चेइए जाव–परिसा पडिगया। तए णं समणस्स भगवओ महावीरस्स सरीरगंसि विपुले रोगायंके पाउब्भूए, उज्जले जाव–दुरहियासे, पित्तज्जरपरिगयसरीरे, दाहवक्कंतीए यावि विहरति, अवियाइं लोहियवच्चाइं पि पकरेइ, चाउवन्नं वागरेति–'एवं खलु समणे भगवं महावीरे गोसालस्स मंखलिपुत्तस्स तवेणं तेएणं अन्नाइट्ठे समाणे अंतो छण्हं मासाणं पित्तज्जरपरिगयसरीरे दाहवक्कंतीए छउमत्थे चेव कालं करेस्सति'। तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी सीहे नामं अणगारे, पगइभद्दए, जाव–विणीए मालुयाकच्छगस्स अदूरसामंते छट्ठंछट्ठेणं अनिक्खित्तेणं २ तवोकम्मेणं उड्ढंबाहा जाव–विहरति। तए णं तस्स सीहस्स अणगारस्स झाणंतरियाए वट्टमाणस्स अयमेयारूवे जाव–समुप्पज्जित्था–'एवं खलु ममं धम्मायरियस्स धम्मोवदेसगस्स समणस्स भगवओ महावीरस्स सरीरगंसि विउले रोगायंके पाउब्भूए, उज्जले जाव–छउमत्थे चेव कालं करिस्सति, वदिस्संति य णं अन्नतित्थिया–'छउमत्थे चेव कालगए'। इमेणं एयारूवेणं महया मणोमाणसिएणं दुक्खेणं अभिभूए समाणे आयावणभूमीओ पच्चोरुभइ

गोशालकना शरीरने सुगन्धी गन्धोदक वडे स्नान करावे छे–इत्यादि पूर्वोक्त कहेवुं, यावत्–अत्यन्त मोटी ऋद्धि अने सत्कारना समुदायथी मंखलिपुत्र गोशालकना शरीरने बहार काढे छे.

मेंढिकग्राम. श्यानकोष्ठक चैत्य. मालुकावन.

३५. त्यार पछी श्रमण भगवान् महावीर अन्य कोइ दिवसे श्रावस्ती नगरीथी अने कोष्ठक चैत्यथी नीकळी बहारना देशोमां विहरे छे. ते काले ते समये मेंढिकग्राम नामे नगर हतुं. वर्णन. ते मेंढिकग्राम नामे नगरनी बहार उत्तर–पूर्व दिशाने विषे अहिं साणकोष्ठक (श्यानकोष्ठक?) नामे चैत्य हतुं. वर्णन. यावत्–पृथिवीशिलापट्ट हतो. ते साणकोष्ठक चैत्यनी थोडे दूर अहिं मोटुं एक मालुका (एक बीजवाळा) वृक्षनुं वन हतुं. ते श्याम, श्यामकान्तिवाळुं, यावत्–महामेघना समूहना जेवुं हतुं. वळी ते पत्रवाळुं, पुष्पवाळुं, फलवाळुं, हरितवर्णवडे अत्यन्त देदीप्यमान अने श्री–शोभावडे अत्यन्त सुशोभित हतुं. ते मेंढिकग्राम नामे नगरमां रेवतीनामे गृहपत्नी (घरधणियाणी) रहेती हती. ते ऋद्धिवाळी अने कोइथी पराभव न पामे तेवी हती. ते समये श्रमण भगवान् महावीर अन्य कोइ दिवसे अनुक्रमे विहार करता यावत्–ज्यां मेंढिकग्राम नामे नगर छे, अने ज्यां साणकोष्ठक नामे चैत्य छे त्यां आव्या, यावत्–पर्षदा वांदीने पाछी गई. ते वखते श्रमण भगवंत महावीरना शरीरने विषे महान् पीडाकारी, उज्ज्वल–अत्यन्त दाह करनार, यावत्–दुःखे सहन करवा योग्य, यावत्–जेणे पित्तज्वर वडे शरीर व्याप्त कर्युं छे एवो अने जेमां दाह उत्पन्न थाय छे एवो रोग पेदा थयो, अने तेथी लोहीवाळा झाडा थवा लाग्या. चार वर्णना मनुष्यो कहे छे के–"ए प्रमाणे खरेखर श्रमण भगवान् महावीर मंखलिपुत्र गोशालकना तपना तेजवडे पराभव पामी छ मासने अन्ते पित्तज्वरयुक्त शरीरवाळा थईने दाहनी उत्पत्तिथी छद्मस्थावस्थामां काळ करशे." ते काले ते समये श्रमण भगवान् महावीरना अन्तेवासी–शिष्य सिंहनामे अनगार प्रकृति वडे भद्र, यावत्–विनीत हता. ते मालुकावनथी थोडे दूर निरन्तर छट्ठनो तप करवावडे बाहु उंचा राखी यावत्–विहरे छे. ते वखते ते सिंह अनगारने *ध्यानान्तरिकाने विषे वर्तता आवा प्रकारनो आ संकल्प यावत्–उत्पन्न थयो–"ए प्रमाणे खरेखर मारा धर्माचार्य अने धर्मोपदेशक श्रमण भगवंत महावीरना शरीरने विषे अत्यन्त दाह करनार, महान् पीडाकारी रोग पेदा थयो छे–इत्यादि यावत्–ते छद्मस्थावस्थामां काळधर्म पामशे, अन्यतीर्थिको कहेशे के ते छद्मस्थावस्थामां काळधर्म पाम्या"–आवा प्रकारना आ मोटा मानसिक दुःखवडे पीडित थयेल ते (सिंह अनगार) आतापना भूमिथी नीचे उतरी ज्यां मालुकावन छे त्यां आवीने मालुकावननी अंदर प्रवेश करीने तेणे मोटा शब्दथी कुहुकुहु (ठुठवो मूकी)–ए रीते अत्यन्त रुदन कर्युं. श्रमण भगवान् महावीरे 'हे आर्यो! ए प्रमाणे श्रमण निर्ग्रन्थोने बोलावी ए प्रमाणे कह्युं–"हे आर्यो! ए प्रमाणे खरेखर मारा अन्तेवासी सिंहनामे अनगार प्रकृतिवडे भद्र छे–इत्यादि पूर्वोक्त कहेवुं, यावत्–तेणे अत्यन्त रुदन कर्युं, ते माटे हे आर्यो! जाओ, अने तमे सिंह अनगारने बोलावो." ज्यारे श्रमण भगवंत महावीरे ए प्रमाणे कह्युं एटले ते श्रमण निर्ग्रन्थो श्रमण भगवंत महावीरने वंदन करे छे, नमे छे, वंदन करी नमीने श्रमण भगवंत महावीरनी पासेथी अने त्यांग-

भगवंत महावीरना शरीरमां पीडाकारी रोगनुं थवुं.

"भगवंत रोगनी पीडाथी छद्मस्थावस्थामां काळधर्म पामशे"–एवी सिंह अनगारनी आशंका.

भगवंतनुं सिंह अनगारने बोलाववुं.

३५ * एक ध्याननी समाप्ति थया पछी ज्यां सुधी बीजा ध्याननो आरंभ न थाय त्यां सुधी ध्यानान्तरिका कहेवाय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आया० २ पच्चोरुभित्ता जेणेव मालुयाकच्छए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता मालुयाकच्छगं अंतो अणुपविसइ, मालुया० २ अणुपविसित्ता महया २ सद्देणं कुहुकुहुस्स परुन्ने। 'अज्जो'त्ति समणे भगवं महावीरे समणे निग्गंथे आमंतेति, आमंतेत्ता एवं वयासी–'एवं खलु अज्जो! ममं अंतेवासी सीहे नामं अणगारे पगइभद्दए तं चेव सव्वं भाणियव्वं, जाव–परुन्ने, तं गच्छह णं अज्जो! तुज्झे सीहं अणगारं सद्दह'। तए णं ते समणा निग्गंथा समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा समणं भगवं महावीरं वंदंति नमंसंति, वंदित्ता नमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ साण(ल)कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमंति, सा० २ पडिनिक्खमित्ता जेणेव मालुयाकच्छए जेणेव सीहे अणगारे तेणेव उवागच्छन्ति, तेणेव उवागच्छित्ता सीहं अणगारं एवं वयासी–'सीहा! धम्मायरिया सद्दावेंति'। तए णं से सीहे अणगारे समणेहिं निग्गंथेहिं सद्धिं मालुयाकच्छगाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता जेणेव साण(ल)कोट्ठए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, ते० २ उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिण–पयाहिणं जाव–पज्जुवासति। 'सीहा'दि समणे भगवं महावीरे सीहं अणगारं एवं वयासी–'से नूणं ते सीहा! झाणंतरियाए वट्टमाणस्स अयमेयारूवे जाव–परुन्ने, से नूणं ते सीहा! अट्ठे समट्ठे'? हंता अत्थि। तं नो खलु अहं सीहा! गोसालस्स मंखलिपुत्तस्स तवेणं तेएणं अन्नाइट्ठे समाणे अंतो छण्हं मासाणं जाव–कालं करेस्सं, अहन्नं अन्नाइं सोलस वासाइं जिणे सुहत्थी विहरिस्सामि, तं गच्छह णं तुमं सीहा! मेंढियगामं नगरं, रेवतीए गाहावतिणीए गिहे, तत्थ णं रेवतीए गाहावतिणीए ममं अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया, तेहिं नो अट्ठो, अत्थि से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए, तमाहराहि, एएणं अट्ठो'। तए णं से सीहे अणगारे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ–तुट्ठ० जाव–हियए समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता अतुरियमचवलमसंभंतं मुहपोत्तियं पडिलेहेति, मु० २ पडिलेहेत्ता जहा गोयमसामी जाव–जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छति, तेणेव उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ साण(ल)कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता अतुरिय० जाव–जेणेव मेंढियगामे नगरे**

कोष्ठक चैत्यथी नीकळी ज्यां मालुकावन छे अने ज्यां सिंह अनगार छे त्यां आवे छे, त्यां आवीने तेणे सिंह अनगारने ए प्रमाणे कह्युं–"हे सिंह! धर्माचार्य तमने बोलावे छे." त्यारे ते सिंह अनगार श्रमण निर्ग्रन्थोनी साथे मालुकावनथी नीकळी ज्यां साणकोष्ठक चैत्य छे, अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे, त्यां आवी श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करे छे, यावत्–पर्युपासना करे छे. श्रमण भगवंत महावीरे 'हे सिंह'! ए प्रमाणे सिंह अनगारने बोलावी आ प्रमाणे कह्युं–'हे सिंह! खरेखर ध्यानान्तरिकामां वर्तता तने आवा प्रकारनो आ संकल्प थयो हतो, यावत्–तें अत्यन्त रुदन कर्युं हतुं? हे सिंह! खरेखर आ वात सत्य छे? हा, सत्य छे. हे सिंह! हुं नक्की मंखलिपुत्र गोशालकना तपना तेजथी पराभव पामी छमासने अन्ते यावत् काळ करीश नहि, हुं बीजा सोळ वरस जिनपणे गन्धहस्तिनी पेठे विचरीश. ते माटे हे सिंह! तुं मेंढिकग्राम नगरमां रेवती गृहपत्नीना घेर जा, त्यां रेवती गृहपत्नीए मारे माटे बे *कोहळाना फळो संस्कार करी तैयार कर्यां छे, तेनुं मारे प्रयोजन नथी, परन्तु तेथी बीजो गइकाले करेलो मार्जारकृत–मार्जारनामे वायुने शान्त करनार बीजोरा पाक छे, तेने लाव, एनुं मारे प्रयोजन छे. त्यार पछी श्रमण भगवंत महावीरे ए प्रमाणे कह्युं एटले ते सिंह अनगार प्रसन्न अने संतुष्ट, यावत्–प्रफुल्लितहृदयवाळा थई श्रमण भगवंत महावीरने वंदन अने नमस्कार करी त्वरा, चपलता अने उतावळरहितपणे मुखवस्त्रिकानुं प्रतिलेखन करी गौतम स्वामीनी पेठे ज्यां श्रमण भगवंत महावीर छे त्यां आवे छे. त्यां आवीने श्रमण भगवंत महावीरने वंदन अने नमस्कार करी श्रमण भगवंत महावीरनी पासेथी अने साणकोष्ठक चैत्यथी नीकळे छे, त्यांथी नीकळी त्वरारहितपणे यावत्–ज्यां मेंढिकग्राम नामे नगर छे त्यां आवे छे, त्यां आवी मेंढिकग्राम नगरना मध्यभागमां थई ज्यां रेवती गृहपत्नीनुं घर छे, त्यां आवी तेणे रेवती गृहपत्नीना घरमां प्रवेश कर्यो. त्यारे ते रेवती गृहपत्नीए सिंह अनगारने आवता जोया, जोईने प्रसन्न अने संतुष्ट थई जल्दी आसनथी उभी थई, उभी थईने सिंह अनगारनी सामे सात आठ पगलां सामी गई, सामी जइने तेणे त्रणवार प्रदक्षिणा करी वंदन अने नमस्कार करी ए प्रमाणे कह्युं–"हे देवानुप्रिय! आगमननुं प्रयोजन कहो." त्यारे ते सिंह अनगारे रेवती गृहपत्नीने एम कह्युं–"ए प्रमाणे खरेखर तमे श्रमण भगवंत महावीरने माटे बे कोहळा संस्कार करी तैयार कर्या छे, तेनुं प्रयोजन नथी, परन्तु बीजो गइ काले करेलो मार्जारकृत (मार्जारवायुने शमावनार) बीजोरापाक छे तेने आपो, तेनुं प्रयोजन छे." त्यारे ते रेवती गृहपत्नीए सिंह अनगारने ए प्रमाणे कह्युं–'हे सिंह! कोण आ ज्ञानी के तपस्वी छे के जेणे तने आ रहस्य (गुप्त) अर्थ तुरत कह्यो, अने जेथी तुं जाणे छे?'–ए प्रमाणे †स्कन्दकना अधिकारमां

भगवंतनुं सिंहना मनोगत भावनुं कथन.

भगवंतनुं रेवती श्राविकापासेथी बीजोरापाकनुं मंगाववुं.

---

३५ * आ स्थळे मूळमां "दुवे कावोयसरीरा उवक्खडिया तेहिं नो अट्ठो, अत्थि से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए तमाहराहि" एवो पाठ छे, तेनो टीकामां कोइ आचार्य बे कपोत पक्षीना शरीरो छे-एवो प्रसिद्ध अर्थ करे छे, अने मार्जारकृत कुकुटमांसनो पण प्रसिद्ध अर्थ स्वीकारे छे, बीजा अन्य आचार्य कपोतपक्षीना जेवो वर्ण होवाथी कूष्मांड-कोहोलुं–एवो अर्थ करे छे, अने विरालिका नामे वनस्पति विशेषथी भावित कुक्कुटमांस–बीजोरानो गर्भ–एवो अर्थ करे छे.—टीका.

† भग० खं० १ श० २ उ० १ पृ० २३४.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणेव उवागच्छइ, ते० २ उवागच्छित्ता मेंढियगामं नगरं मज्झंमज्झेणं जेणेव रेवतीए गाहावइणीए गिहे तेणेव उवागच्छइ, ते० २ उवागच्छित्ता रेवतीए गाहावतिणीए गिहं अणुप्पविट्ठे। तए णं सा रेवती गाहावतिणी सीहं अणगारं एज्जमाणं पासति, पासित्ता हट्ठतुट्ठ० खिप्पामेव आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता सीहं अणगारं सत्तट्ठ पयाइं अणुगच्छइ, स० २ अणुगच्छित्ता तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेति, आ० २ करेत्ता वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–'संदिसंतु णं देवाणुप्पिया! किमागमणप्पयोयणं'? तए णं से सीहे अणगारे रेवतिं गाहावइणिं एवं वयासी–'एवं खलु तुमे देवाणुप्पिए! समणस्स भगवओ महावीरस्स अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया, तेहिं नो अट्ठो, अत्थि ते अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए एयमाहराहि, तेणं अट्ठो'। तए णं सा रेवती गाहावइणी सीहं अणगारं एवं वयासी–'केस णं सीहा! से णाणी वा तवस्सी वा, जेणं तव एस अट्ठे मम ताव रहस्सकडे हव्वमक्खाए, जओ णं तुमं जाणासि? एवं जहा खंदए, जाव–जओ णं अहं जाणामि। तए णं सा रेवती गाहावतिणी सीहस्स अणगारस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठा जेणेव भत्तघरे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता पत्तगं मोएति, पत्तगं मोएत्ता जेणेव सीहे अणगारे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता सीहस्स अणगारस्स पडिग्गहगंसि तं सव्वं सम्मं निस्सिरति। तए णं तीए रेवतीए गाहावतिणीए तेणं दव्वसुद्धेणं जाव–दाणेणं सीहे अणगारे पडिलाभिए समाणे देवाउए निबद्धे, जहा विजयस्स, जाव–जम्मजीवियफले रेवतीए गाहावतिणीए रेवती० २। तए णं से सीहे अणगारे रेवतीए गाहावतिणीए गिहाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता मेंढियगामं नगरं मज्झंमज्झेणं निग्गच्छति, निग्गच्छित्ता जहा गोयमसामी जाव–भत्तपाणं पडिदंसेति, पडिदंसेत्ता समणस्स भगवओ महावीरस्स पाणिंसि तं सव्वं सम्मं निस्सिरति। तए णं समणे भगवं महावीरे अमुच्छिए जाव–अणज्झोववन्ने बिलमिव पन्नगभूएणं अप्पाणेणं तमाहारं सरीरकोट्ठगंसि पक्खिवति। तए णं समणस्स भगवओ महावीरस्स तमाहारं आहारियस्स समाणस्स से विपुले रोगायंके खिप्पामेव उवसमं पत्ते, हट्ठे जाए, आरोग्गे, बलियसरीरे, तुट्ठा समणा, तुट्ठाओ समणीओ, तुट्ठा सावया, तुट्ठाओ सावियाओ, तुट्ठा देवा, तुट्ठाओ देवीओ, सदेवमणुयासुरे लोए तुट्ठे 'हट्ठे जाए समणे भगवं महावीरे' हट्ठे० २।

३६. 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–'एवं खलु देवाणुप्पियाणं अंतेवासी पाईणजाणवए सव्वाणुभूतीनामं अणगारे पगतिभद्दए जाव–विणीए, से णं भंते! तदा गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं भासरासीकए समाणे कहिं गए, कहिं उववन्ने? [उ०] एवं खलु गोयमा! ममं अंतेवासी पाईणजाणवए सव्वाणुभूतीनामं अणगारे पगइभद्दए जाव–विणीए, से णं तदा गोसालेणं मंखलिपुत्तेणं भासरासीकए समाणे उड्ढं चंदिम–सूरिय० जाव–बंभ–लंतक–महासुक्के कप्पे वीइवइत्ता सहस्सारे कप्पे देवत्ताए उववन्ने। तत्थ णं अत्थेगतियाणं देवाणं अट्ठा-

---

कह्या प्रमाणे अहिं कहेवुं, यावत्–जेथी (भगवंतना कथनथी) हुं जाणुं छुं. त्यारे ते रेवती गृहपत्नी सिंह अनगारनी ए वात सांभळी, हृदयमां अवधारी हृष्ट अने संतुष्ट थई ज्यां भक्तगृह–रसोडुं छे त्यां आवीने पात्र नीचे मूके छे, पात्र नीचे मूकीने ज्यां सिंह अनगार छे त्यां आवे छे, त्यां आवीने सिंह अनगारना पात्रने विषे ते सर्व (बीजोरा पाक) आपे छे. ते समये ते रेवती गृहपत्नीए द्रव्यशुद्ध एवा यावत्–ते दानवडे सिंह अनगारने प्रतिलाभित करवाथी देवायुष बांध्युं, यावत्–*विजयनी पेठे रेवतीए 'जन्म अने जीवितव्यनुं फळ प्राप्त कर्युं २'–एवी उद्घोषणा थई. हवे ते सिंह अनगार रेवती गृहपत्नीना घरथी नीकळी मेंढिकग्राम नगरना मध्यभागमां थईने नीकळे छे, नीकळी †गौतमस्वामीनी पेठे भात–पाणी देखाडे छे. देखाडी श्रमण भगवंत महावीरना हाथमां ते सर्व सारी रीते मूके छे. त्यार बाद श्रमण भगवंत महावीर मूर्छा–आसक्तिरहित, यावत्–तृष्णारहितपणे सर्प जेम बिलमां पेसे तेम पोते ते आहारने शरीररूप कोष्ठमां नांखे छे. हवे ते आहारने खाधा पछी श्रमण भगवंत महावीरनो ते महान् पीडाकारी रोग तुरत ज शान्त थयो. ते हृष्ट, रोगरहित अने बलवानशरीरवाळा थया. श्रमणो तुष्ट थया, श्रमणीओ तुष्ट थई, श्रावको तुष्ट थया, श्राविकाओ तुष्ट थई, देवो तुष्ट थया, देवीओ तुष्ट थई, अने देव, मनुष्य अने असुरो सहित समग्र विश्व संतुष्ट थयुं के 'श्रमण भगवान् महावीर हृष्ट–रोगरहित थया.'

सर्वानुभूतिमुनि मरण पामी क्यां गया– ते संबन्धे प्रश्नोत्तर.

३६. [प्र०] भगवान् गौतमे 'भगवन्'! एम कही श्रमण भगवान् महावीरने वंदन अने नमस्कार करी ए प्रमाणे कह्युं–ए प्रमाणे खरेखर देवानुप्रिय एवा आपना अन्तेवासी पूर्वदेशमां उत्पन्न थयेला सर्वानुभूति नामे अनगार जे प्रकृतिना भद्र हता, यावत्–विनीत हता, हे भगवन्! ज्यारे तेने मंखलिपुत्र गोशालके तपना तेजथी भस्मराशिरूप कर्या त्यारे ते मरीने क्यां गया, क्यां उत्पन्न थया? [उ०] "ए प्रमाणे खरेखर हे गौतम! मारा अन्तेवासी पूर्वदेशोत्पन्न सर्वानुभूतिनामे अनगार प्रकृतिना भद्र यावत्–विनीत हता, तेने ज्यारे मंखलिपुत्र गोशालके भस्मराशिरूप कर्या त्यारे ते ऊर्ध्वलोकमां चन्द्र अने सूर्यने, यावत्–ब्रह्म, लान्तक अने महाशुक्र कल्पने ओळंगी सहस्रार कल्पमां देवरूपे उत्पन्न थया. त्यां केटला एक देवोनी अढार सागरोपमनी स्थिति कही छे. त्यां सर्वानुभूति देवनी पण अढार सागरोपमनी

---

३५ * भग० खं० ३ श० १५ सू० ३ पृ० ३७०. † भग० खं० १ श० २ उ० ५ पृ० २८२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रस सागरोवमाइं ठिती पन्नत्ता, तत्थ णं सव्वाणुभूतिस्स वि देवस्स अट्ठारस सागरोवमाइं ठिती पन्नत्ता। से णं सव्वाणुभूती देवे ताओ देवलोगाओ आउक्खएणं, ठिइक्खएणं, जाव–महाविदेहे वासे सिज्झिहिति, जाव—अंतं करेहिति।

३७. [प्र०] एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कोसलजाणवए सुनक्खत्ते नामं अणगारे पगइभद्दए जाव—विणीए, से णं भंते! तदा णं गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं परिताविए समाणे कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववन्ने? [उ०] एवं खलु गोयमा! ममं अंतेवासी सुनक्खत्ते नामं अणगारे पगइभद्दए जाव–विणीए, से णं तदा गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं परिताविए समाणे जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ, ते० २ उवागच्छित्ता वंदति नमंसति, वंदित्ता नमंसित्ता सयमेव पंच महव्वयाइं आरुभेति, सयमेव० २ आरुभेत्ता समणा य समणीओ य खामेति, खामेत्ता आलोइय–पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा उड्ढं चंदिम–सूरिय० जाव–आणय–पाणया–रणकप्पे वीईवइत्ता अच्चुए कप्पे देवत्ताए उववन्ने। तत्थ णं अत्थेगतियाणं देवाणं बावीसं सागरोवमाइं ठिती पण्णत्ता। तत्थ णं सुनक्खत्तस्स वि देवस्स बावीसं सागरोवमाइं, सेसं जहा सव्वाणुभूतिस्स, जाव–अंतं काहिति।

३८. [प्र०] एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कुसिस्से गोसाले नामं मंखलिपुत्ते से णं भंते! गोसाले मंखलिपुत्ते कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववन्ने? [उ०] एवं खलु गोयमा! ममं अंतेवासी कुसिस्से गोसाले नामं मंखलिपुत्ते समणघायए, जाव–छउमत्थे चेव कालमासे कालं किच्चा उड्ढं चंदिम–सूरिय० जाव–अच्चुए कप्पे देवत्ताए उववन्ने। तत्थ णं अत्थेगतियाणं देवाणं बावीसं सागरोवमाइं ठिती पन्नत्ता। तत्थ णं गोसालस्स वि देवस्स बावीसं सागरोवमाइं ठिती पन्नत्ता।

३९. [प्र०] से णं भंते! गोसाले देवे ताओ देवलोगाओ आउक्खएणं ३ जाव–कहिं उववज्जिहिति? [उ०] गोयमा! इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले पुंडेसु जणवएसु सयदुवारे नगरे संमुतिस्स रन्नो भद्दाए भारियाए कुच्छिसि पुत्तत्ताए पच्चायाहिति। से णं तत्थ नवण्हं मासाणं बहुपडिपुन्नाणं जाव–वीतिक्कंताणं जाव–सुरूवे दारए पयाहिति।

स्थिति छे. ते सर्वानुभूति देव ते देवलोकथी आयुषनो क्षय थवाथी अने स्थितिनो क्षय थवाथी यावत्–महाविदेह क्षेत्रमां सिद्ध थशे, यावत्–सर्व दुःखोनो अन्त करशे.

३७. [प्र०] ए प्रमाणे खरेखर देवानुप्रिय एवा आपना शिष्य कोशल देशमां उत्पन्न थयेला सुनक्षत्र नामे अनगार प्रकृतिना भद्र, यावत्–विनीत हता, तेने ज्यारे मंखलिपुत्र गोशालके तपना तेजथी परिताप उत्पन्न कर्यो त्यारे ते मरणसमये काळ करीने क्यां गया, क्यां उत्पन्न थया? [उ०] हे गौतम! ए प्रमाणे खरेखर मारो शिष्य सुनक्षत्र नामे अनगार प्रकृतिनो भद्र यावत्–विनीत हतो, तेने ज्यारे मंखलिपुत्र गोशालके तपना तेजथी परिताप उत्पन्न कर्यो त्यारे ते मारी पासे आव्यो, मारी पासे आवी वन्दन–नमस्कार करी स्वयमेव पांच महाव्रतोनो उच्चार करी श्रमण अने श्रमणीओने खमावी, आलोचना अने प्रतिक्रमण करी, समाधिने प्राप्त थई मरणसमये काळ करीने ऊर्ध्व लोकमां चन्द्र अने सूर्यने तथा यावत्–आणत, प्राणत अने आरण कल्पने ओळंगी अच्युत देवलोकमां देवपणे उत्पन्न थयो. त्यां केटलाएक देवोनी बावीश सागरोपमनी स्थिति कही छे. तेमां सुनक्षत्र देवनी पण बावीश सागरोपमनी स्थिति छे. बाकी बधुं सर्वानुभूति संबन्धे कह्युं छे तेम अहिं जाणवुं; यावत्–सर्व दुःखोनो अन्त करशे. सुनक्षत्र अनगार काळ करी क्यां गया?

३८. [प्र०] ए प्रमाणे खरेखर देवानुप्रिय एवा आपनो अन्तेवासी कुशिष्य मंखलिपुत्र गोशालक छे, ते मंखलिपुत्र गोशालक मरण समये काळ करीने क्यां गयो, क्यां उत्पन्न थयो? [उ०] ए प्रमाणे खरेखर हे गौतम! मारो अन्तेवासी कुशिष्य मंखलिपुत्र गोशालक जे श्रमणनो घातक अने यावत्–छद्मस्थ हतो, ते मरणसमये काळ करीने ऊर्ध्वलोकमां चन्द्र अने सूर्यने ओळंगी यावत्–अच्युत कल्पने विषे देवपणे उत्पन्न थयो. त्यां केटला एक देवोनी बावीश सागरोपमनी स्थिति कही छे, त्यां गोशालक देवनी पण बावीश सागरोपमनी स्थिति छे. गोशालक काळ करी क्यां गयो?

३९. [प्र०] ते गोशालक देव ते देवलोकथी आयुषना क्षय थवाथी ३ यावत्–क्यां उत्पन्न थशे? [उ०] हे गौतम! आ जंबूद्वीपनामे द्वीपमां भरत क्षेत्रने विषे विन्ध्याचल पर्वतनी तळेटीमां पुंड्रनामे देशने विषे शतद्वारनामे नगरमां संमुति (सन्मूर्ति) नामे राजाने भद्रा नामे भार्यानी कुक्षिने विषे पुत्ररूपे उत्पन्न थशे. ते त्यां नव मास बरोबर पूर्ण थया बाद अने साडा सात दिवस वीत्या पछी यावत्–सुन्दर बाळकने जन्म आपशे. गोशालक देवलोकथी च्यवी क्यां जशे?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४०. जं रयणिं च णं से दारए जाइहिति, तं रयणिं च णं सयदुवारे नगरे सब्भितरबाहिरिए भारग्गसो य कुंभग्गसो य पउमवासे य रयणवासे य वासे वासिहिति। तए णं तस्स दारगस्स अम्मापियरो एक्कारसमे दिवसे वीतिक्कंते जाव–संपत्ते बारसाहदिवसे अयमेयारूवं गोण्णं गुणनिप्फन्नं नामधेज्जं काहिंति–'जम्हा णं अम्हं इमंसि दारगंसि जायंसि समाणंसि सयदुवारे नगरे सब्भितरबाहिरिए जाव–रयणवासे वुट्ठे, तं होउ णं अम्हं इमस्स दारगस्स नामधेज्जं महापउमे महा०' २। तए णं तस्स दारगस्स अम्मापियरो नामधेज्जं करेहिंति 'महापउमे'त्ति। तए णं तं महापउमं दारगं अम्मापियरो सातिरेगट्ठवासजायगं जाणित्ता सोभणंसि तिहि–करण–दिवस–नक्खत्त–मुहुत्तंसि महया २ रायाभिसेगेणं अभिसिंचेहिंति। से णं तत्थ राया भविस्सति, महयाहिमवंत० वन्नओ, जाव–विहरिस्सइ। तए णं तस्स महापउमस्स रन्नो अन्नदा कदायि दो देवा महड्ढिया जाव–महेसक्खा सेणाकम्मं काहिंति। तंजहा–पुन्नभद्दे य माणिभद्दे य। तए णं सयदुवारे नगरे बहवे राईसर–तलवर० जाव–सत्थवाहप्पभिईओ अन्नमन्नं सद्दावेहिंति, अ० २ सद्दावेत्ता एवं वदेहिंति–'जम्हा णं देवाणुप्पिया! अम्हं महापउमस्स रन्नो दो देवा महड्ढिया जाव–सेणाकम्मं करेंति, तंजहा–पुन्नभद्दे य माणिभद्दे य, तं होउ णं देवाणुप्पिया! अम्हं महापउमस्स रन्नो दोच्चे पि नामधेज्जे 'देवसेणे दे०' २। तए णं तस्स महापउमस्स रन्नो दोच्चे वि नामधेज्जे भविस्सति 'देवसेणे'त्ति २।

४१. तए णं तस्स देवसेणस्स रन्नो अन्नया कयाइ सेते संखतलविमलसन्निगासे चउद्दंते हत्थिरयणे समुप्पज्जिस्सइ। तए णं से देवसेणे राया तं सेयं संखतलविमलसन्निगासं चउद्दंतं हत्थिरयणं दूरूढे समाणे सयदुवारं नगरं मज्झंमज्झेणं अभिक्खणं २ अभिजाहिति, निज्जाहिति य। तए णं सयदुवारे नगरे बहवे राईसर० जाव–पभिईओ अन्नमन्नं सद्दावेहिंति, अ० २ सद्दावेत्ता वदेहिंति–जम्हा णं देवाणुप्पिया! अम्हं देवसेणस्स रन्नो सेते संखतलसन्निकासे चउद्दंते हत्थिरयणे समुप्पन्ने, तं होउ णं देवाणुप्पिया! अम्हं देवसेणस्स रन्नो तच्चे वि नामधेज्जे 'विमलवाहणे वि०' २। तए णं तस्स देवसेणस्स रन्नो तच्चे वि नामधेज्जे 'विमलवाहणे'त्ति।

४२. तए णं से विमलवाहणे राया अन्नया कदायि समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवज्जिहिति, अप्पेगतिए आउसेहिति, अप्पेगतिए अवहसिहिति, अप्पेगतिए निच्छोडेहिति, अप्पेगतिए निब्भत्थेहिति, अप्पेगतिए बंधेहिति, अप्पेगतिए णिरुं-

महापद्म अने देवसेन नाम पाडवानुं कारण.

४०. जे रात्रिने विषे ते बाळकनो जन्म थशे, ते रात्रिने विषे शतद्वार नामे नगरमां अंदर अने बहार अनेक *भारप्रमाण अने अनेक कुंभप्रमाण वृष्टिरूप पद्मनी वृष्टि अने रत्ननी वृष्टि थशे. ते वखते ते बाळकना मात–पिता अगीयारमो दिवस वीत्या पछी बारमे दिवसे आवा प्रकारनुं गुणयुक्त अने गुणनिष्पन्न नाम करशे–"जे हेतुथी अमारा आ बाळकनो जन्म थयो एटले शतद्वार नगरने विषे बाह्य अने अंदर यावत्–रत्ननी वृष्टि थई, ते माटे अमारा आ बाळकनुं नाम 'महापद्म' २ हो." त्यार पछी ते बाळकना मात-पिता 'महापद्म' एवुं नाम पाडशे. त्यार पछी ते महापद्म बाळकने मातापिता कइंक अधिक आठ वर्षनो थयेलो जाणीने सारा तिथि, करण, दिवस नक्षत्र अने मुहूर्तने विषे अत्यन्त मोटा राज्याभिषेकवडे अभिषेक करशे. हवे ते राजा थशे, ते महाहिमवान् आदि पर्वतनी जेम बलवाळो थशे–इत्यादि वर्णन जाणवुं, यावत्–ते विहरशे. हवे अन्य कोई दिवसे ते महापद्म राजानुं महर्द्धिक यावत्–महासुखवाळा बे देवो सेनाकर्म करशे. ते देवोना नाम आ प्रमाणे–पूर्णभद्र अने माणिभद्र. त्यार पछी शतद्वार नगरने विषे घणा मांडलिक राजाओ, युवराजा, तलवर, यावत्–सार्थवाह प्रमुख परस्पर बोलावीने ए प्रमाणे कहेशे के–हे देवानुप्रियो! 'जे हेतुथी अमारा महापद्म राजानुं बे महर्द्धिक देवो यावत्–सेनाकर्म करे छे, ते देवोना नाम आ प्रमाणे–पूर्णभद्र अने माणिभद्र, ते माटे हे देवानुप्रियो! अमारा महापद्म राजानुं बीजुं नाम 'देवसेन' २ हो, ते वखते ते महापद्म राजानुं 'देवसेन' एवुं बीजुं नाम थशे.

महापद्म. देवसेन.

विमलवाहन नाम पाडवानुं कारण.

४१. त्यार बाद ते देवसेन राजाने अन्य कोई दिवसे श्वेत, निर्मल शंखना तळीयासमान अने चार दन्तवाळुं हस्तिरत्न उत्पन्न थशे, त्यारे ते देवसेन राजा श्वेत, निर्मल शंखना तळसमान अने चार दन्तवाळा हस्तिरत्न उपर चढीने शतद्वार नगरना मध्यभागमां थईने वारंवार जशे अने नीकळशे. ते वखते शतद्वार नगरने विषे घणा मांडलिक राजाओ, युवराजा यावत्–सार्थवाह प्रमुख एक बीजाने बोलावशे, बोलावीने कहेशे के 'हे देवानुप्रियो! जेथी अमारा देवसेन राजाने श्वेत, निर्मल शंखतळना जेवो अने चार दांतवाळो उत्तम हस्ती उत्पन्न थयो छे, ते माटे हे देवानुप्रियो! अमारा देवसेन राजानुं त्रीजुं नाम 'विमलवाहन' हो. त्यारे ते देवसेन राजानुं 'विमलवाहन' एवुं त्रीजुं नाम पडशे.

४२. त्यार बाद ते विमलवाहन राजा अन्य कोइ दिवसे श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्यात्व–अनार्यपणुं आचरशे, केटलाएक श्रमण निर्ग्रन्थोनो आक्रोश करशे, केटलाएकनी हांसी करशे, केटला एकने जूदा पाडशे, केटलाएकनी निर्भर्त्सना करशे, केटलाएकने बांधशे,

४० * वीश पल अथवा सो पलने भार कहे छे, अने सात आढक प्रमाण, एंशी आढक प्रमाण अने सो आढक प्रमाण मानने जघन्य, मध्यम अने उत्कृष्ट कुंभ कहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भेहिति, अप्पेगतियाणं छविच्छेदं करेहिति, अप्पेगतिए पमारेहिति, अप्पेगतियाणं उद्दवेहिति, अप्पेगतियाणं वत्थं, पडिग्गहं, कंबलं, पायपुंछणं आच्छिंदिहिति, विच्छिंदिहिति, भिंदिहिति, अवहरिहिति, अप्पेगतियाणं भत्तपाणं वोच्छिंदिहिति, अप्पेगतिए णिन्नगरे करेहिति, अप्पेगतिए निव्विसए करेहिति । तए णं सयदुवारे नगरे बहवे राईसर० जाव-वदिहिंति-एवं खलु देवाणुप्पिया! विमलवाहणे राया समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ने अप्पेगतिए आउस्सति, जाव-निव्विसए कारेति, तं नो खलु देवाणुप्पिया! एयं अम्हं सेयं, नो खलु एयं विमलवाहणस्स रन्नो सेयं, नो खलु एयं रज्जस्स वा रट्ठस्स वा बलस्स वा वाहणस्स वा पुरस्स वा अंतेउरस्स वा जणवयस्स वा सेयं, जण्णं विमलवाहणे राया समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ने, तं सेयं खलु देवाणुप्पिया! अम्हं विमलवाहणं रायं एयमट्ठं विन्नवित्तए, त्तिकट्टु अन्नमन्नस्स अंतियं एयमट्ठं पडिसुणेंति, अ० २ पडिसुणित्ता जेणेव विमलवाहणे राया तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता करयलपरिग्गहियं विमल० वाहणं रायं जएणं विजएणं वद्धावेंति, ज० २ वद्धावेत्ता एवं वदिहिंति-'एवं खलु देवाणुप्पिया समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ना अप्पेगतिए आउस्संति, जाव-अप्पेगतिए निव्विसए करेंति, तं नो खलु एयं देवाणुप्पियाणं सेयं, नो खलु एयं अम्हं सेयं, नो खलु एयं रज्जस्स वा जाव-जणवयस्स वा सेयं, जं णं देवाणुप्पिया! समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ना, तं विरमंतु णं देवाणुप्पिया! एअस्स अट्ठस्स अकरणयाए।

४३. तए णं से विमलवाहणे राया तेहिं बहूहिं राईसर० जाव-सत्थवाहप्पभिईहिं एयमट्ठं विन्नत्ते समाणे 'नो धम्मो'त्ति 'नो तवो'त्ति मिच्छा विणएणं एयमट्ठं पडिसुणेहिं(हि)ति । तस्स णं सयदुवारस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभागे एत्थ णं सुभूमिभागे नामं उज्जाणे भविस्सइ । सव्वोउय० वन्नओ । तेणं कालेणं तेणं समएणं विमलस्स अरहओ पउप्पए सुमंगले नामं अणगारे जाइसंपन्ने० जहा धम्मघोसस्स वन्नओ, जाव-संखित्तविउलतेयलेस्से, तिन्नाणोवगए, सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं जाव-आयावेमाणे विहरिस्सति ।

४४. तए णं से विमलवाहणे राया अन्नया कदायि रहचरियं काउं निज्जाहिति । तए णं से विमलवाहणे राया सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते रहचरियं करेमाणे सुमंगलं अणगारं छट्ठंछट्ठेणं जाव-आयावेमाणं पासिहिति । पासित्ता

विमलवाहन राजानुं श्रमण निर्ग्रन्थोनी साथे अनार्यपणानुं आचरण.

केटलाएकने रोकशे, केटलाएकना अवयवोनो छेद करशे, केटलाएकने मारशे, केटलाएकने उपद्रव करशे, केटलाएकना वस्त्र, पात्र, कांबल अने पादपुंच्छन छेदशे, विशेष छेदशे, भेदशे, अपहरण करशे; केटलाएकना भात-पाणीनो विच्छेद करशे, केटलाएकने नगरथी बहार काढशे अने केटलाएकने देशथी बहार काढशे. ते समये शतद्वार नगरने विषे घणा मांडलिक राजाओ अने युवराजाओ यावत् परस्पर-कहेशे के 'हे देवानुप्रियो! ए प्रमाणे खरेखर विमलवाहन राजाए श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या-अनार्यपणुं स्वीकार्युं छे, यावत्-केटलाएकने देशथी बहार काढे छे, ते माटे हे देवानुप्रियो! ए आपणने श्रेयरूप नथी, आ विमलवाहन राजाने श्रेयरूप नथी, तेमज आ राज्यने, आ राष्ट्रने, बलने, वाहनने, पुरने, अन्तःपुरने के देशने श्रेयरूप नथी के जे विमलवाहन राजाए श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या-अनार्यपणुं स्वीकार्युं छे. ते माटे हे देवानुप्रियो! आपणे विमलवाहन राजाने आ वात जणाववी योग्य छे.'-एम विचारी एक बीजानी पासे आ वातनो स्वीकार करे छे, स्वीकार करीने ज्यां विमलवाहन राजा छे त्यां आवेछे, त्यां आवीने करतल परिगृहीत करीने-हाथ जोडीने विमलवाहन राजाने जय अने विजयथी वधावेछे. वधावीने एम कहेशे के 'हे देवानुप्रिय! आप श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या-अनार्यपणाने आचरता केटलाएकनो आक्रोश करो छो, यावत्-केटलाएकने देशथी बहार काढो छो, ते देवानुप्रिय एवा आपने श्रेयरूप नथी, ए अमने पण श्रेयरूप नथी, तेमज आ राज्यने, यावत्-देशने श्रेयरूप नथी के जे देवानुप्रिय एवा आप श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्यात्व-अनार्यपणुं आचरो छे, ते माटे हे देवानुप्रिय! आप नहि करवा वडे आ कार्यथी बन्ध पडो'.

४३. ज्यारे ते घणा मांडलिक राजाओ, युवराजाओ यावत्-सार्थवाहप्रमुख आ बाबत विनति करशे त्यारे ते विमलवाहन राजा 'धर्म नथी, तप नथी'-एवी बुद्धिथी मिथ्या विनय वडे आ वात कबूल करशे. हवे ते शतद्वार नगरनी बहार उत्तर-पूर्व दिशाए अहिं सुभूमिभाग नामे उद्यान हशे. ते सर्व ऋतुना पुष्पादिकयुक्त-इत्यादि वर्णन जाणवुं. ते काले ते समये विमलनामे तीर्थंकरना प्रपौत्र-शिष्य परंपरामां थयेला सुमंगल नामे अनगार हशे. ते जातिसंपन्न-इत्यादि *धर्मघोष अनगारना वर्णन प्रमाणे वर्णन करवुं, यावत्-संक्षिप्त अने विपुल तेजोलेश्यावाळा, त्रण ज्ञान वडे सहित ते सुमंगल नामे अनगार सुभूमिभाग नामे उद्यानथी थोडे दूर निरन्तर छट्ठनो तप करवावडे यावत्-आतापना लेता विहरशे.

सुमंगल अनगार.

४४. हवे ते विमलवाहन राजा अन्य कोई दिवसे रथचर्या करवा निकळशे त्यारे सुभूमिभाग नामे उद्यानथी थोडे दूर रथचर्या करतो ते विमलवाहन राजा निरंतर छट्ठनो तप करता यावत्-आतापना लेता सुमंगल अनगारने जोशे. जोइने कोपाविष्ट थयेलो यावत्-

४३ * भग० खं० ३ श० ११ उ० ११ पृ० २४५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आसुरुत्ते जाव–मिसिमिसेमाणे सुमंगलं अणगारं रहसिरेणं णोल्लावेहिति । तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा रहसिरेणं णोल्लाविए समाणे सणियं २ उट्ठेहिति, उट्ठेत्ता दोच्चं पि उड्ढं बाहाओ पगिज्झिय २ जाव–आयावेमाणे विहरिस्सति। तए णं से विमलवाहणे राया सुमंगलं अणगारं दोच्चं पि रहसिरेणं णोल्लावेहिति । तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रन्ना दोच्चं पि रहसिरेणं णोल्लाविए समाणे सणियं २ उट्ठेहिति, उट्ठेत्ता ओहिं पउंजेहिति, ओ० २ पउंजित्ता विमलवाहणस्स रण्णो तीतद्धं ओहिणा आभोएहिति, आभोएत्ता विमलवाहणं रायं एवं वइहिति–'नो खलु तुमं विमलवाहणे राया, णो खलु तुमं देवसेणे राया, नो खलु तुमं महापउमे राया, तुमण्णं इओ तच्चे भवग्गहणे गोसाले नामं मंखलिपुत्ते होत्था, समणघायए, जाव–छउमत्थे चेव कालगए, तं जति ते तदा सव्वाणुभूतिणा अणगारेणं पभुणा वि होऊणं सम्मं सहियं, खमियं, तितिक्खियं, अहियासियं, जइ ते तदा सुनक्खत्तेणं अणगारेणं जाव–अहियासियं, जइ ते तदा समणेणं भगवया महावीरेणं पभुणा वि जाव–अहियासियं, तं नो खलु ते अहं तहा सम्मं सहिस्सं, जाव–अहियासिस्सं; अहं ते नवरं सहयं सरहं ससारहियं तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेज्जामि ।

४५. तए णं से विमलवाहणे राया सुमंगलेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते जाव–मिसिमिसेमाणे सुमंगलं अणगारं तच्चं पि रहसिरेणं णोल्लावेहिति । तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा तच्चं पि रहसिरेणं नोल्लाविए समाणे आसुरुत्ते जाव–मिसिमिसेमाणे आयावणभूमीओ पच्चोरुभइ, आ० २ पच्चोरुभित्ता तेयासमुग्घाएणं समोहन्निहिति, तेया० २ समोहणित्ता सत्तट्ठ पयाइं पच्चोसक्किहिति, सत्तट्ठ० २ पच्चोसक्कित्ता विमलवाहणं रायं सहयं सरहं ससारहियं तवेणं तेएणं जाव–भासरासिं करेहिति ।

४६. [प्र०] सुमंगले णं भंते ! अणगारे विमलवाहणं रायं सहयं जाव–भासरासिं करेत्ता कहिं गच्छिहिति, कहिं उववज्जिहिति ? [उ०] गोयमा ! सुमंगले अणगारे णं विमलवाहणं रायं सहयं जाव–भासरासिं करेत्ता बहूहिं छट्ठ–ट्ठम–दसम–दुवालस० जाव–विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामन्नपरियागं पाउणेहिति, पाउणित्ता मासियाए संलेहणाए सट्ठिं भत्ताइं अणसणाए जाव–छेदेत्ता आलोइय–पडिक्कंते समाहिपत्ते उड्ढं चंदिम० जाव–गेविज्जविमाणावाससयं वीयी-

विमलवाहन सुमंगल अनगार उपर रथ चलावी तेने पाडी नांखशे.

क्रोधथी अत्यन्त बळतो एवो ते राजा रथना अग्रभाग वडे सुमंगल अनगारने अभिघात करी पाडी नांखशे. ज्यारे विमलवाहन राजा रथना अग्रभागवडे ते सुमंगल अनगारने पाडी नांखशे त्यारे ते सुमंगल अनगार धीमे धीमे उठशे, उठीने बीजीवार ऊंचा हाथ करी करीने आतापना लेता विहरशे; त्यारे ते विमलवाहन राजा सुमंगल अनगारने बीजीवार रथना अग्रभागवडे अभिघात करी पाडी नांखशे. ज्यारे विमलवाहन राजा सुमंगल अनगारने बीजीवार रथना अग्रभागवडे अभिघात करी पाडी नांखशे त्यारे ते सुमंगल अनगार धीमे धीमे उठशे, उठीने अवधिज्ञान प्रयुंजशे, अवधिज्ञान प्रयुंजीने विमलवाहन राजाने अतीतकाळे अवधिज्ञान वडे जोशे, जोईने विमलवाहन राजाने एम कहेशे–"तुं खरेखर विमलवाहन राजा नथी, तुं खरेखर देवसेन राजा नथी, तुं खरेखर महापद्म राजा नथी, तुं आ भवथी त्रीजा भवमां मंखलिपुत्र गोशालकनामे हतो, अने श्रमणनो घात करनार तुं छद्मस्थावस्थामां काळधर्म पाम्यो हतो, जो के ते वखते सर्वानुभूति अनगारे समर्थ छतां पण तारो अपराध सम्यक् प्रकारे सहन कर्यो, तेनी क्षमा करी, तितिक्षा करी अने तेने अध्यासित कर्यो; जो के ते वखते सुनक्षत्र अनगारे पण यावत्–अध्यासित–सहन कर्यो, जो के ते समये श्रमण भगवान् महावीरे समर्थ छतां पण यावत्–सहन कर्यो, परन्तु खरेखर हुं ते प्रमाणे सम्यक् सहन नहिं करुं, यावत्–अध्यासिश नहि, हुं घोडा, रथ अने सारथिसहित तने मारा तपना तेजथी एकघाए कूटाघात–पाषाणमय यंत्रना आघातनी जेम भस्मराशिरूप करीश."

सुमंगल अनगार विमलवाहनने तपना तेजथी भस्म करशे.

४५. ज्यारे ते सुमंगल अनगारे ए प्रमाणे कह्युं त्यारे अत्यन्त गुस्से थयेलो अने यावत्–अत्यन्त क्रोधथी बळतो ते विमलवाहन राजा सुमंगल अनगारने त्रीजी वार पण रथना अग्रभाग वडे अभिघात करी पाडी नांखशे. ज्यारे विमलवाहन राजा रथना अग्रभागवडे त्रीजीवार ते सुमंगल अनगारने अभिघात करी पाडी नांखशे त्यारे अत्यंत गुस्से थयेला अने यावत्–क्रोधथी बळता एवा ते सुमंगल अनगार आतापना भूमिथी उतरी तैजस समुद्घात करशे, तैजस समुद्घात करीने, सात आठ पगलां पाछा जइ घोडा, रथ अने सारथिसहित विमलवाहन राजाने भस्मराशिरूप करशे.

सुमंगल अनगार काल करी क्यां जशे ?

४६. [प्र०] हे भगवन् ! सुमंगल अनगार घोडासहित, यावत्–विमलवाहन राजाने भस्मराशिरूप करीने [काल करी] क्यां जशे, क्यां उत्पन्न थशे ? [उ०] हे गौतम ! सुमंगल अनगार विमलवाहन राजाने घोडासहित यावत्–भस्मराशिरूप करीने घणा प्रकारना छट्ठ, अट्ठम, दशम (चार उपवास), द्वादश भक्त (पांच उपवास) यावत्–विचित्र तपकर्म वडे आत्माने भावित करता घणा वरस सुधी श्रमणपणाना पर्यायने पाळशे. पाळीने मासिक संलेखना वडे साठ भक्त अनशनपणे वीतावीने आलोचना अने प्रतिक्रमण करी समाधिने प्राप्त थई ऊर्ध्व

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वइत्ता सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिति । तत्थ णं देवाणं अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिती पन्नत्ता । तत्थ णं सुमंगलस्स वि देवस्स अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिती पन्नत्ता । से णं भंते! सुमंगले देवे ताओ देवलोगाओ जाव-महाविदेहे वासे सिज्झिहिति, जाव-अंतं काहिति ।

४७. [प्र०] विमलवाहणे णं भंते! राया सुमंगलेणं अणगारेणं सहए जाव-भासरासीकए समाणे कहिं गच्छिहिति, कहिं उववज्जिहिति? [उ०] गोयमा! विमलवाहणे णं राया सुमंगलेणं अणगारेणं सहये जाव-भासरासीकए समाणे अहेसत्तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि नरयंसि नेरइयत्ताए उववज्जिहिति । से णं ततो अणंतरं उव्वट्टित्ता मच्छेसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा दोच्चं पि अहेसत्तमाए पुढवीए उक्कोसकालट्ठितीयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति । से णं तओऽणंतरं उव्वट्टित्ता दोच्चं पि मच्छेसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-किच्चा छट्ठीए तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति । से णं तओहिंतो जाव-उव्वट्टित्ता इत्थियासु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे दाह० जाव-दोच्चं पि छट्ठीए तमाए पुढवीए उक्कोसकाल० जाव-उव्वट्टित्ता दोच्चं पि इत्थियासु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-किच्चा पंचमाए धूमप्पभाए पुढवीए उक्कोसकाल० जाव-उव्वट्टित्ता उरएसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-किच्चा दोच्चं पि पंचमाए जाव-उव्वट्टित्ता दोच्चं पि उरएसु उववज्जिहिति, जाव-किच्चा चउत्थीए पंकप्पभाए पुढवीए उक्कोसकालट्ठितीयंसि जाव-उव्वट्टित्ता सीहेसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे तहेव जाव-किच्चा दोच्चं पि चउत्थीए पंक० जाव-उव्वट्टित्ता दोच्चं पि सीहेसु उववज्जिहिति, जाव-किच्चा तच्चाए वालुयप्पभाए पुढवीए उक्कोसकाल० जाव-उव्वट्टित्ता पक्खीसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-किच्चा दोच्चं पि तच्चाए वालुय० जाव-उव्वट्टित्ता दोच्चं पि पक्खीसु उववज्जिहिति, जाव-किच्चा दोच्चाए सक्करप्पभाए जाव-उव्वट्टित्ता सिरीसवेसु उववज्जिहिति । तत्थ वि णं सत्थ० जाव-किच्चा दोच्चं पि दोच्चाए सक्करप्पभाए जाव-उव्वट्टित्ता दोच्चं पि सिरीसवेसु उववज्जिहिति, जाव-किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसकालट्ठितीयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति । जाव-उव्वट्टित्ता सण्णीसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-किच्चा असन्नीसु उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव-

लोकमां चन्द्र अने सूर्य, यावत्-सो ग्रैवेयक विमानावासने ओळंगी सर्वार्थसिद्ध महाविमानमां देवपणे उपजशे. त्यां देवोनी जघन्य अने उत्कृष्टरहित एवी तेत्रीश सागरोपमनी स्थिति कही छे. त्यां सुमंगल देवनी पण जघन्य अने उत्कृष्टरहित एवी तेत्रीश सागरोपमनी स्थिति हशे. ते सुमंगल देव ते देवलोकथी यावत्-भवना क्षय थवाथी महाविदेह क्षेत्रमां सिद्ध थशे, यावत् सर्व दुःखोनो अन्त करशे.

४७. [प्र०] हे भगवन्! ज्यारे सुमंगल अनगार घोडासहित विमलवाहन राजाने यावत्-भस्मराशिरूप करशे त्यार बाद ते क्यां जशे, क्यां उत्पन्न थशे? [उ०] हे गौतम! सुमंगल अनगारे घोडासहित यावत्-भस्मराशिरूप कर्या पछी ते विमलवाहन राजा अधःसप्तम पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकने विषे नारकपणे उत्पन्न थशे. त्यांथी च्यवीने तुरत मत्स्योने विषे उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी दाहनी पीडावडे मरणसमये काळ करीने बीजीवार पण अधःसप्तम नरकपृथिवीमां उत्कृष्टस्थितिवाळा नरकावासने विषे नारकपणे उत्पन्न थशे. त्यांथी अन्तररहितपणे च्यवी बीजीवार पण मत्स्योमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने छट्ठी तमा नामे नरकपृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकमां नैरयिकपणे उत्पन्न थशे. त्यांथी नीकळी तुरतज स्त्रीने विषे उत्पन्न थशे. त्यां पण शस्त्रद्वारा वध थतां दाहनी पीडाथी यावत्-बीजीवार छट्ठी तमा पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकमां नारकपणे उत्पन्न थशे. यावत्-त्यांथी नीकळीने बीजीवार पण स्त्रीओमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने पांचमी धूमप्रभाने विषे उत्कृष्ट काळनी स्थितिवाळा नरकावासमां यावत्-उत्पन्न थशे. त्यांथी नीकळीने उरःपरिसर्पमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी काळ करीने बीजीवार पांचमी नरकपृथिवीमां उत्पन्न थइ, त्यांथी नीकळी यावत्-बीजीवार उरःपरिसर्पोमां उत्पन्न थशे. त्यांथी यावत्-काळ करीने चोथी पंकप्रभा पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकने विषे नारकपणे उत्पन्न थइ, यावत्-त्यांथी नीकळी सिंहोमां उत्पन्न थशे, त्यां पण शस्त्रवडे वध थवाथी ते प्रमाणेज यावत्-काळ करीने बीजीवार चोथी पंकप्रभामां उत्पन्न थई, यावत्- त्यांथी नीकळी बीजीवार सिंहोमां उत्पन्न थशे, त्यांथी यावत्-काळ करीने त्रीजी वालुकाप्रभामां उत्कृष्टकालनी स्थितिवाळा नरकावासमां उत्पन्न थई, त्यांथी नीकळी पक्षीओमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करी बीजीवार त्रीजी वालुकाप्रभामां उत्पन्न थई यावत्-त्यांथी नीकळी बीजीवार पक्षीओमां उत्पन्न थशे. यावत्-काळ करी त्यांथी बीजी शर्कराप्रभामां उत्पन्न थई, यावत्-त्यांथी नीकळी सरीसृप (शीकारी पशुओ)ने विषे उपजशे. त्यां शस्त्रवडे वध थवाथी यावत्-काळ करी बीजीवार शर्कराप्रभाने विषे यावत्-उत्पन्न थशे. अने त्यांथी नीकळी बीजीवार सरीसृपमां उत्पन्न थशे. यावत्-काळ करीने आ रत्नप्रभापृथिवीने विषे उत्कृष्ट काळनी स्थितिवाळा नरकावासमां नैरयिकपणे उत्पन्न थशे. यावत्-त्यांथी नीकळीने संज्ञीने विषे उपजशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने असंज्ञीमां उत्पन्न थशे. त्यांपण शस्त्रवडे वध थतां यावत्-काळ करीने बीजीवार पण आ रत्नप्रभापृथिवीमां पल्योपमना असंख्यातमा भागनी स्थितिवाळा नरकावासमां नारकपणे उत्पन्न थशे. हवे त्यांथी यावत्-

विमलवाहन मरण पछी क्यां जशे?

किच्चा दोच्चं पि इमीसे रयणप्पभाए पुढवीए पलिओवमस्स असंखेज्जइभागट्ठितीयंसि णरगंसि नेरइयत्ताए उववज्जिहिति । से णं तओ जाव–उव्वट्टित्ता जाइं इमाइं खहयरविहाणाइं भवंति, तं जहा–चम्मपक्खीणं, लोमपक्खीणं, समुग्गपक्खीणं, वियय-पक्खीणं, तेसु अणेगसयसहस्सखुत्तो उद्दाइत्ता २ तत्थेव २ भुज्जो २ पच्चायाहिति । सव्वत्थ वि णं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा जाइं इमाइं भुयपरिसप्पविहाणाइं भवंति, तंजहा–गोहाणं, नउलाणं, जहा पन्नवणापए जाव–जाहगाणं, चउप्पाइयाणं, तेसु अणेगसयसहस्सखुत्तो॰ सेसं जहा खहचराणं, जाव–किच्चा जाइं इमाइं उरपरिसप्पविहाणाइं भवंति, तं-जहा–अहीणं, अयगराणं, आसालियाणं, महोरगाणं, तेसु अणेगसयसह॰ जाव–किच्चा जाइं इमाइं चउप्पदविहाणाइं भवंति, तंजहा–एगखुराणं, दुखुराणं, गंडीपदाणं, सणहपदाणं, तेसु अणेगसयसहस्स॰ जाव–किच्चा जाइं इमाइं जलयरविहाणाइं भवंति, तं जहा–मच्छाणं, कच्छभाणं, जाव–सुसुमाराणं, तेसु अणेगसयसहस्स॰ जाव–किच्चा जाइं इमाइं चउरिंदियविहाणाइं भवंति, तं जहा–अंधियाणं, पोत्तियाणं, जहा पन्नवणापदे, जाव गोमयकीडाणं, तेसु अणेगसय॰ जाव–किच्चा जाइं इमाइं तेइंदियविहाणाइं भवंति, तंजहा–उवचियाणं, जाव–हत्थिसोंडाणं, तेसु अणेग॰ जाव–किच्चा जाइं इमाइं बेइंदियविहाणाइं भवंति, तं जहा–पुलाकि-मियाणं, जाव–समुद्दलिक्खाणं, तेसु अणेगसय॰ जाव–किच्चा जाइं इमाइं वणस्सइविहाणाइं भवंति, तंजहा–रुक्खाणं, गुच्छाणं, जाव–कुहणाणं, तेसु अणेगसय॰ जाव–पच्चायाइस्सइ । उस्सन्नं च णं कडुयरुक्खेसु, कडुयवल्लीसु, सव्वत्थ वि णं सत्थवज्झे जाव–किच्चा जाइं इमाइं वाउक्काइयविहाणाइं भवंति, तंजहा–पाईणवायाणं, जाव–सुद्धवायाणं, तेसु अणेगसयसहस्स॰ जाव–किच्चा जाइं इमाइं तेउक्काइयविहाणाइं भवंति, तंजहा–इंगालाणं, जाव–सूरकंतमणिनिस्सियाणं, तेसु अणेगसयसहस्स॰ जाव–किच्चा जाइं इमाइं आउक्काइयविहाणाइं भवंति, तंजहा–उस्साणं, जाव–खातोदगाणं, तेसु अणेगसय॰ जाव–पच्चायातिस्सइ । उस्सण्णं च णं खारोदएसु, खातोदएसु; सव्वत्थ वि णं सत्थवज्झे जाव–किच्चा जाइं इमाइं पुढविक्काइयविहाणाइं भवंति, तंजहा–पुढवीणं, सक्कराणं, जाव–सूरकंताणं, तेसु अणेगसय॰ जाव–पच्चायाहिति, उस्सन्नं च णं खरबायरपुढविकाइएसु, सव्वत्थ वि णं सत्थवज्झे जाव–किच्चा–रायगिहे नगरे बाहिं खरियत्ताए उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे जाव–किच्चा दुच्चं पि रायगिहे नगरे अंतो खरियत्ताए उववज्जिहिति । तत्थ वि णं सत्थवज्झे जाव–किच्चा इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले

नीकळीने जे खेचरना भेदो छे, ते आ प्रमाणे–चर्मपक्षीओ ( चामडानी पांखवाळा ), लोमपक्षीओ ( पिंछानी पांखवाळा ), समुद्गकपक्षीओ [ जेनी सर्वदा उडतां पण पांखो बीडायेल होय ते ] अने वितत पक्षीओमां [ जेनी हमेशां विस्तारेली पांख होय तेमां ] अनेक लाख वार मरण पामी पामीने त्यां वारंवार उत्पन्न थशे. सर्वत्र शस्त्रवध थवाथी दाहनी उत्पत्तिवडे मरणसमये काळ करी जे आ भुजपरिसर्पना भेदो छे, ते आ प्रमाणे–घो, नोळीआ–इत्यादि प्रज्ञापना सूत्रना *प्रथम प्रज्ञापना पदने विषे कह्युं छे ते प्रमाणे जाणवुं, यावत्–जाहक अने चउप्पाइअ जीवोमां अनेक लाखवार मरण पामी पुनः त्यां वारंवार उत्पन्न थशे. बाकी बधुं खेचरनी पेठे जाणवुं. यावत्–काळ करी जे आ उरःपरिसर्पना भेदो होय छे, ते आ प्रमाणे–साप, अजगर, आशालिका अने महोरग; तेमां अनेक लाखवार मरण पामी यावत्–काळ करी जे आ चतुष्पदना भेदो होय छे; ते आ प्रमाणे–१ एकखरीवाळा, २ बेखरीवाळा, ३ गंडीपद अने ४ नखसहित पगवाळा, तेमां अनेक लाखवार उत्पन्न थशे, त्यांथी यावत्–काळ करी जे आ जलचरना भेदो होय छे, ते आ प्रमाणे–कच्छप (काचबा), यावत्–†सुसुमार, तेओमां अनेक लाखवार उपजशे, यावत्–काळ करी जे आ चउरिन्द्रिय जीवोना भेदो छे, ते आ प्रमाणे–अंधिक, पौत्रिक–इत्यादि–जेम प्रज्ञापनासूत्रना ‡प्रथम प्रज्ञापनापदमां कह्या प्रमाणे यावत्–गोमयकीडाओमां अनेक लाखवार उपजशे. त्यां उत्पन्न थई काळ करी जे आ तेइन्द्रिय जीवोना भेदो छे, ते आ प्रमाणे–उपचित, यावत्–हस्तिशौंड, तेओमां उत्पन्न थइ यावत्–काळ करी जे आ बेइन्द्रियोना भेदो छे, ते आ प्रमाणे–पुलाकृमि यावत्–समुद्रलिक्षा, तेओमां अनेक लाखवार उपजशे. उपजी यावत्–काळ करी जे आ वनस्पतिना भेदो छे, ते आ प्रमाणे–वृक्षो, गुच्छक, यावत्–कुहुना, तेओमां अनेक लाखवार मरण पामी उत्पन्न थशे. विशेषे करीने कटुक वृक्षोमां अने कटुक वेलीमां उपजशे, अने सर्व स्थळे शस्त्रवडे वध थवाथी यावत्–काळ करीने जे आ वायुकायिकना भेदो छे, ते आ प्रमाणे–पूर्वनो वायु, यावत्–शुद्ध वायु; तेमां अनेक लाखवार उत्पन्न थशे. यावत्–काळ करी जे आ तेउकायिकना भेदो छे, ते आ प्रमाणे–अंगारा, यावत्–सूर्यकान्तमणि निश्रित अग्नि, तेमां अनेक लाखवार उत्पन्न थशे. उत्पन्न थई जे आ अप्कायिकना भेदो छे, ते आ प्रमाणे–अवश्याय–झाकळनुं पाणी, यावत्–खाईनुं पाणी; तेमां अनेक लक्षवार यावत् उत्पन्न थशे. बहुधा खारा पाणीमां अने खाईना पाणीमां उत्पन्न थशे; अने सर्वस्थळे शस्त्रवडे वध थवाथी यावत्–काळ करीने जे आ पृथिवीकायिकना भेदो छे, ते आ प्रमाणे–पृथिवी, शर्करा–कांकरा, यावत्–सूर्यकान्तमणि; तेओमां अनेक लाखवार उत्पन्न थशे. विशेषतः खरबादरपृथिवीकायिकने विषे, सर्वत्र शस्त्रवडे वध थवाने लीधे यावत्–काळ करीने राजगृह नगरनी बाहेर वेश्यापणे उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थतां यावत्–काळ

४७ * प्रज्ञापनासूत्रमां उपर कहेलो पाठ मळतो नथी, पण तेने बदले आवो पाठ मळे छे–"से किं तं भुयपरिसप्पा ? भुयपरिसप्पा अणेगविहा पन्नत्ता, तंजहा–नउला, सेहा, सरडा, सल्ला, सरंठा, सारा, खोरा, घरोइला, विस्संभरा, मूसा, मंगुसा, पयलाइया, छीरविरालिया, जहा चउप्पाइआ, जे यावन्ने तहप्पगारा ।" प्रज्ञा॰ १ प॰ १ प॰ ४६.

† प्रज्ञा॰ प॰ १ प॰ ४३–२. ‡ प्रज्ञा॰ प॰ १ प॰ ४२–२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बेभेले सन्निवेसे माहणकुलंसि दारियत्ताए पच्चायाहिति । तए णं तं दारियं अम्मापियरो उम्मुक्कबालभावं जोव्वणगमणुप्पत्तं पडिरूवएणं सुक्केणं, पडिरूवएणं विणएणं, पडिरूवयस्स भत्तारस्स भारियत्ताए दलइस्सति । सा णं तस्स भारिया भविस्सति इट्ठा, कंता, जाव-अणुमया, भंडकरंडगसमाणा तेल्लकेला इव सुसंगोविया, चेलपेडा इव सुसंपरिग्गहिया, रयणकरंडओ विव सुसारक्खिया, सुसंगोविया, मा णं सीयं, मा णं उण्हं, जाव-परिस्सहोवसग्गा फुसंतु । तए णं सा दारिया अन्नदा कदायि गुब्विणी ससुरकुलाओ कुलघरं निज्जमाणी अंतरा दवग्गिजालाभिहया कालमासे कालं किच्चा दाहिणिल्लेसु अग्गिकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति ।

४८. से णं ततोहिंतो अणंतरं उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिति, माणुस्सं २ लभित्ता केवलं बोहिं बुज्झिहिति, के० २ बुज्झित्ता मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइहिति । तत्थ वि य णं विराहियसामन्ने कालमासे कालं किच्चा दाहिणिल्लेसु असुरकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति । से णं तओहिंतो जाव-उव्वट्टित्ता माणुसं विग्गहं तं चेव जाव-तत्थ वि णं विराहियसामन्ने कालमासे जाव-किच्चा दाहिणिल्लेसु नागकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति । से णं तओहिंतो अणंतरं० एवं एएणं अभिलावेणं दाहिणिल्लेसु सुवन्नकुमारेसु, एवं विज्जुकुमारेसु, एवं अग्गिकुमारवज्जं जाव-दाहिणिल्लेसु थणियकुमारेसु, से णं तओ जाव-उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिति । जाव-विराहियसामन्ने जोइसिएसु देवेसु उववज्जिहिति । से णं तओ अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिति । जाव-अविराहियसामन्ने कालमासे कालं किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववज्जिहिति । से णं तओहिंतो अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिति, केवलं बोहिं बुज्झिहिति, तत्थवि णं अविराहियसामन्ने कालमासे कालं किच्चा ईसाणे कप्पे देवत्ताए उववज्जिहिति । से णं तओ चइत्ता माणुस्सं विग्गहं लभिहिति । तत्थ वि णं अविराहियसामन्ने कालमासे कालं किच्चा सणंकुमारे कप्पे देवत्ताए उववज्जिहिति । से णं तओहिंतो एवं जहा सणंकुमारे तहा बंभलोए, महासुक्के, आणए, आरणे । से णं तओ जाव-अविराहियसामन्ने कालमासे कालं किच्चा सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिति । से णं तओहिंतो अणंतरं चयं चइत्ता महाविदेहे वासे जाइं इमाइं कुलाइं भवंति-अड्ढाइं जाव-अपरिभूयाइं, तहप्पगारेसु कुलेसु पुत्तत्ताए पच्चायाहिति । एवं जहा उववाइए दढप्पइन्नवत्तव्वया सच्चेव वत्तव्वया निरवसेसा भाणियव्वा, जाव-केवलवरनाणदंसणे समुप्पज्जिहिति ।

करी बीजीवार राजगृह नगरनी अंदर वेश्यापणे उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने आज जंबूद्वीपमां भारतवर्षने विषे विन्ध्याचलपर्वतनी पासे विभेल नामे गाममां ब्राह्मणकुलने विषे पुत्रीपणे उत्पन्न थशे. ते पुत्री ज्यारे बाल्यभावनो त्याग करी यौवनने प्राप्त थशे त्यारे तेना मातापिता उचित द्रव्य अने उचित विनयवडे योग्य भर्तीने भार्यापणे आपशे. ते पुत्री तेनी स्त्री थशे. ते इष्ट, कान्त, यावत्-अनुमत, घरेणाना करंडीया जेवी, तेलनी कुल्लीनी पेठे अत्यंत सुरक्षित, वस्त्रनी पेटीनी पेठे सारी रीते (निरुपद्रव स्थाने) राखेली अने रत्नना करंडीयानी पेठे सारी रीते रक्षण करायेली हशे. ते शीत, उष्ण, यावत्-परिषह अने उपद्रवो न स्पर्शे माटे अत्यंत संगोपित--रक्षण करायेली हशे. हवे अन्य कोई दिवसे ते ब्राह्मणपुत्री गर्भिणी थशे, अने श्वसुरगृहथी पीयेर जतां रस्तामां दवाग्निनी ज्वालावडे बळी मरणसमये काळ करी दक्षिणदिशाना अग्निकुमार देवोमां देवपणे उत्पन्न थशे.

४८. त्यांथी अन्तररहितपणे च्यवीने मनुष्यना देहने धारण करी मात्र बोधि-सम्यग्दर्शन पामशे. केवळ सम्यग्दर्शन पामी मुंड थई गृहवासनो त्याग करी अनगारिता-दीक्षा ग्रहण करशे. त्यां पण श्रामण्य दीक्षाने विराधी दक्षिण दिशाना असुरकुमार देवोमां देवपणे उत्पन्न थशे. त्यार पछी ते त्यांथी यावत्-नीकळी मनुष्य शरीर प्राप्त करी-इत्यादि पूर्वोक्त कहेवुं, यावत्-त्यां पण श्रमणपणुं विराधी मरणसमये काळ करी दक्षिण निकायना नागकुमार देवोमां देवपणे उत्पन्न थशे. हवे ते त्यां अन्तररहितपणे च्यवी-इत्यादि ए पाठ वडे दक्षिण निकायना सुवर्णकुमारने विषे, ए प्रमाणे विद्युत्कुमारने विषे, एम यावत्-अग्निकुमार सिवाय दक्षिण निकायना स्तनित कुमारने विषे उत्पन्न थशे. यावत्-ते त्यांथी निकळी मनुष्य शरीर प्राप्त करशे, यावत्-श्रमणपणुं विराधी ज्योतिषिक देवमां उत्पन्न थशे. हवे ते त्यांथी अन्तररहितपणे च्यवीने पुनः मनुष्यशरीर प्राप्त करशे, यावत्-श्रमणपणुं विराध्या सिवाय मरणसमये काळ करी सौधर्म देवलोकने विषे देवपणे उत्पन्न थशे. ते त्यांथी अन्तररहित च्यवीने मनुष्यशरीर प्राप्त करशे, अने केवळ सम्यग्दर्शननो अनुभव करशे. त्यां पण श्रमणपणुं विराध्या सिवाय मरणसमये काळ करी ईशानदेवलोकमां देवपणे उत्पन्न थशे. त्यांथी च्यवी मनुष्यशरीर प्राप्त करशे. त्यां पण श्रमणपणुं विराध्या शिवाय मरणसमये काळ करी सनत्कुमार देवलोकमां देवपणे उत्पन्न थशे. त्यांथी च्यवी जेम सनत्कुमारने विषे कह्युं तेम ब्रह्मदेवलोक, महाशुक्र, आनत अने आरण देवलोकने विषे जाणवुं. हवे ते त्यांथी च्यवी यावत्-श्रमणपणाने विराध्या सिवाय मरणसमये काळ करीने सर्वार्थसिद्ध महाविमानने विषे देवपणे उत्पन्न थशे. त्यांथी अन्तररहित च्यवी महाविदेहक्षेत्रने विषे जे आ आवा प्रकारना धनिक, यावत्-कोइथी पराभव नहि पामे तेवां कुळो छे, तेवा कुळोमां पुत्ररूपे उत्पन्न थशे. ए प्रमाणे जेम *औपपातिकसूत्रने विषे दृढप्रतिज्ञनी वक्तव्यता कही छे ते सघळी वक्तव्यता अहिं कहेवी, यावत्-तेने उत्तम केवलज्ञान अने केवलदर्शन उत्पन्न थशे.

हवे त्यांथी च्यवी मनुष्यदेह धारण करी सम्यग्दर्शन पामशे.

केवळज्ञान-दर्शन उत्पन्न थशे.

४८ * औप० प० ९८-१ थी ९९-१.

४९. तए णं से दढप्पइन्ने केवली अप्पणो तीअद्धं आभोएहिइ, अप्प० २ आभोइत्ता समणे निग्गंथे सद्दावेहिति, सम० २ सद्दावेत्ता एवं वदिहिइ–'एवं खलु अहं अज्जो ! इओ चिरातीयाए अद्धाए गोसाले नामं मंखलिपुत्ते होत्था, समणघायए–जाव छउमत्थे चेव कालगए, तम्मूलगं च णं अहं अज्जो ! अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टिए, तं मा णं अज्जो ! तुब्भं केयि भवतु आयरियपडिणीयए, उवज्झायपडिणीए आयरियउवज्झायाणं अयसकारए, अवन्नकारए, अकित्तिकारए, मा णं से वि एवं चेव अणादीयं, अणवदग्गं, जाव–संसारकंतारं अणुपरियट्टिहिति जहा णं अहं। तए णं ते समणा निग्गंथा दढप्पइन्नस्स केवलिस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म भीया, तत्था, तसिया संसारभउव्विग्गा दढप्पइन्नं केवलिं वंदिहिंति, नमंसिहिंति, वंदित्ता नमंसित्ता तस्स ठाणस्स आलोइएहिंति, निंदिहिंति, जाव–पडिवज्जिहिंति। तए णं से दढप्पइन्ने केवली बहूइं वासाइं केवलपरियागं पाउणिहिति, बहूहिं० २ पाउणित्ता अप्पणो आउसेसं जाणेत्ता भत्तं पच्चक्खाहिति, एवं जहा उववाइए जाव–सव्वदुक्खाणमंतं काहिति। 'सेवं भंते ! सेवं भंते'! त्ति जाव–विहरइ।

तेयनिसग्गो समत्तो।

समत्तं पन्नरसमं सयं।

दृढप्रतिज्ञ केवली घणा वरससुधी चारित्र पाळी मोक्षे जशे.

४९. त्यार बाद ते दृढप्रतिज्ञ केवली पोतानो अतीत काळ जोशे, जोईने श्रमण निर्ग्रन्थोने बोलावशे, बोलावीने ए प्रमाणे कहेशे–'हे आर्यो ! ए प्रमाणे खरेखर आजथी घणां काळ पहेलां हुं मंखलिपुत्र गोशालक नामे हतो; अने हुं श्रमणोनो घात करी यावत्–छद्मस्थावस्थामां काळधर्म पाम्यो. हे आर्यो ! ते निमित्ते हुं अनादि, अनन्त अने दीर्घमार्गवाळा चारगतिरूप संसाराटवीमां भम्यो. ते माटे तमे कोई आचार्यना प्रत्यनीक–द्वेषी न थशो, उपाध्यायना प्रत्यनीक न थशो, आचार्य अने उपाध्यायना अयश करनारा, अवर्णवाद करनारा अने अकीर्ति करनारा न थशो, अने ए प्रमाणे मारी पेठे अनादि, अनन्त यावत्–संसाराटवीमां न भमशो. त्यार पछी ते श्रमण निर्ग्रन्थो दृढप्रतिज्ञ केवलीनी पासे ए वात सांभळी, अवधारी भय पामी, त्रस्त थई, त्रास पामी अने संसारना भयथी उद्विग्न थई दृढप्रतिज्ञ केवलीने वंदन करशे, नमस्कार करशे, वंदन–नमस्कार करी ते पापस्थानकनी आलोचना अने निन्दा करशे, यावत्–चारित्रनो स्वीकार करशे. त्यार पछी दृढप्रतिज्ञ केवली घणा वर्ष पर्यन्त केवलपर्यायने पाळी पोतानुं आयुष थोडुं बाकी जाणीने भक्त प्रत्याख्यान करशे, ए प्रमाणे *औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावत्–सर्व दुःखोनो अन्त करशे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही [ भगवान् गौतम ] यावत्–विहरे छे.

तेजोनिसर्ग समाप्त.

पंचदश शतक समाप्त.

४९ * औप० पृ० ९९–१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org